


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૬ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૯-૫-૨૦૨૫ - સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૨૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT




વડાપ્રધાન મોદી દાહોદ ઉપરાંત કચ્છની પણ મુલાકાત લેશેઃ માતાના મઢે દર્શન કરવા જશે ૩

વોડાફોન-એરટેલ-ટાટાને ફટકોઃ સરકારી લેણામાં રાહત આપવા સુપ્રીમનો ઈન્કાર ૮

જીલ્લા બેંકની ચૂંટણીનાં પડઘમઃ રજીસ્ટ્રારને દરખાસ્ત રજુ ૧૬

### પાકિસ્તાનનાં મંત્રી એશિયન ક્રિકેટ કાઉન્સીલના વડા છે

# એશિયાની કોઈપણ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત ભાગ નહિં લ્યે

## વિમેન્સ તથા મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ નહિં રમવાનો ક્રિકેટ બોર્ડનો નિર્ણયઃ મૌખિક જાણ કરી દેવાઈઃ પાકિસ્તાનને એકલુ-અટુલુ કરી દેવાનો વ્યુહ

મુંબઈ તા.૧૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે સિઝફાયર છતાં ગંભીર તનાવ યથાવત છે. ત્યારે ભારતીય ક્રિકેટ બોર્ડે એશીયા કપ સહિત તમામ એશીયન ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રીલંકા ખાતે વિમેન્સ ઈમરજીંગ ટીમ એશીયા કપ તથા સપ્ટેમ્બરમાં મેન્સ એશીયા કપ ટુર્નામેન્ટ યોજવાની છે. તેમાં ભારત સામેલ નહિં થાય. ક્રિકેટ બોર્ડે પોતાના આ નિર્ણયની જાણ એશીયન ક્રિકેટ કાઉન્સીલને કરી દીધી છે.

એશીયન ક્રિકેટ કાઉન્સીલનાં ચેરમેનપદે પાકિસ્તાનનાં આંતરીક બાબતોના મંત્રી અને પાક ક્રિકેટ બોર્ડનાં વડા મોહસીન નકવી છે.



સુત્રોના કહેવા પ્રમાણે તમામ મોરચે પાકિસ્તાનને એકલુ અટુલુ પાડવાના વ્યુહ સાથે આ નિર્ણય લેવાયો છે. પાકિસ્તાનનાં મંત્રી એશીયન ક્રિકેટ કાઉન્સીલનાં ચેરમેન હોવાથી તેના નેતૃત્વ હેઠળની સંસ્થાની એકપણ સ્પર્ધામાં ભાગ નહિં લેવાનુ નક્કી કરાયું છે. ભારતીયોનાં મિજાજને પારખીને આ નિર્ણય લેવાયો છે. ક્રિકેટ બોર્ડનાં સુત્રોએ કહ્યું કે બન્ને સ્પર્ધામાં નહિં રમવાની એશીયન ક્રિકેટ કાઉન્સીલને મૌખિક જાણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ભવિષ્યની ટુર્નામેન્ટોમાં સામેલ થવાનો નિર્ણય હાલ પુરતો સ્થગીત કરાયો છે.

ભારતીય ક્રિકેટ બોર્ડનાં આ નિર્ણયથી સપ્ટેમ્બરમાં યોજાનારા એશીયા કપના આયોજન સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનીસ્તાન તથા શ્રીલંકા જેવી પાંચ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# પ્રવાસીઓ પાછા આવો! શ્રીનગરથી પહેલગામનો રોડ-શો

### આતંકી હુમલા પછી હજુ કાશ્મીર ભેંકાર-સુમસામ


શ્રીનગર તા.૧૯

પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલા બાદ ભયભીત પ્રવાસીઓએ કાશ્મીર જવાનું માંડી વાળ્યું છે ત્યારે પ્રવાસીઓને ફરી આકર્ષવા માટે રોડશોથી

(અનુસંધાન છઠ્ઠા પાને)


### કોલકતામાં ટ્રાવેલ્સ એજન્ટોનું 'ચલો કાશ્મીર' અભિયાન

કાશ્મીર પ્રવાસનને પ્રોત્સાહન આપવા કોલકતામાં ૧૦૦ થી વધુ ટ્રાવેલ્સ કંપનીઓએ 'ચલો કાશ્મીર અભિયાન' શરૂ કર્યું છે. ત્રાસવાદ સામે લડત દર્શાવવા તથા પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આ અભિયાન શરૂ કરાયું છે. આ ટ્રાવેલ્સ એજન્ટો વર્ષે ૪ લાખ પ્રવાસીઓને ભારતમાં પ્રવાસ કરાવે છે તેમાંથી ૪૦,૦૦૦ પ્રવાસીઓ કાશ્મીર જતા હોય છે.



# જો બાઈડનને ગંભીર તબકકાનું પ્રોસ્ટેટ કેન્સર

## પુર્વ અમેરિકી પ્રમુખના હાડકા સુધી અસરઃ ટ્રમ્પે પણ ચિંતા દર્શાવી



વોશિંગ્ટનઃ અમેરિકાના પુર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનને ગંભીર સ્ટેજના પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન થયું છે અને તે તેના હાડકા સુધી પહોંચી ગયુ છે. ગત જાન્યુઆરીમાં જ પદ છોડનારનું આ કેન્સર હોર્મોન-સેન્સેટીવ તરીકે જાહેર થયુ છે અને તે શરીરના અન્ય ભાગો સુધી પહોંચી શકે છે. તેઓને હાલ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. બાઈડનને પેશાબ સહિતની

(અનુસંધાન છઠ્ઠા પાને)

### રાજકોટમાં પોલીસનું મેગા ડિમોલીશન, વ્હેલી સવારમાં બુલડોઝરની ઘણઘણાટી બોલી

# રૈયાધારમાં ૩૮ ગુનેગારોએ ગેરકાયદેસર ખડકેલ બાંધકામ પર બુલડોઝર ફરી વળ્યું, રૂ.૫૨ કરોડની જમીન ખુલ્લી કરાઈ

## હત્યાના ચાર આરોપી ધાડ, લૂંટ, રાયોટિંગ, ઘરફોડ ચોરી, દારૂ, જુગાર સહિતના ગુનામાં સંડોવાયેલ ૨૦ મહિલા સહિત ૩૮ ગુનેગારોના બાંધકામ ધરાશાયી થયાં

રાજકોટ. તા.૧૯

અસામાજિક તત્વો વિરુદ્ધ ૧૦૦ કલાકના એજન્ડા સાથે શરૂ કરવામાં આવેલ રાજ્ય વ્યાપી ઝુંબેશના પગલે રાજકોટ શહેર પોલીસ ગુનેગારોને ભોં ભીતર કરી રહી છે અને એક બાદ એક આરોપીએ ગેરકાયદેસર ખડકેલ બાંધકામ પર બુલડોઝર ફેરવી રહી છે. ત્યારે રાજકોટના રૈયાગામ, રૈયા ધાર અને પરશુરામ ચોકડી પાસે આવેલ હત્યાના ગુનામાં સંડોવાયેલ ચાર આરોપી સહિત ૩૮ અસામાજિક તત્વોના ગેરકાયદેસર રીતે ખડકાયેલ ૬૫ મિલકત પર પોલીસે બુલડોઝર ફેરવી દઈ રૂા.૬.૫૨ કરોડની જગ્યા ખાલી કરી ૮૨.૭૦ લાખનું બાંધકામ તોડી પાડ્યું હતું.

અવારનવાર ગુના આચરી સામાન્ય લોકોનું જીવવું હરામ કરી નાંખનાર ગુનેગારો સામે રાજ્યના ગૃહ વિભાગે લાલ આંખ કરી હતી. ત્યારે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ૧૦૦ કલાકના એજન્ડા દ્વારા રાજ્ય ભરના આરોપીઓની યાદી તૈયાર કરાઈ હતી. જેમાં શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયાની સૂચનાથી શહેર પોલીસે શહેરના ૭૦૦ થી વધુ ગુનેગારોનું લિસ્ટ તૈયાર કરી એક બાદ એક આરોપીઓએ ગેરકાયદેસર ખડકેલ બાંધકામ પર બુલડોઝર ફરી રહ્યાં છે.

ત્યારે ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી રાધીકા ભારાઈના માર્ગદર્શન હેઠળ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ૩ પીઆઈ સહિત ૭ પોલીસ મથકનો ૧૧૬ પોલીસનો સ્ટાફ કાફલો બંદોબસ્તમાં હાજર રહ્યો



રાજકોટના રૈયાગામ સહીતના વિસ્તારમાં ૩૮થી વધુ આરોપીએ ગેરકાયદેસર ખડકેલ બાંધકામ પર પોલીસનું બુલડોઝર ફરી વળતાં આરોપીઓમાં સોંપો પડી ગયો હતો. ડિમોલીશન દરમિયાન ડીસીપી જગદિશ બાંગરવા,એસીપી રાધીકા ભારાઈ યુનિ.પોલીસ મથકના પીઆઈ એચએન પટેલ સહિતનો મોટો પોલીસ કાફલો વ્હેલી સવારથી કામગીરીમાં જોડાયો હતો. (તસ્વીરઃ પંકજ શીંશાગીયા)

### ભવિષ્યમાં ડોકટરોની છુટ્ટી કરશે એઆઈ?

# સાઉદી અરબમાં એઆઈ ડોકટરનું ખુલ્યુ કિલનિક!



### હાલમાં આ એઆઈ તબીબ શ્વાસની બિમારીની સારવાર કરે છે, ભવિષ્યમાં અન્ય બિમારીઓનો ઉપચાર કરશે

રિયાદ તા.૧૯

હવે કલિનિકમાં માનવ તબીબ નહિં એઆઈ ડોકટર સારવાર કરતો જોવા મળશે. સાઉદી અરબમાં દુનિયાનો પ્રથમ એઆઈ ડોકટરનું કલીનીક ખુલ્યુ છે જોકે હજુ તે પરિક્ષણ સ્તરમાં ચાલી રહ્યું છે.

ચીનના શાંઘાઈ સ્થિત સ્ટાર્ટઅપ સિની એઆઈએ અલ અહસા ક્ષેત્રમાં આ એઆઈ કિલનીક ખોલ્યુ છે. આ કલીનીક અલમુસા હેલ્થ ગ્રુપની સાથે મળીને શરૂ કરાયું છે.

**કેવી રીતે ઉપચાર કરશે એ આઈ:** જયારે દર્દી કિલનીકમાં આવશે ત્યારે તે ટેબલેટ પર 'ડેટ-હુઆ' નામનાં એઆઈ ડોકટરને પોતાની બિમારીનાં લક્ષણ બતાવશે પછી એઆઈ દર્દીને સવાલ પૂછશે અને જો ટેસ્ટ કરાવવાની જરૂર પડી તો તે પણ જણાવશે. ત્યારબાદ એઆઈ સારવારની એક યોજના બનાવશે.

જેને એક માનવ ડોકટર વિના દર્દીને જોઈને અંતિમરૂપ આપે છે. જો કોઈ ઈમરજન્સીની સ્થિતિ ઉત્પન્ન થઈ તો કિલીનીકમાં માનવ ડોકટર પણ હાજર હોય જ છે. આ એઆઈ ડોકટર હાલ શ્વાસને સંબંધી બિમારીઓની સારવાર

(અનુસંધાન છઠ્ઠા પાને)






# બાંગ્લાદેશ પર પ્રતિબંધથી ભારતને નુકસાન? કપડાની આયાત મોંઘી થઈ શકે, સમય વધુ ખર્ચાય

## સપ્લાયર બદલવા સરળ નથીઃ ઉત્પાદન ખર્ચ ઓછો હોવાથી અનેક ભારતીય કંપનીઓએ બાંગ્લાદેશમાં ફેક્ટરીઓ લગાવી છે

નવીદિલ્હી તા.૧૯

ભારત સરકારે બાંગ્લાદેશથી આવતા રેડીમેડ કપડા પર કેટલાક પ્રતિબંધો લાદ્યા છે, આ પાબંદીઓ જમીનના માર્ગે થતી આયાત પર છે. આથી કપડાની લોજીસ્ટિક કોસ્ટ વધી શકે છે અને ટ્રાન્ઝીટ ટાઈમ પણ વધુ લાગી શકે છે. બાંગ્લાદેશથી ભારત આવતા કપડામાં લગભગ એક તૃતિયાંશ જમીનના માર્ગે જ આવે છે. પહેલા બાંગ્લાદેશમાં બનેલા કપડા જમીન માર્ગેથી ભારતમાં પહોંચતા બેથી ત્રણ દિવસ લાગતા હતા હવે તેને જહાજેથી કોલકાતા અને મુંબઈ બંદરગાહો સુધી આવવામાં સમય લાગશે, બાદમાં ત્યાં કસ્ટમથી નીકળ્યા બાદ તેમને ટ્રકોથી ગોદામો સુધી પહોંચાડવામાં આવશે. આ બધામાં ઘણો સમય લાગશે.



એપેરેલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલના સેક્રેટરી જનરલ મિથિલેશ્વર ઠાકુરે જણાવ્યું હતું કે આ નિર્ણયથી બાંગ્લાદેશથી ભારતમાં થતી કપડાની નિકાસ પર અનેક પ્રકારની અસર પડશે. ભારતમાં કપડાની જે આયાત થાય છે, તેનો મોટો ભાગ જમીનના સ્તરેથી આવે છે. પેટ્રાપોલ બોર્ડરથી જ ૭૬ ટકા માલ આવે છે. અનેક ભારતીય કંપનીઓએ બાંગ્લાદેશમાં જ પોતાની ફેક્ટરીઓ લગાવી છે, તેનું કારણ એ છે કે અહીં ઉત્પાદન ખર્ચ ઘણું ઓછું છે, ત્યાં મજૂરી ઓછી છે અને વીજળી પર સબસિડી મળે છે.

ટ્રેડ એક્સપર્ટ અજય શ્રીવાસ્તવ કહે છે કે ભારતીય મેન્યુફેક્ચર્સે પોતાના દેશમાં બનેલા કપડા પર ૫ ટકા જીએસટી આપવું પડે છે, જ્યારે બાંગ્લાદેશી કંપનીઓ ચીનથી કોઈ ક્યેસ આપ્યા વિના કંપડા આયાત કરે છે અને ભારતને માલ વેચવા પર તેમને એક્સપોર્ટ ઈન્સેટીવ પણ મળે છે આથી તેમને ૧૦ ટકાથી ૧૫ ટકાનો ફાયદો થઈ જાય છે.

ભારતમાં કામ કરી રહેલા રિટેઈલર્સ અને ગ્લોબલ ચેન માટે સપ્લાયર બદલવા સરળ નથી. બાંગ્લાદેશથી માલ મગાવવામાં તેમને ઘણો ફાયદો થાય છે, આ ઉપરાંત બાંગ્લાદેશમાં જે પ્રમાણમાં ઉત્પાદન થાય છે તેના પ્રમાણમાં ભારતમાં ખૂબ જ ઓછા મેન્યુ ફેક્ચર્સ ઉત્પાદન કરે છે.

### વિઝા મુદ્દત થયા પછી પણ....

# અમેરિકામાં પડયા પાથર્યા રહેતા ભારતીયોને દુતાવાસની ચેતવણી - દેશ નિકાલ સાથે કાયમી પ્રતિબંધ

## અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોની સંખ્યામાં વધારો

નવીદિલ્હી,તા.૧૯

અમેરિકામાં સ્થિત ભારતીય દૂતાવાસે અમેરિકામાં રહેતા ભારતીય નાગરિકો માટે એક મહત્ત્વપૂર્ણ ચેતવણી કરી છે. દૂતાવાસે અમેરિકામાં ભારતીયો દ્વારા વધતા ઇમિગ્રેશન ઉલ્લંઘનોને ધ્યાનમાં રાખીને સ્પષ્ટતા કરી છે કે, 'અમેરિકામાં વિઝાની મુદતથી વધુ સમય રોકાવું એ એક ગંભીર ગુનો છે ફક્ત દેશનિકાલનું જોખમ જ નહીં પરંતુ ભવિષ્યમાં અમેરિકાની મુલાકાતો પર કાયમી પ્રતિબંધ લાગી શકે છે.'



ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરી ચેતવણી આપી કે, 'જો તમે તમારા અધિકૃત સમયગાળા કરતાં વધુ સમય માટે અમેરિકામાં રહેશો, તો તમને દેશનિકાલ કરવામાં આવી શકે છે અને ભવિષ્યમાં અમેરિકાની મુસાફરી પર કાયમી પ્રતિબંધ પણ મૂકવામાં આવી શકે છે.'

તાજેતરના મહિનાઓમાં વિઝા સમાપ્ત થયા પછી અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા ભારતીય નાગરિકોની સંખ્યામાં વધારો થયો છે. અમેરિકાની ઇમિગ્રેશન અને બોર્ડર સિક્યુરિટી એજન્સીઓ (ICE, CBP) દ્વારા ઘણા ભારતીય નાગરિકોની અટકાયત કરવામાં આવી છે. કેટલાક કિસ્સામાં, ભારતથી અમેરિકા આવતા પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓને એરપોર્ટ પરથી પાછા મોકલી દેવામાં આવે છે કારણ કે તેમની પાસે સાચા દસ્તાવેજો હોતા નથી અથવા તેમના દ્વારા અગાઉ વિઝા ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# ચાલુ મેચે પંજાબની ટીમનો કપ્તાન બદલાયો



જયપુર : IPL 2025 ની ૫૯મી મેચ દરમિયાન, જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં એક અનોખો નજારો જોવા મળ્યો. રાજસ્થાન ટીમ સામેની મેચની વચ્ચે જ પંજાબ કિંગ્સને પોતાનો કેપ્ટન બદલવો પડ્યો. શ્રેયસ ઐયરના સ્થાને, એક અનકેપ્ડ ખેલાડીને પંજાબ કિંગ્સની કમાન સોંપવામાં આવી. આ ખેલાડીએ પણ જોરદાર ઇનિંગ્સ રમી, જેના કારણે પંજાબની ટીમ મેચમાં પ્રથમ બેટિંગ કરતી વખતે ૨૦૦+ રન બનાવી શકી.

વાસ્તવમાં, પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ ઐયરને મેચના એક દિવસ પહેલા પ્રેક્ટિસ સેશન દરમિયાન તેની તર્જની આંગળીમાં ઊંડી ઈજા થઈ હતી. પરંતુ તેણે રાજસ્થાન સામે રમવાનું નક્કી કર્યું અને બેટિંગ પણ કરી. પરંતુ પંજાબની ઈનિંગ પૂરી થયા પછી, શ્રેયસ ઐયરની જગ્યાએ હરપ્રીત બ્રારને ઇમ્પેક્ટ સબ તરીકે મેદાનમાં લાવવામાં આવ્યો.

એટલે કે શ્રેયસ ઐય્યર આ મેચમાં ફિલ્ડિંગમાં આવ્યો ન હતો. આવી સ્થિતિમાં, અનકેપ્ડ ખેલાડી શશાંક સિંહને કેપ્ટનશીપની જવાબદારી સોંપવામાં આવી. જ્યારે શ્રેયસ ઐયર ટોસ માટે મેદાન પર આવ્યો ત્યારે તેની આંગળી પર ભારે પાટો બાંધેલો હતો.

# મુંબઈમાં દારૂના નશામાં ધૂત પાડોશી સાથે ઝઘડામાં ૩ લોકાની હત્યા

મુંબઈ,તા.૧૯

મુંબઈના ગણપત પાટિલ નગરમાં આજે સાંજે બે પરિવારો વચ્ચેની દુશ્મનાવટ વધી ગઈ, જેના કારણે હિંસક અથડામણ થઈ જેમાં ત્રણ લોકોના મોત થયા અને ચાર અન્ય ઘાયલ થયા.

પોલીસે જણાવ્યું હતું કે ગણપત પાટિલ નગરની ઝૂંપડપટ્ટીમાં રહેતા શેખ અને ગુપ્તા પરિવારો ૨૦૨૨ થી એકબીજા વિરુદ્ધ પોલીસ કેસ દાખલ કર્યા પછી દુશ્મનાવટમાં હતા.



જૂની દુશ્મનાવટ આજે હિંસક વળાંક લઈ ગઈ : સૂત્રોએ જણાવ્યું હતું કે આજે સાંજે લગભગ ૪.૩૦ વાગ્યે, અમિત શેખ દારૂના નશામાં રામ નવલ ગુપ્તાની નાળિયેરની દુકાન પાસેથી પસાર થઈ રહ્યો હતો અને બંને વચ્ચે ઉગ્ર દલીલ શરૂ થઈ ગઈ.

દલીલ એટલી વધી ગઈ કે બંને પરિવારોએ વધુ સુરક્ષા બોલાવી: રામ નવલ ગુપ્તા, તેમના પુત્રો અમર ગુપ્તા, અરવિંદ ગુપ્તા અને અમિત ગુપ્તા તીક્ષ્ણ હથિયારો સાથે આવ્યા હતા અને હામિદ નસિરુદ્દીન શેખ અને તેમના પુત્રો અરમાન હમીદ શેખ અને હસન હમીદ શેખનો સામનો કર્યો હતો.

આ અથડામણમાં રામ નવલ ગુપ્તા અને અરવિંદ ગુપ્તાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જયારે અમર ગુપ્તા અને અમિત ગુપ્તા ગંભીર રીતે ઘાયલ થયા હતા.

શેખ પરિવારમાં, હમીદ શેખનું પણ મૃત્યુ થયું, તેમના પુત્રો અરમાન અને હસન શેખ ઘાયલ થયા. બધા મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે શતાબ્દી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

પોલીસે હત્યાના કેસ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. એક આરોપી પોલીસ કસ્ટડીમાં છે, પરંતુ તેની હાલત ગંભીર હોવાથી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

# યુ-ટયુબર જયોતિ મલ્હોત્રા ઓપરેશન સિંદુર વખતે પણ પાક અધિકારીના સંપર્કમાં હતી

## રિમાંડમાં થયા ખુલાસાઃ પહેલગામ હુમલા પૂર્વે જ પાકનો 'સ્પોન્સર્ડ' પ્રવાસ કર્યો હતો



હિસાર, તા.૧૯

પંજાબ અને હરિયાણા પોલીસે પાકિસ્તાનને ગુપ્ત માહિતી પૂરી પાડવાના આરોપમાં કેટલાક લોકોની ધરપકડ કરી છે. આમાં પ્રખ્યાત યુટ્યુબર અને ટ્રાવેલ બ્લોગર જ્યોતિ મલ્હોત્રાનું નામ પણ સામેલ છે.

જ્યોતિ હરિયાણાના હિસારની રહેવાસી છે. હાલમાં તે પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર છે. પોલીસ અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે તે પાકિસ્તાની અધિકારીઓના સંપર્કમાં હતી અને ઓપરેશન સિંદૂર અંગે ઘણી માહિતી પણ શેર કરી હતી.

આ અંગે માહિતી આપતાં હિસારના એસપી શશાંક કુમાર સાવને જણાવ્યું હતું કે, આધુનિક યુદ્ધ ફક્ત સરહદ પર જ લડવામાં આવતું નથી. પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ કેટલાક સોશિયલ મીડિયા પ્રભાવકોની ભરતી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તેઓ તેનો ઉપયોગ તેમના કથનને આગળ વધારવા માટે કરે છે.

અમને કેન્દ્રીય એજન્સીઓ તરફથી માહિતી મળી અને અમે જયોતિ મલ્હોત્રાની ધરપકડ કરી. તે ઘણી વખત પાકિસ્તાન અને એક વખત ચીન ગઈ હતી. તે પાકિસ્તાની ગુપ્તચર અધિકારીના સંપર્કમાં હતી. અમે તેને ૫ દિવસના પોલીસ રિમાન્ડ પર લીધી છે. અમે તેની નાણાકીય વિગતોનું વિશ્લેષણ કરી રહ્યા છીએ. સંઘર્ષ (ભારત-પાકિસ્તાન) દરમિયાન પણ તે પાકિસ્તાની ગુપ્તચર અધિકારીના સંપર્કમાં હતી.

તેઓ જ્યોતિ મલ્હોત્રા ને એક સંપત્તિ તરીકે વિકસાવી રહ્યા હતા. તે અન્ય યુટ્યુબ પ્રભાવકો સાથે સંપર્કમાં હતી, અને તેઓ પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ સાથે પણ સંપર્કમાં હતા. તે પ્રાયોજિત યાત્રાઓ પર પાકિસ્તાન જતી હતી. પહેલગામ હુમલા પહેલા તે પાકિસ્તાનમાં હતી અને જો કોઈ જોડાણ હોય તો તે સ્થાપિત કરવા માટે તપાસ ચાલુ છે.

# ISIના આમંત્રણ પર કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ પાકિસ્તાન ગયા હતા, તાલીમ લીધી હતીઃ આસામના મુખ્યમંત્રીનો મોટો દાવો

ગુવાહાટી,તા.૧૯

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ રવિવારે દાવો કર્યો હતો કે કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ પાકિસ્તાની સરકાર સાથે નજીકથી કામ કરતા હતા અને કહ્યું હતું કે કોંગ્રેસના નેતા ISIના આમંત્રણ પર પાકિસ્તાન ગયા હતા અને ત્યાં તાલીમ પણ લીધી હતી.

''તેઓ (ગૌરવ ગોગોઈ) પાકિસ્તાનના ગૃહ મંત્રાલયના આમંત્રણ પર પાકિસ્તાન ગયા છે અને ISI ગૃહ મંત્રાલય હેઠળ છે... જો આ જાસૂસી નથી, તો શું છે? પછી તમે આવીને રાફેલનો વિરોધ કરો છો. તમે સંસદમાં પ્રશ્નો પૂછો છો, દરિયાકાંઠાના માર્ગમાં સુરક્ષા સ્તર ક્યાં બનાવવામાં આવ્યો છે? ભારતના પરમાણુ શસ્ત્રો ક્યાં રાખવામાં આવ્યા છે? આ પ્રશ્નો તમારા માટે કોણે લખ્યા છે? તમે તાલીમ કાર્યક્રમમાં તે શીખ્યા છો. જો મેં એક પણ વાત ખોટી કહી હોય, તો હું મુખ્યમંત્રી રહીશ નહીં. જો મેં એક પણ વાત ખોટી કહી હોય, તો હું મારા ઘરે પણ જઈશ નહીં,'' હિમંતા શર્માએ કહ્યું.



તેમણે વધુમાં કહ્યું કે ગોગોઈના કથિત પાકિસ્તાની સંબંધો ૧૦ સપ્ટેમ્બર સુધીમાં જાહેર કરવામાં આવશે.

''આ આરોપો પર પ્રતિક્રિયા આપતા, ગૌરવ ગોગોઈએ કહ્યું કે મુખ્યમંત્રી જે કહી રહ્યા છે તેમાંથી ૯૯ ટકા ''બકવાસ'' છે અને ઉમેર્યું કે મુખ્યમંત્રી છેલ્લા ૧૩ વર્ષથી તેમની સાથે અસુરક્ષિત છે. મુખ્યમંત્રી મારી સાથે પણ અસુરક્ષિત રહી શકે છે જેમ તેઓ છેલ્લા ૧૩ વર્ષથી છે. કોંગ્રેસ પાર્ટી માટે અમે રાજ્યની ખરાબ આર્થિક પરિસ્થિતિ અને રાજકીય રક્ષણ હેઠળ ચલાવવામાં આવી રહેલા કોલસા-ડ્રગ માફિયા પર ધ્યાન કેન્દ્રિત કરીશું,'' ગોગોઈએ X પર એક પોસ્ટમાં જણાવ્યું. શનિવારે, આસામના મુખ્યમંત્રીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને વિનંતી કરી હતી કે તેઓ પાકિસ્તાન સમર્થિત આતંકવાદ પર ભારતનું વલણ સમજાવવા માટે વિદેશ મોકલવામાં આવનાર પ્રતિનિધિમંડળ માટે વિપક્ષી પાર્ટી દ્વારા પ્રસ્તાવિત ચાર સંસદસભ્યોની યાદીમાંથી ગૌરવ ગોગોઈનું નામ કાઢી નાખે. સરમાએ કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં આસામના સાંસદને સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં સામેલ ન કરવા જોઈએ.

# RSS કાર્યાલય સહિત ત્રણ મોટા હમલામાં સામેલ 'મોસ્ટ વોન્ટેડ' ત્રાસવાદી પાકમાં ઠાર

## લશ્કર-એ-તોયબાનો કમાંડર અબુ સૈફુલ્લાહ નેપાળથી નેટવર્ક સંભાળતો પાકિસ્તાનમાં પહોંચતાં જ ભેદી હત્યા

નવી દિલ્હી, તા.૧૯

ઓપરેશન સિંદૂરથી સ્તબ્ધ થયેલા પાકિસ્તાની આતંકવાદીઓનો ખાત્મો થઇ જ રહ્યો છે નાગપુરમાં RSS મુખ્યાલય પર ૨૦૦૬માં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ લશ્કર-એ-તૈયબા કમાન્ડર અબુ સૈફુલ્લાહ પાકિસ્તાનમાં માર્યો ગયો છે. લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા અબુ સૈફુલ્લાહની અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. તે લાંબા સમયથી નેપાળથી પોતાની નાપાક પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો હતો. જોકે, હાલમાં તે સિંધ પ્રાંતના મતલી બદીનથી કામ કરી રહ્યો હતો.



આ આતંકવાદી ભારતમાં ત્રણ હુમલાના કાવતરામાં સામેલ હતો.

લશ્કરના આ આતંકવાદીનું નામ અબુ સૈફુલ્લાહ ઉર્ફે મોહમ્મદ સલીમ ઉર્ફે રાજુલ્લાહ નિઝામની હતું. તે નેપાળમાં લશ્કર-એ-તૈયબાના સમગ્ર મોડ્યુલને સંભાળતો હતો. તેનું મુખ્ય કાર્ય લશ્કરની આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કેડર અને નાણાકીય મદદ પૂરી પાડવાનું હતું.

આ આતંકવાદી લશ્કરના આતંકવાદીઓને નેપાળ થઈને ભારતમાં પણ મોકલતો હતો. ૨૦૦૬માં નાગપુરમાં આરએસએસના મુખ્યાલય પર થયેલા હુમલામાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, તેણે ૨૦૦૧માં CRPF કેમ્પ રામપુર પરના હુમલામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે ૨૦૦૫માં IISc બેંગ્લોર પરના હુમલાના કાવતરામાં પણ સામેલ હતો.

### કોણ હતો અબુ સૈફુલ્લાહ ?

લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર અબુ સૈફુલ્લાહ ભારતમાં આતંકવાદી હુમલાઓ કરતો હતો. અબુ સૈફુલ્લાહ ઉર્ફે મોહમ્મદ સલીમે નેપાળમાં પોતાનું આતંકવાદી નેટવર્ક ફેલાવ્યું હતું અને ત્યાંથી તે ભારત વિરુદ્ધ આતંકવાદી કાવતરાં ઘડતો હતો.

સૈફુલ્લા ખાલિદ લશ્કર-એ-તૈયબાનો ઓપરેટિવ હતો. લશ્કર-એ-તૈયબાએ ભારતમાં હુમલાની તૈયારી કરવાનું કામ સોંપ્યું હતું. જે પછી, તેણે ઘણા વર્ષો સુધી નેપાળમાં એક ઠેકાણું સ્થાપ્યું અને ત્યાંથી ભારતમાં સતત આતંકવાદી હુમલાઓ કરતો રહ્યો. પરંતુ જ્યારે ભારતીય ગુપ્તચર એજન્સીઓને તેના વિશે માહિતી મળી, ત્યારે તે નેપાળથી ભાગી ગયો અને પાકિસ્તાનમાં છુપાઈ ગયો. તે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હતો. સૈફુલ્લાહ નેપાળથી વિનોદ કુમાર અને બીજા ઘણા નામોથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવતો હતો. પાકિસ્તાનમાં હુમલાખોરોએ તેને ઠાર માર્યો છે. જ્યારે ભારતીય ગુપ્તચર એજન્સીઓને તેના વિશે માહિતી મળી, ત્યારે તે નેપાળથી ભાગી ગયો અને પાકિસ્તાનમાં છુપાઈ ગયો. તે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હતો.



# આજનું ચિંતન

## અનુભવ

- પોતાના દર્દની અનુભૂતિ થાય તે જીવતા હોવાનું પ્રમાણપત્ર છે, બીજાના દર્દની અનુભૂતિ કરવી એ માનવતા હોવાનું પ્રમાણપત્ર છે.
- ધોળા વાળ થાય ત્યારે જો માળા ન કરે તો તેનું કાળજું વધારે કાળુ થાય છે.
- એક જ ભવ, તેમાંય કેટલા બધા અનુભવ !
- અનુભવ માણસને ખોટા નિર્ણયથી બચાવે છે, પરંતુ અનુભવો ખોટા નિર્ણયથી જ આવે છે એ પણ એક વાસ્તવિકતા છે.
- અનુભવ કહે છે કે મૌન જ વધારે સારૂ છે, કેમ કે શબ્દોથી લોકો રીસાઇ જાય છે.
- અનુભવના અભ્યાસ ક્રમ નથી હોતા, એને દુનિયા આજીવન શીખવાડતી રહે છે.
- અનુમાન ખોટુ હોય શકે પણ અનુભવ નહીં, કેમ કે અનુમાન તો મનની કલ્પના છે પણ અનુભવ તો જીવનમાં ખાધેલી ઠોકરથી મળેલી શીખ છે.
- આ દુનિયામાં તારૂ કોઇ નથી એમ ગીતાજીનું કહેવું છે અને તે વાતમાં કાંઇ ખોટુ નથી એવું જિંદગીના અનુભવનું કહેવું છે.
- બદનામ ના કરો, લીમડાને કડવો કહીને, જિંદગીના અનુભવો લીમડાથી પણ કડવા હોય છે.
- મુશ્કેલભર્યો સમય એ અનુભવનો ખજાનો છે અને માણસને પારખવાની અદભુત કળા પ્રાપ્ત થાય છે.
- મુશ્કેલીઓમાં જે અનુભવ ને શીખ મળે છે તે શીખ દુનિયાની કોઇપણ સ્કુલ નથી આપી શકતી.
- સલાહ હંમેશા હારેલ વ્યકિત પાસેથી લેવી અને અનુભવ જીતેલ વ્યકિત પાસેથી લેવો તો કયારેય હારવાનો વારો નહિ આવે.
- કડવા અનુભવોને ભુલવા અઘરા હોય છે પણ જીવનમાં સૌથી વધારે કામ તો કડવા અનુભવો જ આપે છે.

## સુવિચાર

**નિમિત્ત કોણ છે તેનાથી કોઇ ફરક નથી પડતો, નિર્ણય હંમેશા કુદરતનો જ હોય છે. જે આ સ્વીકારી શકે તેને દુનિયાની કોઇ તાકાત દુઃખી ના કરી શકે**

# સત્યતા અને સભ્યતા- પરમાત્મ વાણી-૨

(ક્રમશઃ)

મૂલ્યોની મહેક ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

★ આપ ઈશ્વરીય સંતાન છો. તેથી ખુબ ઉચ્ચ, રોયલ છો. આપનો ચહેરો અને ચાલ-ચલન બન્ને સત્યતા અને સભ્યતાનો અનુભવ કરાવે તેવા હોવા જોઈએ. આમેય રોયલ આત્માઓને સભ્યતાના દેવી-દેવતાઓ કહે છે. તેમના દરેક કર્મમાં હસવુ, બોલવુ, ચાલવુ, વ્યવહાર માત્રમાં સભ્યતા સ્વતઃ દેખાઈ આવે છે. એવુ નહી કે હું સત્યને સિધ્ધ કરું છું પરંતુ પોતાનામાં સભ્યતા કાંઈ ન હોય! ના. તે બરાબર નથી.

★ આમેય જોઈએ તો જે નિર્માન હોય, માન-પાનની આશથી મુક્ત હોય તે જ નવ-નિર્માણ કરી શકે છે. કોઈપણ પ્રત્યે શુભ-ભાવના, શુભ-કામનાના બીજ છે સ્વયંનો નીમિત-ભાવ અને નિર્માન-ભાવ. આથી જો ન ઈચ્છવા છતાંયે ક્રોધ આવી જતો હોય કે ચિડચિડાપણું આવી જતુ હોય તો તુરંત સાચા દિલથી ગુણોના સિંધુ પરમાત્મા પિતાને યાદ કરો 'મીઠા બાબા(પિતા). તુરંત તેમની મળેલી મદદ મન-ચિત્તને શાંત કરી દેશે.

★ સત્ય જ્ઞાનની કોઈપણ વાત ઓથોરિટી સાથે, સત્યતા અને સભ્યતાથી બોલવામાં સંકોચ ન આવવો જોઈએ. આમ સ્વયં પહેલા નિર્ભય બનો. જેવી રીતે સાબિત કરવામાં શબ્દો ઓછા અને શક્તિશાળી, સચોટ, મર્મસભર હોવા જોઈએ. જેનાથી આપ ઈશ્વરીય સંતાન છો. તેવું વર્ત્તાવું જોઈએ અને બોલમાં પરમાત્માનો સ્નેહ સમાયેલો હશે તો આત્માઓ એ સ્નેહરૂપી ચુંબકથી પરમાત્માની નજીક પહોચશે.

★ ઘણી વખતે આપણે અનુભવીએ છીએ અને બતાવીએ છીએ કે મારાથી અસત્ય(ખોટું) જોવાતુ નથી, ખોટુ સાંભળી શકાતુ નથી. પરિણામે તેવું સાંભળી, જોઈને અંદરમાં વિરોધનો જોશ આવી જાય છે. તો તેઓ તો અસત્ય છેજ પરંતુ આપનો જોશ પણ અસત્ય જ છે. આથી અસત્યતાને ખત્મ કરવા સ્વયંમાં સત્યતાની શક્તિ જાગૃત કરો.

★ સત્યતાને સ્વચ્છતા અને નિર્ભયતાના આધારે પ્રત્યક્ષ/પ્રગટ કરો. કારણ કે મુખથી બોલાયેલ સત્યતાના બોલ પરમપિતાની પ્રત્યક્ષતા કરશે. આથી હવે પરમાત્મા બોમ્બ(સત્ય જ્ઞાન) દ્વારા ધરતીનું પરિવર્તન થશે. તે માટે સંકલ્પમાં, મુખ પર નિરંતર ગંથાયેલી માળાની જેમ નિરંતર પરમાત્માની સ્મૃતિ હોય, અંદર એક જ ધૂન હોય 'મેરા બાબા'. તેવું સંકલ્પ, વાણી અને કર્મમાં હોય તો તેવો અજપાજાપ રહે તો જીવનમાં આવતી એવી વાતો સ્વતઃ ખત્મ થશે.

આમ આ દરેક બાબતોને વારંવાર ચેક કરીને સ્વયં સત્યતાની ઓથોરિટીનો અનુભવ કરીએ.

# આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૮, તા.૨૦/૫/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૬-૦૭, સૂર્યાસ્ત : ૭-૧૯, જૈન નવકારશી : ૬.૫૫
રાશિ : મકર (ખ.જ.), ૭.૩૪થી કુંભ (ગ.શ.સ.ષ)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મેષ, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

# રાશીફળ

**મેષ :** વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની, અટકતા વેગ મળે, શેરસટામાં લાભ, રાજકીય લાભ.

**વૃષભ :** સીઝનલ ધંધામાં લાભ, આવકનું પ્રમાણ વધવાનું, કારણ વગરના વિચારોથી પરેશાની, વિદેશથી લાભ.

**મિથુન :** સંયુકત મિલ્કતના પ્રશ્નોને લઈને ટેન્શન રહેવાનું, ધીરજ રાખવી, નવા રોકાણમાં ઉતાવળ ન કરવી.

**કર્ક :** નોકરીમાં અનુકુળતા રહે, આવકનું પ્રમાણ વધવાનું, વડીલ વર્ગનો સહકાર રહે, શેરસટામાં લાભ રહે.

**સિંહ :** નાણાકીય બાબતોમાં લાભ રહે, સંતાનોની પ્રગતિ થાય, સ્વાસ્થ્યમાં સુધારો રહે, પ્રવાસથી લાભ.

**કન્યા :** કારણ વગર ઉશ્કેરાટ રહે, શેરસટામાં જાળવવું, નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ, કર્જ ન કરવું.

**તુલા :** દિવસ દરમ્યાન કર્મચારી વર્ગનો સહકાર રહેશે, સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા રહે.

**વૃશ્ચિક :** સમાજમાં પ્રતિષ્ઠા વધવાની, સપરિવાર પ્રવાસનું આયોજન થાય, નોકરીમાં અનુકુળતા વધવાની.

**ધન :** ભાઈ-બહેનો સાથે વ્યવસાય બાબત ચર્ચા થાય, મિલ્કતના વેચાણ બાબત ઉતાવળ ન કરવી.


**મકર :** સગાઈ કે લગ્નના કાર્યમાં અનુકુળતા રહેવાની, સંતાનોની પ્રગતિ, ગુસ્સાને કાબુમાં રાખજો.

**કુંભ :** ભાગીદારોને સહકાર દેજો, ખર્ચ ઉપર કાબુ જરૂરી, ભાઈ-બહેનો સાથે મતભેદો ટાળવા.

**મીન :** વિદેશ જવાની તક મળે, નોકરીમાં બદલીના ચાન્સ, શેરસટામાં નિર્ણયો મહત્વના રહે.

# મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. ચાઇના (૨)
૨. જુનાગઢના જાણીતા ચાર રસ્તા (૬)
૬. આપણે મનુષ્ય તો ... જીવ છીએ (૩)
૭. પપ્પાના સાળી (૨)
૮. જીવ લઇ લે તેવો અકસ્માત (૪)
૯. જામનગર જિલ્લાનું એક ગામ (૪)
૧૩. એક પવિત્ર સરોવર (૬)
૧૪. ફાધર, પપ્પા, ડેડી (૨)
૧૫. એક અટક (૨)
૧૬. મોટુ અને બિહામણુ (૪)
૧૭. કલોથ (૩)
૨૦. ખૂની, હત્યારો (૩)
૨૧. વજહ (૩)
૨૨. લાચારી (૪)
૨૪. ચરણ ..., અચ... (૨)
૨૫. તપસ્યા (૨)
૨૬. ઉનાળામાં ... ગરમી હોય (૪)
૨૭. ...હજુરી (૧)

### ઉભી ચાવી

૧. ચિ.નું ફુલફોર્મ (૪)
૨. ભોજન સમારંભ ... વાર (૩)
૩. ગોળનો કાઠિયાવાડી ઉચ્ચાર (૨)
૪. વાસ મારે પણ સ્વાસ્થ્યધર્મ (૩)
૫. દરવાજો (૩)
૬. જેકી શ્રોફની એક ફિલ્મ (૪)
૧૦. એક હોરર-થ્રિલર ગુજરાતી ફિલ્મ (૨)
૧૧. લાખોપતિ પછી ... (૫)
૧૨. લમણું (૩)
૧૩. પપ્પાની સાળાવેલી (૨)
૧૪. પુષ્કળ, અઢળક (૪)
૧૫. ...નારાજી (૨)
૧૭. પતિના અંકલ (૩)
૧૮. નિસ્તેજ (૨)
૧૯. દુઃખાવામાં હવે ... થઇ છે (૩)
૨૧. આંજણ (૩)
૨૩. સુર્યનારાયણની 'ગરમી' (૨)
૨૪. અભિનેતા ... મુરાદ (૧)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | મ | દિ | લ | દે | ચુ | કે | સ | ન | મ | | મ | હા | વી | ર |
| | | વા | | રા | | પ | ન | વે | લ | | | શ | ર | મ |
| ઉ | પ | ર | વા | સ | | ટા | | રૂ | મ | મે | ટ | | પુ | |
| | લ | | ચા | ર | | ઉ | ન | | પ | ર | મે | શ્વ | ર | |
| કા | ળ | ઝા | ળ | | મા | ન | વ | | હી | | દુ | | | રા |
| | વુ | | | શા | મ | | કા | કા | | સ | | અ | વા | મ |
| સા | | ભા | | | લ | શ્ક | ર | | ઉ | મ | ર | કે | દ | |
| વ | ખ | તો | વ | ખ | ત | | મં | ત્રો | ચ્ચા | ર | | લા | ળ | |
| ર | ડ | | | મ | દા | | ત્ર | | ર | | પા | | | ના |
| ણી | | ચ | ર | ણ | ર | જ | | સ | | મ | નો | કા | મ | ના |
| | શા | લ | | | | મા | ન | હા | ની | | | મ | ન | પા |
| સ | મ | તા | ધા | ન | | વ | | રા | સ | મં | ડ | ળી | | ટે |
| જા | | પુ | લ | | શ | ટ | ર | | | | | | થા | ક |
| વ | | ર્જા | | શા | ક | | | મ | ણી | મં | દિ | ર | | ર |
| ટ | કો | | | | લ | લ | કા | ર | | | લ | જા | ઈ | |

# ગુરૂવારે માંડવી ચોક દેરાસરનો ૧૯૯માં ધ્વજારોહણ મહોત્સવ ઉજવાશે

## ગુરૂવારે સવારે ૬-૩૦ કલાકે ધ્વજાજીનું સામૈયું: પૂ.ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મ.આદિ સાધુ-સાદવીજીઓની નિશ્રામાં ઉજવાશે ધ્વજારોહણ મહોત્સવ: તૈયારીઓનો ધમધમાટ

રાજકોટ તા.૧૯

રાજકોટમાં ૧૯૮ વર્ષ પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (દાદાવાડી)નો આગામી તા.૨૨મીના ગુરૂવારના ૧૯૯માં ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે. આ માટે રાજકોટ જૈન તપગચ્છ સંઘ દ્વારા તૈયારીઓનો ધમધમાટ છે.

બંધુ બેલડી આ.ભ.શ્રી જિનચંદ્રસાગર સૂરીજી મ. તથા પ્રખર પ્રવચનકાર આચાર્ય ભગવંત પૂ.શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મહારાજાના શિષ્યરત્ન નૂતન ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મહારાજ તથા શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં માંડવીચોક દેરાસરે ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે.







મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ પરમાત્માની ધજાના લાભાર્થી સુશીલાબેન વિનોદચંદ્ર શેઠ, શ્રીમતી અવનીબેન હિરેનભાઈ શેઠ, શ્રધ્ધાબેન અમિતભાઈ શેઠ તેમજ નત્વા, નિષ્ઠા તથા નક્ષ વગેરે છે.

જયારે પ્રાચીન શ્રી માણિભદ્ર દાદાના ધ્વજારોહણના લાભાર્થી અશ્વિનભાઈ રસિકભાઈ મીઠાણીના આત્મશ્રેયાર્થે જસ્મીનાબેન અશ્વિનભાઈ મિઠાણી, કૃણાલ, આરતી, જીનલ, પ્રિતેશ, ઝરણા, વિરાંશ તથા નિવ વગેરે છે.

આ પ્રસંગે શૈલેષભાઈ વ્યાસ તથા ધર્મેશભાઈ દોશી ભકિતસંગીતની જમાવટ કરશે.

**ધ્વજાનું સામૈયું**

તા.૨૨મીના ગુરૂવારે સવારે ૬-૩૦ કલાકે સુરેશભાઈ સંઘવી 'તીર્થ', ૨૫, પ્રહલાદ પ્લોટ, રાજકોટ ખાતેથી ધજાનું સામૈયું શરૂ થશે અને વાજતે ગાજતે માંડવી ચોક દેરાસર ઉતરશે ત્યારબાદ ધ્વજાની વિધિ વિધિકાર પ્રકાશભાઈ દોશી કરશે. શુભ મુહૂર્તે શિખર પર લાભાર્થી પરીવાર દ્વારા ધજા ચઢાવાશે. કાર્યક્રમ સંપન્ન થયા બાદ નવકારશીનું આયોજન કરવામાં આવેલ છે. તેમ સંઘ પ્રમુખ જીતુભાઈ ચા વાળા, ઉપપ્રમુખ પંકજભાઈ કોઠારી, સેક્રેટરી કિરીટભાઈ સંઘવી, કેતનભાઈ વોરા તથા જયેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ તૈયારીઓ ચાલી રહી છે.

**માંડવી ચોક દેરાસર**

રાજકોટનું ૧૯૮ વર્ષ પહેલાનું શ્રી સુપાર્શ્વનાથ જિનાલય રાજકોટના જૈનો માટે આસ્થાનું પરમધામ છે. આ દેરાસરમાં શ્રી માણિભદ્ર વીરની પ્રતિમાજી પણ અત્યંત પ્રાચીન છે. શ્રી માણિભદ્ર વીરના દર્શન માટે દર ગુરૂવારે હજારો જૈન-જૈનેતરો ઉમટીને પોતાની માનતા પુરી કરે છે.

માંડવી ચોક દેરાસરના મૂળ નાયક શ્રી સુપાર્શ્વનાથ દાદાની પ્રતિમા રાજકોટના રાજવી પરિવાર દ્વારા ૧૯૮ વર્ષ પૂર્વે પ્રાપ્ત થઈ હતી. અને દેરાસરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી, રાજકોટનું માંડવી ચોક દેરાસર બે માળનું છે. નીચેના માળે શ્રી આદિશ્વર દાદા મૂળનાયક રૂપે બિરાજે છે તથા પ્રથમ માળે શ્રી સુપાર્શ્વનાથ પરમાત્મા બિરાજમાન છે. શ્રી સુપાર્શ્વનાથ દાદાની પ્રતિમા ૧૨ હજાર વર્ષ પ્રાચીન હોવાનું માનવામાં આવે છે ત્યારે આદિનાથ પરમાત્માની પ્રતિમા ૩૮૦૦ વર્ષ પ્રાચીન હોવાનું માનવામાં આવે છે.

પાટણવાવ નજીક ઓસમ ડુંગરમાંથી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની જે પ્રતિમા મળી આવી હતી તે અહીં બિરાજમાન છે. જે ૩ હજાર વર્ષ પ્રાચીન હોવાનો અંદાજ છે. આ પ્રતિમા વર્ષો અગાઉ ભેટ સ્વરૂપે મળી હતી.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતના જૈન-જૈનેતરોમાં માંડવી ચોક દેરાસર (દાદાવાડી) વિશેષ શ્રધ્ધાનું સ્થાનક રહ્યું છે. અહીંની ભવ્યતા અને દિવ્યતાના દર્શનથી દર્શનાર્થીઓ વિભોર બની જાય છે.

### માંડવીચોક દેરાસરના ૧૯૯માં ધજારોહણ મહોત્સવની પૂર્વ સંધ્યાએ

## બુધવારે મણિયાર દેરાસરમાં ૨૦૦ની ધજાની ઉછામણી: પ્રસિદ્ધ ભકિતકાર અંકુર શાહનું ભકિત સંગીત

રાજકોટ,તા.૧૯

આગામી તા.૨૨મીના ગુરુવારે શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (દાદાવાડી)ની ૧૯૯ મો.ધજારોહણ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. ત્યારે પૂર્વ સંધ્યાએ તા.૨૧મીના બુધવારના રાત્રે ૮.૩૦ કલાકે મણિયાર દેરાસર (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય)ના આંગણે સુપ્રસિદ્ધ ભકિતકાર અંકુરભાઈ શાહનો ભકિત સંગીતનો કાર્યક્રમ યોજાનાર છે જેમાં માંડવી ચોક દેરાસરશ્રી સુપાર્શ્વનાથ દાદાની ૨૦૦મી ધજાની ઉછામણી થશે અને આદેશ આપવામાં આવશે.

રાજકોટ ઈતિહાસમાં આગામી વર્ષે ૨૦૦નો ધજારોહણ મહોત્સવ ઉજાવવા અત્યારથી જ તૈયારીઓનો પ્રારંભ થઈ ગયો છે. કે તા.૨૧મીના બુધવારે રાત્રે ૮.૩૦ કલાકે ભકિત સંગીતના કાર્યક્રમમાં બંધુ બેલડી જિન-હેમચંદ્ર સાગર સૂરિજીમ.ના શિષ્ય પૂજય પંન્યાસ પ્રવર શ્રી તારક ચંદ્રસમાટજી મહારાજ આદિ ઠાણાની નિશ્રા રહેશે તેમ પ્રમુખ જીતુભાઈ આવાળાએ જણાવેલ છે.૨૦૦મી ધજાની ઉછામણીમાં જૈન શ્રેષ્ઠીઓ, ધર્માનુ રાગીઓને પધારવા રાજકોટ તપાગચ્છ સંઘ દ્વારા અનુરોધ કરાયો છે.







# વડાપ્રધાન મોદી દાહોદ ઉપરાંત કચ્છની પણ મુલાકાત લેશે: માતાના મઢે દર્શન કરવા જશે

## કચ્છમાં જાહેરસભા ગોઠવવા તૈયારી: પ્રભારીમંત્રી પ્રફુલ પાનસેરીયાએ તૈયારી-આયોજનની સમીક્ષા બેઠક યોજી

ભૂજ તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવે તેવી શકયતા છે અને તેને પગલે રાજયનાં સીનીયર મંત્રી પ્રફુલ પાનસેરીયા સહિતના નેતાઓ સાથે આજે કચ્છમાં વહિવટીતંત્ર સાથે બેઠક કરી હતી અને તૈયારીની સમીક્ષા કરી હતી.

વડાપ્રધાન મોદીનો આગામી ૨૬મીએ દાહોદનો કાર્યક્રમ ગોઠવાય રહ્યો છે અને તે માટેની તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આજે કચ્છમાં પણ રાજયનાં મંત્રી પ્રફુલ પાનસેરીયા, સાંસદ વિનોદ ચાવડાએ વહિવટી તંત્ર સાથે બેઠક કરી હતી. આ સંજોગોમાં વડાપ્રધાન કચ્છની મુલાકાતે આવે તેવી શકયતા છે તેઓ માતાના મઢના દર્શનાર્થે પહોંચે તેવી પણ સંભાવના છે.

ભારત-પાકિસ્તાન વચ્ચેનાં મીની યુદ્ધ પછી મોદીની આ પ્રથમ મુલાકાત છે કચ્છ સરહદી જીલ્લો છે ત્યારે કચ્છની મુલાકાત પણ સુચક ગણાય છે. ગત સપ્તાહે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ કચ્છના એરબેઝની મુલાકાતે આવ્યા હતા અને જવાનો સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાન મોદી એરબેઝ જાય છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. તેમના ફાઈનલ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન મોદીનાં સંભવિત પ્રવાસને પગલે કચ્છનાં પ્રભારી મંત્રી તરીકે પ્રફુલ પાનસેરીયાએ મીટીંગ કરી હતી ભુજ ખાતે જીલ્લા કલેકટર કચેરી ખાતે સીનીયર અધિકારીઓ સાથે બેઠકમાં જરૂરી સુચનો કર્યા હતા. આયોજનના ભાગરૂપે સભા સ્થળની પણ મુલાકાત લીધી હતી કચ્છમાં મોદીની સભા યોજાવાના પણ નિર્દેશ છે.

# રામ દરબારની મૂર્તિઓ બનીને તૈયાર: જયપુરથી ટુંક સમયમાં અયોઘ્યા પહોંચશે

### ૩ થી ૫ જુન દરમ્યાન મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા

અયોધ્યા તા.૧૯

અત્રે રામ મંદિરનાં પ્રથમ માળે રામ દરબારનાં ગર્ભગૃહમાં સ્થાપિત થનારી મુર્તિઓનું નિર્માણ જયપુરમાં થઈ ચુકયુ છે. આ મુર્તિઓને ઝડપથી અયોધ્યામાં લાવવામાં આવશે. આરસ પહાણમાં બનેલી આ મુર્તિઓમાં ભગવાન રામ, માતા સીતા ઉપરાંત ભરત, લક્ષ્મણ, શત્રુધ્ન અને હનુમાનજીની પ્રતિમા છે તેને ગર્ભગૃહમાં બનેલ પ્લેટફોર્મમાં સિંહાસન પર સ્થાપિત કરવામાં આવશે.



મંદિર ટ્રસ્ટનાં ટ્રસ્ટી ડો.અનિલ મિશ્રે જણાવ્યું હતું કે રામ દરબાર સહિત અન્ય ૧૩ મંદિરોમાં બિરાજમાન થનાર દેવી-દેવતાઓ ઋષિ મુનિઓની મુર્તિઓ બનીને તૈયાર થઈ ગઈ છે.જેમાં કમ્પાઉન્ડ વોલની ૬, મંદિરો અને સપ્ત ઋષિ મંદિરોની ૭ મુર્તિઓ અયોધ્યા પહોંચી ગઈ છે.

હવે ૩ જુનથી ૫ જુન સુધી મંદિર પરિસરમાં ચાલનારા પ્રાણ પ્રતિષ્ઠા અનુષ્ઠાન દરમ્યાન રામ દરબાર સહિત અન્ય મંદિરોમાં સ્થાપિત મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા ૧૦૧ વૈદિક આચાર્ય કરશે. હાલમાં મંદિરનું નિર્માણ કાર્ય અંતિમ દોરમાં ચાલતુ રહ્યું છે.

# કોરોના ચીન-થાઈલેન્ડમાં પ્રસર્યો: હોંગકોંગમાં સંક્રમણમાં મોટો ઉછાળો

નવી દિલ્હી તા.૧૯

વિશ્વના અનેક દેશોમાં કોરોનાએ દેખા દીધી જ છે અને હવે ચીન-થાઈલેન્ડ જેવા દેશોમાં પણ સંક્રમણ પ્રસરવા લાગ્યુ છે. હોંગકોંગ-સિંગાપોરમાં કેસોની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે.

હોંગકોંગમાં અઢી મહિનામાં કોરોનાના કેસ ૩૦ ગણા વધ્યા છે. સિંગાપોરમાં એક સપ્તાહમાં ૩૦ ટકાનો વધારો છે.

હોંગકોંગમાં ૧૦ મે, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં કુલ ૧૦૪૨ કોવિડ કેસ નોંધાયા હતા. અગાઉના સપ્તાહમાં આ આંકડો ૯૭૨ હતો. માર્ચની શરૂઆતમાં દર અઠવાડિયે ફક્ત ૩૩ કેસ હતા. સૌથી મોટી ચિંતા એ છે કે, અહીં પોઝિટિવિટી રેટ સતત વધી રહ્યો છે.

૧ માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહમાં પોઝિટિવિટી દર માત્ર ૦.૩૧% હતો. ૫ એપ્રિલ સુધીમાં તે વધીને ૫.૦૯% થયો અને ૧૦ મેના રોજ પૂરા થતા સપ્તાહમાં તે વધુ વધીને ૧૩.૬૬% થયો.

સિંગાપોરમાં કોવિડ કેસ ૨૭ એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૧૧,૧૦૦ થી વધીને ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૧૪,૨૦૦ થયા. તેનો અર્થ એ કે એક અઠવાડિયામાં લગભગ ૩૦%નો વધારો છે. એટલું જ નહીં હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા પણ દરરોજ સરેરાશ ૧૦૨ થી વધીને ૧૩૩ થઈ ગઈ છે.



# સંભલ જામા મસ્જીદનાં સર્વેનો રસ્તો સાફ: હાઈકોર્ટે મુસ્લીમ પક્ષની અરજી ફગાવી

આજે ફેંસલો આપતા મુસ્લીમ પક્ષને ઝટકો

સંભલ તા.૧૯

અલાહાબાદ હાઈકોર્ટે સંભલ જામા મસ્જીદ અને હરિહર મંદિરનાં વિવાદમાં લાગ્યો છે. હિન્દુ પક્ષની તરફેણમાં ફેંસલો આવતા જામા મસ્જીદના સર્વેનો રસ્તો સાફ થયો છે.

મુસ્લીમ પક્ષની અરજી ફગાવતાં હાઈકોર્ટે કહ્યું હતું કે સર્વેનો કેસ આગળ ચાલશે. કોર્ટે કહ્યું હતું કે અધિનસ્થ ન્યાયાલયનાં આદેશમાં કોઈ અવૈધારિકતા નથી. શાહી જામા મસ્જીદે કોર્ટમાં પુન:નિરિક્ષણ અરજી દાખલ કરી હતી. જેમાં કોર્ટ કમિશ્નરનાં આદેશને રદ કરવાની માંગ કરાઈ હતી. જેના પર હાઈકોર્ટે સર્વે આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરવો પડયો હતો. ઉલ્લેખનીય છે કે હરિશંકર જૈન અને અન્ય ૭ નાગરીકોએ સિવીલ જજ સિનિયર ડીવીઝન સંભલની અદાલતમાં એક કેસ દાખલ કર્યો હતો જેમાં એવો તર્ક આપવામાં આવ્યો હતો કે સંભલમાં જામા મસ્જીદ એક મંદિરને ધ્વસ્ત કર્યા બાદ બનાવાઈ હતી.

**હાઈકોર્ટે સર્વે આદેશમાં હસ્તક્ષેપનો ઈન્કાર કર્યો**

# ગુજરાતમાં બુધવારથી મોટો હવામાન પલ્ટો અરબી સમુદ્રમાં વાવાઝોડુ સર્જાશે: ભારે વરસાદ થશે

## અંબાલાલ પટેલની આગાહી: ૨૩ થી ૩૧ મે સુધી માવઠા-દરિયાકાંઠાનાં વિસ્તારો પ્રભાવીત થશે



અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાનો પ્રકોપ હજુ શાંત થયો નથી, ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે મે મહિનાના અંતમાં રાજ્ય પર એક મોટા હવામાન સંકટની આગાહી કરી છે. તેમના મતે, અરબી સમુદ્રમાં ચક્રવાત સક્રિય થવાની શક્યતા છે, જેના કારણે ગુજરાતના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ અને વિનાશક પવનો ફૂંકાઈ શકે છે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આગામી ૨૧ મે, ૨૦૨૫ થી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવવાની શરૂઆત થશે. એક પછી એક સિસ્ટમ સક્રિય થશે અને અરબી સમુદ્રમાં ચક્રવાત (વાવાઝોડું) બનશે. ખાસ કરીને, મુંબઈ અને ગોવા વચ્ચે એક સિસ્ટમ બનશે, જે વાવાઝોડામાં પરિવર્તિત થશે.

આ ચક્રવાતની સીધી અસર દરિયાકાંઠાના વિસ્તારો પર જોવા મળશે. અંબાલાલ પટેલના મતે, દરિયામાં ઊંચા મોજા ઉછળશે અને દરિયાઈ કાંઠાના વિસ્તારો વાવાઝોડાથી વધુ પ્રભાવિત થશે. દરિયાઇ કાંઠે પવનની ગતિ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપની રહેવાની શક્યતા છે.

આ ચક્રવાત સક્રિય થવાને કારણે ગુજરાત અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. મે મહિનાના અંતમાં, ખાસ કરીને ૨૩ મે થી ૩૧ મે સુધી ગુજરાતભરમાં કમોસમી માવઠાની આગાહી કરી છે, જેના કારણે ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાશે.

અંબાલાલ પટેલના વરતારા મુજબ, રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની તીવ્રતા અલગ અલગ રહી શકે છે:

ભારેથી અતિભારે વરસાદ અને ભારે પવન: દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગો.

ભારે વરસાદનું અનુમાન: સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, દાદરા નગર હવેલી સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ.

અતિભારે વરસાદ (પવન સાથે): કચ્છ જિલ્લામાં પણ અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદનું અનુમાન (સૌરાષ્ટ્ર): જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, જુનાગઢ, અમરેલી, ચોટીલા સહિત સૌરાષ્ટ્રના ભાગો.

ગાજવીજ સાથે વરસાદનું અનુમાન (મધ્ય ગુજરાત): અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, આણંદ, નડિયાદ, પંચમહાલ, છોટાઉદેપુર સહિત મધ્ય ગુજરાતના ભાગો.

સામાન્યથી મધ્યમ વરસાદ (પવન સાથે): બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મોડાસા, મહેસાણા, પાટણ સહિત ઉત્તર ગુજરાતના ભાગો.

### રક્તદાન મહાદાન : આવો રક્તદાન કરીએ

# ડેપ્યુટી મેયર પૃથ્વીરાજસિંહ જાડેજા પરિવાર દ્વારા રવિવારે મહારક્તદાન કેમ્પ

**માધાપર ખાતે આયોજનમાં ૩૦૦૦ જેટલી બોટલો એકત્રિત કરવાનો લક્ષ્ય : સિવિલ હોસ્પિટલ અને એઈમ્સમાં અપાશે : મહાનુભાવોની હાજરી : રક્તદાતાઓને નિમંત્રણ પાઠવતા પૃથ્વીસિંહ જાડેજા (ઘોઘુભા) – પૂર્વ પ્રમુખ, રાજકોટ તાલુકા પંચાયત, નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા), ડેપ્યુટી મેયર તથા રવિરાજસિંહ જાડેજા અને ટ્રસ્ટ પરિવાર**

**રવિવાર ૨૫ મેના રોજ સવારે ૭ થી સાંજે ૫ સુધી માધાપર ગામ, ઈશ્વરીયા મહાદેવ મંદિરની બાજુમાં આયોજન કરાયેલ છે : રક્તદાન સાથે સ્વરૂચિ ભોજન પણ ઉપલબ્ધ**






રાજકોટ તા.૧૯ : રક્તદાન મહાદાન - આવો સ્વૈચ્છિક રક્તદાન કરીએ : તેવા સેવા સંકલ્પ સાથે શ્રી એન.પી.જાડેજા ફેમિલી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આગામી ૨૫ મે રવિવારના રોજ સવારે ૭ થી લઇ સાંજે ૫ સુધી મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આજે "સાંજ સમાચાર" ની શુભેચ્છા મુલાકાતે આવેલ પૃથ્વીસિંહ જાડેજા - રાજકોટ મહાનગર પાલિકા ડેપ્યુટી મેયર દ્વારા યુવા એડિટર કરણભાઈ શાહને માહિતી આપતા જણાવ્યું છે શ્રી એન.પી.જાડેજા ફેમિલી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા એઈમ્સ રાજકોટ અને સિવિલ હોસ્પિટલના લાભાર્થે મહારક્તદાન કેમ્પનુ આયોજન કરાયું છે, જેમાં ૨૦૦૦ થી ૩૦૦૦ બોટલો એકત્રિત કરવાનું લક્ષ્યાંક છે. આ સાથે આગામી દિવસોમાં પણ તેમના પરિવારના આ ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રવૃતિઓ કરાતી રહેશે. મહારક્તદાન કેમ્પમાં એઈમ્સ અને સિવિલ હોસ્પિટલ ઉપરાંત ડો.જયેશ ડોબરિયા, ડો.પ્રફુલ કમાણી સહિતના ડોકટરની ટીમ પર ખડેપગે રહેશે. તમામ રક્તદાતાઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે અને ત્યારબાદ સ્વરૂચિ ભોજન પણ રહેશે. તમામ રક્તદાતાઓને ખાસ નિમંત્રણ પાઠવતા શ્રી પૃથ્વીસિંહ (ઘોઘુભા) જાડેજા - રાજકોટ તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા) ડેપ્યુટી મેયર અને શ્રી રવિરાજસિંહ પૃથ્વીસિંહ જાડેજા અને પરિવાર. મહારક્તદાન કેમ્પનું સ્થળ : શ્રી ઇશ્વરીયા મહાદેવ મંદિરની બાજુમાં, માધાપર ગામ, માધાપર રાજકોટ ખાતે ૨૫ મે ૨૦૨૫ રવિવારના રોજ સવારે ૭ થી સાંજે ૫ સુધીમાં યોજાશે.

# રાજકોટમાં બે હત્યા, લોઠડા અને જામગઢમાં ખૂની ખેલ ખેલાયો

## બાળકીના કાન વિંધતી વખતે કડી ખોવાતા ગોપાલ સોલંકીએ ચોરી કરી હોવાની શંકાએ ઢોર માર મરાયો, ૨૪ કલાક બાદ વીડીમાંથી મૃતદેહ મળ્યો, લોઠડાના પરબત અને તેના પુત્ર સહિતના સામે ગુનો દાખલ

## જામગઢમાં વાડીએ સુતેલા મુકેશ વાવડિયાની ધારદાર હથિયારોના ઘા ઝીંકી હત્યા, અજાણ્યા આરોપી સામે ગુનો દાખલ

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં બે હત્યાના બનાવ બન્યા છે. લોઠડા અને જામગઢમાં ખૂની ખેલ ખેલાયો હતો. બાળકીના કાન વિંધતી વખતે કળી ખોવાતા ગોપાલ સોલંકીએ ચોરી કરી હોવાની શંકાએ ઢોર માર મરાયો, ૨૪ કલાક બાદ વીડીમાંથી મૃતદેહ મળ્યો, લોઠડાના પરબત અને તેના પુત્ર સહિતના સામે આજીડેમ પોલીસે ગુનો દાખલ કર્યો છે. જામગઢમાં વાડીએ સુતેલા મુકેશ વાવડિયાની ધારદાર હથિયારોના ઘા ઝીંકી હત્યા કરાઈ. જેમાં અજાણ્યા આરોપી સામે કુવાડવા રોડ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

લોઠડાની હત્યામાં ફરિયાદી બચુભાઈ ભદુભાઈ સોલંકી (ઉ.વ.૩૬, રહે.લાપાસરી ગામની સીમ ધનાભાઈના ઈંટોના ભઠ્ઠામાં ગોરધન હોટલની સામે તા.જી રાજકોટ, મુળ ગામ કરીયાણા (કીડી) તા.બાબરા જી. અમરેલી)એ જણાવ્યું કે, હું ઈંટોના ભઠ્ઠામાં મજુરી કામ કરું છું. અમો ચાર ભાઇઓ છીએ. જેમા સૌથી મોટા સવાભાઈ તેમનાથી નાનો હું, અને મારાથી નાના ગોપાલભાઈ ભદુભાઈ સોલંકી (ઉં.વ.૩૨) હતા. જેઓ પોતાના પત્ની સોનલબેન તથા બાળકો જેમાં ચાર દીકરી તથા એક દીકરા સાથે અમારી સાથે જ રહેતા હતા. અને ગોપાલભાઈ કાન નાક વીંધવાનું અને કટલેરી વેચવાની ફેરી કરતો હતો. સૌથી નાના પોપટભાઈ છે. તેમ જ મારા માતા હીરાબેન તથા પિતાજી ભદુભાઈ ભાવનભાઈ કરીયાણા (કીડી) ગામે રહે છે. તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ સવાર ના સાડા આઠેક વાગ્યે મારો નાનો ભાઇ ગોપાલભાઈ પોતાનુ બાઈક લઇ કાન નાક વીંધવા તેમજ કટલેરી વેચવા માટે લોઠડા ગામ બાજુ જવાનુ કહી ને ઘરેથી નીકળેલ હતો. હું પણ મજુરી કામે ઇશ્વરીયા મહાદેવ મંદીર તરફ ગયેલ હતો. સાંજના છએક વાગ્યે મારા ઘરે આવેલ ત્યારે મારો ભાઇ ગોપાલ ઘરે આવેલ ન હોય જેથી તેના પત્ની સોનલબેનને પુછતા તેણે કામ ઉપરથી આવેલ નહી હોવાનુ જણાવેલ. ફોન કરતા તેમનો મોબાઇલ સ્વીચ ઓફ આવતો હતો. મોડી રાત થઈ ગયેલ હોય જેથી અમો ઘરે બધા સુઇ ગયેલા તા. ૧૮/૦૫/૨૦૨૫ ના રોજ સવારના હું તથા અમારી બાજુમા રહેતા મારા મામાના દીકરા બાબુ ભાઈ રૂપાભાઈ સોલંકી તથા તેમનો ભત્રીજો મુકેશભાઈ ભુપતભાઈ સોલંકી મારા ભાઈ ગોપાલની તપાસ કરવા માટે લોઠડા ગામે ગયેલ અને લોઠડા ગામે જઈ તપાસ કરતા અમને વાતો વાતથી જાણવા મળેલ કે, તા. ૧૭/૦૫/૨૦ ૨૫ ના રોજ સવારના સાડા દશ અગીયારેક વાગ્યે એક નાક કાન વીંધવા વાળા ભાઈ પોતાનુ મોટર સાયકલ લઇ ને આવેલ હતા.અને તેઓ લોઠડા ગામમા રહેતા પરબત ભીમાભાઈ



મૃતક મુકેશ વાવડીયા

કોળીના ઘરે ગયેલ ત્યારે કોઇ કારણસર ઝગડો થતા તેને ત્યાં પરબત અને તેના દીકરા તેમજ બીજા લોકોએ માર મારેલ અને ત્યાંથી ઇકો ગાડીમાં નાખી સાથે બે બાઇકમાં અમુક લોકો ગામની વીડીમાં લઇ ગયેલ. ત્યાં પણ મારા ભાઇને આ તમામ લોકોએ કોઈ હથીયારથી તેમજ ઢીકાપાટુનો આડેધડ માર મારી તેમને ત્યાં જ મુકી જતા રહેલ હોય અને બાદ મારા ભાઈ બેભાન હાલતમાં પડેલ હોય કોઈ એ ૧૦૮ એમ્બ્યુલન્સ ને ફોન કરતા ૧૦૮ આવી ગયેલ અને મારા ભાઈ ગોપાલભાઈને મરણ ગયેલ જાહેર કરેલ હતો. આજીડેમ પોલીસનો પોલીસ સ્ટાફ આવી ગયેલ અને મારા ભાઇની લાશને પી.એમ. કરવા માટે લઇ ગયેલ. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, બાળકીના કાન વિંધતી વખતે કળી ખોવાતા ગોપાલે ચોરી હોવાની શંકાએ માર મરાયો હતો. પોલીસે આરોપીઓને અટકાયતમાં લેવા તજવીજ કરી હતી.

બીજા બનાવમાં ફરિયાદી વિનુભાઇ ઉર્ફે વિનો વેલાભાઈ વાવડીયા જાતે કોળી ઉ.વ, ૪૦ ધંધો ખેતીકામ રહે. જામગઢ ગામ તા.જી.રાજકોટ)એ જણાવ્યું કે, અમો બે ભાઇઓ તથા ૨ બહેનો છીએ જેમા સૌથી મોટો હું, મારાથી નાના શોભનાબેન, જે જીવાપર ગામ તા.વાંકાનેર સાસરે છે. તેનાથી નાના ભાનુબેન જે બેટી ગામ ખાતે સાસરે છે. તેનાથી નાનો ભાઈ મુકેશભાઈ વેલાભાઇ વાવડીયા (ઉ.વ.૩૩)નો હતો. મારા પિતા વેલાભાઈ છે. નિવૃત જીવન ગાળે છે. મારી માતા બચુબેન છે. જે નિવૃત જીવન ગાળે છે. તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ મુકશ આઠેક વાગ્યે ઘરેથી જમીને બહાર ગયેલ. તે દરરોજ રાત્રીના જમીને અમારી વાડીએ સુવા માટે જતો. હું પણ જમીને ગામમાં ગયેલ.અમારા ગામમાં વનરાજભાઈની કેબીને બીડી લેવા ગયેલ. પછી ઘરે જઇ સુઇ ગયેલ. તા. ૧૮/૦૫/૨૦૨૫ ના રોજ સવારના આશરે ૬ વાગ્યે ઉઠીને ચા પાણી પી ગાયને દોહી હુ મારા ઘરેથી અમારી નકટી નામની વાડીએ ગયેલ હતો ત્યા અમારી વાડીમાં જોતા ત્યા ખાટલા ઉપર મારોભાઈ મુકેશ લોહી લુહાણ હાલતમાં પડેલ હતો. તેને મોઢાના ભાગે તથા આંખના ભાગે તથા કપાળનાભાગે કોઈ હથીયાર વડે ઇજા કરેલના નિશાન હતા. મારી પત્ની કોમલને કાકાના દિકરા ધનજીભાઈ સાથે વાત કરાવવા કહ્યું, ધનજીભાઈ વાડીએ આવ્યા. ૧૦૮માં ફોન કરતા ૧૦૮ આવી જતા મારાભાઈ મુકેશભાઇને જોઇ તપાસ મૃત જાહેર કરેલ. કુવાડવા રોડ પોલીસ સ્ટાફના માણસો આવતા મારાભાઈની લાશ ઉપર ઇન્કવેસ્ટ પંચનામુ કરી પી.એમ કરાવવાની કાર્યવાહી કરવામા આવેલ. પોલીસે આ મામલે અજાણ્યા શખશો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# થાન નજીક ગમખ્વાર અકસ્માતમાં રાજકોટના દંપતિનું મોત

### મૃતકના પુત્ર અને પૌત્રીને ઈજા, પરિવાર કોંઢ ગામે માતાજીના માંડવામાં જઈ રહ્યો હતો તે દરમિયાન કાર ટ્રેકટર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો







(ફારૂક ચૌહાણ - સુરેન્દ્રનગર)

રાજકોટ, તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે વધુ એક સુરેન્દ્રનગર જિલ્લામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રાજકોટના દંપતિનું મોત નિપજવા પામ્યું છે અને એક જ પરિવારના બે સભ્યોને ઈજાઓ પણ પહોંચી છે.ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ નજીક આ પ્રકારની ઘટના બની છે ત્યારે પ્રેમજીભાઈ ગોવિંદભાઇ ઘાટલીયા (પ્રજાપતિ) (ઉં.વ. ૬૫), પ્રેમજીભાઇના પત્ની લાભુબેન (ઉં.વ. ૬૦), પુત્ર મહેશભાઈ (ઉં.વ. ૪૦), પુત્રવધુ અસ્મિતાબેન મહેશભાઈ (ઉં.વ. ૩૫), પૌત્રી ખુશાલી મહેશભાઈ (ઉં.વ.૮), પૌત્ર કુલદીપ મહેશભાઈ (ઉં.વ. ૧) (બધા રહે. શિવાજીનગર, દૂધસાગર રોડ, ચુનારાવાડ, રાજકોટ) કારમાં જઈ રહ્યા હતા. ટ્રેકટર સાથે અકસ્માત થતા પ્રેમજીભાઈ અને તેમના પત્ની લાભુબેનનું મોત થયું હતું જ્યારે પુત્ર મહેશભાઈ અને પૌત્રી ખુશાલીને ઈજા થઈ હતી. પુત્રવધુ અસ્મિતાબેન અને પૌત્ર કુલદીપનો ચમત્કારીક બચાવ થયો હતો.

પ્રેમજીભાઈ અને તેમનો પરિવાર સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ તાલુકામાં મેલડી માતાજીનું મંદિર આવેલું છે ત્યાં માંડવામાં જઈ રહ્યા હતા પોતાની મારુતિ સુઝુકીની ઝેન કાર લઇ અને રાજકોટથી નીકળ્યા હતા તે દરમિયાન થાન નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે જેમાં દંપતિનું મોત નીપજવા પામ્યો છે પ્રેમજીભાઈ ખુદ કાર ચલાવતા હતા અને તેમના પત્ની બાજુમાં બેઠા હતા તેમના પત્ની લાભુબેનનું પણ સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યું છે કે ઘટનાને લઇ આજુબાજુના લોકો પણ એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ધોરણે તમામ ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

મળતી વિગતો અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાના સ્થાન નજીક આકસ્માત સર્જાયો છે પ્રેમજીભાઈ પોતે રાજકોટમાં કટલેરીની રેકડી ચાલવી ધંધો કરતા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ત્યારે પોતાની કાર લઇ અને મેલડી માતાજીના માંડવામાં જતા હતા તે દરમિયાન ટ્રેક્ટર આડુ ઉતરતા ગંભીર અકસ્માત સર્જાયો છે હાલના તબક્કામાં બંને મૃતદેહને કારમાંથી બહાર કાઢી અને તાત્કાલિક પીએમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે અને આ સંદર્ભે તપાસ કામગીરી પોલીસ વિભાગે પર હાથ ધરી છે.

અકસ્માતમાં ત્રણ લોકોને ગંભીર ઇજાઓ પહોંચી છે જેમાં અસ્મિતાબેન મહેશભાઈ ખુશાલી મહેશભાઈ કુલદીપ મહેશભાઈ ના તમામને સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે અને ત્યાં તેમની સારવાર

### ચુનારાવાડ ચોક શિવાજીનગરમાં રહેતા પ્રેમજીભાઈ અને તેમના પત્ની લાભુબેનનું મોત, પુત્ર મહેશભાઈ અને પૌત્રી ખુશાલીને ઈજા, પુત્રવધુ અસ્મિતાબેન અને પૌત્ર કુલદીપનો ચમત્કારીક બચાવ

શરૂ કરવામાં આવી છે જોકે મહેશભાઈને પણ આ ઘટનામાં સામાન્ય ઇજા પહોંચી છે અને ખુશાલી નામની જે બાળકી છે તેને ગંભીર ઇજા પહોંચી હોવાનું પણ હાલમાં સામે આવી રહ્યું છે હાલ તપાસ ચાલુ છે અને આ સંદર્ભે પોલીસ પણ કાર્યવાહી હાથ ધરી રહી છે.

### યુવતી ગત બપોરે પોતાના ઘરેથી નીકળી ગઈ હતી

# કોઠારીયાના ઈશ્વરપાર્કમાં રહેતી ૨૫ વર્ષીય પ્રગતિ વિકાણીનું રાજકમલ ફાટક પાસે ટ્રેનની ઠોકરે મોત

### અકસ્માત કે આપઘાત? મોતનું કારણ જાણવા માલવીયાનગર પોલીસની તપાસ

રાજકોટ, તા.૧૯

શહેરના કોઠારીયા વિસ્તારના ઈશ્વર પાર્કમાં રહેતી ૨૫ વર્ષીય પ્રગતિ અશોકભાઈ વિકાણીનું રાજકમલ ફાટક પાસે ટ્રેનની ઠોકરે મોત થયું હતું. બનાવ અકસ્માતનો છે? કે આપઘાતનો? તેનું કારણ જાણવા માલવીયાનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસના સૂત્રોએ જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં ખુલે છે કે, પ્રગતિ અશોકભાઈ વિકાણી ઉં.વ.૨૫, ઈશ્વર પાર્ક, કોઠારીયા) ગઈકાલે સાંજે ૪ વાગ્યે ગોંડલ રોડ ઉપર આવેલી રાજકમલ ફાટક પાસે

ગાંધીનગર-વેરાવળ રૂટની ટ્રેનની ઠોકરે આવી જતા ફાટલે ઉભેલા વાહન ચાલકોમાં અરેરાટી મચી ગઈ હતી. બનાવ અંગે જાણ થતા ૧૦૮નો સ્ટાફ દોડી ગયો હતો. સ્થળ પર પ્રગતિને મૃત ઘોષિત કરી હતી. માલવીયાનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ અરૂણભાઈ ચાવડા સહિતનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, પ્રગતિના પિતા અશોકભાઈ શાકભાજીનો ધંધો કરે છે. તેણી બપોરે ઘરેથી નીકળ્યા બાદ આ પગલું ભરી લીધું હતું. તેણે ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કરેલ છે. બે બહેન એક ભાઈમાં મોટી હતી. દીકરીના મોત અંગે માતાને જાણ થતા તેઓની તબિયત લથડી ગઈ હતી. પરિવારમાં શોક છવાઈ ગયો હતો છે.

# જસદણમાં એસિડ પી ૨૫ વર્ષીય સુરેશ માનપલિયાનો આપઘાત

રાજકોટ, તા.૧૯

જસદણના આદમજી રોડ ઉપર નદી કાંઠે રહેતા ૨૫ વર્ષીય સુરેશ વિભાભાઈ માનપલિયા એ ગઈકાલે સવારે ૯ વાગે પોતાના ઘરે એસિડ પી લીધું હતું.

તેમના ઘરે કોઈ હાજર નહોતું ત્યારે સુરેશે આ પગલું ભર્યું હતું. પાડોશીને જાણ થતા સુરેશને પ્રથમ જસદણ સરકારી હોસ્પિટલ બાદ પરિવારને જાણ થતા રાજકોટની ખાનગી મેડિકેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી તેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે સાંજે ૭:૧૫ વાગ્યા આસપાસ સુરેશનું મોત નીપજ્યું હતું. પરિવારજનોએ જણાવ્યું કે, સુરેશ ત્રણ ભાઈમાં નાનો હતો. અપરણિત હતો. તે મજૂરી અને ખેતી કામ કરતો હતો. તેને નશાની ટેવ હોય બીમાર રહેતો હતો. બે મહિનાથી તેની દવા ચાલુ હતી. બીમારીથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું અનુમાન છે. યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

# સુરતમાં સાધ્વીજી ભગવંત પૂ. શ્રી જિતધર્માશ્રીજી મ. કાળધર્મ પામ્યા



રાજકોટ, તા. ૧૯

સાગર સમુદાયના ખિવાંદી રત્ન પૂ. સાધ્વીજી ભગવંત શ્રી જિતધર્માશ્રીજી મ. સુરતમાં નવકાર મહામંત્રનું સ્મરણ કરતા કાળધર્મ પામ્યા છે. તેમની ઉંમર ૬૫ વર્ષની હતી તથા તેમનો સંયમ પર્યાય ૪૬ વર્ષનો હતો.

સાધ્વીજી ભગવંત શ્રી જિતધર્મશ્રીજી મ.ની પાલખીયાત્રા આજે સુરતમાં ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, ચંદ્રલોક એપાર્ટમેન્ટ ખાતેથી 'જય જય નંદા જય જય ભદ્રા'ના સૂરો સાથે નીકળી હતી. મુકિતધામ ખાતે અંતિમ વિધિ કરાઇ હતી.

## અવસાન નોંધ

**રાજકોટઃ** ગો.વા. સોની વસંતલાલ મોહનલાલ રાણપુરા (કરાંચી વાળા)ના ધર્મપત્ની જસવંતીબેન (ઉ.૮૧) તા.૧૬ના રોજ અવસાન થયેલ છે. તે ભરતભાઈ, દિપકભાઈ, મિલનભાઈ, શીલાબેન, કિરણબેનના માતુશ્રી, સ્નેહ, આર્ય, સ્વરાના દાદી, નાનાલાલ છગનલાલ પાટડીયા (ઢોલરાવાળા)ના દીકરી સ્વ. વિક્રમભાઈ, નલીનભાઈ, કુમારભાઈ, મુકેશભાઈના બેન થાય. બન્ને પક્ષનું બેસણું તા.૧૯ સોમવારના કેશરીયાવાડી, કરણપરા પાસે ૪થી ૬ રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગોંડલઃ** ગં.સ્વ. સુશીલાબેન હીરજીભાઈ તલાવિયા (ઉ.વ.૯૫) તે અનીલભાઈ, વિજયભાઈના માતુશ્રી, ડો.પરાગ તથા વિશાલના દાદીમાં, રમેશભાઈ, ધીરૂભાઈ, અશોકભાઈના ભાભુનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** રણછોડભાઈ ગાંડુભાઈ કાકડીયા (ઉ.૬૪) તે સ્વ. ગાંડુભાઈ કાકડીયા તથા રંભાબેનના પુત્ર (મુળ ડાંગરવાડા) હાલ રાજકોટ તેમજ કાંતાબેનના પતિ, પરાગ, વિપુલના પિતાશ્રી મનીષાબેનના સસરા તથા યુગના દાદાનું તા.૧૮ને રવિવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૧૯ને સોમવારે સાંજે ૪થી ૬ કલાકે ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર જનકપુરી સોસાયટી, ગંગોત્રી ડેરીવાળી શેરી, સાધુ વાસવાણી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**કોડીનારઃ** છારીયા ઉનેવાળ બ્રાહ્મણ નરેશભાઈ હરિપ્રસાદ જોશી (પરિશ્રમ બેટરી વાળા) (ઉ.૫૫) તે જીતેન્દ્રકુમાર હરિપ્રસાદ જોશીના નાના ભાઈ તથા સુજાનભાઈના પિતાશ્રીનું તા.૧૮ના રોજ અવસાન થયું છે. બેસણું સાંજના ચારથી છ બ્રહ્મપુરી કોડીનાર ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** જયશ્રીબેન પ્રભુદાસભાઈ પરમાર (ઉ.વ.૭૫) તે પ્રભુદાસભાઈ કલ્યાણભાઈ પરમારના પત્નીનું તા.૧૭ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૧૯ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ''શિવમ'' દરબાર ગઢ શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** રાજાભાઈ (પીઓપી વાળા)ના દિકરા મર્હુમ શાહ મોહંમદ ઈસ્માઈલભાઈનું તા.૧૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. હિન્દુ બેસણું તા.૧૯ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે તેમના નિવાસસ્થાને કાપડીયા સોસાયટી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** રામજીભાઈ મોહનભાઈ પાથર (ઉ.વ.૬૫)નું તા.૧૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૯ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાર્ક ગુર્જર સગર જ્ઞાતી વાડી સાવરકુંડલા


ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



ગૌ.વા. ચનાભાઈ જેરામભાઈ સાવલીયા

ગો.વા. તા.૧૯-૦૫-૨૦૨૧, બુધવાર – ઉ.વ. ૮૩, ધોરાજી

તમારૂ જીવન અમારી પ્રેરણા, તમારા કાર્યો અમારું ભવિષ્ય તથા તમારી શકિત અમારૂં જીવન બની જશે. અમારા અશ્રુની ધારા તમારા ચરણે અર્પણ કરીએ છીએ. ભુલાઈ જશે બધુ પણ તમો કદી ભુલાશો નહીં આપની પ્રેરણાના ફુલો કદી કરમાશે નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

onix RENEWABLE LIMITED

સાગર સોલંકી – ૯૦૩૩૪ ૫૩૩૦૪



૧૨મી વાર્ષિક પુણ્યતિથી



સ્વ. પ્રવિણચંદ્ર એમ. દોશી

(એડવોકેટ) - મેનેજીંગ ટ્રસ્ટી / સ્વ. તા. ૧૯-૫-૨૦૧૩ રવિવાર


આપે આપના જીવન દરમ્યાન કરેલ સેવાના તથા પરોપકારના કાર્યો તેમજ આપનો ઉદાર, દયાળુ અને પ્રેમાળ સ્વભાવ હર-હંમેશા અમો બધાને યાદ રહેશે. ઈશ્વર આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

રાજકોટ દશાશ્રીમાળી વણિક મહાજન ટ્રસ્ટ જનરલ હોસ્પીટલ



૪૪મી પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. સુશિલાબેન કિશનચંદ જશવાણી

તા. ૧૯/૫/૧૯૮૧

વ્હાલના વડલા જેવું આપનું જીવન અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી પણ વાદળની શિતળ છાયા સમા સંસ્કારો, સ્નેહ, સમર્પણ, સંઘર્ષ અને સકારાત્મક જીવનશૈલી અમારા માટે આશિર્વાદરૂપ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ

જયપ્રકાશ જશવાણી તથા સમગ્ર જશવાણી પરિવાર


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## સિવીલ કોર્ટ નોટીસ

**રાજકોટના મહે. ૨જા એડીશનલ સીનીયર સીવીલ જજ શ્રી એમ.જી.શાહ સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ દિવાની પરચુરણ અરજી નં. ૧૧૪૮/૨૦૨૫**

**(૧) હાર્દિક વ્રજલાલ દામાણી**
**(૨) જતિન વ્રજલાલ દામાણી**
**(૩) વિભૂતિ કલ્પેશ શાહ**
**તે વ્રજલાલ દામાણીની પુત્રી**

....અરજદારો

આ કામના અરજદારોએ ગુજ. રંજનબેન વ્રજલાલ દામાણીની સ્થાવર મિલ્કતો (૧) રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૩૨-૪૩૩-૪૩૪-૪૪૫ અને ૬૫૪ પૈકીના ટી.પી. સ્કીમ નં.૨ના ફાઇનલ પ્લોટ નં. ૧૨૧ અને મુળ પ્લોટ નં. ૨૧/એની જમીન ચો.મી.આ. ૨૫૨-૯૦૮ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૭૦૧૪, તા. ૦૭/૦૫/૧૯૯૦ના રોજથી ખરીદ કેરલ. ત્યારબાદ ગોપાલભાઇ રસીકભાઇ વોરાએ રાજકોટના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં દિવાની કેસ નં. ૨૨૪/૨૦૦૮થી રંજનબેન વ્રજલાલ દામાણી સામે દાવો કરેલ અને તે દાવામાં થયેલ હુકમ મુજબ રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૩૨-૪૩૩-૪૩૪-૪૪૫ અને ૬૫૪ પૈકીની ટી.પી. સ્કીમ નં. ૨ના ફાઇનલ પ્લોટ નં. ૧૨૧ અને મુળ પ્લોટ નં. ૨૧/એની જમીન ચો.મી.આ. ૨૫૨-૯૦૮ વાળી મિલ્કત અંગે દાવો કરેલ અને તે દાવામાં પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ અને સમાધાન મુજબ ગુજરનાર રંજનબેન વ્રજલાલ દામાણીને ''એ' ભાગની જમીન ચો.મી.આ. ૧૨૬-૪૫૪ (સીટી સર્વે મુજબ જમીન ચો.મી.આ. ૧૨૬-૩૭) ની મિલ્કત પ્રાપ્ત થયેલ' તે મિલ્કત (૨) રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ વડોદરા, સબ-ડિસ્ટ્રીકટ વડોદરાના જેતલપુર મુકામે રેવન્યુ સર્વે નં. ૧૨૯ પૈકી ૧૩૦, ૧૩૩ના પ્લોટ નં. ૧૮ તથા ૧૯માં બાંધવામાં આવેલ ફલેટો પૈકી **'નિલકંઠ એપાર્ટમેન્ટ'**માં આવેલ ફલેટો પૈકી ફલેટ નં. એફ/૪, પોતાના જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૭૧૩૧, તા. ૨૭/૦૮/૨૦૦૪ના રોજથી ખરીદ કરેલ જેના નવા નં. ૯૨૮૯, તા. ૧૭/૧૦/૨૦૦૭ છે તેનું વીલની રૂએ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી કોપી ઓફ ધી વીલ મેળવવા માટે તેમના **વકીલ શ્રી કમલેશ એન. શાહ, સુરેશ સી. દોશી તથા જીજ્ઞેશ એન. શાહ** મારફત અરજી કરેલ છે તો જો કોઇને કોઇપણ જાતના વાંધા-જવાબ રજુ કરવા ઇચ્છતા હોય તો તા. ૧૯/૬/૨૫ના રોજ જાતે અથવા વકીલ મારફત હાજર રહેવું અન્યથા યોગ્ય આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ તા. ૧૭/૦૫/૨૦૨૫

તૈયાર કરનાર (એન.એચ.પંડયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. સાતમાં અધિક સીવીલ જજ શ્રી એન.ડી. જોશીપુરા સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ. દિ.પ.અ.નં. ૧૨૦૬/૨૦૨૫ના અરજદાર લીના આલ્બુકુએરકુએ (LEENA ALBUQUERQUE) ઠે. B-2103, LAKE PRIMROSE, ADISHANKARA CHARYA MARG, POWAI, MUMBAI-POWAI IIT.MAHARASHTRA-4000766. જેઓએ રાજકોટના રેવન્યુ સર્વે નં.૪૭૭/૨ (૪૬૯ પૈકી) ટી.પી. સ્કીમ નં.૧, એફ.પી. નં.૯૭૭ પૈકી (અર્બન લેન્ડ સીલીંગ લીમીટ એન્ડ રેગ્યુલેશન એકટ-૧૯૭૬ યુ.એલ.સી. યોજના નં.૬૯૯)ના આર.કે. પાર્ક તરીકે ઓળખાતા ટેનામેન્ટ નં.૧૪ની જમીન ચો.મી.આ. ૮૯.૧૦૦ (બિલ્ટ અપ એરીયા ચો.મી.આ. ૭૪.૦૦) વાળી મિલ્કત આલ્બર્ટ રોજારીયો મીરંડા (ALBERT ROSERIO MIRANDA)ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકી હકકનું આવેલ છે. તથા રાજકોટ મ્યુ. કોર્પો.ની હદમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧૮, રેવન્યુ સર્વે નં.૫૯૦ પૈકી, ટી.પી. સ્કીમ નં.૧૯, એફ.પી. નં.૧૬/૮ તથા ૧૬/૯ તથા ૧૬/૧૦ની રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ જમીન ઉપર 'દ્વારકેશ'ના નામે ઓળખાતા રહેણાંક સંકુલ પૈકી પ્લોટ નં.૧૬ની જમીન ચો.મી.આ. ૭૬.૫૮ ઉપર આવેલ બ્લોક નં.૧૦૬ ગુજરનાર લેનસી આલ્બર્ટ મીરંડા (MR. LANCY ALBERT MIRANDA)ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકી હકકનું આવેલ છે. આ સ્થાવર મિલકતો અંગે હેરશીપ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ વી.પી. પટેલ** મારફતે ઉપરોકત અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ હોય, આ અરજી સબંધે જેને વાંધો તકરાર હોય તો તેમણે લેખીત વાંધાઓ તથા જવાબો રજુ કરવા ઈચ્છતા હોય તો સદરહુ વાંધા-જવાબ સાથે મુદત તારીખ ૨૫-૬-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવુ. ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૭-૫-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એન.ડી. મારૂ) (સીની.કલાર્ક) — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર. વ્યાસ) રજીસ્ટ્રાર

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ નાનામવાના સર્વે **નં. ૮૮** પૈકીના પ્લોટ **નં. ૨૧ થી ૩૫** તથા **૩૯ થી ૪૬** જે ટી.પી. સ્કીમ નં. ૨ લાગુ પડતા તેના આખરી ખંડ નં. ૬૫૫ થી ૬૫૮ તથા ૬૬૧ તથા ૬૬૩ થી ૬૮૦ આપવામાં આવેલ છે તે અનુસાર જમીન ચો.મી.આ. ૧૦૮૨૩-૦૦ થાય છે. તે ઉપર શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૭૬ની કલમ ૨૧(૨) અનુસાર આવાસો બાંધવામાં આવેલ છે. જે **''શ્રી ચિત્રકુટ ધામ''** ના નામથી ઓળખાય છે તે માંહેથી **'એ'** ટાઇપના બાંધકામ વાળો **બ્લોક નં. ૫૩**, જેની જમીન ચો.મી.આ. ૧૬૨-૦૩ આવેલ છે જેમાં ચો.મી.આ. **૩૯.૯૮** વાળો બ્લોક **શાંતાબેન નરસીભાઇ ચાંગેલા**ના નામે વેચાણ દસ્તાવેજ અનુક્રમ **નં. ૧૩૯૯૨, તા.૨૪-૦૯-૧૯૯૭**થી નોંધાયેલ છે જે મિલ્કત તેઓએ **ગુણવંતરાય કરમશી શાહના** કુલમુખત્યાર શ્રી **ભરતકુમાર છગનલાલ વસાણી** પાસેથી ખરીદ કરેલ હતી અને ત્યારબાદ તેઓનુ અવસાન થતાં તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો કાંતીલાલ નરશીભાઇ ચાંગેલા, હરસુખભાઇ નરશીભાઇ ચાંગેલા તથા રસીકલાલ નરશીભાઇ ચાંગેલાએ રાજકોટના મહે. ૯મા એડી. સીનીયર જજ પાસે સીએમએ નં. ૩૮૧/૨૫ દાખલ કરી હેરશીપ સર્ટીફીકેટ, તો૧૫-૦૪-૨૦૨૫ના રોજ મેળવેલ છે અને તે રીતે સદરહું મિલ્કતનો કબ્જો, ભોગવટો તથા માલિકી-હકક ઉપરોકત કાંતીલાલ નરશીભાઇ ચાંગેલા વિગેરેનો આવેલ છે. તેઓ પાસેથી સદરહું મિલ્કત મારા અસીલ ખરીદ કરવા ઇચ્છે છે.

સબબ, આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, સદરહું મિલ્કત ઉપર કોઇનું કોઇપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, ગીરો કે કોઇપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો સમાયેલ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં હકક, હીત અંગેના લેખીત પુરાવા સાથે નીચેના સરનામે રૂબરૂ હાજર થઈ જાણ કરવી તેમ કરવામાં કસુર થયે આ મિલ્કત ઉપર કોઇનો હકક, હીત, ચાર્જ, લીયન વિગેરે નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેવા અંગેની કાર્યવાહી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી તેની આ જાહેર નોટીસથી નોંધ લેવી.

**રાજકોટ, તા. ૨૩-૦૪-૨૦૨૫**
**મયંકકુમાર આર. પંડયા,**
**અનિતાબેન વાઘેલા, કિશોર એમ. પટેલ,**
**કલ્પેશભાઇ બી. સગપરીયા-એડવોકેટસ**

**મયંકકુમાર આર. પંડયા**
**તે ખરીદનારના એડવોકેટ**
૧૧૧-ઉમેશ કોમ્પ્લેકસ, બીજો માળ,
ચૌધરી હાઇસ્કુલ પાસે, રાજકોટ.
ફોન.૨૪૭૬૪૪૪, મો.૯૪૨૬૪ ૬૦૬૦૪

## અસલ દસ્તાવેજ ગુમ થયા અંગે જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુ.કોર્પોરેશનની હદમાં સોની બજાર તરીકે ઓળખાતા વિસ્તારમાં સવજીભાઈની શેરીમાં સીટી સર્વે વોર્ડ નં.૩, સીટી સર્વે નં.૧૦૮૨ની જમીન ઉપર બાંધવામાં આવેલ ''રઘુવીર કોમ્પલેક્ષ''ના નામથી ઓળખાતા બીલ્ડીંગ માહેથી ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાન નં.-૧૩ (૧૨૦) જેના કારપેટ એરીયા ચો.મી.આ. ૧૦-૦૪ (બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૨-૦૫) વાળી દુકાન શ્રી રશ્મીનભાઈ પ્રભુદાસભાઈ જોશીની માલીકી, હકક, કબ્જા, ભોગવટા તથા સુખાધીકારની આવેલ છે. અને તેઓની ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ ચકાસતા નીચે મુજબના દસ્તાવેજ ખોવાઈ ગયાનું માલુમ પડેલ છે. જે ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતો નથી. જેની વિગત નીચે મુજબ છે.

::૧:: શ્રી કરશનદાસ નરભેરામ સાંગાણી જોગ શ્રી રઘુવીર બિલ્ડર્સના વહીવટકર્તા શ્રી મહેશકુમાર બાબુલાલ પટેલ એ રાજકોટના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીના અનુક્રમ નં.૧૩૮૨, તા.૦૭/૦૨/૧૯૯૪થી કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અસલ તથા રજી.ની પહોંચ

સબબ આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ)માં સદરહુ મિલ્કત ઉપર કોઈ વ્યકિત, પેઢી, કંપની કે રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી બેંક કે સહકારી બેંક કે ફાઈનાન્સ કરતી કોઈપણ પેઢી કે સંસ્થાનું કાંઈ લેણુ, બોજો, ગીરો, જામીનગીરી, કરાર કે તેવા કોઈપણ પ્રકારનું લખાણ હોય કે કોઈને સદરહુ મિલ્કતના માલીકી, હકક, કબ્જા, ભોગવટા કે વેચાણ પ્રત્યે કંઈ વાંધો તકરાર હોય તો તે અંગેના લેખીત દસ્તાવેજી આધાર પુરાવા સહીત અમોને જાણ કરશો. તેમ કરવામાં કસુર થયે આ મિલ્કતના વેચાણ પરત્વે કોઈ વ્યકિત, પેઢી, કંપની કે રાષ્ટ્રીયકૃપ બેંક, ખાનગી બેંક કે સહકારી બેંક કે ફાઈનાન્સ કરતી કોઈપણ પેઢી કે સંસ્થાને કાંઈ વાંધો તકરાર નથી અને હોય તો તે જતો Waive કરેલ છે તેમ માની ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો માલીકી, હકક કે અધિકાર કે કોઈપણ પ્રકારનું લેણું અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેવી.

**વિરેન્દ્ર વિ. રાણીંગા (એડવોકેટ)**
ઓફીસ- સેન્ટ્રલ બેંકની સામે ૧/૭ જયરાજ પ્લોટ કોર્નર
રાજકોટ તા.૧૮/૦૫/૨૦૨૫ મો- ૯૮૨૪૮ ૫૫૯૫૬

---

નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.એસ.બી.ડી.-૦૨, સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના તથા કોન્ટ્રાકટરોની ઇ-૨ અને ઉપરની યાદીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી નીચેના કામ માટે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટ થી સીલબંધ ટેન્ડરો નીચેની વિગતે ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | (૧) અંદાજીત રકમ (૨) ટેન્ડર ફી (૩) ઈ.એમ.ડી રૂ. |
|---|---|---|
| ૧ | પ્રોવાઈડીંગ મેન પાવર સર્વિસીસ ફોર ઓપરેશન ઓફ ફલડ સેલ એટ સબુરી ઈરીગેશન સ્કિમ ફોર ધ યર ૨૦૨૫ | (૧)૪,૯૮,૮૩૧=૪૮ (૨) ૬૦૦=૦૦ (૩) ૫,૦૦૦=૦૦ |
| ૨ | પ્રોવાઈડીંગ મેન પાવર સર્વિસીસ ફોર ઓપરેશન ઓફ ફલડ સેલ એટ મોરસલ ઈરીગેશન સ્કિમ ફોર ધ યર ૨૦૨૫ | (૧)૪,૯૮,૮૩૧=૪૮ (૨) ૬૦૦=૦૦ (૩) ૫,૦૦૦=૦૦ |
| ૩ | પ્રોવાઈડીંગ મેન પાવર સર્વિસીસ ફોર ઓપરેશન ઓફ ફલડ સેલ એટ ધારી ઈરીગેશન સ્કિમ ફોર ધ યર ૨૦૨૫ | (૧)૪,૯૮,૮૩૧=૪૮ (૨) ૬૦૦=૦૦ (૩) ૫,૦૦૦=૦૦ |

કોરા ટેન્ડર ઇસ્યુ કરવાની છેલ્લી તા.૩૧/૦૫/૨૦૨૫. (૧૮ કલાક સુધી)
ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા.૧૦/૦૬/૨૦૨૫ (૧૬ કલાક સુધી)
પરત મળેલ ટેન્ડર ખોલવાની તા.૧૦/૦૬/૨૦૨૫ (૧૭ કલાકે)
વધુ માહિતી અત્રેની કચેરીનો રજાના દિવસો સિવાય સંપર્ક કરવો.
કચેરીનું સરનામું:- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, સિંચાઇ પેટા વિભાગ, ચોટીલા, રેફરલ હોસ્પીટલ પાછળ,ચોટીલા-૩૬૩૫૨૦, ફોન નં.૦૨૭૫૧-૨૯૯૧૬૦

માહિતી/સુરેન્દ્રનગર/૮૩/૨૫-૨૬

# તમાકુ અને વાસણોના ૬૭ વેપારીઓને ત્યાં સ્ટેટ જીએસટીની તપાસઃ રૂા.૯.૨૮ કરોડની કરચોરી ઝડપાઈ

## તપાસમાં બિલ વિના માલની ખરીદી અને વેચાણ થકી કરચોરીની મોડસ ઓપરેન્ડી સામે આવેલ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા કરચોરી અટકાવવા માટે સતત લેવાતા પગલાના ભાગરૂપે ચોક્કસ બાતમીને આધારે સચોટ આયોજન સાથે તમાકુ તથા વાસણોના ૬૭ વેપારીઓના ૮૪ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

ગત તા.૧૪ ના રોજ અમદાવાદ ખાતે વાસણોના ૧૨ વેપારીઓના ૧૩ ધંધાના સ્થળોએ હાથ ધરવામાં આવેલી તપાસમાં બિલ વિના માલની ખરીદી અને વેચાણ થકી કરચોરીની મોડસ ઓપરેન્ડી શોધી કાઢવામાં આવેલ હતી, તેમજ તપાસ દરમિયાન બિન-હિસાબી સ્ટોક તેમજ કાચુ હિસાબી સાહિત્ય મળી આવેલ હતું. તદુપરાંત ગત તા.૧૫ ના રોજ વિજાપુર, ઉંઝા તથા ઉનાવા ખાતે આવેલા તમાકુના ૫૫ વેપારીઓના ૭૧ ધંધાના સ્થળોએ તપાસની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. પ્રાથમિક તપાસ દરમિયાન કુલ ૬૭ વેપારીઓના ૮૪ સ્થળોએ રૂ. ૯.૨૮ કરોડની કરચોરી શોધી કાઢવામાં આવેલ છે. મહત્તમ વેપારીઓએ કરચોરી સ્વીકારી લીધેલ છે, અને ભરપાઇ કરવા સંમત થયેલ છે. ઉપલબ્ધ દસ્તાવેજોના સંશોધનના અંતે વધુ કરચોરી મળી આવવાની સંભાવના છે.

રાજ્ય GST વિભાગ સરકારની આવકને સુરક્ષિત કરવા, પ્રામાણિક કરદાતાઓના હિતોનું રક્ષણ કરવા તેમજ GST કાયદાના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. તપાસની કાર્યવાહીનું ઉચ્ચ કક્ષાએથી ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## -:સિવીલ કોર્ટ નોટીસ:-

**રાજકોટના મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ શ્રી સી.વી.રાણા સાહેબની કોર્ટમાં, મું.રાજકોટ દિવાની પરચુરણ અરજી નં.૧૧૬૯/૨૦૨૫**

અરજદાર

**અમલાબેન કિશોરભાઈ ઉદ્દેશી**

આ કામના અરજદારે ગુજ.સુર્યકાંત ગોરધનદાસ ઉદ્દેશી તથા અન્યોની સ્થાવર મિલ્કત કે જે એ પોતાના જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૪૦૩૮, તા.૦૯/૧૦/૧૯૯૦ના રોજથી રાજકોટના સીટી સર્વે વોર્ડ નં.૧૪, શીટ નં.૧૩૯, કકડા નં.૧૬૧૧ થી ૧૬૧૪ વાળો ફલેટ કે જે **''સ્વાગત એપાર્ટમેન્ટ''**ના નામથી ઓળખાય છે તેના ત્રીજા માળે આવેલ એપાર્ટમેન્ટ નં.એ-૫, ચો.ફુ.આ.૭૭૫-૦૦ બાંધકામવાળો ખરીદ કરેલ છે તેનું ૧/૩ હિસ્સાનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલશ્રી કમલેશ એન.શાહ, સુરેશ સી.દોશી તથા જીજ્ઞેશ એન.શાહ** મારફત અરજી કરેલ છે તો જો કોઈને કોઈપણ જાતના વાંધા-જવાબ રજુ કરવા ઈચ્છતા હોય તો તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ જાતે અથવા વકીલ મારફત હાજર રહેવું અન્યથા યોગ્ય આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ તા.૧૭/૦૫/૨૦૨૫

તૈયાર કરનાર જી.બી.લકુમ — કોર્ટનો સીકકો — એન.આર.વ્યાસ રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૪થા એડી. સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી જે.વી.પરમાર સાહેબની કોર્ટમાં **દિ.પ.અ.નં. ૧૧૯૦/૨૦૨૫**ના કામમાં અરજદાર શ્રી જતીન હર્ષદભાઇ પરમાર, રહે. બ્લોક નં.૬, ફલેટ નં. એલ-૭૨, લક્ષ્મીવાડી, લક્ષ્મી પાર્ક, કુવાવાળી ખોડીયાર ટેમ્પલ સામે, રાજકોટનાએ અવસાન પામનાર સ્વ. હર્ષદભાઇ ઓધવજીભાઇ પરમારની નીચે મુજબની સ્થાવર મિલકત આવેલ છે તેનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે.

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબડીસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા-૧૪૪ લક્ષ્મીપાર્ક રાજકોટ સ્કીમ હેઠળ બનાવવામાં આવેલ જેના સીટી સર્વે વોર્ડ નં.૯, સીટી સર્વે નં. ૮૦૬ ફલેટસ પૈકી બ્લોક નં. ૬ પૈકીના સેકન્ડ ફલોરમાં આવેલ ફલેટ નં. **એલ-૭૨**, ચો.મી.આ. ૩૯.૪૮વાળો ફલેટ જેમાં સગવડતામાં એક લીવીંગ રૂમ, કીચન, લેટ્રીન આવેલ છે જે લાઇટ પાણીની સગવડતાવાળો ફલેટ કે જે ફલેટ નં. એલ-૭૨ની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉત્તરે : ફલેટ નં. એલ-૭૧ આવેલ છે.
દક્ષિણે :- ખુલ્લી જગ્યા તથા રસ્તો આવેલ છે.
પૂર્વે :- સીડી, કોમન પેસેજ તથા ફલેટ નં. એલ-૬૯ આવેલ છે.
પશ્ચિમે :- ખુલ્લી જગ્યા આવેલ છે.

ઉપરોકત ફલેટ અવસાન પામનાર સ્વ. હર્ષદભાઇ ઓધવજીભાઇ પરમારનાએ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૨૦૫, તા. ૩૦-૧૧-૨૦૦૭થી શ્રી અતુલકુમાર નલીનકાન્ત દોશી પાસેથી ખરીદ કરેલ છે.

ઉપરોકત સ્થાવર મિલ્કત અન્વયેનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ શ્રી દિપકભાઇ બી. ભોજાણી તથા બ્રિજેશ ડી. ભોજાણી** મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે જે સંબંધે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તો તેમને મુદત તા. ૨૫/૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. વાંધા રજુ કરવા, ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૫/૨૫ના રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યું.

**તૈયાર કરનાર (શ્રીમતી એન.વી.લાલ) સીની. કલાર્ક** — કોર્ટનો સીકકો — **હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર**

---

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નોટીસ એસ.બી.ડી.-૦૨ સને ૨૦૨૫-૨૬

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, મચ્છુ-૨ સિંચાઇ પેટા વિભાગ, સ્વામિનારાયન મંદેર સામે, સનાળા રોડ, મોરબી (ફોન નં.૦૨૮૨૨-૨૨૨૭૪૩) દ્વારા ગુજરાત રાજ્યનાં નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ રસ્તા અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નીચેનાં કામો માટે ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. કોઇપણ એક ટેન્ડર અથવા તો બધા જ ટેન્ડરો અમાન્ય કરવાના હક્ક આ ખાતાને અબાધિત રહેશે. શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા ઉપર જોઇ શકાશે.

| અ. નં. | કામનું નામ | અન્ય વિગત: ૧) કામની અંદાજીત રકમ ૨) બાનાની રકમ ૩) ટેન્ડર ફી ૪) રજીસ્ટ્રેશનનો વર્ગ ૫) કામ પુર્ણ કરવાની સમય મર્યાદા |
|---|---|---|
| ૧. | પિરિયોડિક મેન્ટેનન્સ કમ સર્વિસીંગ ઓફ ડીઝલ એન્જિન્સ ઓફ મચ્છુ-૨ ઇરીગેશન સ્કીમ એન્ડ સપ્લાઇંગ ઓફ સિમેન્ટ ઇમ્પટી બેગ્સ ફોર મોન્સુન - ૨૦૨૫ એટ & મચ્છુ-૨ ઇરીગેશન સ્કીમ | ૧) રૂ. ૨,૧૦,૬૭૨=૦૦/- ૨) રૂ. ૩૦૦૦=૦૦ ૩) રૂ. ૬૦૦=૦૦ ૪) ઇ-૨ અને ઉપર ૫) ૦૧ (એક) માસ |
| ૨. | પ્રોવાઇડીંગ સર્વિસિસ ઓફ મેન પાવર ફોર ઓપરેશન ઓફ ફલડ & વેરીયસ એક્ટિવિટીસ ડ્યુરીંગ મોન્સૂન-૨૦૨૫ ફોર મચ્છુ-૨ ઇરીગેસન સ્કીમ. | ૧) રૂ. ૩,૫૩,૧૧૧=૦૦/- ૨) રૂ. ૪૦૦૦=૦૦ ૩) રૂ. ૬૦૦=૦૦ ૪) ઇ-૨ અને ઉપર ૫) ૦૫ (પાંચ) માસ |

(૧) કોરાં ટેન્ડર આપવાની તા.૧૭/૦૫/૨૦૨૫ થ્રુ ૩૧/૦૫/૨૦૨૫ (૧૨.૦૦ કલાક સુધી)
(૨) ભરેલ ટેન્ડર રજિસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વિકારવાની છેલ્લી તારીખ ૩૧/૦૫/૨૦૨૫ (૧૮.૦૦ કલાક સુધી)
(૩) ટેન્ડર ખોલવાની તારીખ: ૦૨-૦૬-૨૦૨૫. (શક્ય હશે તો)
(૪) ટેન્ડર રૂબરૂ / સાદી ટપાલ કે કુરીયર થી સ્વિકારવામાં આવશે નહીં.
કચેરીનુ નામ :- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, મચ્છુ-૨ સિંચાઇ પેટા વિભાગ, મોરબી. સ્વામિનારાયન મંદિર સામે,સનાળા રોડ,મોરબી ફોન નં.૦૨૮૨૨-૨૨૨૭૪૩

માહિતી/રાજ/૨૭૧-૨૫-૨૬

## અમરેલી નગરપાલિકા – અમરેલી જીલ્લો : અમરેલી

## ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ સુધારો નોટીસ

આથી અમરેલી નગરપાલિકા, અમરેલી, જીલ્લો : અમરેલી તરફથી જા.નં. બાંધ/૧૨૯/૨૦૨૫-૨૬ અને તા. ૧૨/૦૫/૨૦૨૫થી જાહેર નિવિદા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રી દ્વારા મંજુર થયેલ કામનું નામ સને ૨૦૨૧-૨૨ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના સને ૨૦૨૪-૨૫ વર્ષની વ્યવસાય વેરા(૫૦%) ગ્રાન્ટ, સને ૨૦૨૨-૨૩ વર્ષની સાંસદ સભ્યશ્રી (રાજયસભા) ગ્રાન્ટ હેઠળ અને સને ૨૦૨૩-૨૪ વર્ષની શિક્ષણ ઉપકર ગ્રાન્ટ હેઠળ જુદા-જુદા વિસ્તારમાં પેવિંગ બ્લોક રોડ, ઓપન શેડ, પ્રોટેકશન બોકસ સાથે સ્ટેચ્યુ, આર.સી.સી. ઇ.એસ.આર., સર્કલ, બોર સાથે સબમર્શીબલ પમ્પ, ગોડાઉન અને તાલુકા સ્કુલ ફર્સ્ટ ફલોર રીનોવેશનની કામગીરી ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવેલ છે તેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**કામનું નામ :** સને ૨૦૨૧-૨૨ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના, સને ૨૦૨૪-૨૫ વર્ષની વ્યવસાય વેરા (૫૦%) ગ્રાન્ટ સને ૨૦૨૨-૨૩ વર્ષની સાંસદ સભ્યશ્રી (રાજયસભા) ગ્રાન્ટ હેઠળ, સને ૨૦૨૪-૨૫ વર્ષની ૧૫% વિવેકાધીન યોજના અને સને ૨૦૨૩-૨૪ વર્ષની શિક્ષણ ઉપકર ગ્રાન્ટ હેઠળ જુદા-જુદા વિસ્તારમાં ટ્રી-મીકસ સાથે સી.સી. રોડ, પેવિંગ બ્લોક રોડ, ઓપન શેડ, પ્રોટેકશન બોકસ સાથે સ્ટેચ્યુ, આર.સી.સી. ઇ.એસ.આર., સર્કલ, બોર સાથે સબમર્શીબલ પમ્પ, ગોડાઉન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ અને તાલુકા સ્કુલ ફર્સ્ટ ફલોર રીનોવેશનની કામગીરી.

ઉપર સુધારા મુજબની વિગતની કામગીરી કરાવવા માટે તા: ૨૬/૦૫/૨૦૨૫થી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઇસ બીડ વગેરે વેબસાઇટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. અમરેલી નગરપાલિકા કોઇપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઇપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**ચીફ ઓફીસર અમરેલી નગરપાલિકા** — **પ્રમુખ અમરેલી નગરપાલિકા**

જિમાક/અમર/૯૧/૨૫

---

**જાહેર નિવિદા નં.૧(પ્રથમ પ્રયત્ન) સને ૨૦૨૫-૨૦૨૬**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી અધિનિયમ - ૨૦૦૫ હેઠળ અમરેલી જિલ્લાના ધારી તાલુકા ના તમામ ગ્રામ પંચાયતોમાં મનરેગા યોજનાં હેઠળ ચાલતા કામોમાં માલ-સામાનની શરતો મુજબ માલ-સામાન સપ્લાયની કામગીરી કરતા ઇજારદારો માટે ઇ-ટેન્ડર દ્વારા ટેન્ડર ડોકયુમેન્ટની શરતોએ ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ફી તથા બાનાની રકમ ના ડી.ડી વગેરે સપોર્ટીંગ ડોકયુમેન્ટસ બીડ સબમીશન સાથે ઓનલાઇન ઇલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેનીંગ કરવાના રહશે. આવા સ્કેન થયેલા ટેન્ડરો જ ખોલવામાં આવશે.વેબસાઇટ www.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઇ શકશે. આ જાહેરાત કરારપત્રનો એક ભાગ ગણાશે.ટેન્ડર એક યા બધા મંજુર કે ના મંજુર કરવાના હકક સત્તાધિકારીશ્રીને અબાધિત રહશે. આ ટેન્ડર ઓનલાઈન તારીખ-૨૬/૦૫/૨૦૨૫ થી ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી ભરી શકાશે.

જિમાક/અમર/૮૮/૨૫

પ્રોગ્રામ ઓફીસર -વ- તાલુકા વિકાસ અધિકારી
મનરેગા ધારી

## જાહેર નોટીસ

**ભેસાણનાં મહે. મુખ્ય સિવિલ જજ સાહેબ શ્રી જે.એન.મહેતા સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ દિવાની પરચુરણ અરજી નં.૦૨/૨૦૨૫**

**ગુજ.ગોરધનભાઈ ભગવાનભાઈ વઘાસીયાના વિધવા પત્ની**
(૧) પાર્વતીબેન ગોરધનભાઈ વઘાસીયા
ઉ.વ.આ.૬૫, ધંધો.ઘરકામ રહે.ઉમરાળી, તા.ભેસાણ, જી.જુનાગઢ
(૨) ઘનશ્યામભાઈ વશરામભાઈ ગોંડલીયા
ઉ.વ.આ.૬૫, ધંધો.ખેતી રહે.બરવાળા, તા.ભેસાણ, જી.જુનાગઢ ...અરજદાર

વિરૂધ્ધ

XXXXXXXXX ...સામાવાળા

અરજદાર તરફે વિદ્વાન વ.શ્રી.વી.કે.જોષી

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવાની કે ઉપર લખ્યા આ કામના અરજદાર (૧) પાર્વતિબેન ગોરધનભાઈ વઘાસીયા ઉ.વ.આ.૬૫, રહે.ઉમરાળી, તા.ભેસાણ, જી.જુનાગઢ તથા (૨) ઘનશ્યામભાઈ વશરામભાઈ ગોંડલીયા ઉ.વ.આ.૬૫, રહે.બરવાળા, તા.ભેસાણ, જી.જુનાગઢ એ ઉપર લખ્યા ગુજ. ગોરધનભાઈ ભગવાનભાઈ વઘાસીયા અરજદાર નં.૧ના પતિ થતા હતા તથા અરજદાર નં.૨ ઘનશ્યામભાઈ વશરામભાઈ ગોંડલીયા ગુજ. ગોરધનભાઈ ભગવાનભાઈ વઘાસીયાના ઉતરાધિકારી તથા વહીવટકર્તા તરીકે નીયુક્ત કર્યા હતા. આથી અમો અરજદારના ગુજ. પતિની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ખેતીની સીમ જમીન ભેસાણ તાલુકાના ઉમરાળી ગામ મુકામે રેવન્યુ સર્વે નં.૧૧૪ થી હે.આ.ચો.મી.૦-૮૦-૯૪ તથા રેવન્યુ સર્વે નં.૧૧૫ થી ૦-૮૦-૯૪ થી બંને કુલ મળીને ૧-૬૧-૮૮ હે.ચો.મી. ખેતીની જમીન ખરીદ કરી રેવન્યુ રેકર્ડ ગામ નમુનો નં.૮અ (જમીનની ખાતાવહી) અને ગામ નમુનો નં.૭ અને ૧૨મા માલીકીના નામ દાખલ કરી માલીક અને કબ્જેદાર બનેલા અને ત્યારબાદ અમો અરજદારના પતી ગુજ. ગોરધનભાઈ ભગવાનભાઈ વઘાસીયા એ સદરહુ સ્વોપાર્જીત મીલકતની વ્યવસ્થા માટે રજીસ્ટર વીલ યાને વસીયતનામુ ૫૮૧/૨૦૧૭ થી સદરહુ વિલથી પ્રાપ્ત થાય તેમ ઠરાવેલ અને અરજદાર નં.૨ ને એડમીનીસ્ટ્રેશન તરીકે નિમણુંક કરેલ છે અને તે મુજબ ગુજ. ગોરધનભાઈ ભગવાનભાઈ વઘાસીયાએ અમો અરજદાર નં.૧ ને તેમની હયાતી બાદ સદરહુ બન્ને ખેતીની જમીન પ્રાપ્ત થાય તેવુ વીલમાં જણાવેલ પરંતુ રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવાની જરૂરિયાત ઉત્પન્ન થયેલ હોય જેથી અમો અરજદાર નં.૧ નામ જોગથી વીલના આધારે પ્રોબેટ સર્ટીફીકેટ તથા અરજદાર નં.૨ના નામ જોગથી વિલના આધારે લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવા માટે તેમના વ.શ્રી વી.કે.જોષીએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબર ૦૨/૨૦૨૫થી દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તો તેમણે મુ.તા.૧૯/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦.૪૫ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ જાતે અથવા કુલમુખત્યાર કે તેમના વકીલ મારફત હાજર રહી વાંધા રજુ કરવા, ગેરહાજર રહ્યેથી યોગ્ય અને ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તારીખ ૧૩ માહે મે સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

**તૈયાર કરનાર (એચ.કે.ખોડિયાર) આસીસ્ટન્ટ** — **તપાસનાર (એમ.એમ.રાવલ) સુપ્રિન્ટેન્ડેન્ટ** — કોર્ટનો સીકકો — **હુકમથી, (એ.એન.દુધરેજીયા) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ભેસાણ**

---

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(ગ્રામ્ય)**
તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ
ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૨૯૯
E-mail : mam-veraval@gujarat.gov.in

**નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૮૩/૨૦૨૫**
**શ્રી મહમદહનીફ ઇબ્રાહીમભાઇ ચૌહાણ**
મું. ગોવિંદપરા, તા. વેરાવળ જી. ગીર સોમનાથ ...અરજદાર

**વિરૂધ્ધ**

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, ગોવિંદપરા
તા. વેરાવળ ...સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે**


**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીની પુત્રી સાજીયા મહમદહનીફ ચૌહાણનો જન્મ મું. ગોવિંદપરા, તા. વેરાવળ મુકામે **તા. ૦૬/૦૬/૨૦૦૬**ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, ગોવિંદપરામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી મહમદહનીફ ઇબ્રાહીમભાઇ ચૌહાણ મું. ગોવિંદપરા તા. વેરાવળ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા. ૨૧/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૧૦:૪૫ કલાકે** વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને જો આપે અરજી સાથે (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરેલ ન હોય તો આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વેરાવળ (ગ્રામ્ય)

---


અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુઃખાવાનાં સ્પેશ્યાલીસ્ટ
રાજકોટમાં
૨૦-૦૫-૨૦૨૫, મંગળવાર સવારે ૧૧.૦૦ વાગ્યા થી
Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM., DNB (Fellow), FIPP- USA Fellowship- Spine Endoscopy (Pune, USA, Japan)
લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?
+ પગમાં કે કમરમાં દુઃખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે
દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર
સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર
::ફાયદાઓ:
• ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
• દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
• ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ
મેડિકલેઈમ માન્ય સારવાર
અન્ય સ્પેશ્યાલીટી: • પેઈન મેનેજમેન્ટ • યુરોલોજી • ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી • એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી • જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા • ઓર્થોપેડિક્સ • ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી • મેડિસીન
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 9898745145
હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com


## જાહેર ચેતવણી



આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણીથી જણાવવાનું કે,

ઉપરોકત ફોટાવાળી વ્યકિત તેજસ ઉમેશભાઇ વારીયા જે અમો નીચે સહી કરનાર આશિષ ઉમેશભાઇ વારીયાના નાના ભાઇ થાય છે જે અમો આ નોટીસ આપનારના કહ્યામાં નથી અમારા નાના ભાઇ છેલ્લા આઠ વર્ષથી મોટી બજારે ગોકુનંદ જવેલર્સના નામે સ્વતંત્ર રીતે ધંધો વેપાર કરતા હતા. તેઓના ધંધા વેપાર સાથે અમો નોટીસ આપનારને કોઇ પણ પ્રકારના લેવા દેવા હતા નહીં કે હાલમાં પણ નથી તેમજ ભવિષ્યમાં અમો નોટીસ આપનારના ભાઇ ઉપરોકત નામ અને ફોટાવાળા ભવિષ્યમાં કોઇ પણ સ્થળે કોઇ પણ પ્રકારનો વેપાર ધંધો કરે તો તેમાં પણ અમારે કોઇ લેવા દેવા નથી કે અમારી કોઇ જવાબદારી હતી નહીં કે રહેશે નહીં. અમારા ભાઇએ જે કાંઇ વેપાર ધંધો કરેલ હોય કે ભવિષ્યમાં જે કાઇ વેપાર ધંધો કે નાણાકીય વ્યવહાર કરે તેમાં પણ અમારી કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહીં જેથી ઉપરોકત ફોટાવાળી વ્યકિત સાથે જે કોઇએ નાણાકીય વ્યવહાર કર્યો હોય કે ભવિષ્યમાં કરે તો તેમાં અમારી કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહી. જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી ચેતવણી આપી જાહેર કરીએ છીએ જેની નોંધ લેશો.

મું. ગોંડલ તા. ૧૬/૦૫/૨૦૨૫ **આશિષભાઇ ઉમેશભાઇ વારીયા**

## જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલીકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ વાવડીના રે.સર્વે નં. ૧૮/૧ પૈકી ૫ની લોકલ કોમર્શિયલ હેતુ માટેની બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૮**ની જમીન **ચો.મી.આ. ૧૩૮-૭૪** સહિત તેની ઉપર આવેલ ઉભા ઇમલાવાળો શેડ **શ્રી ધવલભાઇ અશોકભાઇ ગોરસીયા તથા સાગરભાઇ અશોકભાઇ ગોરસીયા**ની સંયુકત માલીકી તથા કબજા ભોગવટાનો આવેલ છે.

ઉપરોકત મિલ્કત મારા અસીલે સુથી આપી ખરીદ કરવા નકકી કરેલ છે. સદરહું મિલ્કતની માલીકી, કબજા ટાઇટલ કે વેચાણ પરત્વે કઇને કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર દાવો કે અન્ય કોઇ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦(દસ)**માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહીં તો સદરહુ મિલ્કત સબંધે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હીત કે હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ મિલ્કત ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઇનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની આથી દરેકે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ. તા. ૧૯-૦૫-૨૦૨૫

**જે.કે.મોલીયા (એડવોકેટ)**
૧૦૧, મેઘાણી રંગ ભવન, ભકિતનગર સર્કલ, ૮૦ ફુટ રોડ, રાજકોટ મો. ૭૮૭૮૯ ૭૨૩૭૨

## કોટડા સાંગાણી તાલુકાના શાપર ગામના રે.સર્વે નં.૧૭૦/૧/પૈકી૧ (જુનો સર્વે નં.૧૯૬ પૈકી)ની ખેતીની જમીન હે.૦-૮૦-૯૪ જેના રેવન્યુ રેકર્ડ ખાતા નં.૩૪૭ અંગેની નોટીસ

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર ગામના રે.સર્વે નં.૧૭૦/૧/પૈકી૧ (જુનો સર્વે નં.૧૯૬ પૈકી)ની ખેતીની જમીન હે.૦-૮૦-૯૪ જેનો આકાર રૂપિયા ૪-૨૦ પૈસા જેના રેવ.રેકર્ડ ખાતા નં.૩૪૭ થી ચાલતી ખેતીની જમીન શામજી ગાંડુ ટીલારા રહે.રાજકોટ, વાળાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન તેઓની પાસેથી અમારા અસીલે ખરીદ કરવા સમજુતી કરેલ છે. જેથી સદરહું ખેતીની જમીન પરત્વે જો કોઈનો કાંઈપણ પ્રકારનો વાંધો લાગભાગ, હકક, હિત કે હિસ્સો કે વારસાઈ હકક કે કરજ બોજો કે પ્રાઈવેટ વ્યક્તિ કે ખાનગી ફાયનાન્સનું લેણું કે કરજ બોજો હોય કે જામીનગીરી કે દર દાવો કે વાંધો તકરાર હોય કે કોઈ ને વેચાણ કરવા સાટાખત કરી આપેલ હોય કે અન્ય રીતે આ મિલ્કત અંગે કોઈ પણ પ્રકારની લેતી દેતીનો વ્યવહાર થયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮માં અમોને લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા તકરાર આવશે નહિં તો આ મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો કે દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહું ખેતીની જમીનનો પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં જેની આથી સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૧૯/૦૫/૨૦૨૫

(૧) અશોકકુમાર એસ.ચાંગેલા
(૨) સત્યેનકુમાર એ. ચાંગેલા
એડવોકેટસ ઠે.૨૦૮, સમભાવ કોમ્પ્લેક્ષ,
નાનામવા મેઈન રોડ, સત્યમ પાર્ટી પ્લોટ પાસે, રાજકોટ.

**સત્યેનકુમાર એ.ચાંગેલા**
(તે ખરીદનારના એડવોકેટ દરજજે)
મો.નં.૯૯૦૯૯ ૮૪૧૧૧
૯૨૨૮૩ ૮૮૮૪૪

---

APM TERMINALS
Lifting Global Trade

## ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ

**રજીસ્ટર્ડ ઓફીસ :** પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા-૨ વાયા રાજુલા, જિલ્લો-અમરેલી, ગુજરાત-૩૬૫૫૬૦
**CIN:** L63010GJ1992PLC018106 **ફોન :** ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ **ફેક્સ :** ૦૨૭૯૪ ૨૪૨૪૧૩
**વેબસાઇટ :** www.pipavav.com **ઇમેઇલ :** investorrelationinppv@apmterminals.com

સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમનો ૪૭ અને ૨૯ અન્વયે, અહીં નોટીસ આપવામાં આવે છે કે ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ (કંપની) નાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક ગુરુવાર ૨૯ મે, ૨૦૨૫ નાં રોજ અન્ય બાબતોની સાથે ૩૧ માર્ચ, ૨૦૨૫ ના રોજપુરા થતાં વર્ષનાં ઓડિટેડ અલાયદા અને સંયુક્ત પરિણામોની વિચારણા અને ૩૧ માર્ચ, ૨૦૨૫ નાં રોજપુરા થતાં વર્ષની ઇક્વિટી શેરમુળી પર ફાઇનલ ડિવિડન્ડની ભલામણ માટે તેની વાર્ષિક સામાન્ય સભામાં કંપનીનાં સભ્યો દ્વારા મંજુરી માટે યોજાશે.

બેઠકની વિગતો કંપનીની વેબસાઇટ www.pipavav.com અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

**ગુજરાત પિપાવાવ પોર્ટ લીમીટેડ માટે**

**તારીખ : ૧૬ મે, ૨૦૨૫** — **મનિષ અગ્નિહોત્રી**
**સ્થળ : મુંબઈ** — **કંપની સેકેટરી**

# સ્કોર્પિયો કાર સાથે સ્ટંટ કરનાર શખ્સોને પોલીસે દબોચ્યા, કાયદાનું ભાન કરાવ્યું

## યાજ્ઞિક રોડ પરથી RMC ચોક સુધી બેફામ કાર ચલાવી વિડીયો ઉતારી વાયરલ કર્યો 'તો: એ.ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી

રાજકોટ. તા.૧૯

યાજ્ઞિક રોડ પરથી RMC ચોક સુધી બેફામ કાર ચલાવી સ્ટંટ કરનાર શખ્સોને પોલીસે દબોચી, કાયદાનું ભાન કરાવ્યું હતું. બનાવ અંગે એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો પણ નોંધાયો હતો.

બનાવ અંગે એ.ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ માવદિયાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ફરહાદ મહેબુબ સુમા (રહે.હાથીખાના ચોક શેરી નંબર-૬ ઈન્ડીયા બેકરીની બાજુમા), સાહીલ અયુબ ટોયા (રહે, રામનાથપરા હુસેની ચોક), સેનીફ રફીક સૈયદ (રહે. થોરાળા પોલીસ સ્ટેશનની સામે મનહર સોસાયટી શેરી નંબર-૬) અને આકીબ યાસીન જલવાણી (રહે.રામનાથપરા હુસેની ચોક) નું નામ આપી જણાવ્યું હતું કે, સોસીયલ મીડીયા ઈન્સ્ટ્રાગ્રામમાં એક વિડીયો વાયરલ થયેલ હોય જે વિડીયો બાબતે ખરાઈ કરતા તે યાજ્ઞીક રોડ ઉપરનો હોય અને તેમાં અલગ-અલગ કાળા કલરની સ્કોર્પીયો કાર બેદરકારી પુર્વક ચલાવી રોડ ઉપર પસાર કરી અન્ય રાહદારીની જીંદગી તથા સલામતી જોખમાઈ તે રીતે પુરપાટ ઝડપે ચલાવી સ્ટંટ કરતો વિડીયો જોવા મળેલ હતો.



તેમાં નં. GJ-36-F-0052 વાળી સ્કોર્પિયો કાર તથા અન્ય સ્કોર્પીયો કારો જોવા મળેલ હોય જે વાયરલ થયેલ વિડીયોમાં સ્ટંટ કરતા ઇસમોને પકડવા માટે એ.ડિવિઝન પોલીસની ટીમે તપાસ હાથ ધરતાં વિડીયોમા દેખાતા સ્કોર્પીયો કાર નં. GJ-36-F-0052 ની માલીકની ખરાઈ કરતા માલીક આકીબ યાસીન જલવાણી હોવાનુ જાણવા હતું. જેથી તે શખ્સને પોલીસ મથકે બોલાવી વાયરલ વિડીયો બતાવતા તેમાં પોતાની કાર હોવાનુ જણાવતા બાદમાં વિડીયોમા જોવામા આવતી બીજી અલગ અલગ કાળા કલરની સ્કોર્પીયો કાર બાબતે પુછતા પોતાના મિત્રો ફરહાદ મહેબુબ સુમા સાહીલ ટોયા, સેનીફ રફીક સૈયની સ્કોર્પીયો કાર હોવાનુ જણાવેલ હતું. જે બાદ અન્ય ત્રણેયને કાર સાથે પોલીસ મથકે બોલાવી તેની ઓળખાણ કરી તેમની પૂછપરછ કરતાં ચારેય શખ્સો ગઈ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ યાજ્ઞીક રોડ ઉપર લગ્નમાંથી જતી વખતે રાત્રીના અઢી વાગ્યાની આસપાસ આર.એમ.સી ચોક પર ચારેય ઇસમોએ પોતાની સ્કોર્પીયો કાર ચલાવી સ્ટંટ કરેલ હતાં. જે બાદ પોલીસે ચારેય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, સ્કોર્પિયો કારમાં નંબર જીજે-૦૩-એનપી-૦૯૦૨ નો માલિક ફરહાદ મહેબુબ સુમરા, કાર નં. જીજે-૦૩-એનપી-૦૧૨૪ નો માલિક સેનીફભાઈ રફીકભાઈ સૈયદ હોવાની ઓળખ થઇ હતી.

# રૈયાધારે બે પરિવાર બાખડ્યા: ત્રણને ઈજા: ધોકા, પાઈપ, ઈંટ, પથ્થરના ઘા થયા

## રીક્ષા શેરીમાં પાર્ક કરેલ બાઈકને અડી જતા માથાકૂટ થઈ, ઈજાગ્રસ્ત સિવિલ હોસ્પિટલમાં દાખલ

રાજકોટ, તા.૧૯

રૈયાધારે બે પરિવાર બાખડ્યા હતા. જેમાં ત્રણને ઈજા થઈ હતી. રીક્ષા શેરીમાં પાર્ક કરેલ બાઈકને અડી જતા માથાકૂટ થઈ હતી. ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ભરત પરબતભાઈ ચૌહાણ (ઉં.વ.૨૮, રહે. ઇન્દિરાનગર શેરી ન.૨૬ વિનુભાઇ રાવળદેવ વાળી શેરી મ.પરા રૈયાધાર રાજકોટ)એ જણાવ્યું કે, હું મારી પત્ની પુનમ (ઉં. વ.૩૩), બે દીકરીઓ સાથે રહું છું. રાજકોટમાં જુદી - જુદી જે જગ્યાએ કડિયા કામની મજૂરી મળે ત્યાં મજૂરી કામ કરું છું તા.૧૮/૫/૨૦૨૫ ના સાંજના સાતેક વાગ્યે હું કામેથી ઘરે પરત આવેલ. મારા પત્ની ઘરવખરી તેમજ રાશન લેવાનું કહેતા હું તેને લઈને રાત્રીના નવેક વાગ્યે પરત આવી ન્હાવા જતો હતો તે આસમયે અમારા વિસ્તારમાં ચારબાઈમાં મંદિર પાસે રહેતા પ્રભાત, તેનો મોટો ભાઈ દેવરાજ રીક્ષા લઈ આવ્યા. રીક્ષા મારા સ્કૂટરની પાછળ અથડાવી હતી. જેનો અવાજ આવતા હું તુરંત જ મારી પત્ની સહિત શેરીમાં જ જોતા મારી ગાડી જે ડેલી પાસે પડેલ હોય જેથી દેવરાજને રીક્ષા ધીમી ચલાવવાનું કહેતા આ દેવરાજે મને એકદમ ઉશ્કેરાઇ જઇ ભૂંડી ગાળો દેવા લાગેલ. પ્રભાતે રિક્ષામાંથી બહાર આવી તું કોણ કહેવા વાળો. અમો રીક્ષા આ જ રીતે ચલાવશું. તેમ કહી આ દેવરાજ તથા તેના બનેવી જેનું નામ મને આવડતું નથી તે બંને મને હું કાંઈ સમજુ તે પહેલા ઢીંકા પાટુનો મુંઢ માર મારવા લાગેલ. મારા સગા નાના ભાઈ વિપુલભાઈ આવતા તે વચ્ચે પડતા તેને પણ કાઠલો પકડી આ દેવરાજ તથા તેના બનેવીએ માર મારેલ. ત્યાં હાજર પ્રભાતએ મારા ઘરની સામે પડેલ ઈંટો તથા પથ્થર ઉગામી મારા માથામાં કપાળથી ઉપર બે પથ્થરના છુટા ઘા તથા ત્યાં પડેલ નળીયા પકડી મારા માથાના ડાભી બાજુના ભાગે નળીયુ પકડી મારી દેતા મારું માથું ફૂટી ગયેલ. ૧૦૮ ને તેમજ ૧૦૦ નંબરને ફોન કરતા બંને ગાડી આવી જતા મારો ભાઈ ચાલી શકતો ન હોય અને મારું માથું ફૂટી ગયેલ હોય બંનેને ૧૦૮ માં બેસાડી સિવિલ હોસ્પિટલ ખસેડેલ.

સામે પક્ષે પ્રભાત અરવિંદભાઈ સોલંકી (ઉં. વ. ૧૮, રહે માર વાડી વિસ્તારની બાજુમાં ચારભાઈમાં મંદિરની બાજુમાં મ.પરા રૈયાધાર)એ જણાવ્યું કે, હું મારા પિતા અરવિંદભાઈ ધરમશીભાઈ (ઉં. વ.૪૫) તથા માતા વિજયાબેન (ઉં.વ.૪૦), મારા સગા મોટાભાઈ દેવરાજ (ઉં. વ.૧૯) તથા બે બહેન બંનેના લગ્ન થઈ જતા બંને સાસરે છે. મારાં બહેન હીનાબેનને આઠ માસ પહેલા દીકરીનો જન્મ થયેલ હોય, જેઓ વેકેશનના હિસાબે ઘરે આટો દેવા આવેલ છે. તા.૧૭/૫/૨૦૨૫ના રોજ સવારના દસેક વાગ્યે મારા સગા મોટા બહેન હીનાબેન તથા તેની દીકરી ( ૮ માસ) બંને મારા ઘરે આટો દેવા આવેલ હોય જે એક દિવસ રોકાયેલ. તા.૧૮ના રાત્રિના નવેક વાગ્યે તેને પોતાના સાસરે રાણી ટાવર કાલાવડ રોડ, પાસે વૃંદાવન કવાર્ટર ખાતે જવું હોય, મોટો ભાઈ દેવરાજ અજીમભાઈની રીક્ષા ભાડે ચલાવતો હોય તે રીક્ષામાં આ મારી મોટી બેનને બેસાડી જેઓની સાથે બનેવી સાહિલભાઈ ભાવેશભાઈ મકવાણા અમો બધા રિક્ષામાં જતા હોય તે દરમિયાન મારવાડી વાસ મ.પરા તથા ચારબાઈમાં મંદિરની બાજુની શેરીમાં ભરત ચૌહાણ અને વિપુલ ચૌહાણ શેરીમાં પડેલ એક હોન્ડામાં આ રીક્ષા અંડી જતા આ બંને ભાઈઓએ ઘરમાં દોડીને લાકડાનો ધોકો લઈ આવી ધોકાનો એક ઘા મારા કપાળથી ઉપર જમણી બાજુ મારી દેતા મારું માથું ફૂટી ગયેલ. અમને રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા ડોક્ટરે સારવાર આપી હતી. ગાંધી-૨ (યુનિ) પોલીસે બે અલગ અલગ ગુના નોંધી તપાસ તજવીજ હાથ ધરી હતી.

# રૈયાધારે મિત્રની મસ્તી કરતા અન્યોને માઠું લાગી ગયું, છરીથી પ્રશાંત સીમેજીયા ઉપર હુમલો

## રવિ જાદવ, પ્રફુલ ઉર્ફે ધાંધી અને એક અજાણ્યા સામે ગુનો દાખલ

રાજકોટ, તા.૧૯

રૈયાધારે મિત્રની મસ્તી કરતા અન્યોને માઠું લાગી ગયું હતું અને મસ્તી કરનાર યુવાનને છરીનો ઘા ઝીંકી દીધો હતો. પ્રશાંત સીમેજીયા ઉપર હુમલો થતા તે સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ ગયો હતો. પોલીસે રવિ જાદવ, પ્રફુલ ઉર્ફે ધાંધી અને એક અજાણ્યા સામે ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદમાં પ્રશાંત વિનોદરાય સીમેજીયા (ઉંમર વર્ષ ૩૫, રહે સાધુવાસવાણી રોડ શ્રમ દીપ કોમ્પ્લેક્સ, દર્શન પાર્ક મેઇન રોડ રાજકોટ)એ જણાવ્યું કે, હું ફોરવીલ ડ્રાઈવિંગનો ધંધો કરૂ છું. ગઈકાલે સવારના ૧૦.૧૫ વાગ્યાના અરસામાં હું મારા કામ અર્થે મારા શેઠને મૂકીને ઘરે જતો હતો. દરમિયાન રૈયાધાર મેઇન રોડ સનસિટીની પાછળ મચ્છી માર્કેટ વાળા ચોક પાસે મારો મિત્ર લાલો પારગી (રહે ઇન્દીરાનગર મ.પરા રૈયાધાર) ઉભો હતો. જેમની પાસે મેં મારું બાઈક ઉભું રાખી. હું તેમની સાથે મસ્તી કરતો હતો. દરમિયાન તેની સાથે ઉભેલ વ્યક્તિ અજાણ્યો હોય જે મને કહેલ કે, લાલાની મસ્તી કેમ કરેશ? બોલા ચાલી કરવા લાગેલ. તેની સાથે રહેલ રવિ જાદવ, પ્રફુલ ઉર્ફે ધાંધી બંને પણ મને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ. મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ. અજાણ્યો વ્યક્તિ પણ મને માર મારવા લાગ્યો. રવિએ પેન્ટમાંથી છરી કાઢી મને જમણી બાજુના પડખામાં મારી દીધી હતી. હું જાટે જ મારું લઈને ત્યાંથી નીકળી ગયેલ. હું સીધો સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ ગયો. યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી આરોપીઓને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### આજે શત્રુંજય તીર્થની ૪૯૯મી ધજારોહણ નિમિત્તે

# આ.શ્રી અજીતશેખરસૂરિજી મ.ની પ્રેરણાથી પાંચ વર્ષીય 'ઋષભ શત્રુંજય તપ'નો પ્રારંભ: ૪૬ હજાર લોકો જોડાયા

રાજકોટ તા.૧૯

સિધ્ધાચલના વાસી, વિમલાચલના વાસી, જિનજી પ્યારા, આદિનાથને વંદન અમારા' આજે શત્રુંજય તીર્થ (પાલીતાણા)માં બિરાજમાન મૂળનાયક તથા વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ દાદાના શિખરની ૪૯૯મી ધજા દિવસ ઉજવાઈ રહ્યો છે. આજે પાલીતાણામાં હજારો ભાવિકો પહોંચીને દાદાના દર્શન અને ધજારોહણના સાક્ષી બન્યા છે. આગામી ૫૦૦મી ધજારોહણ નિમિત્તે કર્ણાટક કેસરી પરમપૂજ્ય આ.ભ.શ્રી અજિતશેખરસૂરિજી મ.ની પ્રેરણાથી 'ઋષભ શત્રુંજય તપ'નો પ્રારંભ થયો છે. જેમાં ૪૬૦૦૦થી વધુ આરાધકો જોડાઈ ગયા છે. આ તપમાં એકાસણા કરવાના રહે છે.

તપનો પ્રારંભ આજ તા.૧૯થી શરૂ થયો છે. જેની પૂર્ણાહુતિ તા.૧૨-૫-૨૦૩૧ના થશે. જે પાંચ વર્ષથી વધુ સમયે થશે.



પૂ.આ.શ્રી અજીતશેખરસૂરિજી મહારાજે ખાસ કરીને ૧૪ વરસ સુધીના બાળકો આ તપથી વંચિત ના રહે એના માટે ઉપાય બતાવ્યો છે.ફ

બાળકોએ ઓકાસણું વદ-૬ના અથવા રવિવારે કરવાનું રહેશે. એક વરસમાં ૧૬ એકાસણા થશે.

તપસ્યામાં જોડાવા માટે મો.નં. ૯૧૩૦૦૦૦૮૦૦ અર્હમ ગ્રુપનો સંપર્ક કરવા જણાવાયું છે. રાજકોટ તથા સૌરાષ્ટ્રમાંથી અનેક ભાવિકો જોડાયા છે.

તપસ્યામાં જોડાવા માટેની લિંક https://arhamparivar.org/registration તથા તપસ્યા વિશે માહિતી માટે અર્હમ પરીવાર વોટસ એપ ચેનલનો સંપર્ક કરવો.

# IPL શરૂ થતાં જ પંટરો બેટિંગ કરવા લાગ્યાં: શહેરમાંથી બે વેપારી ક્રિકેટ સટ્ટો રમતા ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચની ધોંસ, તિરૂપતી સોસાયટીમાંથી શ્યામ કાકડીયા અને કુવાડવા રોડ પરથી ગૌતમ રામાણી ઝબ્બે, બુકીઓના નામ ખુલતાં શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૯

IPL શરૂ થતાં જ પંટરો બેટિંગ કરવા લાગ્યાં હોય તેમ ક્રાઈમ બ્રાન્ચની ધોંસ બોલાવી હતી અને તીરૂપતી સોસાયટીમાંથી શ્યામ કાકડીયા અને કુવાડવા રોડ પરથી ગૌતમ રામાણી ઝબ્બે કરી બુકીઓના નામ ખુલતાં શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, ચીરાગ જાદવના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ દિપક ડાંગર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે કોઠારીયા મેઈન રોડ, તીરૂપતી સોસાયટી ગેઇટની સામે, પંચરની દુકાન પાસે શ્યામ કાકડીયા નામનો શખ્સ પોતાના મોબાઇલ ફોનમાં ક્રિકેટ મેચમાં સટ્ટાનો જુગાર રમવાની આઈડી રાખી આઇપીએલની દિલ્હી કેપીટલ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે રમાતી મેચમાં જુગાર રમે છે તેવી બાતમીના આધારે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતે શ્યામ પરષોતમ કાકડીયા (ઉવ.૩૧, રહે. પંચનાથ મકાન, બ્લોક નં.૩૮ સાધના સોસાયટી, શેરી નં.૧, સહકાર મે.રોડ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેમની પાસે રહેલ મોબાઇલ ફોનમાં જોતાં ઓનસ્ક્રીનમાં ALLPANEL777 નામની આઈ.ડી. ખુલી જોવામાં આવેલ જેમા Shyam4587 તથા પાસવર્ડ King1234 થી ઓપન કરી જુગાર રમતો હોવાનું સામે આવતાં તેની ધરપકડ કરી આઇડી કોની પાસેથી મેળવેલ છે તે બાબતે પુછપરછ કરતા આઈ.ડી. રાજકોટના કિશન અજાણી પાસેથી મેળવ્યાની કબુલાત આપતાં પોલીસે તેની શોધખોળ આદરી છે.

બીજા દરોડામાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે કુવાડવા રોડ પર નાગબાઈ પાનની સામેની શેરીની અંદર એક શખ્સ મોબાઇલ ફોનમાં ઓનલાઈન આઈ.ડી.ઓ મેળવી આઈપીએલ ક્રિકેટ મેચમાં રન ફેર તથા હારજીતના સોદાઓ કરી જુગાર રમાડતા ગૌતમ સુરેશ રામાણી (ઉવ.૩૧, ધંધો ઈમીટેશન, રહે. મારૂતિનગર-૩, શેરી નં.-૧,કુવાડવા રોડ) ને પકડી , મોબાઈલ ફોન કબ્જે કર્યો હતો.તેની પૂછતાછમાં આઈડી પોતે અનિલ મચ્છા ગોલતર પાસેથી મેળવ્યાની કબુલાત આપતાં પોલીસે તેની શોધખોળ આદરી હતી.

# તા.૨૨ના રોજ વડાપ્રધાનના હસ્તે રાજકોટ રેલ્વે ડિવિઝનના છ સ્ટેશનનું નવીનીકરણ બાદ લોકાર્પણ

છેલ્લા સમાચાર

વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે જેમાં દાહોદમાં તેઓ નવા રેલ્વે સુવિધાનું લોકાર્પણ કરશે જેની સામે રાજકોટ ડિવિઝનના છ રેલ્વે સ્ટેશન જે અમૃત યોજના હેઠળ નવીનીકરણ કરાયુ હતું. તેનું લોકાર્પણ કરશે જેમાં હાપા, કાનાલૂસ, મોરબી, ઓખા, મીઠાપુર અને જામવણથલીનો સમાવેશ થાય છે.

# રોહીદાસપરામાં તિનપતીનો જુગાર રમતાં પાંચ બાજીગર ઝડપાયા

## બિ.ડીવીઝન પોલીસની કાર્યવાહી રૂા.૨૬૧૫૦ની રોકડ જપ્ત

રાજકોટ,તા.૧૯

બીડીવિઝન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે રોહીદાસપરા મેઈન રોડ મોઈનબેની કરીયાણાની દુકાન સામે જુગાર રમતાં ગફાટ મુસા બાવનકા, બડેમીયા રજાક મીયા કાદરી, સિકંદર ઉર્ફે સીકો કરીમ ભાદુલા મનીષ નટવરલાલ ચુડાસમા અને અલ્તાફ જુમ્મા બુંભીયાને રૂા.૨૬૧૫૦ની રોકડ સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પારેવડા-બેટી રામપરના અનેકવાદી પરિવારો વર્ષો પછી પણ રહેણાંકના પ્લોટથી વંચીત: કલેક્ટર તંત્ર સમક્ષ ધા

## આધારકાર્ડ-રેશનકાર્ડ પણ પરિવારો પાસે નથી: પગલા લેવા માંગણી

રાજકોટ તા.૧૯

રાજકોટ નજીકના પારેવડા અને બેટી રામપરમાં વસવાટ કરતા વિચરતી જાતીના અનેક વાદી પરિવારોને વર્ષો પછી પણ સરકારની મળવાપાત્ર યોજનાઓનો લાભ હજુ સુધી મળેલ નથી. જેમાં અનેક વાદી પરિવારોને સરકાર તરફથી મળવાપાત્ર રહેણાંકના પ્લોટ પણ મળેલ નથી. જેના પગલે ગરીબ વાદી પરિવારોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થઈ શકેલ નથી. આ પરિવારો હાલ ઉપર આભ અને નીચે ધરતી જેવી અવસ્થામાં જીવન વ્યતીત કરી રહ્યા છે.

આ વાદી પરિવારોને રહેણાંકના પ્લોટ આપવાની માંગણી સાથે વાદી પરિવારના સદસ્યો આજે કલેકટર કચેરી ખાતે ઉમટી પડયા હતા અને આ બાબતે કલેકટરતંત્રને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.

જે અંગે વાદી પરિવારના ભરતનાથે જણાવ્યું હતું કે અનેક વાદી પરિવારોને રહેણાંકના પ્લોટ મળેલ નથી તેમજ તેઓની પાસે આધારકાર્ડ અને રેશનકાર્ડ પણ નથી. આ બાબતે તંત્ર દ્વારા તત્કાલ પગલા લેવામાં આવે તેવી તેઓએ માંગણી કરી હતી.

# હિમાચલમાં ધરા ધણધણી : ચંબામાં ૩.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા

ચંબા(હિમાચલ), તા. ૧૯

સોમવારે હિમાચલ પ્રદેશના ચંબામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના ચંબામાં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના ચંબામાં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ચંબાના લોકોએ સવારે ૧૦:૪૪ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવ્યો. ભૂકંપનું કેન્દ્ર ચંબા જિલ્લામાં ૫ કિલોમીટર નીચે હતું. ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકો પોતાના ઘરની બહાર નીકળી આવ્યા.

અફઘાનિસ્તાનમાં પણ આજે (સોમવારે) સવારે ૮:૫૪ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૨ માપવામાં આવી હતી. આ ભૂકંપ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સરહદની ખૂબ નજીક જોવા મળ્યો હતો. રવિવારે રાત્રે પાકિસ્તાનના કેટલાક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા ૪.૭ માપવામાં આવી હતી, જોકે મહત્વની વાત એ છે કે કોઈ નુકસાનના સમાચાર નથી.

## જીલ્લા બેંક

(છેલ્લા પાનાનું ચાલુ)

સહકારી ક્ષેત્રમાં જીલ્લા બેંક પરની પકકડ નિર્ણાયક હોય છે હાલ જીલ્લા બેંકનાં ચેરમેન ભાજપનાં ધારાસભ્ય એવા જયેશ રાદડીયા છે અને તેમનું જ જુથ જીલ્લાના માર્કેટ યાર્ડ, દુધની ડેરી, જીલ્લા સંઘ સહિતની તમામ સહકારી સંસ્થાઓ પર વર્ચસ્વ ધરાવે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે રાદડીયા જુથને કોંગ્રેસ કે અન્ય રાજકીય મોરચે કોઈ પડકાર નથી પરંતુ ભાજપના જ સહકારી નેતાઓ વખતોવખત પડકાર સંકેત હોવાથી ચૂંટણીમાં ગરમાવો આવી જાય છે આ વખતે નવા કોઈ રાજકીય પડકાર ઉભા થશે કે કેમ તે તો સમય આવ્યે જ સ્પષ્ટ થશે. રાદડીયા તથા જાડેજા સાવલીયા જુથ વચ્ચે તો થોડા વખત અગાઉ જ સમાધાન થઈ ગયુ છે છતા ઈફકોની ચૂંટણી વખતના ઘટનાક્રમોને ધ્યાને લેવામાં આવે તો નવા પડકારો ઉભા થઈ શકે છે. ભાજપે પાર્ટી લેવલે ચૂંટણી લડવાનું નકકી કર્યુ હોવાથી નેતાગીરીની વગ વાપરવાનો પણ પ્રયાસ થઈ શકે છે.જીલ્લા બેંકની ચૂંટણીનાં પડઘમ શરૂ થતાં હવે રાજકોટ જીલ્લાનાં સહકારી સહીતના ક્ષેત્રોમાં ગરમાવો શરૂ થવાનું મનાય છે.

## એક્સપ્રેસ ટ્રેન

(છેલ્લા પાનાનું ચાલુ)

રિઝર્વ સીટો ખાલી રહી હતી. અચાનક જાહેર થયેલી આ ટ્રેનનો પ્રચાર નહીં થવાથી આ ટ્રેનને યાત્રીઓ જ નહોતા મળ્યા.

રવિવારે પહેલા દિવસે આ ટ્રેન લાલકુઆથી નીકળીને હાથરસ થઈને રાજકોટ માટે ચાલુ થઈ હતી, પરંતુ તેમાં યાત્રીઓની સંખ્યા ઘણી ઓછી હતી. છેલ્લી ઘડી સુધી સ્લીપર શ્રેણી, એસી સ્લીપર, તૃતીય શ્રેણી, એસી સ્લીપર, દ્વિતીય શ્રેણીની સાથે સાથે એસી પ્રથમ શ્રેણીના કોચમાં અનેક સીટો ખાલી રહી હતી. વરિષ્ઠ ક્ષેત્રીય વાણિજય મેનેજર સંજીવ શર્માએ જણાવ્યું હતું કે ગત ગુરુવારે સોશિયલ મીડીયાના માધ્યમથી આ ટ્રેનના ઉપડવાની સૂચના અપાઈ હતી.

ઉલ્લેખનીય છે કે હાલ વેકેશનનો, રજાઓનો માહોલ છે, મોટાભાગની ટ્રેનો ફુલ છે. ઉભા રહેવાની કે બેસવાની જગ્યા હાલના દિવસોમાં ટ્રેનોમાં મળતી નથી ત્યારે લાલકુઆ-રાજકોટ એક્સપ્રેસ ટ્રેનમાં પહેલા દિવસે સીટો ખાલીખમ જોવા મળી છે. આ મામલે એવું જાણવા મળ્યું છે કે લાલકુઆ-રાજકોટ એક્સપ્રેસ ટ્રેનનો પુરતા પ્રમાણમાં પ્રચાર જ નહોતો થયો, જેથી લોકોને ખબર પડે કે આવી કોઈ ટ્રેન શરૂ થઈ છે. આ ટ્રેન શરૂ થવાની ગુરુવારે માત્ર સોશિયલ મીડીયામાં સૂચના આપવામાં આવી હતી, અગાઉ કેટલાક દિવસો પહેલા પુરતા પ્રમાણમાં પ્રચાર નહોતો થયા, જેના કારણે લાલકુઆ એક્સપ્રેસ પહેલા દિવસે ખાલીખમ દોડી હતી.

## પહેલગામ

(પહેલા પાનાનું ચાલુ)

માંડીને ચલો કાશ્મીર જેવા અભિયાન શરૂ કરવામાં આવ્યા છે.

કાશ્મીરનાં શ્રીનગરનાં સુમસામ બનેલા વિખ્યાત દાલ લેકના ઘાટો પરથી કારનાં કાફલા મારફત રોડ-શો યોજવામાં આવ્યો હતો. પહેલગામ સુધીનો આ રોડ-શો જોકે સુરક્ષા કારણોસર અનંતનાગમાં અધવચ્ચે અટકાવી દેવાયો હતો. પહેલગામ હુમલા બાદ પ્રવાસન ઉદ્યોગ ભાંગી ગયાનું ખુદ મુખ્યમંત્રી ઓમાર અબ્દુલ્લાએ નિવેદન કર્યુ હતું. હવે કાશ્મીર સુરક્ષીત હોવાનો અને પ્રવાસીઓને આવવા માટે આહવાન કરવા આ રોડ-શોનો ઉદેશ હતો. કાશ્મીરમાં પહેલગામ હુમલાને એક માસ થવા આવ્યો છે છતાં કોઈ પ્રવાસી આવતા નથી.

રોડ-શોમાં સામેલ કારમાં કાશ્મીરનાં ભવિષ્યમાં રોકાણ કરો તથા પ્રવાસન અને શાંતિ હાથમાં જ છે. પ્લેકાર્ડ-બેનર રાખવામાં આવ્યા હતા. નેશનલ કોન્ફરન્સના ધારાસભ્ય તનવીર સાદિકે જ રોડ-શોને લીલીઝંડી આપી હતી શિકારા ઓપરેટર, હોટેલ માલિકો, ટ્રાન્સપોર્ટરો, ટુર, ગાઈડ તથા ટ્રાવેલ એજન્ટો રોડ-શોમાં જોડાયા હતા.

તેઓએ કહ્યું કે કાશ્મીર અસુરક્ષિતની છાપને ભુંસી નાખવાનો રોડ-શોનો ઉદ્દેશ હતો. કાશ્મીર ત્રાસવાદની સામે ઉભુ છે અને હવે પ્રવાસીઓ કોઈ ભય રાખ્યા વિના પરત ફરે.

## બાઈડન

(પહેલા પાનાનું ચાલુ)

શારીરિક સમસ્યા સર્જાતા તુર્તજ તેમના મેડીકલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તબીબી ભાષામાં આ પ્રકારે કેન્સરનો ત્રીજો અને ચોથો તબકકો હોઈ શકે છે. તેઓને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પુરોગામીના સ્વાસ્થ્ય અંગે સોશ્યલ મીડીયામાં પોષ્ટ કરતા લખ્યુ કે તેઓએ આંચકો અનુભવ્યો છે. તેમના ઝડપથી સ્વસ્થ થઈ જવાની શુભકામના પણ શ્રી ટ્રમ્પે કરી હતી. અન્ય અમેરિકી પુર્વ પ્રમુખોએ પણ શ્રી બાઈડનના સ્વાસ્થ્ય પર ચિંતા દર્શાવીને ઝડપથી સ્વસ્થ થવાની શુભકામના આપી છે. શ્રી બાઈડન ૮૫ વર્ષના છે. તેઓને પ્રમુખપદ સમયે પણ અનેક શારીરિક ઉપરાંત યાદદાસ્ત સંબંધી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. તેઓને એક તબકકે ચામડીના કેન્સરની શકયતાથી તેમના છાતી પરના ચામડીના કેટલાક કોષની સર્જરી કરાઈ હતી.

## હાઈકોર્ટ

(છેલ્લા પાનાનું ચાલુ)

થજણાવ્યા મુજબ ખાતાને એટેચ કરવાનો આદેશ મહારાષ્ટ્ર ગુડસ એન્ડ સર્વીસ ટેકસ (જીએસટી) અધિનિયમ અંતર્ગત ઈસ્યુ કરાયો હતો જેથી અરજદારનાં ચુકવવા પાત્ર કર અને અન્ય રકમનું નિર્ધારણ થઈ શકે. અરજદારનો મુંબઈ અને રાયગઢમાં જેસીબી અને એકસાવેટર જેવી ભારે મશીનોનો ખરીદ, નિકાસનો કારોબાર છે. અરજદારનાં જણાવ્યા મુજબ રાજય કરવિભાગે તેમનાં કાર્યાલય પરિસરમાં તલાસી લીધી હતી. અધિકારીઓને પુરો સહયોગ આપી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવાયા હતા. તેમ છતા બેન્ક ખાતાને એટેચ (જપ્ત)નો આદેશ અપાયો હતો તેનુ કોઈ કારણ પણ નહોતુ અપાયું.

## ક્રિકેટ

(પહેલા પાનાનું ચાલુ)

ટીમો વચ્ચે યોજાનારી સ્પર્ધા યોજાવા સામે શંકા છે. ભારત વિના આ સ્પર્ધા યોજાવાનું મુશ્કેલ છે. કારણ કે તેના મોટાભાગનાં સ્પોન્સર ભારતનાં જ હોય છે અને ભારતની હાજરી હોય તો જ નાણાની ટંકશાળ પડતી હોય છે બ્રોડ કાસ્ટરને પણ રસ ન પઠડી શકે. બ્રોડ કાસ્ટીંગ આવકમાંથી પાંચેય દેશોને ૧૫-૧૫ ટકા મળતા હોય છે.

## એઆઈ

(પહેલા પાનાનું ચાલુ)

કરી શકે છે.

ભવિષ્યમાં અન્ય બિમારીનાં ઉપચાર સામેલ થશે:

કંપની ભવિષ્યમાં પેટ અને ત્વચાની બિમારીને પણ એઆઈ ડોકટરોમાં સામેલ કરવાની યોજના બનાવી રહી છે. અત્યાર સુધીમાં ડઝનેક લોકોએ એઆઈ તબીબની સેવાનો વિના મુલ્યે લાભ લીધો છે. સાઉદી અરબમાં અન્ય હોસ્પિટલોમાં પણ આવા એઆઈ ડોકટરનાં ક્લિનીક ખોલવાની યોજના છે.

# જીવદયાપ્રેમી હીનાબેન સત્યેનભાઈ ઝાલાનું અવસાન

રાજકોટ,તા.૧૯

જીવદયાપ્રેમી હીનાબેન સત્યેનભાઈ ઝાલા તે સત્યેનભાઈ ઝાલાના ધર્મપત્ની, સ્વ. રજનીભાઈ શાંતિલાલ કોઠારી, ગં.સ્વ.નીરૂબેન રજનીભાઈ કોઠારીના સુપુત્રી, શ્વેતાબેન તથા હેલીબેન(એમએસી ફોર વી ફાઉન્ડેશન મેમ્બર)નાં માતુશ્રી, તે સ્વ. ઉપેનભાઇ રજનીભાઈ કોઠારી તથા યતીનભાઈ રજનીભાઈ કોઠારીના મોટા બહેન તા.૧૮/૫/૨૫, રવિવારના રાત્રે ૧૧ વાગ્યે સ્વર્ગવાસ પામેલ છે.સદ્દગતનું ઉઠમણું તા.૨૨/૫/૨૫, ગુરૂવારના સાંજે ૫:૦૦ થી ૬:૩૦ દરમિયાન રામેશ્વર મંદિર, રામેશ્વર ચોક, સુભાષ નગર, જુના એરપોર્ટની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે. સત્યેનભાઈ ઝાલા ૭૦૪૮૮૧૧૮૩૬, યતિનભાઈ કોઠારી ૯૮૭૯૨૬૪૦૭૭,

# વ્હેલી સવારે ૬ વાગ્યે ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઈની રાહબરીમાં ટીમ તંત્રને સાથે રાખી રૈયાગામ, રૈયાધાર, પરશુરામ ચોકડી સહિતના વિસ્તારમાં પહોંચી, આખો દિવસ ચાલનાર ડિમોલીશનની કામગીરીમાં ૨૬૧૦ ચોરસ મીટરમાં થયેલ બાંધકામ દૂર થયું





## બાંધકામ

(છેલ્લા પાનાનું ચાલુ)

યુની. પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે એક સાથે ગુનેગારોએ ખડકેલ ગેરકાયદેસર બાંધકામનો સોથ વાળી દઈ આરોપીઓને સીધી ચીમકી મળી હતી કે, કાયદે મે રહોગે તો ફાયદે મે રહોગે. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઈ, યુની. પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલ અને ટીમ આજે વ્હેલી સવાર પડતાં જ તંત્રને સાથે રાખી આરોપીઓ હજું નિંદ્રાધીન હતાં ત્યાં જ બુલડોઝર લઈ રૈયાગામ સહિતના વિસ્તારોમાં પહોંચી ગયાં હતાં અને વ્હેલી સવારમાં જ બુલડોઝરની ધણધણાટી બોલી હતી. પોલીસની યાદી મુજબ, હત્યાના ગુનામાં સંડોવાયેલ ખુશાલ હમીર મેરિયા, હમીર મનજી મેરિયા (રહે. પરશુરામ ચોકડી, પાસે), તોસિફ બસીર ખાંડું (રહે. શાંતિનગરના ગેટ પાસે, રૈયાધાર), રાજેશ બીજલ ભોણીયા (રહે. રૈયાધાર) અને શહેજાદ ઉર્ફે નવાઝ સુલતાન જલવાણી (રહે. રૈયાગામ) સહિત ધાડ, લૂંટ, રાયોટિંગ, દારૂ, જુગાર, ઘરફોડ ચોરી સહિતના ગુનામાં સંડોવાયેલ ૨૦ મહિલા સહિત ૩૮ આરોપીના ગેરકાયદેસર ખડકેલ બાંધકામ પર બુલડોઝર ફરી વળતાં ગુનેગારોમાં સોંપો પડી ગયો હતો.



પોલીસે કરેલ ડીમોલેશનમાં કુલ ગુનેગારોએ દબાવેલ ૨૬૧૦ ચોરસ મીટર રૂ.૬.૫૨ કરોડની કિંમતની જગ્યા ખુલ્લી કરી હતી અને તે કિંમતી જગ્યા પર ખડકેલ ૮૨.૭૦ લાખનું બાંધકામ ધારાસાઈ કરી નાંખી પોલીસે શહેરીજનોને સુરક્ષાનો અહેસાસ કરાવ્યો હતો.

શહેરના સૌથી મોટા ડીમોલેશનની કામગીરીમાં શહેરના અલગ અલગ સાત પોલીસ મથકના ૧૧૦ થી વધુ પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં હાજર રહી કામગીરી સાંભળી હતી. વધુ એક નામચીન શખ્સના ગેરકાયદે મકાન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. અપહરણ, મારામારી, ચીલઝડપ સહિતના ૧૦ થી વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ અજય પરસોંડા નામના અસામાજિક તત્વોનું પોપટપરા સ્થિત મકાન પર મહાનગરપાલિકાની ટીમોને સાથે રાખી ક્રાઈમ બ્રાન્ચ અને પ્ર. નગર પોલીસની ટીમે બુલડોઝર ફેરવી ધારસાઈ કરી નાંખ્યું હતું.

# હજુ પણ આરોપીઓની યાદી તંત્ર પાસે પેન્ડીંગ પોલીસ બુલડોઝર સાથે તૈયાર જ છે !

રાજકોટ,તા.૧૯

પોલીસ સુત્રોને જણાવ્યું હતું કે શહેર પોલીસની ટીમોએ શહેરના દરેક ગુનેગારોની યાદી કરી કોપોરેશન, કલેકટર સહીતના તંત્રને સોંપી છે. હવે ગેરકાયદેસર બાંધકામ અંગે તંત્ર લીલીઝંડી આપે એટલે પોલીસ બુલડોઝર સાથે તૈયાર જ છે ગુનેગારો અને તેના બેનામી ઝીલકતને ભોં-ભીતર કરવા.

# ૪૫૬ ગુનાના આરોપીના ગેરકાયદેસર મકાન પાડવા DCP જગદીશ બાંગરવા વ્હેલી સવારે ૬ વાગ્યાથી ખડેપગે

શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલ ૩૮ જેટલા ગુનેગારોના ગેરકાયદેસર બાંધકામ પર શહેર પોલીસનું બુલડોઝર ફરી વળ્યું હતું. ૩૮ થી વધું આરોપીના નોંધાયેલ ૪૫૬ ગુના છે અને લગભગ આરોપીઓ પાંચથી વધું ગુનામાં સંડોવાયેલ હોવાનું સામે આવતાં જ ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ યુની. પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે લિસ્ટ તૈયાર કરી આજે વ્હેલી સવારથી જ ગેરકાયદેસર મકાન પર બુલડોઝર ફેરવી દિધું હતું.

જો કે, ગુનેગારો સામે લાલ આંખ કરવામાં માહિર ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી રાધીકા ભારાઈ વ્હેલી સવારે છ વાગ્યાથી જ ડીમોલેશન સ્થળ પર હાજર રહેતાં એકપણ આરોપી દેખાયો પણ ન હતો.

# ગેરકાયદેસર બાંધકામ કરનાર ગુનેગારોના નામ

રૈયાગામ સહીતના વિસ્તારોમાં નામચીન ગુનેગારોએ ગેરકાયદેસર બાંધકામ ખડકી દિધા હતો.જેમના પર પોલીસનું બુલડોઝર ફરી વળ્યું હતું.જેમાં ખુશાલ હમીર મેરીયા, દમીર મનજી મેરીયા વાલજી ઉર્ફે પતારીયો લાલજી સાડમીયા, વનરાજ અને ભરત (રહે.રૈયાગામ) તોફીક બસીર ખાંડુ, (રહે.રૈયાધાર, શાંતીન-૧૨ના ગેટપાસે) રાજેશ બિજલ ભોણીયા (રહે.રૈયાધાર),પિયુષ પરેશ ડાભી (રહે.રૈયાધાર) આનંદ ઉર્ફે બાબુ રણછોડ પરમાર (રહે. રૈયાધાર મફતીયાપરા) પ્રકાશ ડાયા જાદવ (રહે.રૈયાધાર, મફતીયા પરા) ભુપત દિપસીંગ ચૌહાણ (રહે.રૈયાધાર, મારવાડી વાસ પાસે) કિરણ જગદિશ પરમાર, રૂપલ મુકેશ મકવાણા, ચંદા રાયધન સાડમીયા, જયા રાયધન સાડમીયા,ગુલાબ કમશી સાડમીયા, નિમુ રાજુ વઢવણીયા, વસંત પ્રવિણ સાડમીયા, વસંત બાબુ વાજેલીયા, રવિસીંગ કેશુ વાજેલીયા, વિક્રમ કેશુ વાજેલીયા, ફંડ કેશુ વાજેલીયા, ચંપા મનસુખ વાજેલીયા, જાનુ રમેશ વાજેલીયા, રાહુલ રાજુ ચૌહાણ), ઉષા વિશાલ વાઘેલા, કૌશલ ઉર્ફે કરણ નિતીન મકવાણા, નાસી ગોવિંદ ચાણકીયા, રાજુ ધિરૂ વઢવાનીયા, ગીતા વિનોદ મકવાણા ડિમ્પલ સાગર સાડમીયા,સાયરા મહેમુબ મુનસી,લાલા બિજલ ભોરીયા, હસમુખ બાબુ મકવાણા, ભીખા મનુ અધારીયા, (રહે.રૈયાધામ, મફતીયાપરા) તેમજ શહેમદ ઉર્ફે નવાજ સુલતાન જલવાની,નયના કેશુ જખાગીયા, કંચન હિતેષ પરમાર, કાજલ મહેશ સાડમીયા (રહે.ચારેય રૈયાગામ) અને મનુ આવતાફ પરમાર (રહે.હોલીટીડીમર સ્કૂલ પાસે, યાગરાજનગર વાળા રોડ પર)નો સમાવેશ થાય છે.

ગત સપ્તાહમાં જ પદભાર સંભાળનાર ચીફ જસ્ટિસનું મહત્વનું વિધાન

# સંસદ-સરકાર કે ન્યાયતંત્ર નહી, બંધારણ જ સર્વોચ્ચઃ જસ્ટિસ ગવઈ

## બંધારણનો ત્રણેય પાંખોએ એકબીજાના સન્માન સાથે કામ કરવાનુ છેઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના સંસદ સર્વોચ્ચ વિધાનોનો જવાબઃ સંસદ બંધારણના 'હાર્દ' ને અડી શકે નહી



નવી દિલ્હીઃ હાલમાં જ કાર્યભાર સંભાળનાર દેશના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભૂષણ ગવઈએ તેમના પ્રથમ મહત્વના વિધાનમાં દેશમાં બંધારણ જ સર્વોપરી હોવાનું જણાવીને ન્યાયતંત્ર સંસદ અને સરકાર એ ત્રણેય એક સમાન જ અધિકાર ધરાવતા હોવાનું સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કર્યુ હતું. હાલમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડે ન્યાયતંત્ર કે બંધારણ નહી. સંસદ જ સર્વોપરી હોવા અંગે કરેલા વિધાનો પર શ્રી ગવઈએ આ જવાબ આપ્યો હોવાનો સંકેત છે. તેઓએ જણાવ્યું કે ત્રણેય પાંખ, ન્યાયતંત્ર, સંસદ કે સરકાર કોઈ એકબીજા પર સર્વોપરી નથી. આ ત્રણેય પાંખોએ એકબીજા સાથે સંકલન કરીને બંધારણીય જોગવાઈ-ભાવના મુજબ કામ કરવાનું હોય છે.

સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે હાલમાં જ નવો મોરચો મંડાયો છે. રાષ્ટ્રપતિ અને રાજયપાલોએ વિધાનસભામાં મંજુર કરતા ખરડાઓ પર નિર્ણય લેવા સુપ્રીમકોર્ટે જે સમય મર્યાદા નિશ્ચિત કરી તે સંદર્ભમાં રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટને ૧૪ મુદાઓ પર સ્પષ્ટતા માંગી છે અને ખાસ એ જણાવ્યું છે કે બંધારણમાં આ અંગે કોઈ સમય મર્યાદા નથી તો સુપ્રીમકોર્ટે તે કામ નિશ્ચિત કરી શકશે. આ અંગે આગામી દિવસોમાં બી.જી.ગવઈના નેતૃત્વ હેઠળની ખંડપીઠ જ રાષ્ટ્રપતિને સ્પષ્ટતા આપે તેવી ધારણા છે. સરકારની અવારનવાર ફરિયાદ છે કે સુપ્રીમકોર્ટ, હાઈકોર્ટ વધુ પડતી ન્યાયીક સક્રીયતાથી તેની મર્યાદા ઓળંગી રહી છે. બાર કાઉન્સીલ ઓફ મહારાષ્ટ્ર અને ગોવાના એક કાર્યક્રમમાં સંબોધન સમયે ચીફ જસ્ટીસે આ વિધાનો કર્યા હતા. તેઓએ જણાવ્યું કે બંધારણનો મૂળભૂત ઢાંચો મજબૂત છે અને તેના ત્રણેય પાયા (વિંગ) પણ મજબૂત છે. આ ત્રણેય પાંખો એ બંધારણને જવાબદાર છે અને તેઓએ એકબીજાને સન્માન આપવુ જોઈએ.

તેઓએ મહત્વના વિધાનમાં કહ્યું કે સંસદને બંધારણમાં સુધારાનો અધિકાર છે પણ તે મૂળભૂત ઢાંચાને અડી શકે નહી. કારણ કે આ મૂળભૂત ઢાંચો એ બંધારણનું હાર્દ છે તે સર્વોચ્ચ છે. કાનૂનથી તમો ન્યાયતંત્રની સ્વતંત્રતાને અવરોધી શકો નહી અને સંસદ બંધારણીય સુધારાથી પણ તેમ કરી શકે નહી.

## રાજયના મુખ્ય સચિવ, પોલીસ વડા પ્રોટોકોલ મુજબ હાજર ન રહેતા ચીફ જસ્ટિસની આકરી ટકોર

### ત્રણ ઉચ્ચ અધિકારીઓ હાફળાફાફળા થઈને દોડયા

મુંબઈઃ


દેશના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી બી.આર.ગવઈ ગઈકાલે મહારાષ્ટ્રની મુલાકાતે ગયા તે સમયે રાજયના ચીફ સેક્રેટરી સુજાતા રાજયના પોલીસવડા રશ્મી શુકલા અને મુંબઈના પોલીસ કમિશ્નર દેવેન ભારતી તેમને આવકારવા હાજર ન રહેતા ચીફ જસ્ટીસે આકરા શબ્દોમાં પ્રોટોકોલનો મુદો ઉઠાવ્યો હતો. તેઓએ બાર એસો.ના કાર્યક્રમમાં જણાવ્યું કે જો કે હું કોઈ પ્રોટોકોલનો આગ્રહી નથી. હું મારા શહેરમાં સ્કુટર પર પણ ફરુ છું. જયારે કોઈ જજ પ્રોટોકોલ તોડે તો બંધારણે આપેલા કલમ ૧૪૨ હેઠળની ખાસ સતા અંગે ચર્ચા થાય છે પણ અહી દેશની એક બંધારણીય સંસ્થાના વડાની હાજરી સમયે ચીફ સેક્રેટરી, રાજયના અને મહાનગરના પોલીસ વડા હાજર રહેતા નથી તેથી દેશની બંધારણીય સંસ્થાઓએ એકબીજા પ્રત્યે સન્માનની જે સ્થિતિ છે. તેના પર પ્રશ્ન ઉભા થાય છે. તેઓએ કહ્યું કે આ પ્રોટોકોલ કોઈ નવી બાબત નથી પણ લોકોને તેની જાણ થવી જોઈએ. બાદમા શ્રી ગવઈ રાજયમાં ડો. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરના સમાધી સ્થળ ચૈત્યભૂમિ પર પહોંચ્યા તો આ ત્રણેય ઉચ્ચ અધિકારીઓ ત્યાં હાજર થઈ ગયા હતા. તેઓ અને ચીફ જસ્ટીસના પડકાર વિધાનોની નોંધ લીધી હતી.

---

પ્રેમમાં નિષ્ફળતાની અસર દિલ પર વધુ પડે છે!

## વૈજ્ઞાનિકો માને છે કે બ્રેકઅપની અસર હૃદય સાથે મગજને પણ થતી હોય છે !

વોશિંગ્ટન,તા.૧૯



'પ્રેમમાં હાર્ટબ્રેક' હવે માત્ર ભાવનાત્મક બાબત રહી નથી, પરંતુ મેડિકલ સાયન્સ પણ તેને ગંભીર માની રહ્યું છે. એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે, જ્યારે પ્રેમમાં કોઇની સાથે છેતરપિંડી થાય છે, ત્યારે તેની અસર માત્ર મગજ પર જ નહીં પરંતુ હૃદયના ધબકારા પર પણ પડે છે. નવાઈની વાત તો એ છે કે તેની સૌથી ઘાતક અસર પુરુષો પર પડે છે. જર્નલ ઓફ ધ અમેરિકન હાર્ટ એસોસિએશનમાં પ્રકાશિત એક અભ્યાસ અનુસાર, પુરુષોનું મૃત્યુ તૂટેલા દિલથી થવાનું જોખમ મહિલાઓની તુલનામાં લગભગ બમણું વધારે હોય છે.

ખરેખર, સામાન્ય ભાષામાં જેને 'હાર્ટબ્રેક' કહેવામાં આવે છે તે હાર્ટ બ્રોકન સિન્ડ્રોમ છે. આને તબીબી ભાષામાં 'ટાકોત્સુબો કાર્ડિયોમાયોપથી' કહેવામાં આવે છે. તે હૃદયની લાગણી છે જે અતિશય ભાવનાત્મક અથવા શારીરિક તાણને કારણે થાય છે. આમાં એડ્રેનાલિન જેવા હોર્મોન્સ એટલી વધુ માત્રામાં બહાર આવે છે કે હૃદયના સ્નાયુઓ યોગ્ય રીતે કામ કરવાનું બંધ

### નિષ્ફળતાની અસર મહિલાઓ કરતા પુરૂષોને વધુ થાય છે!

કરી દે છે. આનું કારણ સંપૂર્ણપણે ભાવનાત્મક અથવા માનસિક છે, જેમ કે કોઈ પ્રિયજનનું મૃત્યુ, પ્રેમમાં દગો અથવા અલગ થવું અને કોઈ મોટો આંચકો. આ તારણો ૨૦૧૬ થી ૨૦૨૦ ની વચ્ચે આવા ૧,૯૫૮ દર્દીઓના આરોગ્ય ડેટાના વિશ્લેષણ પર આધારિત છે.

અમેરિકાની અગ્રણી મેડિકલ સંસ્થા જહોન હોપકિન્સ મેડિસિનના કાર્ડિયોલોજિસ્ટ ડો.ઇલેન વિટસ્ટેઇનના જણાવ્યાં અનુસાર, મહિલાઓમાં ભાવનાત્મક તણાવ, પુરુષોમાં શારીરિક તણાવને કારણે આ સિન્ડ્રોમ વધુ સક્રિય છે. જ્યારે પુરુષોમાં આવું થાય છે, ત્યારે તે વધુ ગંભીર અને ખતરનાક સ્વરૂપમાં બહાર આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, પુરુષો મૃત્યુ પણ પામી શકે છે.

### આ લક્ષણો હોઈ શકે :-

:- છાતીમાં અચાનક તીવ્ર દુ:ખાવો થવો
:- શ્વાસ લેવામાં તકલીફ
:- હૃદયના અનિયમિત ધબકારા
:- થાક અથવા બેભાન થઈ ગયાની લાગણી અનુભવવી

### બચવાના ઉપાયો :-

તણાવને નિયંત્રિત કરો :- યોગ, ધ્યાન અથવા ઉપચાર મદદરૂપ થઈ શકે છે.

દરરોજ રાત્રે ૭ થી ૯ કલાકની ઊંઘ લો :- ઊંઘના અભાવે હૃદયની તંદુરસ્તી પણ બગડે છે.

નિયમિત કસરત :- તે માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને સુધારે છે.

લાગણીને ન દબાવો :- પીડાને વહેંચવી મહત્વપૂર્ણ છે, ખાસ કરીને એવા પુરુષો કે જેઓ ઘણીવાર તેમની લાગણીઓને છુપાવે છે.

---

## અયોધ્યામાં અડધો અડધ યાત્રાળુઓ ઘટયાઃ અર્થ વ્યવસ્થા બગડીઃ હોટેલો ખાલીખમ

### યાત્રાળુઓની સંખ્યા ઘટતા સ્થાનિક વેપારીઓ ચિંતામાંઃ ગરમી, પરીક્ષાઓ, ભારત-પાક. યુદ્ધના તનાવે કરી મોટી અસર

અયોધ્યા તા.૧૯



રામનગરીમાં છેલ્લા બે મહિનાથી શ્રદ્ધાળુઓની સંખ્યા ૫૦ ટકા જેટલી ઘટી ગઈ છે. જેના કારણે રામનગરની અર્થ વ્યવસ્થા બગડી છે. રેસ્ટોરાઓ અને હોટેલો ખાલી-ખાલી છે. સ્થાનિક ધાર્મિક પર્યટન માટે આ ચિંતાનો વિષય બન્યો છે. આની અસર સ્થાનિક અર્થ વ્યવસ્થા પર જોવા મળી રહી છે.

મહાકુંભ દરમ્યાન આવેલી યાત્રીઓની ભીડ હાલમાં થંભી ગઈ છે. આથી સ્થાનિક વેપારીઓની ચિંતા વધી ગઈ છે. યાત્રીઓની આ ઘટતી અસર સીધી વેપાર, હોટેલ ઉદ્યોગ, પરિવહન સેવાઓ અને નાના દુકાનદારોની આવક પર પડી છે.

પહેલા અયોધ્યામાં રોજના દોઢથી બે લાખ શ્રદ્ધાળુઓ ઉમટતા હતા હવે રોજના ૭૦ હજાર શ્રદ્ધાળુઓ આવે છે. ઉતરપ્રદેશ ઈકોનોમિક એસોસીએશનનાં મહાસચીવ અને અર્થશાસ્ત્રી પ્રો.વિનોદ શ્રીવાસ્તવે પોતાના સર્વેનાં આધારે દાવો કર્યો છે કે ૧૦ માર્ચ બાદથી જ રામનગરીમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ઘટવા લાગી હતી.

સર્વેમાં એ પણ બહાર આવ્યું છે કે પર્યટકો સવારે આવે છે ને સાંજે પાછા ફરે છે.માંડ માંડ ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ કરે છે.

પ્રો.શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ભીષણ ગરમી અને પરીક્ષાઓના કારણે લોકો યાત્રા પર નીકળતા નથી આ ઉપરાંત ભારત-પાક તનાવે પણ પર્યટનને અસર કરી છે.

આશા છે કે ૨૦ જુન બાદ જયારે ચોમાસાની શરૂઆત અને ગરમી ઓછી થશે તો ફરીથી શ્રદ્ધાળુઓની સંખ્યા વધશે પર્યટન વધારવા માટે મિત્ર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવા પડશે.હોટેલના દરો ઘટાડવા પડશે પાર્કીંગ સ્થળો વધારવા પડશે.

---

## સોનામાં ફરી ૯૦૦નો ઉછાળો

રાજકોટ તા.૧૯

સોના-ચાંદીના ભાવોમાં ઉથલપાથલ વચ્ચે મોટી વધઘટનો સિલસિલો છે આજે સોનામાં ફરી ૯૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો.ચાંદીમાં ૬૦૦ રૂપિયા વધ્યા હતા.

રાજકોટમાં આજે હાજર સોનું રૂા.૯૦૦ ના ઉછાળાથી ૯૭૨૦૦ રહ્યું હતું. કોમોડીટી એકસચેંજમાં ૧૩૫૦ ના ઉછાળાથી ૯૩૮૦૦ રહ્યું હતું. વિશ્વ બજારમાં ૩૨૪૫ ડોલર હતું.હાજર ચાંદી ૬૦૦ વધીને ૯૮૪૫૦ હતી વિશ્વ બજારમાં ૩૨.૬૦ ડોલરનો ભાવ હતો.

સોનીબજારનાં વેપારીઓના કહેવા પ્રમાણે ઈઝરાયેલ-હમાસ તથા રશીયા-યુક્રેન યુદ્ધમાં શાંતિ સર્જાવાના બદલે ફરી વકરતા તથા અમેરિકા-ચીન ટ્રેડ ડીલ વિશે વિરોધાભાસી સંકેતોથી ટ્રેન્ડ ફરી તેજીનો બન્યો હતો અને વિશ્વ બજારમાં ઉછાળો હતો. અમેરિકામાં અનેકવિધ પડકારોને કારણે વ્યાજદર નહિં ઘટાડાયાની પણ અસર હતી.

---

જિલ્લાની કોર્ટમાં ૫ કરોડ ૧૨ લાખ કેસ પેન્ડિંગ !

## પાંચ વર્ષમાં અદાલતોમાં કેસોની ફાઈલો વધતી જશે !



નવી દિલ્હી : છેલ્લાં એક દાયકામાં કેસોના નિકાલ ઝડપી ગતિએ કર્યા હોવા છતાં દેશભરની અદાલતોમાં મુકદ્દમોનું ભારણ ઘટવાને બદલે વધી રહ્યું છે. હવે એવો અંદાજ છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં જિલ્લા અદાલતોમાં કેસોનું ભારણ ૫.૧૨ કરોડ સુધી પહોંચી શકે છે. જો કે, જો આ આગાહી ૯૫ ટકા સાચી હોય, તો પછી મુકદ્દમાઓની સંખ્યા ૮ કરોડ સુધી પહોંચી શકે છે. દેશમાં હાલ વસ્તી ૧૪૨ કરોડ નોંધાઈ રહી છે અને એક અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં દેશની કુલ વસ્તી લગભગ ૧૫૨ કરોડ સુધી પહોંચી જશે

ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ -૨૦૨૫ એ તેની આગાહીના આધારે જિલ્લા અદાલતોમાં પેન્ડિંગ કેસોની તપાસ કરી હતી અને ૨૦૩૦ સુધીમાં કેટલા કેસ હશે તેની આગાહી કરી હતી. તેમાં અંદાજ મૂકવામાં આવ્યો છે કે જિલ્લા અદાલતોમાં કેસોમાં ૧૫ ટકાનો વધારો થશે.

રિપોર્ટ મુજબ જો આ જ વધારો થાય તો ૨૦૩૦ સુધીમાં જિલ્લા અદાલતોમાં કેસોની સંખ્યા વધીને ૫.૧૨ કરોડ થવાની શક્યતા છે. જો વધારાની આગાહી ૫૦ ટકા સાચી હશે તો મુકદ્દમોની સંખ્યા ૬ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. જો આગાહી ૯૫ ટકા સાચી હશે તો મુકદ્દમોની સંખ્યા ૮ કરોડને પાર કરી જાય તેવી શક્યતા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨ સુધી દેશમાં ૪.૪૪ કરોડ કેસ પેન્ડિંગ છે. હાલ ૪.૫૭ કરોડથી વધુ કેસ પેન્ડિંગ છે. તાજેતરનાં વર્ષોમાં, જિલ્લા અદાલતોમાં કેસના નિકાલમાં ઉછાળો આવ્યો છે.

### પોલીસ તપાસનાં અભાવ મુખ્ય કારણ

ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટના સહ-સ્થાપક વલય સિંઘે જિલ્લા અદાલતોમાં વધતા જતા મુકદ્દમાના ભારણને ન્યાયાધીશોની અછત માટે જવાબદાર ગણાવ્યું હતું. સાથે જ જે રીતે કેસ આવે છે તે પ્રમાણે નિકાલ કરવામાં આવતો નથી. તેમણે કહ્યું કે પોલીસે પણ સમયસર કેસની તપાસ કરી ન હતી અને સમયસર ચાર્જશીટ ફાઇલ કરી ન હતી. ફોરેન્સિક રિપોર્ટ પણ સમયસર ઉપલબ્ધ નથી. કેટલીકવાર પોલીસને રિપોર્ટની રાહ જોવી પડે છે.

---

સાંસદો-પુર્વ ડિપ્લોમેટના ૭ પ્રતિનિધિ મંડળ ઉપરાંત વિદેશમંત્રી જયશંકર પણ વિદેશ જશે

# હવે પાકિસ્તાન પર વિશ્વભરમાં ઝીંકાશે ડિપ્લોમેટીક બોમ્બ

### વિદેશમંત્રી એસ.જયશંકર, યુરોપીયન દેશોનો મોરચો સંભાળશેઃ આજથી જ છ દેશોના પ્રવાસે રવાના

### ૫૯ સિનિયર સાંસદો તથા ડિપ્લોમેટ પાકનું ત્રાસવાદ 'ચરિત્ર' ખુલ્લુ પાડવા તૈયારઃ મોદી સરકારનો પાકને ભીડવવા નવો વ્યુહ

### પહેલગામ હુમલા- પાકમાં ત્રાસવાદીઓની સરભરા- સહાય અને સરકાર-સૈન્યના સાથેના ચહેરો ખુલ્લો પાડશે

નવી દિલ્હીઃ ઓપરેશન સિંદુરના ડિપ્લોમેટીક આક્રમણને વધુ મજબૂત બનાવતા ભારતે હવે આ સપ્તાહમાં અમેરિકા સહિત વિશ્વના ૩૩ દેશોમાં ભાજપના સાંસદો અને ૮ પુર્વ ડિપ્લોમેટના બનેલા સાત પ્રતિનિધિમંડળ ત્રાસવાદમાં પાકની ભૂમિકાથી પહેલગામ હુમલા અંગે આ દેશોની સરકારોને માહિતગાર કરીને સરકારે આ પાક સામે ડિપ્લોમેટીક સ્ટ્રાઈકથી પાક હાંફળુ ફાંફળુ થઈ ગયુ છે તો બીજી તરફ ઓપરેશન સિંદુર બાદ પ્રથમ વખત વિદેશમંત્રી એસ.જયશંકર આજથી જ નેધરલેન્ડ, ડેનમાર્ક, જર્મની અને યુરોપીયન દેશોના છ દિવસના પ્રવાસે જઈ રહ્યા છે અને તેઓ હવે પાકના ત્રાસવાદી સહિતને ખુલ્લુ પાડશે.

સરકારે આ પ્રતિનિધિમંડળમાં પુર્વ ડિપ્લોમેટને પણ સામેલ કર્યા છે. આથી તા.૨૩ સુધી તેઓને વિદેશ મંત્રાલય દ્વારા બ્રિફ કરીને અને બાદમાં તા.૨૩થી આ પ્રતિનિધિમંડળ વિવિધ દેશોના પ્રવાસે રવાના થશે.

કેન્દ્ર સરકાર પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ પર ભારતનું વલણ સ્પષ્ટ કરવા માટે વિશ્વના ઘણા દેશોમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલી રહી છે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રી વિદેશ જઈ રહેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં સમાવિષ્ટ સાંસદો સાથે ચર્ચા કરશે. બે તબક્કાની પ્રક્રિયામાં, ઇજિપ્તના સાંસદોને ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન વિરૂધ્ધ મહત્વપૂર્ણ તથ્યો વિશે માહિતી આપવામાં આવશે.

આ બ્રીફિંગમાં, વિદેશ સચિવ તેમને ભારતના સત્તાવાર વલણ વિશે પણ માહિતી આપશે જેથી પ્રતિનિધિમંડળ વિદેશમાં દેશનો પક્ષ મજબૂત રીતે રજૂ કરી શકે. પહેલો તબક્કો ૨૦ મેના રોજ સંસદ ભવનમાં યોજાશે જ્યારે બીજો તબક્કો ૨૩ મેના રોજ યોજાશે. આ સાત પ્રતિનિધિમંડળોમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો, ભૂતપૂર્વ મંત્રીઓ અને ભૂતપૂર્વ રાજદૂતોનો સમાવેશ થાય છે.

બીજી તરફ, વિદેશ સચિવ વિક્રમ મિશ્રી સોમવાર અને મંગળવારે કોંગ્રેસના સાંસદ શશી થરૂરની આગેવાની હેઠળની સમિતિને 'ભારત અને પાકિસ્તાન સંબંધિત વર્તમાન વિદેશ નીતિના વિકાસ' વિશે માહિતી આપશે.

### ક્યાં સાંસદો ક્યાં દેશ જશે ? તેજસ્વી સૂર્યા અમેરિકાની મુલાકાતે આવનારા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનો ભાગ બનશે:

ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાએ રવિવારે જણાવ્યું હતું કે તેઓ પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે ભારતનો વલણ રજૂ કરવા માટે અમેરિકા અને લેટિન અમેરિકાની મુલાકાત લેનારા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનો ભાગ બનશે. સૂર્યા ૨૩ મે થી ૬ જૂન સુધી ચાલનારી આ યાત્રામાં કોંગ્રેસના સાંસદ શશી થરૂર અને અન્ય લોકો સાથે જોડાશે. આ પહેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની મુખ્ય રાજદ્વારી પહેલનો એક ભાગ છે, જેના હેઠળ ૩૨ દેશો અને યુરોપિયન યુનિયનની મુલાકાત લેવા માટે સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળોની રચના કરવામાં આવી છે. દરેક ટીમમાં નિવૃત્ત રાજદ્વારીઓનો સમાવેશ થાય છે જે સાંસદોને મદદ કરશે. આ પ્રતિનિધિમંડળોનો ઉદ્દેશ્ય આતંકવાદ સામે ભારતના મક્કમ અને એકીકૃત વલણને રજૂ કરવાનો અને સરહદ પારના હુમલાઓનો જવાબ આપવાના તેના અધિકાર પર ભાર મૂકવાનો છે.

### બૈજયંત પાંડાના નેતૃત્વમાં સાત સાંસદો સાઉદી અરેબિયા જશે

સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના પહેલા જૂથના સાત સાંસદો ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં સાઉદી અરેબિયા, કુવૈત, બહેરીન અને અલ્જેરિયા જશે. આ જૂથમાં ભાજપના સાંસદ નિશિકાંત દુબે, એસ ફાંગનોન કોન્યાક, રેખા શર્મા, AIMIM સાંસદ અસદુદ્દીન ઓવૈસી, સતનામ સિંહ સંધુ, ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે. રાજકારણી હર્ષવર્ધન શ્રૃંગલા તેમની સાથે રહેશે.

### બીજો જૂથ યુકે, ફ્રાન્સ અને જર્મની જશે

ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સાંસદોનું બીજું જૂથ યુકે, ફ્રાન્સ, જર્મની, યુરોપ, ઇટાલી અને ડેનમાર્ક જશે. જેમાં બીજેપી સાંસદ ડી પુંદેશ્વરી, શિવસેના યુબીટી સાંસદ પ્રિયંકા ચતુર્વેદી, નામાંકિત સાંસદ ગુલામ અલી ખટાના, કોંગ્રેસ સાંસદ ડો. અમર સિંહ, બીજેપી સાંસદ સમિક ભટ્ટાચાર્ય, એમજે અકબર સામેલ હશે. તેમની સાથે રાજદ્વારી પંકજ સરન પણ રહેશે.

### ત્રીજા જૂથનું નેતૃત્વ JDU સાંસદ સંજય ઝા કરશે

સાંસદોનું ત્રીજું જૂથ JDU સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વમાં ઇન્ડોનેશિયા, મલેશિયા, કોરિયા પ્રજાસત્તાક, જાપાન અને સિંગાપોર જશે. જેમાં ભાજપના સાંસદ અપરાજિતા સારંગી, બીજેપી સાંસદ બ્રિજલાલ, સીપીઆઈ એમ સાંસદ ડો. જોન બ્રિટાસ, બીજેપી સાંસદ પ્રદાન બરૂઆ, હેમાંગ જોશી અને કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદનો સમાવેશ થાય છે. રાજદ્વારી મોહન કુમાર આ જૂથમાં રહેશે.

### સાંસદોનું ચોથું જૂથ યુએઈ અને કોંગો જશે

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં સાંસદોનું ચોથું જૂથ સંયુક્ત આરબ અમીરાત, લાઇબેરિયા, કોંગો પ્રજાસત્તાક, સિએરા લિયોન જશે. આ જૂથમાં ભાજપના સાંસદ બંસુરી સ્વરાજ, IUML સાંસદ ઇટી મોહમ્મદ બશીર, બીજેપી સાંસદ અતુલ ગર્ગ, બીજેડી સાંસદ સસ્મિત પાત્રા, બીજેપી સાંસદ મનન મિશ્રા અને ભૂતપૂર્વ સાંસદ એસએસ અહલુવાલિયાનો સમાવેશ થાય છે. રાજદ્વારી સુજાન ચિનોય પણ આ જૂથમાં હશે.

### શશિ થરૂરના નેતૃત્વમાં સાંસદો અમેરિકા, પનામા, બ્રાઝિલ જશે

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના નેતૃત્વમાં સાંસદોનું એક જૂથ અમેરિકા, પનામા, ગુયાના, બ્રાઝિલ અને કોલંબિયા જશે. તેમાં એલજેપી સાંસદ શાંભવી, જેએમએમ સાંસદ ડો. સરફરાઝ અહેમદ, ટીડીપી સાંસદ જીએમ હરીશ બાલયોગી, ભાજપના સાંસદ શશાંક મણિ ત્રિપાઠી, ભુવનેશ્વર કલિતા, શિવસેના સાંસદ મિલિંદ દેવરા, બીજેપી સાંસદ તેજસ્વી સૂર્યા સામેલ થશે. રાજદ્વારી તરનજીત સિંહ સંધુ આ જૂથમાં રહેશે.

### કનિમોઝી છઠ્ઠા જૂથનું નેતૃત્વ કરશે

સાંસદોનું છઠ્ઠું જૂથ ડીએમકે સાંસદ કે કનિમોઝીના નેતૃત્વમાં સ્પેન, ગ્રીસ, સ્લોવેનિયા, લાતવિયા અને રશિયા જશે. આ જૂથમાં સપા સાંસદ રાજીવ રાય, એનસી સાંસદ મિયાં અલ્તાફ અહેમદ, બીજેપી સાંસદ કેપ્ટન બ્રજેશ ચૌટા, આરજેડી સાંસદ પ્રેમચંદ ગુપ્તા, આપ સાંસદ અશોક કુમાર મિત્તલના નામ સામેલ છે. આ જૂથમાં રાજદ્વારીઓ મનજીવ એસ પુરી અને જાવેદ અશરફનો સમાવેશ થશે.

### સાંસદોનું સાતમું જૂથ ઇજિપ્ત અને કતાર જશે

સાંસદોનું સાતમું જૂથ NCP શરદ સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વમાં ઇજિપ્ત, કતાર, ઇથોપિયા, દક્ષિણ આફ્રિકા જશે. આ જૂથમાં બીજેપી સાંસદ રાજીવ પ્રતાપ રૂડી, AAP સાંસદ વિક્રમજીત સિંહ, કોંગ્રેસ સાંસદ મનીષ તિવારી, બીજેપી સાંસદ અનુરાગ ઠાકુર, TDP સાંસદ લવુ શ્રીકૃષ્ણ દેવરાયાલુ, આનંદ શર્મા, વી મુરલીધરન સામેલ હશે. આ જૂથમાં રાજદ્વારી સૈયદ અકબરુદ્દીનનો પણ સમાવેશ કરવામાં આવશે.

## સાંસદ યુસુફ પઠાણે દેશના પ્રતિનિધિ મંડળમાં જવા ઈન્કાર કર્યો

### મારા પક્ષને પૂછયા વગર મારૂ નામ સામેલ કર્યુ છે



નવી દિલ્હીઃ પાકિસ્તાનને વિશ્વમાં ત્રાસવાદ મુદે ખુલ્લુ કરવા ભારતે ૩૩ દેશોમાં જે પ્રતિનિધિમંડળ મોકલવા નિર્ણય લીધો છે. તેઓ સીનીયર સાંસદ શશી થરૂરના સમાવેશ અંગે કોંગ્રેસ પક્ષે વાંધો ઉઠાવીને સરકાર સાથે વિવાદ સર્જયા છે તો પુર્વ ક્રિકેટર તથા પશ્ચિમ બંગાળમાંથી ચુંટાયેલા તૃણમુલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણે આ પ્રતિનિધિમંડળમાં જોડાવાનો ઈન્કાર કર્યા છે.

પઠાણે એવો દાવો કર્યો છે કે તેમના પક્ષ સાથે કોઈ સંતલત કર્યા વગર જ તેના નામની પસંદગી કરવામાં આવી છે પણ તે ઉપલબ્ધ નથી. તૃણમુલ કોંગ્રેસે એવું વલણ લીધુ છે કે વિદેશ નીતિ એ કેન્દ્રના અધિકાર ક્ષેત્રની નીતિ છે અને તેથી તેણે જ કોઈપણ જવાબદારી તેની હોવી જોઈએ. પઠાણને જનતાદળ (યુ)ના સાંસદ સંજયકુમારના નેતૃત્વમાં ઈન્ડોનેશિયા, મલેશિયા વિ. દેશમાં જવાનું હતું.

---

## બ્રિટીશ પર્વતારોહકે ૧૯મી વાર માઉન્ટ એવરેસ્ટ સર કરી પોતાનો જ રેકોર્ડ તોડયો



કાઠમંડુ (નેપાળ) તા.૧૯

બ્રિટીશ પર્વતારોહક ગાઈડે રવિવારે ૧૯મી વાર માઉન્ટ એવરેસ્ટ સર કર્યુ હતું અને સુનિયાનો સૌથી ઉંચો પર્વત સૌથી વધુ વાર સર કરીને પોતાનો જ રેકોર્ડ તોડયો હતો.

આ બ્રિટીશ પર્વતારોહક માઉન્ટ એવરેસ્ટ સૌથી વધુ સર કરનાર એવા વ્યકિત છે

જે શેરપા સમુદાયમાંથી નથી આવતા. હિમાલયન ગાઈડસ નેપાળના ઈશ્વરી પોડેલે જણાવ્યું હતું કે દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડના રહેવાસી ૫૧ વર્ષીય કેંટન કૂલે રવિવારે અન્ય પર્વતારોહકોની સાથે ૮,૮૪૯ મીટર ઉંચુ શિખર સર કર્યુ હતું. તેમનું સ્વાસ્થ્ય સારૂ રહ્યું હતું.

જોઈએ છે
બસ ડ્રાઈવર
આર્યવીર નર્સિંગ ઈન્સ્ટીટયુટ
M:8342983439

VEHICLE FOR SALE
VEHICLE MODEL
MARUTI SWIFT VDI
Model : 2015 • Reg No. GJ-01-RJ-9079
IndusInd Bank
2nd Floor, Business Empire, Opp. Swami Vivekanand Statue, Dr. Yagnik Road, Rajkot - 360001
ABHIJEETBHAI GOHEL : 98795 89009

VEHICLE FOR SALE
VEHICLE MODEL
MARUTI EECO 5 STR AC
Model : 2018 • Reg No. GJ-03-KP-7459
IndusInd Bank
2nd Floor, Business Empire, Opp. Swami Vivekanand Statue, Dr. Yagnik Road, Rajkot - 360001
ABHIJEETBHAI GOHEL : 98795 89009

# આરોગ્ય અધિકારીની પાંખો કાપી લેતા કમિશ્નર : ભાજપ કોર્પોરેટરોની ફરિયાદનો પડઘો

## નાણાકીય સત્તા હવે ડે.કમિશ્નરના હવાલે : આરોગ્ય કેન્દ્રોનું સુપરવિઝન ડે.કલેકટરને : સ્ટે.ચેરમેન જયમીન ઠાકરના હિટવેવ જેવા આકરા વલણ પરથી હુકમ : અધિકારીઓમાં સોંપો

રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાપાલિકામાં છેલ્લા થોડા સમયથી ભારે ચર્ચાસ્પદ બની ગયેલી આરોગ્ય શાખાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણી સામે ભાજપના કોર્પોરેટરોની અનેક ફરિયાદો, ચેરમેન સહિતના પદાધિકારીઓએ કરેલી નાણાકીય બાબતો અંગેની ફરિયાદો, ભાજપ સંકલનમાં બોલેલી બઘડાટી સહિતની કમિશ્નરે કરાવેલી પ્રાથમિક તપાસ બાદ આજે બપોરે આરોગ્ય અધિકારીની નાણાકીય સત્તાઓ પર કાપ મૂકી દેવામાં આવ્યો છે. કમિશ્નરે એક ખાસ હુકમ બહાર પાડીને નાણાકીય કાર્યવાહીઓ ડે.કમિશ્નર હેઠળ જ કરાવવા અને સુપરવિઝન પણ નાયબ કમિશ્નરે જ કરવા આદેશ કર્યો છે.

કમિશ્નર તુષાર સુમેરાએ આજે કરેલા હુકમમાં આરોગ્ય શાખાની રોજબરોજની કામગીરીનું મોનીટરીંગ પણ તેઓએ મધ્યાહન ભોજન નાયબ કલેકટરને સોંપી દેતા મનપાના અધિકારી વર્ગમાં સોંપો પડી ગયો છે.

ગત મહિને ભાજપ સંકલનની મીટીંગમાં તમામ કોર્પોરેટરોએ એક અવાજે આરોગ્ય અધિકારીની કાર્યપધ્ધતિ, સંકલન, નકારાત્મક વલણ સહિતની ફરિયાદો કરી હતી. મેયર અને ભાજપ પ્રમુખની હાજરીમાં આ ધગધગતી ચર્ચા થઇ હતી અને જો આરોગ્ય અધિકારી સામે પગલા ભરવામાં નહીં આવે તો કોર્પોરેટરોને સંતોષ નહીં થાય તેવું સ્પષ્ટ કહી દીધુ હતું. આ બાદ ધારાસભ્ય, પદાધિકારીઓ અને કમિશ્નરની હાજરીમાં મળેલી બેઠકમાં પણ આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો અને કમિશ્નરને કડક કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવી હતી. સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે




આરોગ્ય વિભાગની ઘણી કાર્યવાહી અને ખર્ચની પ્રક્રિયા બાબતે કમિશ્નરનું ધ્યાન દોર્યુ હતું. પદાધિકારીઓએ અનેક ખર્ચ અને ખરીદી સહિતના કામકાજના પુરાવા પણ આપ્યા હતા. આ દરમ્યાન આજે કમિશ્નરે એક હુકમ કરી દીધો છે. કાલે જનરલ બોર્ડ પૂર્વે મળનારી ભાજપ સંકલન કે સભાગૃહમાં ફરી આરોગ્ય અધિકારી સામે ફરિયાદો થાય અને તડાપીટ બોલે તે પૂર્વે આજે તુષાર સુમેરાએ કરેલા હુકમથી પગલા લેવાની શરૂઆત થઇ ગયાનું કોર્પોરેટરોએ કહ્યું હતું. આરોગ્ય વિભાગનો તમામ વહીવટ રાજય સરકારની સીધી ગ્રાન્ટમાંથી થાય છે. આ ગ્રાન્ટનો આરોગ્ય અધિકારી સ્વતંત્ર રીતે ઉપયોગ કરવાની સત્તા ધરાવે છે. આ ખર્ચ અને સાધનોની ખરીદીમાં નીતિ નિયમો નહીં જળવાયાની ફરિયાદ અગાઉના અને હાલના કમિશ્નરને કરવામાં આવી હતી. દરમ્યાન તાજેતરમાં ભાજપના કોર્પોરેટરોની ફરિયાદોથી આ મામલો વધુ ગરમ થયો હતો.

આજે કમિશ્નરે કરેલા હુકમ મુજબ કોર્પો. આરોગ્ય શાખા હસ્તકના જુદા જુદા વોર્ડમાં આરોગ્ય કેન્દ્રોમાંથી લોકોને આ પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં આવે છે. હવે વહીવટી સરળતા ખાતર આરોગ્ય શાખાની રોજબરોજની કામગીરીની દેખરેખ હાલના કામ ઉપરાંત હવે સુશ્રી કિર્તન એ. રાઠોડ (નાયબ કલેકટર મધ્યાહન ભોજન)ને સોંપવાનો હુકમ કરવામાં આવ્યો છે. વિશેષમાં આરોગ્ય શાખાની તમામ નાણાકીય બાબતોની વિગત નાયબ કમિશ્નર આરોગ્યને ધ્યાનમાં મૂકવાની રહેશે. આ તમામ કામગીરીનું ચુસ્ત સુપરવિઝન હવેથી ડે.કમિશ્નર (આરોગ્ય)એ કરવાનું રહેશે તેમ પણ જાહેર કરવામાં આવ્યું છે.

# કમળો, ટાઇફોઇડ, મેલેરીયા સહિત રોગચાળાના ૧૪૮૦ કેસ

## કાળઝાળ ગરમી વચ્ચે સપ્તાહમાં શરદી-ઉધરસ, તાવ અને ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો : ૩૯૬ સ્થળે પાણીના કલોરીન ટેસ્ટ કરાયા

રાજકોટ, તા. ૧૯

રાજકોટમાં માવઠા બાદ ફરી કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ખોરાક અને મચ્છરજન્ય રોગચાળાના કેસ પણ ચાલુ રહ્યા છે. છેલ્લા અઠવાડિયામાં મેલેરીયાનો એક નવો કેસ આવ્યો છે તો ટાઇફોઇડ અને કમળાના પણ અર્ધો ડઝન સહિત કુલ ૧૪૮૦ કેસ બહાર આવ્યા છે. બીજી તરફ ખાનગી દવાખાનાઓમાં પણ આવા સીઝનલ રોગના દર્દીઓની અવરજવર વધુ દેખાઇ રહી છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ આજે જાહેર કરેલી માહિતી મુજબ તા.૧૨થી ૧૮-૫ના સપ્તાહમાં મેલેરીયાનો એક કેસ આવ્યો છે. આ સિવાય ખોરાક અને પાણીજન્ય ખતરનાક તાવ ટાઇફોઇડનો એક અને




કમળા-તાવના પાંચ કેસ આવ્યા છે. ચાલુ ૨૦૨૫ના વર્ષમાં ટાઇફોઇડના કુલ ૪૧ અને કમળાના ૪૫ દર્દીની નોંધ થઇ છે. જયારે શરદી-ઉધરસના ૬૨૦, સામાન્ય તાવના ૬૨૪ અને ઝાડા-ઉલ્ટીના ૨૨૯ દર્દીની નોંધ થઇ છે.

આરોગ્ય શાખા દ્વારા મચ્છરજન્ય રોગચાળાને રોકવા વિવિધ પ્રકારની કામગીરી થઇ રહી છે. અઠવાડિયામાં ૨૮૫૭૪ ઘરોમાં પોરાનાશક અને ૨૭૯ ઘરમાં ફિલ્ડવર્કર દ્વારા ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરના ઉપદ્રવવાળા વિસ્તારો, નદી કાંઠાના ભાગોમાં સઘન ફોગીંગ ડ્રાઇવ કરવામાં આવી રહી છે. મચ્છરની ઉત્પતિ બદલ બેદરકારી અંગે પણ નોટીસની કાર્યવાહી ચાલે છે. જેમાં બાંધકામ સાઇટ, સ્કુલ, હોસ્પિટલ, હોટલ, કારખાના, વાડી, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પમ્પ, સરકારી કચેરીઓ મળી કુલ ૧૩૪ મિલ્કતધારકને નોટીસ આપવામાં આવ્યાનું મેલેરીયા વિભાગે જણાવ્યું હતું.

**રોગચાળાના સપ્તાહના આંકડા**

| રોગ | સાપ્તાહિક કેસ |
|---|---|
| મેલેરીયા | ૧ |
| શરદી-ઉધરસ | ૬૨૦ |
| સામાન્ય તાવ | ૬૨૪ |
| ઝાડા-ઉલ્ટી | ૨૨૯ |
| ટાઇફોઇડ | ૧ |
| કમળો | ૫ |

**પાણીના નમુના**

શહેરમાં પાણીજન્ય રોગચાળો અટકાવવા સેમ્પલ લેવાની કામગીરી પણ ચાલુ છે. અઠવાડિયામાં ૩૯૬ ઘરમાં વિતરણ થયેલા પાણીના કલોરીન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ તમામ રીપોર્ટમાં પુરતુ કલોરીન થયાનો રીપોર્ટ મળ્યો હતો.

# મે ત્યારે મનમોહનસિંહને ચેતવ્યા હતા...મની લોન્ડરિંગ એકટનો દુરૂપયોગ થશે, આજે થઈ રહ્યો છેઃ શરદ પવાર

## શિવસેના યુબીટીના સાંસદ સેંજય રાઉતના પુસ્તકના શરદ પવારના ભાજપ પર પ્રહારો વિમોચનમાં

મુંબઈ,તા.૧૯

નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના પ્રમુખ શરદ પવારે યુપીએ સરકારને મની લોન્ડરિંગ કાયદાનો સંભવિત દુરૂપયોગ થવાની પહેલાંથી જ અગમચેતી આપી હોવાનો મોટો ખુલાસો કર્યો છે. શરદ પવારની આ ચેતવણીને યુપીએ સરકારે નજરઅંદાજ કરી હતી. જેનો આજે વર્તમાન સરકાર દ્વારા મોટાપાયે દુરૂપયોગ થઈ રહ્યો હોવાનો દાવો પણ પવારે કર્યો છે.

શરદ પવારે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતના પુસ્તક 'નરકાતલા સ્વર્ગ' (નરક મેં સ્વર્ગ)ના વિમોચન પર આ નિવેદન આપ્યું હતું કે, વર્તમાન ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે આ કાયદાનો ઉપયોગ કરી વિપક્ષના અનેક નેતાઓને ટાર્ગેટ બનાવ્યા છે. મેં યુપીએ સરકારને આ કાયદાનો દુરૂપયોગ થવાની ચેતવણી આપી હતી.

પવારે જણાવ્યું કે, તે સમયે હું યુપીએ સરકારમાં મંત્રી હતો. ત્યારે તે સમયના નાણા મંત્રી પી. ચિદમ્બરમ પીએમએલએમાં સંશોધનનો પ્રસ્તાવ લાવ્યા હતાં. મેં તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહની મુલાકાત કરી તેમને ચેતવ્યા હતાં કે, આ કાયદાનો ભવિષ્યમાં દુરૂપયોગ થઈ શકે છે.

શરદ પવારે આરોપ લગાવ્યો કે, ૨૦૧૪ બાદ ભાજપ સરકારે આ કાયદાનો આધાર લઈ ચિદમ્બરમ સહિત અનેક વિપક્ષના નેતાઓને ખોટા કેસમાં જેલ મોકલ્યા. સંજય રાઉત અને અનિલ દેશમુખ પણ આ કાયદાનો ભોગ બન્યા હતાં.

સંજય રાઉતે પોતાના આ પુસ્તકમાં ૧૦૧ દિવસનો કારાવાસનો અનુભવ લખ્યો છે. આ પુસ્તકની ગીતકાર જાવેદ અખ્તરે પ્રશંસા કરતાં કહ્યું છે કે, તેઓ જેલની આકરી સજા સામે પણ ઝૂકયા નહીં. જ્યારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, કેન્દ્ર સરકારની તાનાશાહી નીતિઓએ ભારત જેવા સ્વર્ગને નરક બનાવી દીધુ છે.

# જેતપુરના ફૂલવાડી વિસ્તારમાં બુટલેગર સાજીદ શેખની હત્યા

## ગઈકાલે સાજીદ શેખને માથાકૂટ થયાં બાદ તેને ઢોર માર માર્યો હતો, સારવારમાં ખસેડાયા બાદ ત્યાંથી નાસી ગયો હતો, આજે ફરીવાર માથાકૂટ થઈ અને અજાણયાં શખ્સોએ બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો

રાજકોટ. તા.૧૯

જેતપુરના સામા કાંઠા વિસ્તારમાં રહેતા બુટલેગર સાજીદ શેખની ફૂલવાડી વિસ્તારમાં અજાણ્યાં શખ્સો હત્યા કરી નાસી છૂટતાં ચકચાર મચી ગઇ હતી. ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.ગઈકાલે સાજીદ શેખને માથાકૂટ થયાં બાદ તેને ઢોર માર માર્યો હતો, સારવારમાં ખસેડાયા બાદ ત્યાંથી નાસી ગયો હતો, આજે ફરીવાર માથાકૂટ થઈ અને અજાણ્યાં શખ્સોએ બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દિધો હોવાનું પ્રાથમિક સામે આવી રહ્યું છે.



**ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો દોડી ગયો, તપાસનો ધમધમાટ, મૃતક થોડાં સમય પહેલાં જ જેલમાંથી છૂટી આવ્યો 'તો**

પ્રાપ્ત વિગત મુજબ જેતપુરના ભાદરના સામા કાંઠે રહેતા સાજીદ ભાઈ ઉર્ફે સાજલો હાજીભાઈ શેખ ૨૫ ની આજે સવારે ફૂલવાડી વિસ્તાર નજીકથી હત્યા કરાયેલી લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ને જાણ કરતા દોડી આવેલ ૧૦૮ ની ટીમે યુવાનને તપાસી મૃત જાહેર કર્યો હતો. ઘટના સ્થળે પહોંચેલ પોલીસની ટીમે તપાસનો ધમધમાટ આદરી બનાવનું કારણ તેમજ આરોપી સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

વધુમાં મળતી વિગત મુજબ, મૃતક દેશી દારૂનો ધંધાર્થી છે અને ચારેક માસ પહેલાં જ પાસામાંથી જેલમાંથી છૂટી આવ્યો હતો. દરમિયાન ગઈકાલે તેમને કોઈ શખ્સો સાથે ઝઘડો થયો હતો અને તેને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયો હતો. જો કે, તેમની પાસે પોલીસ વિગત લેવા પહોંચે તે પહેલા જ તે હોસ્પિટલેથી ભાગી ગયો હતો. જે બાદ આજે સવારે તેને અજાણ્યાં શખ્સો સાથે ફરીવાર ઝઘડો થતાં આરોપીઓએ બોથડ પદાર્થનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાનું પ્રાથમિક સામે આવી રહ્યું છે. જો કે, પોલીસ તપાસ હજું યથાવત છે.

# રાજકોટના ભુપગઢ ગામના શખ્સનો ત્રાસ, એટ્રોસિટીની ફરિયાદો નોંધાવી ગ્રામજનોને હેરાન કરે છે

## પ્રકાશ રાઠોડ વિરુદ્ધ ગ્રામજનો એક થયાં, પોલીસ કમિશનરને રજુઆત



તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ. તા.૧૯

ભુપગઢ ગામે રહેતા રહીશો દ્વારા રાકેશ રાઠોઠ નામના શખ્સ દ્વારા કાયદાનો દુરૂપયોગ કરી એટ્રોસિટીની ખોટી ફરિયાદો કરી હેરાનગતી કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે પોલીસ કમિશનરને રજુઆત કરવામાં આવી હતી.તે શખ્સ સામે પગલાં લેવા માંગણી કરી હતી.

પોલીસ કમિશ્નર કચેરી ખાતે રજુઆત કરવા આવેલા ભૂપગઢના ગ્રામજનોએ લેખિતમાં કરેલી અરજીમાં આક્ષેપ કર્યો હતો કે, ભુપગઢ ગામ ખાતે રાકેશ જસાભાઈ રાઠોડ રહે છે અને તેઓ અનુસુચિત જાતિના હોય તેઓ કાયદાનો દૂરઉપયોગ કરીને ગ્રામજનોનો બ્લેક મેઈલ કરવા માટે વારંવાર ગ્રામજનો વિરૂદ્ધ યેનકેન પ્રકારે ખોટી ફરીયાદો, આવેદનો આપીને ટાર્ગેટ કરે છે. તેમજ રાકેશ જસાભાઈ રાઠોડ એક જ જ્ઞાતિને ટાર્ગેટ કરે છે અને તેના વિરૂદ્ધ વૈમનસ્ય રાખીને ખોટી ફરીયાદો કરે છે. રાકેશના પિતા વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગનો કેસ થયેલ અને તેમાં તેને સજા થયેલ હતી જે બાબતનો ખાર રાખીને કાયદાનો દૂરઉપયોગ કરીને ગ્રામજનો વિરૂદ્ધ તેઓ વારંવાર ખોટી ફરીયાદો અને આવેદનો આપીને હેરાન-પરેશાન કરતા રહે છે અને માનસિક અને આર્થિક રીતે લોકોને બરબાદ કરવાના ઈરાદાથી આવા કાર્યો કરતા રહે છે. ગ્રામજનોએ જણાવ્યું હતુ કે,ગ્રામ પંચાયત તરફથી ગામ માટે થતા વિકાસના કાર્યોમાં પણ ખોટી અરજીઓ કરીને ગામનો વિકાસ રૂંધાય અથવા ઢીલમાં પડે તેવા તેના સતત પ્રયાસો રહે છે. રાકેશ અને તેના પિતા દેશી દારૂના હાટડા ચલાવે છે, ગ્રામજનો વિરુદ્ધ બેફામ વાણી વિલાસ કરે છે અને ગ્રામજનોમાં વૈમનશ્ય ફેલાય તેવા નિવેદનો જાહેરમાં આપે છે અને તેને કોઈ સમજાવટ કરવા જાય તો એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ કરવાની ધમકીઓ આપે છે. જેથી રાકેશ રાઠોડના ત્રાસમાંથી મુક્તિ અપાવવામાં આવે તેવી રજુઆતો ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી.

# જાફરાબાદનાં દરિયામાંથી નાસી છુટેલી બોટ દમણથી મળીઃ બોટ સવાર તમામને રાઉન્ડ અપ કરાયા

## સ્થાનિક માછીમારોએ જાણ કરતા કોસ્ટગાર્ડનાં હેલિકોપ્ટરે દમણ નજીક બોટને આતંરીઃ સુરક્ષા એજન્સીની તપાસ શરૂ



**પોલીસ અને કોસ્ટગાર્ડને જાણ કરતા આ શંકાસ્પદ બોટને રોકવાની કોશીષ કરતા બોટ નાસી ગઈ હતી**

રાજકોટ,તા.૧૯

ભારત પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા તણાવ બાદ અમરેલી જિલ્લાનાં જાફરાબાદના દરિયામાં એક શંકાસ્પદ જોવા મળતા મરીન પોલીસ અને કોસ્ટગાર્ડને જાણ કરાતા આ શંકાસ્પદ બોટ નાસી જતા આખરે કોસ્ટગાર્ડનાં હેલીકોપ્ટરે આ બોટને દમણ નજીક આતંકી બોટમાં સવાર લોકોને રાઉન્ડ અપ કર્યા હતાં.

જાફરાબાદના દરિયામાં જાફરાબાદથી ૨૨ નોટિકલ માઈલ એક શંકાસ્પદ બોટ દેખાતા ગુજરાતભરનો દરિયો કિનારો એલર્ટ કરાયો હતો. જાફરાબાદના સ્થાનિક માછીમારો અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ મરીન

દરમિયાન કોસ્ટગાર્ડનાં હેલીકોપ્ટરની મદદ લેવામાં આવતા આ બોટને દમણ નજીક આંતરી લેવાઈ હતી અને બોટમાં સવાર લોકોને રાઉન્ડઅપ કરી બહાર કાઢી લેવાયા છે. તો બીજી તરફ બોટમાં રહેલા લોકો વિશે હજુ સુધી કોઈ માહિતી સાથે આવી નથી દરિયાઈ સુરક્ષાને ધ્યાને લઈ જાફરાબાદ, ચાંચબંદર શિયાળબેટ, નવાબંદર, સહિતના બંદરો પર સુચના આપી પરત બોલાવામાં આવ્યા છે. સુરક્ષા એજન્સીએ અલર્ટ થઈ છે.

# અવસાન નોંધ

રાજકોટ: ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ મુદ્ગલ ગૌત્ર, રાજકોટ નિવાસી સ્વ.કિશોરચંદ્ર ત્રિપુરાશંકર પંડયાના પુત્ર તેમજ સ્વ.સુરેશચંદ્ર કાંતિલાલ પંડયા, મહેન્દ્રભાઈ કાંતિલાલ પંડયા, સ્વ.યોગેશભાઈ કિશોરચંદ્ર પંડયા, અરૂણભાઈ (૯૯૭૯૯૦૨૬૧૨) અતુલભાઈ, ચંદ્રપ્રભાબેન પ્રવિણકુમાર જોશી, સ્વ.કલ્પનાબેન રાજેન્દ્રકુમાર જોશીના ભાઈ તથા સ્વ.હિંમતલાલ હરિલાલ જોશીના જમાઈ તેમજ પ્રદિપભાઈ, વિમલભાઈ, અભયભાઈના બનેવી તેમજ ફાલ્ગુનીબેન વિજયકુમાર મહેતા, ધારીણીબેન કિરીટકુમાર જોશી, જીજ્ઞાબેન હિમાંશુકુમાર ત્રિવેદી, જયોતિબેન કૌશિકકુમાર પંડયાના પિતાશ્રી કપિલરાય કિશોરચંદ્ર પંડયા (ઉ.વ.૭૪)નું તારીખ ૧૮ રવિવારના રોજ અવસાન થયેલ છે. જેમનું બંને પક્ષનું ઉઠમણું/બેસણું તારીખ ૨૨ ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ ધારેશ્વર મંદિર ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

**સરકારના લેણામાં વ્યાજ-પેનલ્ટી અને તેના પરનું વ્યાજ ચૂકવવું પડશે**

# વોડાફોન-એરટેલ-ટાટાને ફટકોઃ સરકારી લેણામાં રાહત આપવા સુપ્રીમનો ઈન્કાર




## ત્રણેય ટેલીકોમ કંપનીઓને ફટકારઃ વારંવાર શા માટે સુપ્રીમમાં દોડયા આવો છો

નવી દિલ્હીઃ દેશની ત્રણ સંદેશાવ્યવહાર કંપની વોડાફોન, આઈડીયા, ભારતી એરટેલ તથા ટાટા ટેલીકોમ્યુનીકેશનને એક આંચકો આપતા સર્વોચ્ચ અદાલતે આ ત્રણેય કંપનીઓની સરકારી લેણાની રકમ પરના વ્યાજ, પેનલ્ટી અને પેનલ્ટી પરના વ્યાજની રકમ રદ કરવાની માંગણી ફગાવી દીધી છે. લાંબા સમયથી આવતા આ વિવાદમાં સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ જે.બી.પારડીવાલા તથા આર.મહાદેવનની ખંડપીઠે વારંવાર આ મુદ્દા પર સુપ્રીમકોર્ટમાં આવવા બદલ ત્રણેય કંપનીઓની આકરી ઝાટકણી કાઢી હતી તથા શા માટે આ તમામ લેણી રકમ પરના વ્યાજ કે અન્ય ચાર્જ નાબુદ કરવા તે અંગે કંપનીઓની દલીલ સુપ્રીમકોર્ટની સમજણ બહારની હોવાનું જણાવ્યુ હતું. જસ્ટીસ પારડીવાલાએ કહ્યું કે બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસે અમો આવી અપેક્ષા રાખતા ન હતા અને કેન્દ્ર જો કોઈ કંપનીઓને ટેકો આપતો હોય તો તે નિર્ણયમાં પણ દરમ્યાનગીરી કરવાની ના પાડી હતી. વોડાફોન વારંવાર સરકારી મદદ માટે જાય છે અને તેણે સરકારી લેણા સામે શેર આપીને રાહત મેળવી છે. જે શેરની કિંમત હાલ તેના ઈસ્યુ પ્રાઈઝ કરતા પણ ઓછી છે. કુલ ૪૫૦૦૦ કરોડ રૂપિયા તેણે હાલ કેન્દ્રને ચુકવવાના છે.

ભારતી એરટેલે પણ વોડાફોનની માફક તેના લેણાની સામે શેર ઓફર કરવાની તૈયારી બતાવી છે અને તે મુદ્દે સુપ્રીમમાં ગઈ છે. તેણે પેનલ્ટી, વ્યાજ પેટે રૂા.૩૪૭૪૫ કરોડ ભરવાના છે. બંધ થઈ ગયેલી ટાટા ટેલીકોમ પણ તે મુદ્દે સુપ્રીમમાં ગઈ હતી. વોડાફોને તો ધમકી આપી હતી કે જો તેને સરકાર મદદ નહી કરે તો તેને પોતાની મોબાઈલ સેવા બંધ કરવી પડશે. આ કંપનીએ માર્ચ ૨૦૨૬માં એડજેસ્ટ ગ્રોથ રેવન્યુ પેટે જ રૂા.૧૮૦૦૦ કરોડ ચુકવવાના છે. તેની પાસે ૮૩૪૦૦ કરોડ પર વ્યાજ, પેનલ્ટી અને પેનલ્ટી પર વ્યાજના રૂા.૪૫૦૦૦ કરોડ દેવાના છે. તેણે સ્પેકટ્રમના પણ રૂા.૧.૧૯ લાખ કરોડ આપ્યા નથી.

# રાજકોટ જિલ્લામાં સૌપ્રથમ સિવીલ ડિફેન્સ વોલન્ટીયર તરીકે ૩૦ નાગરિકોને નિમણુંકપત્ર અપાયા

## વધુને વધુ લોકોને સિવીલ ડિફેન્સમાં જોડાવા અપીલ

રાજકોટ,તા.૧૯

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના મેવાસા ગામ ખાતે યોજાયેલા સેવા સેતુ સહિતના ત્રિવિધ કાર્યક્રમમાં સૌપ્રથમ ૩૦ નાગરિકોને સિવિલ ડિફેન્સ વોલન્ટીયર તરીકેના નિમણૂક પત્રો અપાયા હતાં.

કોઈ પણ પ્રકારની સંભવિત આપાતકાલીન પરિસ્થિતિમાં દેશસેવા કરવા માગતા દેશના નાગરિકો સિવિલ ડિફેન્સ વોલન્ટીયર તરીકે જોડાઈને પોતાની સેવા આપી શકે છે. આ યોજનામાં જોડાવા માગતા નાગરિકોએ નિયત ફોર્મ તથા એકરારનામું જિલ્લા વહીવટી તંત્રને રજુ કરવાનું હોય છે. જેતપુરના મેવાસા ખાતે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયા તથા જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ૩૦ નાગરિકોને સિવિલ ડિફેન્સ વોલન્ટીયર તરીકેના નિમણૂક પત્રો આજે એનાયત કરાયા હતા. આ તમામ નાગરિકોને સિવિલ ડિફેન્સની તાલીમ આપવામાં આવશે અને જરૂર પડ્યે રાષ્ટ્રહિત કાજે તેઓની સેવાઓ લેવામાં આવશે, તેમ ગોંડલના પ્રાંત અધિકારી રાહુલ ગમારાએ જણાવ્યું હતું. અને વધુને વધુ નાગરિકોને સિવિલ ડિફેન્સ વોલન્ટીયર તરીકે જોડાવા અપીલ કરી હતી.

# શેરબજારમાં મંદીનો ઝોકઃ સેન્સેકસ ૩૦૦ પોઈન્ટ તૂટયો

## મીડકેપ શેરોમાં કરંટ; બેંક ઈન્ડેકસ મજબુત

રાજકોટ તા.૧૯

મુંબઈ શેરબજારમાં અનિશ્ચિતતાભર્યો માહોલ હોય તેમ આજે હેવીવેઈટ શેરો દબાણ હેઠળ આવતા સેન્સેકસમાં ૩૦૦ પોઈન્ટનું ગાબડુ હતું. મીડકેપ શેરોમાં મીશ્ર ટોન હતો.

શેરબજારમાં આજે માનસ સાવચેતીનું રહ્યું હતું. ભારત પાકિસ્તાન ફરતે તમામ મોરચે ગાળીઓ કસી રહ્યું હોવાથી નવા કોઈ ગંભીર વળાંક આવવાની આશંકાથી માનસ સાવચેતીનું હતું.વૈશ્વિક આર્થિક મોરચે ફરી મંદીના ભણકારા ઈઝરાયેલ હમાસ તથા રશીયા-યુક્રેન યુદ્ધ વકરવાનો પણ ખચકાટ હતો. વહેલુ ચોમાસું વિદેશી સંસ્થાઓની લેવાલી જેવા પોઝીટીવ કારણો ડીસ્કાઉન્ટ થઈ રહ્યાનું ચિત્ર હતું. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે નવા ટ્રેન્ડ માટે નવા કારણોની પ્રતિક્ષા શરૂ થયાનો માહોલ બન્યો હોવાનું જણાય છે.

શેરબજારમાં આજે અદાણી પોર્ટ, એચસીએલ ટેકનો, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, લાર્સન, મહિન્દ્ર, રીલાયન્સ, ટીસીએસ, ટાઈટન, ગ્રાસીમ જેવા શેરોમાં ઉછાળો હતો.બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, કોટક બેંક, એનટીપીસી, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, બજાજ ઓટો, શ્રીરામ ફાઈનાન્સ, હીરો મોટો જેવા શેરોમાં સુધારો હતો.

મુંબઈ શેરબજારમાં સેન્સીટીવ ઈન્ડેકસ ૩૦૮ પોઈન્ટના ઉછાળાથી ૮૨૦૨૧ હતો તે ઉંચામાં ૮૨૪૨૪ તથા નીચામાં ૮૧૯૬૪ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૮૦ પોઈન્ટના ઉછાળાથી ૨૪૯૩૮ હતો તે ઉંચામાં ૨૫૦૬૨ તથા નીચામાં ૨૪૯૧૯ હતો.

# રાજકોટ જિલ્લામાં ૭૦થી વધુ હિજરતી મિલ્કતો પડતર હાલતમાં, લીસ્ટ પ્રોપર્ટી તંત્રને મોકલાયું

### સૌથી વધુ ૪૫ મિલ્કતો જેતપુરમાં: મુંબઈના કસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી તંત્રના આદેશ બાદ હરરાજી અંગેની પ્રક્રિયા: કલેકટર તંત્ર એકશનમાં

રાજકોટ તા.૧૯

રાજકોટ જીલ્લામાં ૭૦થી વધુ હિજરતી મિલ્કતો પડતર હાલતમાં છે. આ મિલ્કતોનું લીસ્ટ કલેકટર તંત્ર દ્વારા મુંબઈના કસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી તંત્રને મોકલી દેવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જીલ્લામાં આવેલી આવી હિજરતી મિલ્કતો અંગે કલેકટર તંત્ર દ્વારા સર્વે કરવામાં આવેલ હતો. તેમજ મુંબઈના કોસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી તંત્રના અધિકારીઓએ પણ રાજકોટ આવી આ અંગેનો રીપોર્ટ કલેકટર તંત્ર પાસેથી મેળવેલ હતો. કલેકટર તંત્રના સુત્રોએ આ અંગે જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લામાં ૭૦થી વધુ આવી હિજરતી મિલ્કતો આવેલી છે જે હાલ પડતર હાલતમાં છે.



આ મિલ્કતોમાં સૌથી વધુ ૪૫ જેટલી મિલ્કતો જેતપુર શહેરમાં આવેલી છે. આ ઉપરાંત ગોંડલ, ઉપલેટા, ધોરાજી, સહિતના તાલુકાઓમાં પણ હિજરતી મિલકતો આવેલી છે. કલેકટર તંત્ર દ્વારા આ હિજરતી મિલ્કતો અંગેનું લીસ્ટ મુંબઈના કસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી તંત્રને મોકલી દેવામાં આવેલ છે.

અગાઉ જીલ્લામાં રહેલી આ હિજરતી મિલ્કતોના મામલે મુંબઈના કસ્ટોડીયન ઓફ એનીમી તંત્ર દ્વારા જીલ્લા કલેકટર સહિતના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી. કલેકટર તંત્રના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે જીલ્લામાં આવેલી આ હિજરતી મિલકતો ખાલી અને પડતર હાલતમાં છે. મુંબઈના કસ્ટોડીયન ઓફ એનીમી તંત્રના આદેશ આવ્યા બાદ કલેકટર તંત્ર દ્વારા આ મીલ્કતોની હરરાજીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# હું માત્ર દાતા છું, આયોજક નથી ; સેવાનાં હેતુથી જોડાયો હતો : પિન્ટુ પટેલ

### વિક્રમભાઈ સોરાણીએ સારા ઉદેશથી સમૂહલગ્નની વ્યવસ્થા રાખી હતી, ક્યારેય આવું પહેલા બન્યું નથી : પિન્ટુ પટેલ

રાજકોટ : શહેરના કુવાવડા રોડ હીરાસર એરપોર્ટ પાસે ગત ૨૭ એપ્રિલના રોજ શિવાજી સેના ફાઉન્ડેશન દ્વારા ૨૬ મો જાજરમાન ૫૫૫ દીકરીઓનો સર્વજ્ઞાતી સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું. આ લગ્નોત્સવ પૂર્ણ થયા બાદ અમુક વિવાદ સામે આવ્યા હતા જેમાં આયોજકો તરીકે વિક્રમ સોરાણી, પિન્ટુ પટેલના નામ આવ્યા હતા. આ સાથે અમુક દીકરીઓને ખોટા દાગીના અપાયા હોવાની ફરિયાદ સામે આવી હતી અને તેઓએ પોલીસમાં અરજી કરી હતી. ત્યારે 'સાંજ સમાચાર' સમક્ષ રજૂઆત અને માહિતી આપતા બોમ્બે સુપરના પિન્ટુભાઈ પટેલ જણાવે છે કે તેઓ ફક્ત દાતા હતા અને આયોજક નથી. તેવું શિવાજી સેનાના લેટરપેડ પર લેખિત લઈને આવેલ અને યુવા એડિટર કરણભાઈ શાહને આપ્યું જેમ લખાયું છે કે પિન્ટુભાઈ પટેલ પોતાની ઇચ્છા અને દાતા તરીકે જ સહાય કે દાન, ધર્મ કરેલ હોય અને તેથી તેની કોઈ જવાબદારી ન હતી, અને હવે પછી પણ નથી અને તેઓ તરફથી કોઈ ગેરરીતિ કરવામાં આવેલ નથી. આ પ્રકારની માહિતી લેટરપેડ પર રજૂ કરી હતી.

આ ઉપરાંત પિન્ટુ પટેલે જણાવ્યું કે લગ્નોત્સવ ખૂબ મોટા પાયે કરાયા હતા ત્યારે સ્વભાવિક છે કે અંદર કદાચ એક બે ફેરિયા આવી ગયા હોય જે પાણીનું વેચાણ કરતા હોય, હું નથી માનતો કે તે આયોજકો દ્વારા ગોઠવવામાં આવ્યા હોય. આ ઉપરાંત પિન્ટુ પટેલે જણાવ્યું કે શિવાજી ફાઉન્ડેશન દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે અને વિક્રમ સોરાણી દ્વારા ૧૦૦૦ થી વધુ દીકરીઓના લગ્નોત્સવ થયા છે તેથી હું જોડાયો હતો અને ફક્ત દાતા તરીકે ભૂમિકા ભજવી હતી, આયોજક તરીકે નહીં. છતાં જેટલી બને એટલી મદદ આ ફાઉન્ડેશનને કરવા હું તૈયાર હતો. બોમ્બે સુપર હાઇબ્રિડ સીડ અને યુએસએ ગ્લોબલ સિડઝના માલિક છે પિન્ટુ પટેલ.



'સાંજ સમાચાર' ખાતે રજૂઆત કરતા બોમ્બે સુપરના પિન્ટુ પટેલ : મે ફક્ત સેવાયજ્ઞમાં નાણાકીય સપોર્ટ આપ્યો હતો

# રાજકોટ જિલ્લામાં પંચાયતોની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ: ૩૦૦૦ જેટલા કર્મચારીઓની જરૂર પડશે: તાલીમ આપવા માટે આદેશ

### ૬૫ પંચાયતોની સામાન્ય અને ૨૪૨ની પેટાચૂંટણી અંગે તૈયારીઓ: ૪૬૮ બુથ ઉભા કરાશે: બુથદીઠ પાંચ-પાંચ કર્મચારીઓની જરૂર પડશે

રાજકોટ તા.૧૯

રાજકોટ જીલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થવા પામ્યું છે. જીલ્લામાં ૬૫ પંચાયતોની સામાન્ય અને ૨૪૨ પંચાયતોની પેટા ચૂંટણી યોજાનાર હોય જેમાં ૩૦૦૦ જેટલા કર્મચારીઓની જરૂર પડશે. આ કર્મચારીઓને તાલીમ આપવા માટે ચૂંટણીપંચ દ્વારા આદેશ કરી દેવામાં આવેલ છે.

ગ્રામ પંચાયતોની આ ચૂંટણીમાં આર.ઓ. અને એ.આર.ઓ.ની જવાબદારી નાયબ મામલતદારોને સોપવામાં આવનાર છે. આ આર.ઓ. અને એ.આર.ઓ.ના ઓર્ડરો આગામી સમયમાં તાલુકા મામલતદાર કચેરી મારફત ઈશ્યુ કરવામાં આવનાર છે. ગ્રામ પંચાયતોની આ ચૂંટણી માટે ૪૬૮ જેટલા બુથ ઉભા કરવામાં આવનાર છે.

દરેક મતદાન બુથોમાં પાંચ પાંચ કર્મચારીઓ ફરજ બજાવશે. ગ્રામ પંચાયતોની ચૂંટણી સંદર્ભે અગાઉ પ્રોવીજનલ મતદાર યાદી પ્રસિધ્ધ કરી દેવામાં આવી હતી. હવે આ ચૂંટણીમાં ફરજ બજાવનાર કર્મચારીઓને તાલીમ આપી સજજ કરવામાં આવનાર છે. પંચાયતોની ચૂંટણીમાં બેલેટ પેપરથી મતદાન થશે. જીલ્લામાં રાજકોટ તાલુકામાં પાંચ, કોટડા સાંગાણીમાં બે, લોધીકામાં ૧, પડધરીમાં ૩, ગોંડલમાં ૬, જેતપુરમાં ૪, ધોરાજીમાં ૨, ઉપલેટામાં ૪, જામકંડોરણામાં ૭, જસદણમાં ૧૫, અને વિંછીયામાં ૧૬ મળી કુલ ૬૫ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાશે.

જયારે રાજકોટ તાલુકામાં ૪૬, કોટડાસાંગાણીમાં ૧૭, લોધીકામાં ૧૩, પડધરીમાં ૨૮, ગોંડલમાં ૩૪, જેતપુરમાં ૨૪, ધોરાજીમાં ૧૧, ઉપલેટામાં ૧૭, જામકંડોરણામાં ૨૫, જસદણમાં ૧૫ અને વીંછીયા તાલુકામાં ૧૨ મળી કુલ ૨૪૨ પંચાયતોની પેટા ચૂંટણી યોજાશે જે અંગેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

# કલેકટર કચેરીમાં હવે તા.૨૩ના યોજાશે લેન્ડગ્રેબીંગની બેઠક: ૮૦ જેટલા કેસો

### ૨૦ જેટલા અરજદારોને રૂબરૂ હાજર રહેવા કલેકટર તંત્ર દ્વારા ફરમાન

રાજકોટ તા.૧૯

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૩ને શુક્રવારે લેન્ડગ્રેબીંગની બેઠક જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આવેલી છે જેમાં ૮૦ જેટલા કેસો સુનાવણી માટે મુકવામાં આવનાર છે. જે પૈકીના ૨૦ કેસોના અરજદારોને રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા ફરમાન કરવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરી ખાતે ગત શનિવારે આ લેન્ડગ્રેબીંગની બેઠક આયોજીત કરવામાં આવી હતી પરંતુ સેવા સેતુ કાર્યક્રમને લઈને આ બેઠક મુલત્વી રાખી દેવામાં આવી હતી. જે હવે આગામી તા.૨૩ને શુક્રવારે યોજવામાં આવનાર છે.

લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલકતો પચાવી પાડનારાઓ સામે કાયદાનો શિકંજો કસવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે લેન્ડ ગ્રેબીંગની આ બેઠકમાં મોટાભાગના કેસોમાં સમાધાન થઈ જતું હોય માત્ર જુજ કેસોમાં જ પોલીસ ફરીયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવે છે.

આગામી આ બેઠકમાં લેન્ડગ્રેબીંગના ૮૦ જેટલા કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે જેમાં ૨૦ જેટલા અરજદારોને કમીટીના મેમ્બરો દ્વારા રૂબરૂ સાંભળવામાં આવનાર છે.

### ▸▸ પહેલગામ હુમલા– ઓપરેશન સિંદુર વચ્ચેના ૧૫ દિવસના સમયનો પાક-ચીને ભરપુર લાભ ઉઠાવ્યો હતો ▸▸

# પાક સેનાને સેટેલાઈટ- રડાર ઈમેજ ચીન પુરૂ પાડતું હતુ

### દિલ્હીની ડિફેન્સ થિક ટેન્કનો ઘટસ્ફોટ: પાકને ચાલુ યુદ્ધે ચીને ભરપુર મદદ કરી:ભારતીય સેનાની પોઝીશન-એરબેઝ વિ.ની માહિતી લાઈવ આપતું હતું: અન્ય મદદો પણ કરી હતી

નવી દિલ્હી: ઓપરેશન સિંદુર સમયે ભારતે પાકમાં ત્રાસવાદી મથકોને ટાર્ગેટ કરીને કરેલી કાર્યવાહીથી ધુવાપુવા થયેલા પાક સૈન્યએ મિસાઈલ- ડ્રોન વિ. મારફત ભારત પર વળતો હવાઈ હુમલો કરવા પ્રયાસ કર્યો તે સમયે ચીન સૈન્ય તેને સેટેલાઈટ- રડાર વિ.થી પણ મદદ પુરી પાડી હતી. આમ ભારત-પાક વચ્ચેના આ મીની યુદ્ધમાં ચીન પણ સક્રીય હતું.

પાકે ભારત વિરુદ્ધ ચીની બનાવટના મિસાઈલ- ડ્રોન વિ.નો ઉપયોગ કર્યો જ હતો. પાક પાસે રડાર તથા અન્ય એર ડિફેન્સ સીસ્ટમ પણ ચીનની બનાવટની છે. ભારતે જો કે આ તમામ સીસ્ટમને નાકામીયાબ કરી નાખી હતી અને પાકના હવાઈદળ સહિતના મહત્વપૂર્ણ લશ્કરી મથકો પર હુમલા કરીને તબાહ કર્યુ હતું પણ હવે એ પણ ઘટસ્ફોટ થયો કે ભારતમાં સેનાની મુવમેન્ટ અને હવાઈદળના મથકો સહિતની માહિતી માટે પાક પુર્ણ રીતે ચીન પર જ આધારીત હતું. ચીનના સેટેલાઈટ તથા શક્તિશાળી રડાર ભારતીય દળોની હિલચાલ પર કેન્દ્રીત થયા હતા. નવી દિલ્હી સ્થિત સેન્ટર ફોર જોઈન્ટ વોટફેર સ્ટડીઝના ડિરેકટર જનરલ શશાંક કુમારે જણાવ્યું કે તા.૨૨ એપ્રિલના પહેલગાવ હુમલો થયો અને ભારતના એકશન તા.૬-૭ મે ના મધરાતના આવ્યો હતો અને આ ૧૫ દિવસના સમયગાળામાં ચીને પાક સેનાને તેના રડાર સીસ્ટમ તથા સેટેલાઈટ પોઝીશન એડજેસ્ટ કરવામાં પણ મદદ કરી હતી અને ચીને પણ તેની સેટેલાઈટ પોઝીશન રી-એમ્પ્લોય કરી હતી જેથી તે ભારતના સૈન્યની મુવમેન્ટ પર નજર રાખી શકે એટલુ જ નહી. અશોકકુમારનું માનવું છે કે ચીને પાક સૈન્યને લોજીસ્ટીક અને ગુપ્તચર સપોર્ટ પણ કર્યા હોય તે શકય છે. આ સેન્ટર હવે ભારતના સૈન્ય માટેની થિન્ક ટેન્ક સમાન છે. જેમાં સૈન્યના અધિકારીઓ પણ સામેલ છે અને તેણે આ રીપોર્ટ પર ચીનને પણ તેનો પ્રત્યાઘાત આપવા જણાવ્યુ હતું પણ ચીને જવાબ આપ્યો ન હતો.



### કર્નલ સોફિયા કુરેશી અંગેના વિધાનો ભારે પડશે

# MPના મંત્રી વિજય શાહ સામે ૩ IPSની SIT તપાસ

### સુપ્રીમનો આદેશ: એક મહિલા અધિકારી સહિત ત્રણેય મધ્યપ્રદેશ બહારના હશે: જો કે હાલ મંત્રીને રાહત: ધરપકડ સામે સ્ટે: માનવ અધિકાર આયોગ- બિહારમાં પણ ફરિયાદ

નવી દિલ્હી: ભારતીય ભૂમિદળના અધિકારી કર્નલ સોફિયા કુરેશી અંગે વિવાદાસ્પદ ટીપ્પણી કરનાર મધ્યપ્રદેશની ભાજપ સરકારના મંત્રી કુંવરવિજય શાહ સામે તપાસ કરવા સુપ્રીમકોર્ટે ત્રણ આઈપીએસ અધિકારીઓની એક ખાસ તપાસ ટીમ રચીને તપાસના આદેશ આપ્યા હતા. જો કે હાલ વિજય શાહને રાહત આપતા તેની ધરપકડ સામે 'સ્ટે' આપ્યો છે. ઓપરેશન સિંદુર સમયે સૈન્ય કાર્યવાહીનો પ્રેસ-બ્રિફીંગની જવાબદારી સંભાળતા બે મહિલા સૈન્ય અધિકારીમાં એક કર્નલ સોફિયા કુરેશીના 'ધર્મ' જોઈને ભાજપની સરકારના આ મંત્રીએ તેની પાકિસ્તાનના ત્રાસવાદીની 'બહેન' તરીકે સરખામણી કરીને વિવાદ સર્જયો હતો. જેમાં મધ્યપ્રદેશ હાઈકોર્ટ સ્વયંમ નોંધ લઈને વિજય શાહ સામે એફઆઈઆર નોંધી કાનૂની કાર્યવાહીનો આદેશ આપ્યો હતો જે સામે સુપ્રીમમાં રાહત મેળવવા ગયેલા વિજય શાહ હવે વધુ ફસાયા છે.





અગાઉ વિજય શાહે તેના વિધાનો પર માફી માંગી હતી પણ તેને રાહત મળી નથી અને માફી ફગાવાઈ હતી. આજે સુપ્રીમકોર્ટે એક આદેશમાં વિજય શાહ એક મહિલા સહિત ત્રણ આઈપીએસ અધિકારીઓની ખાસ તપાસ ટીમ રચાવા આદેશ આપ્યો હતો પણ ત્રણેય અધિકારી મધ્યપ્રદેશ બહારના હશે અને તે તપાસ રીપોર્ટ સુપ્રીમને આપશે. જો કે સુપ્રીમે હાલ વિજય શાહની ધરપકડ સામે 'સ્ટે' આપ્યો છે.

બીજી તરફ હવે તેની સામે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ પણ તપાસ કરશે. રાજસ્થાનના કોંગ્રેસ નેતા ધર્મેશ શર્માની ફરિયાદ પરથી પંચે તપાસ કરવા નિર્ણય લીધો છે. જયાં ખુદ પંચે ફરિયાદ નોંધી છે. બીજી તરફ વિજય શાહ સામે બિહારના મુજફફરપુરમાં પણ એક સ્થાનિક રહેવાસીએ ફરિયાદ નોંધાવી છે. મોહમ્મદ તાહીર નામના આ વ્યક્તિએ નોંધાવેલી ફરિયાદ પર તા.૨૬ના રોજ સુનાવણી થશે.

### તમને શરમ આવવી જોઈએ: સુપ્રીમ

આજે મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહના કેસની સુનાવણી સમયે મંત્રીએ વારંવાર માફી માંગી હતી પણ સુપ્રીમકોર્ટના ન્યાયમંત્રી સૂર્યકાંતની ખંડપીઠે મંત્રીને કહ્યું કે અમોએ તમારો વિડીયો જોયો છે પણ તમો આજે જ માફી માંગો છો તે મગરમચ્છના આંસુ છે. તમોને શરમ નથી આવતી તમો ફકત એટલા માટે જ માફી માંગો છો. કારણ કે તમો કાનૂની કાર્યવાહીથી બચવા માંગો છો પણ અમો તે થવા દેશુ નહી. જસ્ટીસ સુર્યકાંતે કહ્યું કે તમારા આ વિધાનોથી પુરો દેશ શરમ અનુભવે છે પણ તમોને શરમ નથી.

# પાક. સામે ભારતે કેટલા વિમાનો ગુમાવ્યા ! રાહુલ ગાંધીએ કેન્દ્રને પ્રશ્ન પૂછયો

### અગાઉ વિદેશ મંત્રી જયશંકરના વિધાનો પર પ્રશ્ન ઉઠાવનાર રાહુલ હવે વધુ વિગતો માંગે છે

નવી દિલ્હી, તા. ૧૯

ઓપરેશન સિંદુરમાં ભારતીય સેનાએ બહાદુરીપૂર્વક જે રીતે પાકિસ્તાની હુમલાને મારી હટાવ્યો તે બાદ હવે રાહુલ ગાંધીએ સરકારને પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યુ છે અને પાકિસ્તાન સાથેની અથડામણમાં ભારતના કેટલા લડાયક વિમાનો તુટી પડયા તે પ્રશ્નનો જવાબ માંગ્યો છે. અગાઉ રાહુલ ગાંધીએ વિદેશ મંત્રી એસ.જયશંકરના એ વિધાનો સામે પણ પ્રશ્ન ઉઠાવ્યા હતા અને કહ્યું હતું



કે આપણા વિદેશ મંત્રીએ હુમલા પૂર્વે પાકિસ્તાનને જાણ કરી હતી તેવું તે ખુદ કહે છે જે આશ્ચર્યજનક છે. તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાનને સાવધ થઇ જવાની તક આપી હતી. જોકે રાહુલે ઉમેર્યુ હતું કે તે કોઇ રાજકીય મુદો ઉઠાવવા માંગતા નથી પરંતુ સરકાર પાસે જવાબ માંગે છે. વિદેશ મંત્રીનો એક વિડીયો શેર કરતા રાહુલ ગાંધીએ આ પ્રશ્ન પૂછયા છે જેમાં જયશંકર એવું કહેતા જણાવાય છે કે અમે ફકત ત્રાસવાદી મથકોને નિશાન બનાવવાના છીએ પાકિસ્તાનના સૈન્ય કે નાગરિક વિસ્તારોને અમે કોઇ નુકસાન પહોંચાડશું નહીં. રાહુલ ગાંધીએ તેનો અર્થ એવો કર્યો છે કે શું દુશ્મનને પહેલા સાવધ કરી દેવાનું જરૂરી હતું ઉપરાંત ભારતે કેટલા વિમાનો આ યુધ્ધમાં ગુમાવ્યા છે તે પણ બહાર આવવું જોઇએ.

### ભગવતીપરાનો રફીક પઠાણ પોલીસને પણ ધમકી આપવા લાગ્યો

# 'મારા વિસ્તારમાં પોલીસને આવવાની મનાઇ છે' છતાંય તે હિંમત કેમ કરી ? કહીં પોલીસની ફરજમાં રૂકાવટ

### બી. ડિવિઝન પોલીસ મથકના કોન્સ્ટેબલ અજય ચૌહાણ MCR ચેક કરવાં વિનોબા ભાવે આવાસમાં ક્વાર્ટર નજીક હતાં ત્યારે આરોપી ધસી આવ્યો

### તું પોલીસવાળો છે, તો બોવ ચરબી આવી ગઇ છે, આજે તો તને જીવતો નથી જવા દેવો તેમ કહી ઝપાઝપી કરી કાઠલો પકડી લીધો, પોલીસે આરોપીની શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૯

શહેરમાં પોલીસનો ભય ઓસર્યો છે કે, ગુનેગારોની હિંમત વધી છે તે ખબર નથી પડતી અવારનવાર ગુનેગારો પોલીસ સામે થઈ માથાકૂટ કરે છે ત્યારે ભગવતીપરાનો રફીક પઠાણે બી. ડિવિઝન પોલીસ મથકના કોન્સ્ટેબલ અજય ચૌહાણ MCR ચેક કરવાં વિનોબા ભાવે આવાસમાં ક્વાર્ટર નજીક હતાં ત્યારે મારા વિસ્તારમાં પોલીસને આવવાની મનાઇ છે', છતાય તે હીંમત કેમ કરી ? કહીં ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે બી. ડિવિઝન પોલીસ મથકમાં લોક રક્ષક તરીકે ફરજ બજાવતાં અજયભાઈ ચૌહાણએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રફીક પઠાણ (રહે. ભગવતીપરા) નું નામ આપતાં પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ બી ડીવીઝન પોલીસ મથકમાં લોકરક્ષક કોન્સ્ટેબલ તરીકે એક વર્ષથી ફરજ બજાવે છે. ગઈકાલે રાત્રીના તેઓ બી ડીવીઝન પોલીસ મથક વીસ્તારમાં રહેતા એમ.સી.આર. કાર્ડ વાળાઓને ચેક કરવાની કામગીરીમા હતા દરમ્યાન તેઓના કાકાના દિકરા રાહુલભાઈ રસ્તામાં મળેલ જે ચાલીને તેના ઘરે ઓમ પાર્ક ખાતે જતો હોવાનુ જણાવેલ જેથી તેને જણાવેલ કે, હું તને ઘરે મુકી જઈશ અને રસ્તામાં મારે બે ત્રણ એમ.સી.આર. ચેક કરવાના છે, જે ચેક કરી તને ઘરે મુકી જઈશ તેમ જણાવી તેને સાથે લઇ એમસીઆર કાર્ડ વાળા ઇશોને ચેક કરવા ગયેલ હતાં.

એમસીઆર વાળો સલીમ ઉર્ફે સલુબાપુ હનીફશા શાહમદાર (રહે. ભગવતીપરા શેરી નં. ૧૪, ભરડીયા પાસે) ને ચેક કરવા તેના ઘરના સરનામું તેઓ સોધતા હોય ત્યારે રાત્રીના ૧૨ વાગ્યે ભગવતીપરા મોર્ડન સ્કુલની સામેના ભાગે આવેલ વિનોબાભાવે આવાસ યોજનાના ક્વાર્ટર બાજુથી ભગવતીપરા બાજુ જતા આગળ રસ્તાનુ કામ ચાલુ હોય જેથી તેઓ બાઈક ઉભુ રાખી પાછુ વાળતા એકટીવામાં એક શખ્સ આવેલ અને તેની સાથે એક નાની બાળકી હતી. આ અજાણ્યાં શખ્સે તેઓને કહેલ કે, તમે કોણ છો ? અહી કેમ આવેલ છો ? જેથી તેને જણાવેલ કે, હું બી ડીવઝન પોલીસ સ્ટેશનમાં કોન્સટેબલ તરીકે ફરજ બજાવું છુ, મારી ફરજમાં ગુન્હાહીત ઇતિહાસ ધરાવતા શખ્સોને ચેક કરવાનુ આવતુ હોય જેથી હું આ વિસ્તારમાં આવા ગુન્હાહીત ઇતિહાસ ધરાવતા શખ્સોને તપાસવા આવેલ છું.

તેમ કહેતા આ અજાણ્યા શખ્સે પોતાનુ નામ રફીક હોવાનુ જણાવી કહેલ કે, પોલીસ હોય તો શું થઈ ગયુ આ મારો વિસ્તાર છે, અહીં પોલીસને આવવાની મનાઇ છે, છતાય તે અહીં આવવાની હીંમત કેમ કરી ? મારા વિસ્તારમા કોઈને ચેક કરવા આવવુ નહી નહીંતર તને સબક સીખવાડવો પડશે તેમ કહી બેફામ ગાળો આપવા લાગેલ જેથી તેને ગાળો આપવાની ના પાડતા રફીકે કહેલ કે , તું પોલીસ વાળો છે તો બોવ ચરબી આવી ગઇ છે, આજે તો તને જીવતો નથી જવા દેવો તેમ કહી ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગેલ અને કાઠલો પકડી લીધેલ હતો. જે દરમ્યાન તેઓના કાકાના દિકરા રાહુલે તેઓને છોડાવેલ અને પોલીસ કન્ટ્રોલ રૂમમા ફોન કરતા રફીક તેનુ બાઈક લઇ ત્યાથી જતો જતો કહેતો ગયેલ કે, આજે તો જવા દીધો છે, હવે પછી આ વિસ્તારમાં આવીશ તો જીવતો નહી જવા દઉં તેમ કહી નાસી છૂટયો હતો.


જે બાદ બી. ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી આવતાં આરોપી રફીકને શોધતા તે મળી આવેલ નહીં, જે બાદ તેઓએ ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

### થોડાક સમય પહેલાં તાલુકા પોલીસના સ્ટાફ પર પણ હુમલો થયો'તો

ગુનેગારોને પોલીસનો ભય જ ન રહ્યો હોય તેમ સ્ટાફ પર હુમલો કરી ધમકીઓ આપવી સામાન્ય બની ગયું છે. ત્યારે બી.ડિવિઝન પોલીસ મથકનાં અગાઉ હોમગાર્ડ પર પણ હુમલો થયાં બાદ હમણાં જ થોડા સમય પહેલાં તાલુકા પોલીસ મથકના પોલીસમેન પર બુટલેગરે પણ હુમલો કર્યો હતો.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૪૦-૨૩૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૯૦-૨૩૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૬૫-૨૨૧૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૧૫-૨૧૬૫ |
| પામોલીયન તેલ | ૧૯૯૫-૨૦૦૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૯૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૭૦ |



### સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ): ૯૭૨૦૦(+૮૭૫)

ચાંદી: ૯૮૪૫૦(+૬૦૦)

# જનકલ્યાણ ટ્રસ્ટની સફરમાં એક વધુ માઈલસ્ટોન પાર: ૭૦૦ ચક્ષુદાન સમાજને અર્પણ

## અત્યાર સુધીમાં ૭૦૧ - ચક્ષુદાન, ૩૨ - સ્કીન ડોનેશન, ૬૦ -દેહદાન

રાજકોટ, તા.૧૯

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા સાત વર્ષથી ચક્ષુદાન, સ્કિન ડોનેશન, દેહદાન જેવી સમાજસેવા નું કામ કરી રહી છે. તેમજ અનેક પ્રકારના વિવિધ પ્રયત્નો દ્વારા સમાજમાં જાગૃતિ માટે અવિરત કાર્યો કરી રહ્યું છે. જનજાગૃતિ માટે ૨૦૧૭ થી રાજકોટમાં યોજાતા લોકમેળામાં સ્ટોલ રાખી સવારે ૧૦ થી રાતના ૧૧ અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનને પ્રચાર પ્રસાર કરેલ અને સંકલ્પ પત્રો ભરેલ તેમજ સાંજે જુદા જુદા ફાયર સ્ટેશનોએ, જાહેર રસ્તાઓ, મંદિરો જેવી જગ્યાએ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ બોર્ડ તથા બેનરો લઈ કાર્યકરો ઉભા રહેતા.

આ પ્રયત્નો થી પ્રથમ સો ચક્ષુદાન થતા ચાર વર્ષ લાગેલ, બીજા સો ચક્ષુદાન માત્ર ૧૪ મહિનામાં, ત્રીજા સો ચક્ષુદાન ૧૦ માસ માં, ચોથા સો ચક્ષુદાન સવા ૦૮ મહિનામાં, પાંચમા સો ચક્ષુદાન માત્ર ૦૫ મહિનામાં અને છઠ્ઠા સો ચક્ષુદાન ૦૮ મહિનામાં અને આ સાતમાં સો ચક્ષુદાન માત્ર પાંચ મહીનામાં પૂર્ણ થયેલ છે. એટલે કે અત્યાર ૭૦૧ ચક્ષુદાન પૂર્ણ થયેલ છે.જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૭૦૧ - ચક્ષુદાન, ૩૨ - સ્કીન ડોનેશન, ૬૦ - દેહદાન કરાવેલ છે.

આ ઉપરાંત ઉનાળામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને નિ:શુલ્ક છાશ વિતરણ પણ કરવામાં આવે છે જે અંતર્ગત ગત વર્ષે ૨૦૨૪-૨૫ દરમિયાન ૪૨ દિવસ સુધી અંદાજે એક લાખ રૂપિયાથી વધુની છાશ વિતરણ કરી હતી. આ વર્ષે પણ ૩૦-૪-૨૫ થી છાશ વિતરણ શરૂ કરેલ છે જે વરસાદ આવે ત્યાં સુધી દરરોજ સવારે આશરે ૨,૫૦૦ ની છાશ વિતરણ ચાલુ છે.

વધુ માહિતી માટે દરરોજ સાંજે ૫ થી ૮ સુધી જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ, ૧૦, કાંતિ પ્રકાશ, મનીષ લેધર ઉપર, પૂનમ ફર્નિચર પાસે, ઢેબર રોડ ખાતે સંપર્ક કરવો. આ સફળતા બદલ ચેરમેન કિશોર મહેતા, ખજાનચી કનુભાઈ પરમાર, કાર્યાલય મંત્રી પ્રદીપભાઈ પંડ્યા, જનાર્દન આચાર્ય, નૈમિષ વોરા, રાજશીભાઈ વસ, અતુલ શાહ મેહુલ રાવલ, સંજયભાઈ ગાંગાણીએ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી.



તસ્વીર: પંકજ શિશાંગીયા

# ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને ''મહિલા સંમેલન'' યોજાયું

## ૪૮ લાખના ખર્ચે તૈયાર થયેલ સખી વન સ્ટોપ સેન્ટર - ખેડા તેમજ દાહોદ અને ખટામ ખાતે બનાવેલી ડેમો આંગણવાડીનું મંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ

## વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન, આર્થિક સહાય તથા માતા યશોદા એવોર્ડ જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સન્માનિત કરાયા





રાજકોટ, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા નારી ઉત્કર્ષ માટે લોક જાગૃતિ લાવવાના હેતુથી ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને ''મહિલા સંમેલન''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીના હસ્તે રૂા. ૪૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટર ખેડાનું ઈ લોકાર્પણ અને GSPC ના CSR ભંડોળ હેઠળ લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીના ઉપયોગ કરીને દાહોદ, કરાઈ અને ખટામ ખાતે બનાવેલા ત્રણ આંગણવાડીનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

દેશના વિકાસનો આધારસ્તંભ સશક્ત અને સક્ષમ મહિલાઓ છે તેમ જણાવતાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, નારી શક્તિ થી રાષ્ટ્ર નિર્માણ'' ના દ્રઢ નિશ્ચયને સાર્થક કરવાની શરૂઆત ગુજરાતથી કરી હતી. તેમના આ દ્રઢ સંકલ્પને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે. આંગણવાડીઓમાં નાના ભૂલકાઓને ગમ્મત સાથે જ્ઞાન તથા પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. બાળકોના પાયાના શિક્ષણને મજબૂત બનાવવામાં મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર બહેનોનો સિંહ ફાળો રહેલો છે. તેમની આ શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે તેમનો માતા યશોદા એવોર્ડથી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

રાજ્યમાં આજે ૩૫ લાખથી વધુ લાભાર્થીઓ પોષણ ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહિલા સંમેલનમાં ICDS કમિશનર રણજીતકુમારે સ્વાગત ઉદ્બોદન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર વિતરણ, વ્હાલી દીકરી યોજનાના મંજુરી હુકમનું વિતરણ, ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજનાના મંજુરી હુકમ મંત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમનું વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાનાં મંજુરી ચેકનું વિતરણ, માતા યશોદા એવોર્ડ વિતરણ, પોષણ ઉત્સવ વાનગી સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ વિતરણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા કલ્યાણ નિયામક પુષ્પા નિનામા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# આકસ્મિક- તીવ્ર ફળદાતા કલિકાલના રાજાછાયા ગ્રહ રાહુનું કુંભ રાશ્યાંતર

'રાહુ' નામ સાંભળતા જ ઘણા લોકોને મનમાં એક પ્રકારનો 'હાઉ' ઊભો થઈ જાય છે.કારણકે જ્યોતિષશાસ્ત્રમાં રાહુની ગણતરી પૂર્ણ પાપગ્રહ તરીકે થાય છે. રાહુ કે કેતુ કોઈ વાસ્તવિક ગ્રહ નથી. તેમ છતાં મનુષ્ય જીવન પર ખૂબ જ ઊંડી અસરો ધરાવે છે. વાસ્તવમાં તે સૂર્ય તથા ચંદ્રના પરિક્રમણ માર્ગના બે છેદન બિંદુઓ છે. એ અર્થમાં રાહુ તથા કેતુ એક પ્રકારના પાત બિંદુઓ થયા.આથી તેમને છાયા ગ્રહો તરીકે પણ ઓળખવામાં આવે છે.ખૌગોલિક ગતિની અસરો વિગતવાર સમજતા જણાય છે કે, રાહુ તથા કેતુ બંને હંમેશા ૧૮૦ અંશના અંતરે રહીને વક્રગતિથી પરિભ્રમણ કરતા હોય છે.એક રાશિમાં એટલે કે નભોમંડળમાં ૩૦ અંશનું કોણીય અંતર કાપવા માટેતેઓ૧૮ માસ જેટલો સમય લેતા હોય છે.રાહુની દૈનિક ગતિ વિશે જો વાત કરીએ તો લગભગ ત્રણ કળા તથા ૧૧વિકળા જેટલું કોણીય અંતર આંતરે છે .વાસ્તુ શાસ્ત્રમાં દર્શાવેલી વિભિન્ન દિશાઓમાં પૈકી નૈઋત્ય દિશાના સ્વામી રાહુ-કેતુ ગણાય છે.રાહુના અન્ય ગુણધર્મો તથા પ્રભાવ વિશે નીચે કોષ્ટકમાં જણાવેલ છે.

પૌરાણિક માન્યતા અનુસાર સમુદ્રમંથન વખતે અમૃતનું રસપાન કરવા માટે દેવોની વચ્ચે વેશપલટો કરીને દાનવસ્થાન ગ્રહણ કરી લે છે. મોહિની સ્વરૂપમાં રહીને શ્રીવિષ્ણુ ભગવાન જ્યારે દેવોને અમૃતનું રસપાન કરાવતા હોય છે, ત્યારે તેમની વચ્ચે રહેલા દાનવને સૂર્ય તથા ચંદ્ર ઓળખી જાય છે, અને તેના વાસ્તવિક સ્વરૂપ વિષે શ્રી વિષ્ણુ ભગવાનને જાણ કરે છે. શ્રી વિષ્ણુ ભગવાન ક્રોધિત થઈને સુદર્શન ચક્ર દ્વારા આ દાનવનું મસ્તિષ્ક કાપી નાખે છે. પરંતુ ત્યાં સુધીમાં અમૃતનું રસપાન થવાથી તેની અસરને લીધે તે અમર બની ગયા હોય છે. તો આ રીતે કપાયેલું મસ્તક, જે આગળ જતાં રાહુ તરીકે તથા ધડ કેતુ તરીકે ઓળખવામાં આવે છે. સ્કંદપુરાણમાં આ કથા વિસ્તારથી વર્ણવેલી છે. સાથોસાથ આધુનિક સમયમાં જો આ કથામાં વર્ણવાયેલી ઘટનાઓને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી નિહાળવામાં આવે તો, રાહુ તથા કેતુના રૂપક દ્વારા વર્ણવાયેલા ગુણોની પણ જાણકારી આપણે મેળવી શકીએ છીએ. આજના આધુનિક યુગમાં જ્યોતિષશાસ્ત્રમાં વૈજ્ઞાનિક અભિગમનો સૂમેળકરવાથીજાતકના જીવન તથા કર્મશૈલી વિશે ઘણો ખ્યાલ આવી શકે છે. જે જાતકને પોતાના જીવનના મહત્વના નિર્ણયો લેવા તરફ સંગીન માર્ગદર્શન પૂરું પાડી શકે છે.

સ્વરભાનું, ભુજંગ, કપિલાસ, સર્પ, સિંહીકિય, ફાણી, અસુર, તમ, અગુ વગેરે જેવા નામોથી પણ રાહુની ઓળખ કરવામાં આવે છે. શાસ્ત્રમાંરાહુ - કેતુના અન્ય ગ્રહોના સંયોજન દ્વારા યોગ રચાતા હોય છે. જેમ કે રાહુ તથા કેતુનું સૂર્ય તથા ચંદ્ર ગ્રહ સાથેનું જોડાણ ગ્રહણ યોગ રચે છે. જ્યારે ગુરુ સાથેની યુતિ ચાંડાલ યોગ તો શનિ સાથેની યુતિ શાપિત યોગ તેમજ મંગળ સાથેની યુતિ અંગારક યોગની રચના કરે છે. એ જ રીતે જન્મકુંડળીમાં રાહુ તથા કેતુની વચ્ચે જો બધા ગ્રહો આવી જતા હોય તો કાલસર્પ યોગની પણ રચના થતી હોય છે. આ દરેક યોગની રચનાઓની ઉંડાણપૂર્વક તપાસ થવી જરૂરી હોય છે. તેમના અલગ અલગ પ્રકારો તથા તેમના દોષની અસર હળવી કે ઓછી થવાના નિયમો તથા યોગ ભંગ થવાના નિયમો વિશે પણ વિસ્તારથી ઊંડાણપૂર્વક તપાસીને નિદાન કરવું અનિવાર્ય હોય છે. રાહુ તથા કેતુની દ્રષ્ટિ સામાન્ય રીતે પોતાના સ્થાનથી ભાવ પાંચમા તથા નવમે ગણવામાં આવે છે. તો અમુક ગ્રંથોમાં પોતાના સ્થાનથી સાતમા સ્થાન પરની દ્રષ્ટિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે જન્મકુંડળીમાં રાહુ તથા કેતુની પરિસ્થિતિ ભાવ ૩,૬,૧૦તથા૧૧મા શુભ ગણવામાં આવી છે. જ્યારે ભાવ ૪,૮ તથા ૧૨માં સ્થિત રાહુ-કેતુની અસરોને અશુભ ગણવામાં આવી છે. રાહુ-કેતુ પાપગ્રહ હોવાથી સામાન્ય રીતે મનુષ્યના મનમાં એક પ્રકારનો ડર કે બીક પ્રવર્તતી હોય છે. પરંતુ કોઈ ગ્રહ પૂર્ણતઃ શુભ કે અશુભ હોતો નથી. જન્મકુંડળીમાં અન્ય ગ્રહો સાથેની યુતિ-પ્રતિયુતિ સાથોસાથ તે જે ભાવમાં સ્થિત છે તે ભાવ તથા ભાવ સ્વામી, નક્ષત્ર તથા નક્ષત્ર સ્વામી, રાશિ તથા રાશિપતિ તેમજ અન્ય ગ્રહો સાથેની તથા અન્ય ગ્રહો પરની દ્રષ્ટિ તેમજ ચલિત કુંડળી તથા નવમાંશ કુંડળીમાં પરિસ્થિતિ - આ દરેક બાબતોનો ઉંડાણ પૂર્વક અભ્યાસ કર્યા બાદ જ ફળકથન થતું હોય છે. જેમ કે એક સામાન્ય નિયમ તરીકે જન્મકુંડળીમાં કેન્દ્ર તથા ત્રિકોણ સ્થાનના સ્વામીની રાહુ સાથે કેન્દ્ર તથા ત્રિકોણ સ્થાનમાં જ રહેલી યુતિ રાજયોગની રચના કરતી હોય છે. સામાન્ય રીતે રાહુને મિથુન રાશિમાં ઉચ્ચનો તથા ધન રાશિમાં નીચનો ગણવામાં આવે છે. તેમજ કન્યા રાશિમાં સ્વગૃહી અથવા મૂળ ત્રિકોણનો પણ ગણવામાં આવતો હોય છે. જ્યારે કેતુને ધન રાશિમાં ઉચ્ચનો તથા મિથુન રાશિમાં નીચનો ગણવામાં આવે છે. રાહુ તથા કેતુની સામાન્ય અસરોમાં પૈકીની એક મુખ્ય અસર તે અણધારી ઘટનાઓ તથા આકસ્મિક બનાવો પરના પ્રભુત્વની છે. જીવનમાં બનનારી આકસ્મિક ઘટનાઓ મોટેભાગે રાહુ તથા કેતુની અસરોને લીધે ઘટતી હોય છે. મેડિકલ સંબંધિત પ્રશ્નોમાં પણ શારીરિક-માનસિક સમસ્યાઓનું જ્યારે નિદાન થતું ન જોવા મળે ત્યારે પણ રાહુ-કેતુની ગાઢ અસરો સંશોધનમાં જોવા મળી છે. સાથોસાથ ફળકથન સમયે નૈસર્ગિક ગ્રહોની મિત્રાચારી પણ ધ્યાનમાં લેવી જરૂરી હોય છે. જેમ કે સૂર્ય , ચંદ્ર તથા મંગળ રાહુના શત્રુ ગ્રહ ગણાય છે. ગુરુ સમ ગણાય છે. જ્યારે બુધ, શુક્ર તથા શનિ-રાહુના મિત્ર ગ્રહોની શ્રેણીમાં આવે છે. આદ્રા, સ્વાતિ તથા શતભિષા રાહુના નક્ષત્ર ગણાય છે. જ્યારે અશ્વિની, મઘા તથા મૂળ કેતુના નક્ષત્ર ગણાય છે. કેતુના મિત્ર ગ્રહોની શ્રેણીમાં સૂર્ય, મંગળ તથા ગુરુ આવે છે. બુધ, શુક્ર, શનિ સમઅવસ્થામાં ગણાય છે. જ્યારે ચંદ્ર શત્રુ ગ્રહ ગણવામાં આવે છે.

રાહુના અન્ય ગુણધર્મો વિશે નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે. જ્યારે કેતુ માટે સંક્ષિપ્તમાં જોતાં, ધૂમ્ર વર્ણ જેવા રંગ પર કેતુનું આધિપત્ય જોવા મળે છે. પિત્ત પ્રકૃતિ, અગ્નિ તત્વ તથા કડવા રસ પરકેતુનો પ્રભાવ ગણવામાં આવે છે. જન્મકુંડળીમાં રાહુ તથા કેતુનીઅશુભ અસરોને હળવી બનાવવા માટે અલગ-અલગ ઉપાયો શાસ્ત્રમાં પ્રયોજવામાં આવેલા છે. જે પૈકી મંત્ર જાપ ઉત્તમ ગણવામાં આવેલ છે. રાહુના મંત્ર જાપની સંખ્યા૧૮૦૦૦ (કળિયુગમાં ચાર ગણા અર્થાત ૭૨૦૦૦) જ્યારે કેતુના મંત્ર જાપની સંખ્યા ૧૭૦૦૦ (કળિયુગમાં ચાર ગણા અર્થાત ૬૮૦૦૦) ગણવામાં આવી છે.

આજના સમયમાં મનુષ્યના જીવન પરખૂબ જ ગાઢ અસરો ધરાવતા રાહુ તથા કેતુ ગ્રહો તારીખ : ૧૮ મે ૨૦૨૫ ના રોજ સાંજે ૭:૨૦ કલાકેરાશિ પરિવર્તન પામી રહ્યા છે. રાહુ મીન રાશિ છોડી કુંભમાં તો કેતુ કન્યા રાશિ છોડી સિંહમાં પ્રવેશી રહ્યા છે. તો આવો, આવનારા સમયમાં રાહુ-કેતુનું આ રાશિ પરિવર્તન કઈ રીતે આપણા જીવનને પ્રભાવિત કરી શકે?તેના વિશેની પ્રાથમિક માહિતી મેળવીએ.વધુ ઉંડાણપૂર્વકની માહિતી જાતકના જન્મ સમયની ખૌગોલિક પરિસ્થિતિની સાથે ગોચર ગ્રહોની સાંપ્રત પરિસ્થિતિ તથા મહાદશા-અંતર્દશાના વિગતવાર અભ્યાસ કરવાથી મેળવી શકાય છે.

**: રાહુના પીડિતગોચર ભ્રમણથી રાહત પામવા માટેના ઉપાયો :**

૧. રાહુ-કેતુની અશુભ સ્થિતિથી બચવા માટે બુધવારે અથવા શનિવારે રાહુ ગ્રહ સંબંધિત વસ્તુઓ જેમ કે જવ, સરસવનું તેલ, સિક્કો, સાત પ્રકારના અનાજ (જવ, તલ, ચોખા, આખા મૂંગ, કંગુની, ચણા, ઘઉં), ગોમેદ રત્ન,કાળા તલ,ધાબળો, અડદ, કાળું કપડું, લોખંડ, કાળા ફૂલ વગેરેનું દાનકરી શકાય છે.



૨. વાદળી અથવા ભૂરા રંગના કપડાં અને કાચની વસ્તુઓ રાત્રિના સમયમાં દાનમાં આપવી જોઈએ.

૩. કેતુ ગ્રહના નકારાત્મક પ્રભાવથી બચવા માટે બુધના નક્ષત્રમાં બુધવારે અશ્વગંધા ધારણ કરવાથી ફાયદો પ્રાપ્ત થાય છે.

૪. કેતુના અશુભ પ્રભાવથી બચવા માટે ૯મુખી રૂદ્રાક્ષ ધારણ કરવું ફાયદાકારક છે.

૫. બાબા કાલ ભૈરવના મંદિરમાં સરસવના તેલનો દીવો પ્રગટાવવો.

૬. રાહુની પીડિત અસરમાંથી મુક્ત થવા માટે કોલસાને પાણીમાં પ્રવાહિત કરવા જોઈએ.

૭. જવના દાણાને રાત્રિના સમયે ઓશિકા પાસે મુકીને સવારે પક્ષીઓને અર્પણ કરી દેવાથી રાહુની પીડિત અસરોને હળવી બનાવી શકાય છે.

૮. જ્યારે કેતુની અશુભ અસરોને હળવી બનાવવા માટે જરૂરીયાત મંદને બ્લેન્કેટ જેવા પદાર્થોનું દાન કરી શકાય છે.

૯. રત્ન ઉપચાર જેવા ઉપાયો તરફ દ્રષ્ટિપાત કરતાં રાહુ માટે ગોમેદ તથા કેતુ માટે લસણિયો નામના નંગને ધારણ કરવાનું પણ શાસ્ત્રોમાં વિધાન છે.

૧૦. ઘરના પ્રવેશ દ્વાર પર ચાંદીનો સ્વસ્તિક લગાવવાથી ગોચર રાહુના દુષ્પ્રભાવથી રાહત મેળવી શકાય છે.

૧૧. રાહુની દૂષિત અસરોમાંથી રાહત પામવા માટે શિવલિંગ પર તાંબાનો સર્પ વિધિપૂર્વક અર્પણ કરવો.

૧૨. રાહુ માતા સિંહિકા પર હનુમાનજીએ વિજય પ્રાપ્ત કરી હોવાથી હનુમાનજીની પૂજા ઉપાસના પણ ખૂબ જ ફળદાયી નીવડે છે.

૧૩. શાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબ મંત્રજાપ કરવાથી પણ રાહુ-કેતુની ઉત્તમ કૃપા પ્રાપ્ત કરી શકાય છે.

રાહુની દૂષિત અસરોમાં મુક્તિ પામવા માટે નીચેના મંત્રનો જાપ કરી શકાય.

**अर्धकायं महावीर्यं चंद्रादित्य विमर्दनम् ।**
**सिंहिकागर्भसंभूतं तं राहु प्रणमाम्यमहम् ।।**

ઉપરોક્ત મંત્રથી સરળ સ્વરૂપમાં મંત્ર જાપ કરવાની ઈચ્છા હોય તો નીચે આપેલા ત્રણ મંત્રો પૈકી કોઈ પણ એક મંત્રનો જાપ પણ કરી શકાય.

**।। ॐ भ्रांभ्रींभ्रौंसः राहवेनम ।।**
**।। ॐ रांराहवेनमः ।।**
**: રાહુ શાંતિ મંત્ર :**
**।। ॐ राहवे देवाय शांतिम, राहवे कृपाए करोति ।**
**राहवे क्षमाए अभिलाषत्, ॐ राहवे नमोः नमः ।।**
**: રાહુ ગાયત્રી મંત્ર :**

।। ॐ नागध्वजाय विद्महे पद्महस्ताय धीमहि तन्नो राहुः प्रचोदयात । ।

કેતુની દૂષિત અસરોમાં મુક્તિ મુક્તિ પામવા માટે નીચેના મંત્રનો જાપ કરી શકાય.

पलाशपुष्पसंकाशंतारकाग्रहमस्तकम् ।
रौद्रंरौद्रात्मकंघोरंतंकेतुप्रणमाम्यहम् ।।

**: કેતુગાયત્રી મંત્ર :**

।।ॐ पद्म-पुत्राय विदमहे अमृतेशाय धीमहि तन्नो केतुः प्रचोदयात्।

ઉપરોક્ત મંત્ર થી સરળ સ્વરૂપમાં મંત્ર જાપ કરવાની ઈચ્છા હોય તો નીચે આપેલા ત્રણ મંત્રો પૈકી કોઈ પણ એક મંત્રનો જાપ પણ કરી શકાય.

।। ॐ स्त्रांस्त्रींस्त्रौंसः केतवेनमः ।।
।। ॐकेंकेतवेनमः ।। ।। ॐह्रींकेतवेनमः ।।

| | | | |
|---|---|---|---|
| તત્વ | વાયુ તત્વ | રત્ન | ગોમેદ |
| રંગ | નીલ વર્ણ | જાતિ | ચાંડાલ |
| પ્રકૃતિ | વાયુ | દ્રષ્ટિ | ૫, ૯ |
| ધાતુ | સીસું | | અમુક મતે ૭ |
| લિંગ | પુરુષ | ઉચ્ચસ્થ રાશિ | મિથુન |
| વર્ણ | શુદ્ર | નીચસ્થ રાશિ | ધન |
| ગુણ | તમસ | સ્થાન | વન |
| વસ્ત્ર રંગ | કાબરચીતરો | દિશા | નૈઋત્ય |

## : રાહુના કુંભમાં ગોચર ભ્રમણનું રાશિ કથન :

**મેષ(અ,લ,ઈ) :** મેષ રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે અગિયારમાં તથા પાંચમા સ્થાનમાં પ્રવેશ કરશે.અહીં અગિયારમાં સ્થાનનો ગોચરનો રાહુ શુભ ફળદાયી નિવડશે. મિત્ર વર્તુળ દ્વારા ઉત્તમ સહકાર પ્રાપ્ત કરી શકશો. નાણાકીય લાભ પણ મળતો જણાય. કર્મક્ષેત્રે અર્થ પ્રાપ્તિની નવી તકો પ્રાપ્ત કરી શકો છો. જોકે પાંચમા સ્થાનનો કેતુ વિદ્યાર્થીવર્ગને વિશેષ પરિશ્રમની આવશ્યકતા અપાવી શકે છે.ભૂતકાળમાં રોકેલા નાણાઓમાં પણ આકસ્મિકતથા ધાર્યા બહારનો લાભ પ્રાપ્ત કરી શકાય. એકંદરે ગોચર રાહુનું આગામી ૧૮ માસનું પરિભ્રમણ મેષ રાશિ જાતકો માટે શુભ પુરવાર થઇ શકશે.

**વૃષભ (બ,વ,ઉ) :** વૃષભ રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે દસમા તથા ચોથા સ્થાનમાં પ્રવેશ કરશે.શાસ્ત્રોમાં ઉલ્લેખ દ્વારા દસમા સ્થાનમાં રાહુને આપણે બળવાન ગણી શકીએ છીએ. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. રાજકીય સંપર્કોમાં વિકાસ કરી શકો. ઉચ્ચ અધિકારીઓ તથા સરકારી કામકાજમાં સફળતા મળતી જણાય.કર્મ ક્ષેત્રે પ્રગતિ માટે નવીન વિચારો કે ભાગીદારી અમલમાં મૂકી શકાય. વતનથી દૂર કર્મક્ષેત્રને વિકસાવવાની ગણતરી પણ સફળ બનાવી શકો.ચોથા સ્થાનનો કેતુ માતાની તબિયત અંગે ચિંતા ઉપજાવી શકે. તેમજ વતનના પ્રશ્નો ઉકેલવામાં થોડો વિલંબ સર્જાય શકે.

**મિથુન (ક,છ,ઘ):** મિથુન રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે નવમા તથા ત્રીજા સ્થાનમાં પ્રવેશ કરશે.નવમા સ્થાનનો રાહુ આર્થિક બાબતો તથા ધન વૃદ્ધિ અંગે અનુકૂળ ફળ આપી શકશે. પરંતુ અહીં રાહુ જાતકને ધર્મ તથા નીતિથી દૂર લઈ જવા માટે પ્રેરી શકે છે.જો કર્મના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને મન પર અંકુશ રાખવામાં આવશે તો,આ સમયગાળામાં આધ્યાત્મિક પ્રગતિ પણ પામી શકાય.ત્રીજા સ્થાનનો કેતુ પરાક્રમમાં વધારો અપાવે. યાત્રા મુસાફરી દ્વારા વ્યવસાયિક-સામાજિક વિકાસ તથા પ્રગતિ અપાવવામાં નિમિત બની શકે છે.આ બદલાયેલા ગોચરમાંશિવ ઉપાસના વિશેષ ફળદાયી નિવડશે.

**કર્ક (ડ, હ) :** કર્ક રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે આઠમા તથા બીજા સ્થાનમાં પ્રવેશ કરશે.જ્યોતિષશાસ્ત્રમાં આઠમા સ્થાનમાં રાહુનું ભ્રમણ શુભ ગણાયું નથી. શારીરિક સ્વાસ્થ્ય અંગે વિશેષ કાળજી રાખવી ઇચ્છનીય ગણાશે.જુના કોઈ રોગ કે સમસ્યા ધરાવનાર જાતકોએ ટ્રીટમેન્ટ કે પરેજીમાં બેદરકારી દાખવી નહીં. પડવા-વાગવા-વાહન ચલાવવાથી, પશુઓ, પાણી, ઇલેક્ટ્રિક, ગેસથી અંતર જાળવીને રહેવું. ગજા બહારના આર્થિક જોખમો નુકસાનકારક નીવડી શકે. પારિવારિક સમસ્યાઓ ને લીધે માનસિક તણાવમાં વધારો રહી શકે. જન્મના ગ્રહો પરથી ગોચરના રાહુની અસરોમાં વધઘટનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે.

**સિંહ (મ, ટ):** સિંહ રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે સાતમા તથા પ્રથમ સ્થાનમાં પ્રવેશ કરશે.અહીં દાંપત્ય સ્થાનમાં રાહુનું પરિભ્રમણ હોય મેરેજ લાઇફમાં પ્રશ્ન ઉભા કરી શકે છે. જ્યારે વ્યવસાયમાં ભાગીદારી કાર્યોમાં પણ વિવાદ કે મુશ્કેલી ઊભી કરવામાં નિમિત્ત બની શકે છે. સમાધાનકારી વલણ તથા જતું કરવાનો અભિગમ અપનાવીને સમસ્યાને હળવી બનાવી શકાય. જાહેર જીવનમાં પણ હિતશત્રુઓ દ્વારા સાવધાની રાખવી અનિવાર્ય બને.અસ્તવ્યસ્ત દિનચર્યા કે ખાનપાન દ્વારા નવી શારીરિક વ્યાધિઓને આમંત્રણ ના આપી બેસો, તે માટે જાગૃત રહેવાનું પ્રથમ સ્થાનમાં પરિભ્રમણ કરી રહેલો કેતુ સૂચવી રહ્યો છે.

**કન્યા ( પ, ઠ, ણ) :** કન્યા રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે છઠ્ઠા તથા બારમા સ્થાનમાં પ્રવેશ કરશે.છઠ્ઠા સ્થાનમાં પ્રવેશતો બળવાન રાહુ કન્યા રાશિ જાતકોને કોમ્પિટિશનમાં ખૂબ જ સફળતા અપાવી શકે તેમ છે. કોર્ટ-કચેરી વગેરે જેવા મામલાઓમાં આપની ફેવરમાં નિર્ણય આવતા જોઈ શકો. હરીફો તથા શત્રુઓથી વિજય પ્રાપ્ત થતો જણાય. મોસાળ પક્ષ દ્વારા અણધાર્યો સહકાર-સાથ પામી શકો. બારમા સ્થાનનો કેતુ આધ્યાત્મિક માર્ગે મનને આકર્ષિત કરી શકે.જન્મના ગ્રહોમાં નિર્બળ છઠ્ઠુ સ્થાન ધરાવતા જાતકોએ કોઈ આરોપનો સામનો કરવો પડી શકે છે.આધ્યાત્મિક માર્ગે ઉત્તમ અનુભવો થઈ શકે.

**તુલા (ર, ત) :** તુલા રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે પાંચમા તથા અગિયારમા સ્થાનમાં પ્રવેશ કરશે. અહીં પાંચમા સ્થાનનો રાહુ નાણાં રોકાણ કરવા, વ્યવસાય કે શેરબજાર બાબતે વગેરે જેવા ક્ષેત્રો દ્વારાનાણા બ્લોક થઈ જવા કે અર્થવ્યયના પ્રસંગો ઉભા થવા તરફ અંગુલી નિર્દેશ કરી જાય છે. પ્રણય પ્રસંગોમાં ગેરસમજ દ્વારા સંબંધોમાં કડવાશ જન્મી શકે છે. સંતાનો દ્વારા કોઈ સમસ્યા ઊભી થઈ શકે. વિદ્યાર્થીઓને વિશેષ શ્રમની આવશ્યકતા રહે.જોકે અગિયારમાં સ્થાનનો કેતુફ્રેન્ડ સર્કલની હેલ્પ દ્વારા વિપરિત પરિસ્થિતિમાં પણ અનુકૂળ માર્ગ પામી શકવાનું સૂચવે છે.

**વૃશ્ચિક ( ન, ય ) :** વૃશ્ચિક રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે ચોથાતથા દસમા સ્થાનમાં પ્રવેશ કરશે.અહીં ચોથા સ્થાનનો રાહુ માનસિક શાંતિ અંગે પ્રતિકૂળ અસર જન્માવી શકે છે. માતાના સ્વાસ્થ્ય અંગે વિશેષ કાળજીની આવશ્યકતા રહે.જમીન-મકાન-મિલકત તથા વાહનો અંગેના વ્યવહારોમાં સમસ્યા ઉભી ન થાય તેની પૂરતી સાવચેતી રાખવી અનિવાર્ય બનશે. વતનના અટકેલા કોઈ કાયદાકીય પ્રશ્નો ઉકેલવા માટે અયોગ્ય માર્ગથી દૂર રહેવું. દસમા સ્થાનનો કેતુ સામાજિક-રાજકીય અગ્રણીઓ સાથેના સંપર્કમાં વધારો અપાવી શકે છે. વાણી પરના પૂરતા સંયમ દ્વારા સંબંધો જાળવવામાં ધ્યાન આપવું જરૂરી બનશે.

**ધન (ધ,ફ,ભ,ઢ):** ધન રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે ત્રીજા તથા નવમાં સ્થાનમાં પ્રવેશ કરશે.અહીં ત્રીજા સ્થાનમાં રાહુનું ભ્રમણ ઉત્તમ ફળ અપાવી શકશે.વ્યવસાય ક્ષેત્રે તથા કર્મક્ષેત્રે નવીન તકો તથા નવા સાહસોની શરૂઆત કરી શકો છો.પરિવારમાં આનંદ દાયક માહોલ રહે. વીતેલા દોઢ વર્ષ દરમિયાન અનુભવેલા માનસિક તણાવમાંથી રાહત મળતી જણાય. પરિચિત વર્તુળોમાં કડવા શકે ગેરસમજો થવા મતે આ ગોચર ભ્રમણ મદદરૂપ થાય.સરકારી ડોક્યુમેન્ટ્સ,એગ્રીમેન્ટ કે અટકેલા કરારો બાબતે સફળતા મેળવી શકો. નવમા સ્થાનમાં કેતુ આધ્યાત્મિક તથા ફિલોસોફિકલ બાબતોમાં રસ રૂચિ ઉત્પન્ન કરાવી શકે.

**મકર (ખ,જ) :** મકર રાશિ જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે બીજા તથા આઠમા સ્થાનમાં પ્રવેશ કરશે. જેથીમકર રાશિના જાતકોએ આ સમયગાળા દરમિયાન વાણી પર સંયમ રાખવો જરૂરી બનશે. પરિવારમાં સંપઅને એકતા જાળવી રાખવા માટે લેટ ગો કરવાની ભાવના પણ વિકસાવવાની રહેશે. વાહનો ચલાવવામાં બેદરકારી દાખવવી નહીં. આર્થિક આયોજન તથા નાણાનું રોકાણ ખૂબ જ સમજપૂર્વક તથા લાંબા ગાળાની દ્રષ્ટિ સાથે તેમજ જન્મના ગ્રહો પરથી માર્ગદર્શન તથા નિષ્ણાંતની સલાહ અનુસાર જ કરવું હિતાવહ ગણાશે. સ્વાસ્થ્ય બાબતે આંખોની જાળવણી તથા ભોજનમાં તામસી ખોરાકથી દૂર રહેવું આવશ્યકબનશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** કુંભ રાશિના જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે પ્રથમ તથા સાતમા સ્થાનમાં પ્રવેશ કરશે. જે મનમાં અનાવશ્યક ભય ઉત્પન્ન કરી શકે. સ્વાસ્થ્યની જાળવણી માટે ખાનપાન માટે યોગ્ય દિનચર્યા કેળવવી ઇચ્છનીય ગણાશે. વ્યાપારમાં નવી ભાગીદારી થોડો સમય મુલતવી રાખવી. જાહેરજીવનમાં કડવાશ યુક્ત સંબંધો ઉત્પન્ન ન થાય તે માટે સાવધ રહેવું. અહીં રાહુ આપના વ્યક્તિત્વમાં ડિપ્લોમસીપણું અપાવી શકે. નીતિ પૂર્વકના માર્ગે ચાલવાથી વર્ષના અંત સુધીમાં પ્રગતિ તથા સફળતાનો ગ્રાફ ઊંચે ચઢતો જોઈ શકો.દાંપત્યજીવનમાં વિશ્વાસ ઉત્પન્ન કરી મધુર સંબંધો જાળવી રાખવાનો પ્રયત્ન જરૂરી બનશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** મીન રાશિ જાતકોને રાહુ તથા કેતુ રાશિ પરિવર્તન પામીને અનુક્રમે બારમા તથા છઠ્ઠા સ્થાનમાં પ્રવેશ કરશે. અહીં મિથુન રાશિના જાતકોને બારમારાહુનું બંધન આગામી ૧૮ માસ સુધી રહે છે. જે સંપૂર્ણપણે વિવાદોથી દૂર રહેવાનું સૂચવે છે. કાયદાકીય બાબતોમાં સમાધાનકારી વલણ અપનાવવું અનિવાર્ય બનશે. કોઈપણ પ્રકારના આંધળા સાહસોથી દૂર રહેવું. વિદેશ સાથેના ડીલિંગમાં ખૂબ જ સાવચેતી રાખવી. અન્ય વ્યક્તિઓના જામીન, ગેરેન્ટરવગેરેમાં પડવું નહીં . જન્મનો પણ બારમા સ્થાનમાં રાહુ ધરાવનાર જાતકોએ વિશેષ સાવધ રહેવું અનિવાર્ય ગણાશે. મોસાળ પક્ષ દ્વારા સારો સહકાર મળી શકે.

ઉપરોક્ત તમામ બાર રાશિઓ માટે રાહુ તથા કેતુના રાશિ પરિવર્તન માટેનું પૂર્વાનુમાન ફળાદેશ સામાન્ય સિદ્ધાંતોના આધારે કરેલ છે. વિશેષ સૂક્ષ્મ નિરીક્ષણ માટે જન્મના ગ્રહોનો અભ્યાસ અનિવાર્ય હોય છે. જે જાતકોને જન્મકુંડળીમાં રાહુ-કેતુ નિર્બળ કે પીડિત અવસ્થામાં હોય તો અશુભ અસરોમાં વધારો થતો હોય છે. જ્યારે શુભ યુતિ-પ્રતિયુતિ કે યોગમાં રહેલા જન્મના રાહુ-કેતુ અશુભ અસરોમાં હળવાશ આપીને શુભ અસરોને પ્રબળ બનાવતા હોય છે. રાહુ કેતુની અશુભ અસરોને હળવી બનાવવા માટે ઘણા ઉપાયો શાસ્ત્રોમાં વર્ણવેલ છે. આ જ લેખમાં ઉપર દર્શાવેલા રાહુ મંત્રના જાપ,રાહુના દ્રવ્ય, વસ્તુ, ધાતુ વગેરેનું યથાશક્તિ દાન પણ ઉપયોગી નીવડે છે. નિષ્ણાંત તથા જ્યોતિષ શાસ્ત્રના જાણકાર, અનુભવી તજજ્ઞો પાસેથી યોગ્ય માર્ગદર્શન લઈને જો વધુ પીડિત અવસ્થા કે નિર્બળ અસરો જણાતી હોય તો રાહુ મંત્રનો હવન-યજ્ઞ પણ કરી શકાય છે. ૧૦૮ દુર્વા, કાળા તલ-અડદ, ગાયના ઘી-છાણ તથા કપૂરની ૧૦૮ આહુતિ દ્વારા રાહુ મંત્ર સાથે કરેલો હવન અશુભ અસરોમાંથી મુક્તિ અપાવવામાં સહાયક સિદ્ધ થાય છે. એકંદરે કર્મના સિદ્ધાંત તથા પ્રામાણિકતાપૂર્વક પુરુષાર્થના પથ પર ચાલનાર જાતકને રાહુના પીડિત ગોચર ભ્રમણની પ્રમાણમાં ઓછી નિર્બળ અસરોનો સામનો કરવો પડે છે. સાંજ સમાચારના દરેક વાચકનેરાહુ-કેતુના રાશિ પરિવર્તન શુભ ફળદાયી નિવડે તેવી શુભેચ્છા સાથે..

### સનતકુમાર વી. પોપટ પરિચય ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૯



- વર્ષ ૨૦૦૦થી સાયન્સ સ્ટ્રીમના ફિઝિક્સ લેક્ચરર તરીકે કાર્યરત.
- મેડિકલ-એન્જિનિયરિંગ તથા અનેક ઉચ્ચ વિદ્યાશાખાઓમાં પ્રવેશ મેળવનાર સેંકડો વિદ્યાર્થીઓના માર્ગદર્શક.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સૌથી નાની વયે એસ્ટ્રો સાયન્સ વિષયમાં તજજ્ઞ તરીકે સેવા આપી અનેક એસ્ટ્રોલોજર્સ તૈયાર થયા.
- પોલિટિકલ કોર્પોરેટ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ
- અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં કાઉન્સેલિંગ ડિપાર્ટમેંટના સ્થાપક,સંચાલક, એડવાઇસર
- ખ્યાતનામ વક્તા-કેળવણીકાર, વર્તમાનપત્રો-સામયિકોમાં રેગ્યુલર કોલમિસ્ટ.
- નો યોર ઈનરએબિલિટી પ્રોગ્રામના અન્વેષણકર્તા. જે અંતર્ગત વિદ્યાર્થીની જન્મજાત આવડત શોધીને કયું કરિયર ફિલ્ડ પસંદ કરવું, તે માટેનું અદ્વિતીય કરિયર કાઉન્સેલિંગ.
- એસ્ટ્રોસાયન્સ એન્ડ બિસનેસ સ્ટ્રેટેજી અંતર્ગત બિસનેસની જટિલ સમસ્યાઓના સાયંટિફિક ઉકેલ.
- વાસ્તુ : પાવર ઓફ ડાઈરિકશન અંતર્ગત બિલ્ડર, આર્કિટેક્ટ તેમજ કોઈપણ વ્યક્તિના રહેણાંક-વ્યાવસાયિક એકમોનું સાયંટિફિક વિશ્લેષણ.
- મોટીવેશનલ ટ્રેનિંગ,માઈન્ડ પાવર, પોઝિટીવ થીંકીંગ, વેલ્યુ ઓફ ઇન્ડિયન કલ્ચર, ફિંગર પ્રિન્ટ એનાલિસિસ, ધ સિક્રેટ ઓફ સકસેસ, હ્યુમન ઓરા સાયન્સ, પાવર ઓફ ડાઈરિકશન, એચીવયોર ગોલ, વુમન એમ્પાવરમેન્ટ, એસ્ટ્રો સાયન્સ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજી જેવા અનેક વિષયો પર પ્રવચનો, સેમિનાર, વર્કશોપ ઉપલબ્ધ.

## શુક્રવારે પૂ. ધીરજમુનિ મ.ની નિશ્રામાં

# જૈન બોર્ડિંગમાં પૂ. નર્મદાબાઈ મ.ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ

રાજકોટ, તા. ૧૯

ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરગુરૂદેવના આજ્ઞાનુવર્તી પારસમૈયા પૂ. રંભાબાઇ મ.સ.ના સુશિષ્યા પૂ. નર્મદાબાઇ મ.સ.એ ૨૭ વર્ષની વયે કાલાવડમાં પૂ. કેશવલાલજી મ.સા.ના હસ્તે દીક્ષા મંત્ર અને પૂ. રતિલાલજી મ.સા.ના હસ્તે રજોહરણ ગ્રહણ કરી દીક્ષા અંગીકાર કરેલ. ત્યારબાદ ૯ વર્ષે તેઓના સુપુત્રી પૂ. વનિતાબાઇ મ.સ.એ દીક્ષા અંગીકાર કરેલ.



સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઇમાં વિચરણ કરનારા ગુરૂમા પૂ. નર્મદાબાઇ મ.સ. ઉત્તરાર્ધ અવસ્થામાં ઇન્દ્રપ્રસ્થનગર જૈન સંઘ-મહેતા ઉપાશ્રયે સ્થિરવાસ બિરાજમાન હતા. છેલ્લે આઠ દિવસનો સંથારો અંગીકાર કરેલ.

આવા વિરલ અને વિરતિનો વૈભવ ધરાવનાર પૂ. મહાસતીજીની છઠ્ઠી પુણ્યતિથિ તા. ૨૩/૫ને શુક્રવારે સવારે ૯ થી ૧૧ કલાકે પૂ. શ્રી ધીરગુરૂદેવ તથા મહાસતીજીવૃંદની નિશ્રામાં મહાવીર ભવન-હોલ (જૈન બોર્ડિંગ) ખાતે સમુહ સામાયિક સહિત ઉજવાશે. સમસ્ત ધર્મપ્રેમીઓને સમયસર પોતાનું સ્થાન ગ્રહણ કરવા અનુરોધ છે. ભાગ્ય વિજેતા ડ્રોના પાસ ૯.૧૫ કલાક સુધી આપવામાં આવશે. અનુમોદનાનો લાભ કુંદનબેન નવીનચંદ્ર દોશી ડીડબલ્યુડી ફાર્મા મુંબઇવાળાએ લીધેલ છે.

# યોગાચાર્ય વિવેક તિવારીના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ 'લાઈફ'માં બે વર્કશોપનું આયોજન

## યોગના મૂળભૂત અને ઊંડાણપૂર્વકના સિધ્ધાંતો અંતર્ગત યોગાભ્યાસ કરાવાશે

રાજકોટ, તા.૧૯

પ્રખ્યાત યોગાચાર્ય વિવેક તિવારીજીના માર્ગદર્શન હેઠળ લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા તારીખ ૨૬ થી ૩૦ મે ૨૦૨૫ સવારે ૭.૦૦ થી ૮.૩૦ 'શુદ્ધિક્રિયા અને પ્રાણાયામ' અને સાંજે ૫.૦૦ થી ૬.૩૦ 'જીવનશૈલીથી ઉદિત સમસ્યાઓના યોગિક સમાધાન' વિષયક વિશિષ્ટ યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરોમાં યોગના મૂળભૂત અને ઊંડાણપૂર્વકના સિધ્ધાંતો અંતર્ગત યોગાભ્યાસ કરવામાં આવશે.

યોગાચાર્ય વિવેક તિવારીજી યોગ અને નેચરોપેથીમાં પી.એચ.ડી. પૂર્ણ કરવામાં છે અને ભારતના જાણીતા યોગ નિષ્ણાત છે. તેઓ ૨૫ વર્ષથી યોગ શિક્ષણ આપી રહ્યા છે અને કૈવલ્યધામ લોનાવાલામાં યોગ શિક્ષક તરીકે સેવાઓ આપી છે. પીઠનો દુ:ખાવો, તણાવ અને કેન્સર સંબંધિત યોગ વર્કશોપ્સમાં વિશેષ નિપુણતા ધરાવે છે. તેઓ ઇન્ડિયન યોગ એસોસિએશનના લાઈફ મેમ્બર અને ''યોગ ચિકિત્સા આચાર્ય તરીકે માન્ય છે.આ શિબિરો રેસકોર્સ રીંગ રોડ પર આવેલા પ્રોજેક્ટ 'લાઈફ' બિલ્ડીંગ ખાતે યોજાશે અને તેમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન માટે ૯૦ ૯૯ ૩૩ ૧૩ ૧૬ પર સંપર્ક કરવો.



# રવિ રત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા ૧૫૦૦ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક નોટબુક વિતરણ સમારોહ યોજાયો

## રવિરત્ન પાર્ક નાગરિક મંડળના પ્રમુખ આર.સી.પટેલ, મંત્રી સી.એન.જાવિયા, મગનભાઈ ઝાલાવડીયા અને ટીમની કામગીરી બિરદાવી

રાજકોટ, તા.૧૯

ગઈકાલે તા.૧૮ના રોજ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણ સમારોહનું આયોજન રવિ રત્ન પાર્ક નાગરિક મંડળ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડો.જયદીપસિંહ ડોડીયા, ડો. વલ્લભભાઈ ભેંસદડીયા અને અન્ય મહેમાનોએ રવિ રત્ન પાર્ક નાગરિક મંડળનાં પ્રમુખ આર. સી. પટેલ, મંત્રી સી.એન.જાવિયા અને મગનભાઈ ઝાલાવડિયા અને તેમની સમગ્ર ટીમની સેવાકીય પ્રવૃતિઓ બિરદાવી હતી.

આ તકે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ ડો.જયદીપસિંહ ડોડીયા, પૂર્વ ડી.ઈ.ઓ. વલ્લભભાઈ ભેંસદડિયા, સાંજ સમાચારના વિમલભાઈ ધામી, રાજકોટ નાગરિક બેંકના હિતેશભાઈ રાચ્છ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળતા બનાવવા માટે આર.સી. પટેલ, સી.એન.જાવિયા, મગનભાઈ ઝાલાવડિયા, જગદીશભાઈ પટેલ, ધીરૂભાઈ ઝાલાવડિયા, નરોત્તમ ભાઈ ફળદુ મગનભાઈ વાછાણી, ધીરૂભાઈ ફળદુ, જમનભાઈ સાપરીયા મહેશભાઈ બાવરવા, જેન્તીભાઈ ઢોલરિયા, દિવ્યેશભાઈ ફળદુ રમણીકભાઈ કણસાગરા, સંજયભાઈ જાવિયા, અતુલભાઈ કણસાગરા, ભાર્ગવભાઈ બાવરવા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# કાલે જનરલ બોર્ડ; સરકારી પ્રશ્નની ચર્ચા-નવી ટીપી સ્કીમ બનાવવા પર નિર્ણય

## ભાજપના સરકારી પ્રશ્નથી ચર્ચા શરૂ થશે : નેહલ શુકલના સળગતા પ્રશ્નોના જવાબ મહત્વના : વિપક્ષે પણ શાસકોના કાન ખેંચતા સવાલ મૂકયા : કુલ ૧૬ કોર્પોરેટરના ૩૦ પ્રશ્નો

રાજકોટ, તા.૧૯

મહાપાલિકાની દ્વિમાસિક સામાન્ય સભા આવતીકાલ તા. ૨૦ના રોજ મળવાની છે. આ સભામાં શાસક પક્ષના મહિલા કોર્પોરેટરના સરકારી માહિતી જેવા પ્રશ્નથી ચર્ચા શરૂ થવાની છે તો શાસક પક્ષના કોર્પોરેટર ડો. નેહલ શુકલએ ફાયર એનઓસી પ્રક્રિયા, ટેન્ડરની માહિતી માંગતો ગરમ પ્રશ્ન પૂછયો છે. આ સાથે વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયા અને પૂર્વ નેતા ભાનુબેન પ્રવિણભાઇ સોરાણીએ પણ શાસકોના કાન ખેંચતા સવાલો મૂકયા છે. તો બોર્ડના એજન્ડા પર રહેલી દરખાસ્તોમાં ઘંટેશ્વર અને મોટા મવાની નવી ટીપી સ્કીમની દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી છે.

ગત અઠવાડિયે બોર્ડના એજન્ડાના દિવસે સવારે શાસક પક્ષના સભ્યોએ પાર્ટીની સૂચનાથી પ્રશ્ન મૂકયા હતા. તે બાદ સાંજે વોર્ડ નં.૭ના કોર્પોરેટર નેહલ શુકલએ ફાયર એનઓસીના નિયમો, પેન્ડીંગ અરજી, નામંજૂર અરજીની વિગતો પૂછીં હતી. બીજા પ્રશ્નમાં ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫માં જુદા જુદા વિભાગમાં ૨૦ લાખથી વધુના ટેન્ડર, તારીખ, ભાવ ખોલવાની તારીખ, વર્ક ઓર્ડર, પેમેન્ટ સહિતની માહિતી માંગી છે.

મનપા વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયાએ પણ ત્રણ પ્રશ્ન મૂકયા છે. પ્રિ-મોન્સુન અને આફ્ટર મોન્સનુ કામગીરી, વર્ગ-૧થી ૩માં ખાલી જગ્યા સહિત મહેકમની વિગતો, ત્રણ વર્ષમાં મનપાની હદમાં થયેલા અકસ્માતો, કોર્પો.ની બેદરકારી અંગેની વિગતો પૂછી છે. તો પૂર્વ નેતા ભાનુબેન સોરાણીએ કોર્પો.માં ગાર્બેજ નિકાલ માટે નવા ટેન્ડરની સ્થિતિ, નવા વાહનો, તેનો સ્ટાફ, ડ્રેનેજ મેન હોલમાંથી નીકળતા કચરાના નિકાલની વ્યવસ્થા, ખર્ચ, પેમેન્ટની વિગત પૂછી છે. તમામ શાખાની છ માસની કામગીરી અને ટીપી સ્કીમ અંગેની વિગતો પૂછી છે.

કાલના બોર્ડમાં ૧ થી ૩ ક્રમે ભાજપના સભ્યોના પાંચ પ્રશ્નો રજૂ થયા છે. જયારે કોંગ્રેસના કોર્પોરેટરના પ્રશ્ન ચોથા ક્રમે હોય વધુ એક વખત ભાજપના કોર્પોરેટરોના પ્રશ્નોની સરકારી ચર્ચામાં જ બોર્ડ પૂરૂ થઇ જાય તેવું લાગે છે. પ્રથમ પ્રશ્ન વોર્ડ નં.૫ના ભાજપના મહિલા કોર્પોરેટર રસિલાબેન સાકરીયાનો છે. તેમણે એક વર્ષમાં કેન્દ્ર અને રાજય સરકારે ફાળવેલી ગ્રાન્ટ અને કામની વિગતો તથા બીજા પ્રશ્નોમાં ૨૦૨૪-૨૫માં મિલ્કત અને વ્યવસાય વેરાની નવી આકારણી, નોંધણી, રીવાઇઝ આકારણીના આંકડા જેવી સરકારી માહિતી માંગી છે. બીજા ક્રમે ભાજપના કંચનબેન સિધ્ધપુરાએ વૃક્ષારોપણ, સફાઇ કામગીરીની વિગતો, ત્રીજા ક્રમે જયશ્રીબેન ચાવડાએ છેલ્લા બે વર્ષમાં અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા ઇમ્પેકટ ફી કાયદા હેઠળ વોર્ડવાઇઝ મળેલી અરજીઓ, તેના નિકાલની વિગતો પૂછી છે.

લગભગ પ્રથમ પ્રશ્નમાં જ બોર્ડ સમાપ્ત થઇ જાય તેવું લાગે છે. ચોથા ક્રમે કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભારાઇના ત્રણ પ્રશ્નો છે. તેમણે છેલ્લા ૧૫ વર્ષમાં મનપાની વસ્તી અને વિસ્તાર વધવા સાથે વોર્ડવાઇઝ કરાયેલી ભરતી, શાખાઓ સ્ટાફની ઘટની વિગત પૂછી છે. સીટી બસમાં ડ્રાઇવરની સંખ્યા, બસની સંખ્યા, ભરતી અને લાયકાતો, ટીપર વાનની વિગતો પૂછી છે. અન્ય કોર્પોરેટરોએ બે વર્ષમાં કેટલા ખર્ચે કેટલા ડામર કામ થયા, વોર્ડવાઇઝ ફૂડ લાયસન્સ, ટીપીના અનામત પ્લોટ, તેમાં વિકાસની કામગીરી, વોર્ડવાઇઝ હોર્ડિંગ બોર્ડ અને તેની આવક, ૨૦૨૪-૨૫માં વેરાની આવક, વ્યવસાય વેરા, હોર્ડિંગ કોન્ટ્રાકટની આવક, પ્રિ-મોન્સુન કામગીરી, હોકર્સ ઝોન, ઓટોમેટીક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ, ટ્રાફિક અને પાર્કિંગ મેનેજમેન્ટ વિભાગની માહિતી પૂછી છે.

મનપા ફાયર વિભાગ દ્વારા એક વર્ષમાં ફાયર એનઓસી રજુ કરવા વોર્ડવાઇઝ કેટલા બિલ્ડીંગનો નોટીસ અપાઇ, આ નોટીસો પૈકી કેટલા મિલ્કત ધારકોને એનઓસી આપવામાં આવ્યા તેની માહિતી ભાજપના કોર્પોરેટર અલ્પનાબેન દવેએ માંગી છે.

**દરખાસ્તો**

બોર્ડના એજન્ડા પર કુલ ૧૧ દરખાસ્તો રહેલી છે. જેમાં સાત દરખાસ્તો તો ટીપી સ્કીમને લગતી છે. આ રીતે આગામી બોર્ડ ટીપી સ્કીમને લગતું બોર્ડ બની રહેશે. ઘંટેશ્વર અને મોટા મવાની બે નવી ટીપી સ્કીમ બનાવવા તથા અન્ય સ્કીમમાં દરખાસ્તોને પરામર્શ આપવાની કાર્યવાહી આ બોર્ડમાં થશે. ચૂંટણી વર્ષમાં આવેલી અર્ધો ડઝનથી વધુ ટીપી સ્કીમની દરખાસ્તો અંગે વિપક્ષના સભ્યો શું માહિતી લે છે તે પણ મહત્વનું બની રહેશે. સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૪ બનાવવા માટેનો ઇરાદો જાહેર કરવા આ બોર્ડમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ સિવાય મોટા મવા સાથે જ કોર્પો.માં ભળેલા ઘંટેશ્વર વિસ્તારની ટીપી નં.૪૬ બનાવવાનો ઇરાદો પણ જાહેર કરવાનો પ્રસ્તાવ એજન્ડામાં આવ્યો છે. રહેણાક અને ઔદ્યોગિક ઝોન સાથેના આ વિકાસશીલ વિસ્તારમાં ટીપી સ્કીમ બનાવવી આવશ્યક દર્શાવવામાં આવી છે. તેનું ક્ષેત્રફળ ૧૯.૨૫ લાખ ચો.મી. (૧૯૨.૫૬ હેકટર) થાય છે. જે રૂડાની પરાપીપળીયા, ઘંટેશ્વર, માધાપરની હદને ટચ થાય છે. આ ૪૬ નંબરની દરખાસ્ત બનાવવા માટે મુખ્ય નગર નિયોજક દ્વારા પણ પરામર્શ મળી ગયો છે. આથી સરકારમાં મંજૂરી માટે બંને નવી ટીપી સ્કીમ મોકલવામાં આવનાર છે.

મોટા મવા-૨૩માં સામેલ સત્તામંડળને ફાળવવામાં આવેલા ખંડ અને ટીપી રસ્તાને પણ પરામર્શ આપવામાં આવશે. તેની કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તને પરામર્શ આપવા નિર્ણય કરવામાં આવશે. મોટા મવા-૨૨માં પણ આ જ રીતે પરામર્શ આપવાનો ઠરાવ ટીપી કમીટીએ કર્યો હતો. જેને દરખાસ્તના રૂપમાં કમિશ્નરે મોકલ્યો છે.

**નગરસેવકોના પ્રશ્નો**

| | | |
|---|---|---|
| ૧ | રસિલાબેન સાકરીયા | ૨ |
| ૨ | કંચનબેન સિધ્ધપુરા | ૨ |
| ૩ | જયશ્રીબેન ચાવડા | ૧ |
| ૪ | કોમલબેન ભારાઇ | ૩ |
| ૫ | દિલીપભાઇ લુણાગરીયા | ૨ |
| ૬ | નિતીનભાઇ રામાણી | ૨ |
| ૭ | ડો. દર્શનાબેન પંડયા | ૧ |
| ૮ | ચેતનભાઇ સુરેજા | ૨ |
| ૯ | અલ્પાબેન દવે | ૧ |
| ૧૦ | કંકુબેન ઉધરેજા | ૧ |
| ૧૧ | મીનાબા જાડેજા | ૧ |
| ૧૨ | સંજયસિંહ રાણા | ૨ |
| ૧૩ | ડો.અલ્પેશભાઇ મોરઝરીયા | ૨ |
| ૧૪ | ડો. નેહલ શુકલ | ૨ |
| ૧૫ | વશરામભાઇ સાગઠીયા | ૩ |
| ૧૬ | ભાનુબેન સોરાણી | ૩ |

| | ભાજપ | કોંગ્રેસ | કુલ |
|---|---|---|---|
| કોર્પોરેટર | ૧૩ | ૩ | ૧૬ |
| પ્રશ્નો | ૨૧ | ૯ | ૩૦ |

## ખોડલધામ આયોજિત વૈદિક વિવાહમાં રચાયો અનોખો સંયોગ

# દિકરાના નિધન બાદ પિતાએ પુત્રવધુને અન્ય જગ્યાએ પરણાવીને કર્યું કન્યાદાન

### ગત તા. ૩૧ ડિસેમ્બરના નાની ઉંમરે અંકિતભાઈ ઘાડિયાનું અવસાનઃ પત્નિ જાગૃતિબેનના અન્ય જગ્યાએ લગ્ન કરાવવાનું સસરાપક્ષ દ્વારા કરાયું નક્કી

### પુત્રવધુને દિકરી સમજીને કન્યાદાન કરીને સસરાએ સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડયું





રાજકોટ, તા.૧૯

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સમાજ ઉત્થાનની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક, શિક્ષણ, આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક વિવાહ કરાવવામાં આવી રહ્યા છે.

રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોક પાસે આવેલા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વૈદિક વિવાહમાં તા.૧૭ મે ને શનિવારના રોજ યોજાયેલા લગ્નમાં અનોખો સંયોગ રચાયો હતો. દીકરાના નિધન બાદ પિતાએ પુત્રવધુને અન્ય જગ્યાએ પરણાવીને કન્યાદાન કર્યું હતું અને સમાજને એક નવી રાહ ચિંધ્યો હતો.

જામનગર જિલ્લાના અમરાપર ગામના નારણભાઈ ઘાડિયાના પુત્ર અંકિતભાઈ ઘાડિયાનું ગત તા. ૩૧ ડિસેમ્બરના રોજ નાની ઉંમરે આકસ્મિક અવસાન થયું હતું. અંકિતભાઈ ઘાડિયાના અવસાન બાદ તેમના પત્ની જાગૃતિબેનના અન્ય જગ્યાએ લગ્ન કરાવવાનું સ્વ. અકિતભાઈના પિતા અને જાગૃતિબેનના સસરા નારણભાઈ ઘાડિયાએ નક્કી કર્યું હતું. આ લગ્ન તા. ૧૭ મે ને શનિવારના રોજ ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત વૈદિક વિવાહ અંતર્ગત યોજાયા હતા. જેમાં જાગૃતિબેનના પિતા મેઘજીભાઈ સંઘાણી અને સસરા નારણભાઈ ઘાડિયાએ કન્યાદાન કરીને કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામના રમેશભાઈ ભીખાભાઈ વાડોદરિયાના પુત્ર જયદિપકુમાર વાડોદરિયા સાથે જાગૃતિબેનના લગ્ન કરાવ્યા હતા. આમ પુત્રવધુને દીકરી સમજીને કન્યાદાન કરીને સસરાએ સમાજમાં એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડયું છે.

આ વૈદિક વિવાહ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના માનદ મંત્રી જીતુભાઈ વસોયા અને ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયાએ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા અને વર-કન્યાના પરિવારને આ અનુકરણીય પગલું ભરવા બદલ બિરદાવ્યા હતા. મહત્વનું છે કે, રાજકોટના જે.પી. જવેલ્સના માલિક જીજ્ઞેશભાઈ પટોડીયા દ્વારા વૈદિક વિવાહમાં જોડાનાર દરેક કન્યાઓને સોનાની ચુક ભેટમાં આપવામાં આવી રહી છે.

## ૨૫મેએ રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની જનરલ મિટિંગ

રાજકોટ,તા.૧૯

રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની જનરલ મિટિંગ/સામાન્ય સભા આગામી તા.૨૫ ને રવિવારે સાંજે ૫ કલાકે રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની વાડી નં.૨, મેહુલ પ્રિન્ટ સામે, સંતકબીર રોડ પાસે, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં આગામી દિવસોમાં રાજકોટ ખાતે સમસ્ત ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિનાં પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સમાહના શુભ આયોજન કરવા બાબતે ચર્ચા વિચારણા કરશે.

## ગોંડલ તાલુકાના બાંદરા મુકામે રજત મહોત્સવ ઉજવણી

રાજકોટ, તા.૧૯

ગોંડલ તાલુકાના બાંદરા ગામે સંત શ્રી ઉગારામ દાદા ની જગ્યામાં પ.પૂ. ભલારામ બાપાની નિર્વાણ તિથિ રજત મહોત્સવ તારીખઃ- ૧૯/૫/૨૦૨૫ તેમજ તારીખઃ- ૨૦/૫/૨૦૨૫ ના રોજ ભજન-સત્સંગ, ભોજન-પ્રસાદ તેમજ બ્લડ કેમ્પ, ચશ્મા વિતરણ, સર્વ રોગ નિદાન કેમ્પ, વૃક્ષારોપણ, વ્યસન મુક્તિનું આયોજન કરેલ છે. તેમજ આ શુભપ્રસંગે સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાંથી સંતો મહંતો તેમજ રાજકીય આગેવાનો પધારશે .તેમજ આ કાર્યક્રમમાં સમાધિ મંદિરે મંગળા આરતી, સંતોના સામૈયા, સંત ધર્મ સભા, પૂજ્ય ભલારામ બાપાની વિડીયો યાદી તેમજ ગામજનો સાથે મળી શોભાયાત્રા તેમજ વિવિધ કાર્યક્રમો રાખેલ છે.



### રાજકોટ રાજ્ય ફાઉન્ડેશન દ્વારા દરબારગઢ નવીનીકરણનો પ્રથમ તબક્કામાં સંપન્ન

# ટૂંક સમયમાં ૩૫૦ વર્ષની આયુષ્ય ધરાવતાં ઐતિહાસિક સંકુલ દરબારગઢનાં દ્વાર સંગ્રહાલય સ્વરૂપે ખુલશે -માંધાતાસિંહજી જાડેજા

### રાજકોટ નગરની સ્થાપના અને વૈભવશાળી અસ્તિત્વની સાંસ્કૃતિક, પરંપરાગત, ઐતિહાસિક યાત્રાનું મંગલાચરણ થશે

રાજકોટ, તા.૧૯

સોનીબજારમાં આવેલું અને ''દરબાર ગઢ'' નામથી ઓળખાતું એક જાજરમાન સંકુલ એટલે રાજકોટના રાજવી પરિવારનું ભૂતપૂર્વ નિવાસસ્થાન. આ ૩૫૦ વર્ષની આયુષ્ય ધરાવતું આ સ્મારક રાજકોટ નગરની સ્થાપના અને તેમની વૈભવશાળી અસ્તિત્વની સાંસ્કૃતિક, પરંપરાગત, ઐતિહાસિક યાત્રામાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરબારગઢ સંકુલમાં ૧૫ થી વધુ સ્થાપત્યો જેવાં કે રંગમહેલ, રાણીવાસ, હુઝુર ઓફિસ, અમરસિંહજી ભુવન, બાવાજીરાજ ભુવન, ટીલામેડી, આઉટ હાઉસ, શીશમહેલ, બગીખાનાંનો સમાવેશ થાય છે. કચ્છમાં સને. ૨૦૦૦ દરમિયાન આવેલાં ભયાનક ભૂકંપની રાજકોટમાં થયેલી અસર ઉપરાંત સ્થાપત્યોની ઉંમરના કારણે જર્જરિત, અસ્થિર અને ધ્રુજતી સ્થિતિમાં હતી. પરંતુ રાજકોટના રાજ પરિવારની દીર્ઘ દ્રષ્ટિ અને ઐતિહાસિક ઇમારતો પ્રત્યેની અપ્રતિમ લાગણીનાં કારણે રાજકોટ રાજ્ય ફાઉન્ડેશન દ્વારા એ ક્ષિપ્ર-વિક્ષિપ્ત સ્થાપત્યના સંરક્ષણ પુનઃસ્થાપનના વ્યાપક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

દરબારગઢ નવીનીકરણનાં પ્રથમ તબક્કામાં સંપન્ન થયેલાં વિવિધ વિભાગોનાં દ્વાર નગરજનો, પ્રવાસીઓ અને દેશ-વિદેશનાં મહેમાનો માટે ટૂંક સમયમાં સંગ્રહાલય તરીકે ખુલ્લાં મુકવામાં આવનાર છે. મ્યુઝિયમ રાજકોટના એક પ્રાંત તરીકેના મુખ્ય પાસાઓ, તેના શાસકો, રાજ્ય અધિકારીઓ, નાગરિકોની જીવનશૈલી પર પ્રકાશ પાડે છે. અધ્યાત્મ જગતનાં સારથિ જગદ્ગુરુ શંકરાચાર્યજી, વિશ્વ વંદનીય રણછોડદાસજી મહારાજ, રાજર્ષિ મુનિજી ઉપરાંત રાષ્ટ્ર નાયકો સર્વ શ્રી મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, નરેન્દ્રભાઇ મોદીનાં પત્રો અને પત્રવ્યવહાર, વિન્ટેજ ફર્નિચર, અત્યંત મૂલ્યવાન ચિત્રો, પ્રતિમાઓ, શસ્ત્રાગાર, શાસક દ્વારા કરવામાં આવેલા જાહેર કાર્યો અને અનેકવિધ રાજકીય વિરાસતની ઝાંખી કરાવતાં દરબાર ગઢ મ્યુઝિયમ તૈયાર કરવાનો સંકલ્પ એ રાજકોટ રાજ પરિવાર અને રાજકોટ રાજ્ય ફાઉન્ડેશનનો સંયુકત પ્રયાસ એ ભારતીય મૂલ્યો, નૈતિકતા, વારસા પ્રત્યેની ફરજને પુનઃસ્થાપિત કરવાનો અને ભારતીય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે.

એક સમયે લુપ્ત થવાની કગાર પર પહોચેલાં દરબાર ગઢ સ્થિત સઘળાં સ્થાપત્યોને પુનર્જીવિત કરવાના અભિગમ સાથે આરંભાયેલાં નવીનીકરણ કાર્યમાં મોટા પ્રમાણમાં સંશોધકો, વિશ્લેષકો, સંબંધિત સલાહકારો, નિષ્ણાંતોએ તેમની સેવાઓ પુરી પાડી છે.

### બ્રહ્માકુમારીઝ પંચશીલ સેવા કેન્દ્ર દ્વારા રિટ્રિટ હેપ્પી વિલેજ ખાતે

# બે દિવસ ફોરેસ્ટ બાથીંગ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, તા. ૧૯

બ્રહ્માકુમારીઝ પંચશીલ સેવા કેન્દ્ર દ્વારા રીટ્રિટ સેન્ટર હેપ્પી વિલેજ ખાતે શનિ - રવિ ફોરેસ્ટ બાથીંગ યોજાયો હતો. જેમાં અંદાજે ૫૦ લોકોએ ભાગ લીધો હતો. બ્રહ્માકુમારી વિધિબેન, તનિષાબેન અને અવનીબેને સર્વને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ ગુજરાત ઝોન ડાયરેકટર વરિષ્ઠ બ્રહ્માકુમારી ભારતીદીદીજીના માર્ગદર્શન તળે યોજાયેલ હતો.

સૃષ્ટિના રચનાકાર પરમાત્માની યાદ અને હરિયાળી, વનરાઈ અને શહેરના શોરબકોરથી દૂર વન સાથે વાતો, કોમલ કિરણોમાં સૂર્ય સ્નાન આપણને સોનેરી સંકલ્પ સ્વતઃ કરાવે છે કે - હે કુદરત, હે ધરતી માઁ, હે ઘેઘુર વૃક્ષો હું આજીવન આપનું રક્ષણ કરીશ. મારા તન મન ને શાતા આપવા બદલ, શુકુન આપવા બદલ આપને શુક્રિયા. હેપ્પી વિલેજના એંજલ પાર્કમાં ઓમ મંગલ ધ્વનિ વચ્ચે આવો સુંદર અનુભવ સહુ કોઈને થયો હતો. બ્રહ્માકુમારી વિધિબેન, તનિષાબેન, અવનીબેને કાર્યક્રમના તમામ સહભાગીઓને આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક તરીકાથી તેના સુભગ સમન્વયથી કેટલીક એક્ટિવિટી કરાવી ,જેનાથી સહભાગીઓને શાંતિ, શુકુન, તાજગી, પ્રસન્નતાનો દિવ્ય અનુભવ થયો હતો. આ વિશ્વ નાટકના પરમ સ્ત્રોત પરમશક્તિનું સાનિધ્ય મેડીટેશન દ્વારા સૌ કોઈએ કર્યું.

બ્રહ્માકુમારી વિધિબેને આ તકે કહ્યું હતું કે, વૃક્ષો સાથેના મૌન સંવાદથી વિચારોની ગતિ શાંત બને છે. મનની આ સ્થિતિ વાહન હંકારતી વખતે જરૂરી છે, તેનાથી અકસ્માત ઘટે છે.

જાપાની સાહિત્યમાં એક વાર્તા છે. જેમાં યુવક એક વૃક્ષને બથ ભરીને ધ્રુસકે ધ્રુસકે રડે છે. કેમ કે તે તેનાથી દૂર જઈ રહ્યો હોય છે. વિદેશમાં નેચર થેરાપી પ્રચલિત છે. જેમાં ડિપ્રેસન હોય તેને વન ગમન કરવાની સલાહ અપાય છે.

# સેવા અને સ્મરણની રાહ આપનાર સંત પુનિત મહારાજનો આજે જન્મદિવસ

### આજે રાત્રે ધુન-ભજન, પાદુકાદર્શન પૂજનનો કાર્યક્રમ



રાજકોટ,તા.૧૯

સેવા અને સ્મરણનો રાહ બતાવનાર સંત શ્રી પુનિત મહારાજનો આજે જન્મદિવસ છે સંત પુનિતનો જન્મ ૧૯/૦૫/૧૯૦૮ના રોજ જૂનાગઢ મુકામે વાલમ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયેલ નાનપણ થી ભજન પ્રત્યે ચનેરો લગાવ હતો. માત્ર ૫૪ વર્ષની જીવનયાત્રા દરમ્યાન જનસેવાના ઘણો કાર્ય તેમના થકી થયેલ જેમાં ભજન પ્રવૃતી દ્વારા જન સમાજને શાંતિ-હિંમત સુવિચાર-ધર્મ-સત્ય અહિંસા જેવા પુનિત વિચારો પ્રાપ્ત થાય તેવા ૩૬૦૦ જેટલા ભાઈનોની રચના થયેલ ઉપરાંત નેત્ર યજ્ઞ, દંત યજ્ઞ, ભાખરીદાન, ધાબળાદાન જેવી અનેક પ્રવૃતિઓ થયેલ પગપાલા યાત્રા સંઘ તથા શ્રી પુનિત રામાયણની રચના પણ થયેલ શ્રી પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા આજે રાત્રે ૯.૩૦ થી ૧૨ ધુન ભજન પાદુકા દર્શન પૂજનનો કાર્યક્રમ દિપકભાઈ મથુરાદાસ સંતવાણીને ત્યાં શ્રી રાંદલ કૃપા ૨૯ કરણપરા કોર્નર ખાતે યોજાશે.

# GCAS પોર્ટલ પર પ્રવેશ અંગે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા અંતે બુધવાર સુધી લંબાવાઈ




રાજકોટ તા.૧૯

જીકાસ પોર્ટલ પર અંતે વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે રજી.ની પ્રક્રિયા તા.૨૧ને બુધવાર સુધી લંબાવી દેવામાં આવી છે. આ અંગે રાજકોટ યુવા ભાજપના અગ્રણી ડો.પરેશ રબારી દ્વારા સૌ.યુનિ.ના કુલપતિ અને રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી.

આ અંગે ડો.પરેશ રબારીએ જણાવ્યું છે કે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરાતા ૬૫૮૦૯ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે સાથે સીબીએસસી અને આઈબી બોર્ડના અંદાજે ૧૫ હજાર વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે આમ કુલ ૮૦ હજાર વિદ્યાર્થીઓમાંથી ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અત્યાર સુધીમાં જીકાસ પોર્ટલ પર રજી. કરાવી ચુકયા છે.

જયારે બાકીના વિદ્યાર્થીઓ મોડી માર્કસીટ મળવાના કારણે અને જીકાસ પોર્ટલની પૂરતી જાણકારી નહીં હોવાથી તેઓ આ પોર્ટલ પર રજી. કરાવી શકેલ નથી. આ પોર્ટલ પર રજી.ની અંતિમ તારીખ ૧૮ સુધીની નિયત કરાયેલ હતી. જેથી આ રજી. પ્રક્રિયાને પોર્ટલ પર લંબાવવા તેઓએ માંગણી ઉઠાવી હતી. જેને લક્ષ્યમાં લઈ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે રજી.ની પ્રક્રિયા હવે બુધવાર સુધી લાંબાવી દેવામાં આવી છે. વધુમાં ડો.પરેશ રબારીએ એવું પણ જણાવ્યું હતું કે સૌ.યુનિ. અંતર્ગત શરૂ કરાયેલ ફોર્મ ફીલ્ડીંગ સેન્ટરમાંથી સૌથી વધારે સેન્ટ્રલમાંથી વિદ્યાર્થીઓની શૂન્ય અરજી પોર્ટલ પર રજી. કરવામાં આવી છે. આવા સેન્ટર પર યુનિ.ના અધિકારીઓને એસી ચેમ્બર છોડી તેઓને ફીલ્ડમાં મોકલવા પણ પરેશ રબારીએ માંગણી દોહરાવી છે.






# શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને અન્નકુટ ધરાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૯ના સોમવારના શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી ૧૦૦ કિલો બદામ અને ૧૫૦ કિલોબુંદીના લાડુંનો અન્નકૂટ ધરાવાયો હતો. સવારે ૫:૪૫ કલાકે આરતી પૂજારી સ્વામી દ્વારા દ્વારા કરવામાં આવી હતી. શ્રીહરિ મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘાનો શણગાર કરવામાં આવ્યો હતો તેમજ અંનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

### ગોં. સંપ્ર.ના પૂ. પ્રેમગુરૂવરની ૩૯મી પુણ્યતિથિ

# આવતીકાલે રાજકોટના ધર્મસ્થાનકોમાં પ્રવચન, જાપ સહિતના અનુષ્ઠાનો યોજાશે



પૂ. પ્રેમગુરૂવરની દીક્ષા દિનની ફાઇલ તસ્વીર.

રાજકોટ, તા. ૧૯

ગોંડલ સંપ્રદાયના ક્ષત્રિયવંશી આચાર્યપ્રવર પૂ. શ્રી જશાજી સ્વામીના પાટાનુપાટ ૮૦ વર્ષની જૈફવયે ઉપલેટામાં પિતા-પુત્ર પૂજયપાદ શ્રી પ્રેમગુરૂવર અને પૂ. ધીરગુરૂદેવે એકી સાથે દીક્ષા અંગીકાર કરેલ.

પૂ. પ્રેમગુરૂવર રોજના ૧૫ થી ૨૦ કિલોમીટર વિહાર કરતા તેમજ પ્રથમ ચાતુર્માસ દામનગર કર્યા બાદ ભાવનગર, પાલીતાણા, જૂનાગઢ, માંગરોળ, પોરબંદર, જામનગર, મોરબી, કચ્છની વિહાર યાત્રા પૂર્ણ કરીને અમદાવાદ પધાર્યા બાદ ધ્રાંગધ્રા ચોમાસુ પધારતા છારોડીમાં કોલેરાનો રોગ થતા અમદાવાદ બિરાજમાન થયા હતા. ત્યારબાદ ફરી ગઢડા વગેરે ક્ષેત્રની સ્પર્શના કરી અમદાવાદથી બરોડા પધારતા અસલાલી કાર અકસ્માત થતા નવરંગપુરામાં સ્થિરતા કરેલ. છેલ્લે શાહીબાગમાં વૈશાખ વદ-૮ના ૧૯૮૬માં સમાધિભાવે કાળધર્મ પામ્યા હતા.

જશાપર ગામમાં ૫૦ વર્ષ સરપંચપદે સેવા આપનાર અને ૧૩ વર્ષની વયે આજીવન રાત્રિ ભોજન ત્યાગ કરનાર પૂ. પ્રેમગુરૂદેવ ઉતરાર્ધવસ્થામાં જીવન ધન્ય બનાવી ગયા.

આવતીકાલે મંગળવારે વૈશાલીનગર, વિરાણી પૌષધશાળા, ભકિતનગર, શ્રમજીવી, રૈયાધાર (સનસીટી), ગીતગુર્જરી , રામકૃષ્ણનગર, સરદારનગર વગેરે સંઘોમાં પ્રવચન, જાપ વગેરે યોજાશે.

# રાજકોટ એઈમ્સમાં પાંચમાં ઓપરેશન થિયેટરનું ઉદ્ઘાટન કરાયું

### નવા ઓપરેશન થિયેટરથી દર્દીઓની આરોગ્ય સેવામાં વધુ સુવિધા સાથે ચાર્જિકલ ક્ષમતાઓમાં પણ વધારોઃ ડો.ગોવર્ધન દત્તપુરી



રાજકોટ,તા.૧૯

સૌરાષ્ટ્ર અને રાજકોટ માટે ગૌરવ એવા એઇમ્સ હોસ્પિટલ ખાતે આરોગ્ય સંભાળ સેવાઓ માળખાને પ્રગતિ સાથે વધુ મજબૂત બનાવવા એઇમ્સ રાજકોટના એક્ઝીક્યુટીવ ડાયરેકટર પ્રો.ડો. ગોવર્ધન દત્તપુરી હસ્તે અત્યંત આધુનિક ઓપરેશન થિયેટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

એઇમ્સ સંસ્થાની ઝડપી પ્રગતિ ગતિશીલ નેતૃત્વ પૂરું પાડવા અને રાજકોટ અને સૌરાષ્ટ્ર ગુજરાતના લોકોને ખુબ સારી સારવાર મળે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહેતા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પ્રો. ડો. ગોવર્ધન દત્તપુરીના માર્ગદર્શન હેઠળ ઓપરેશન થિયેટરની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.નવું ઉદ્ઘાટન કરાયેલ ઓપરેશન થિયેટર દર્દી સંભાળ વધુ સેવાઓ માટે ખાસ કરીને રાજકોટ અને આસપાસના પ્રદેશોના લોકોને ફાયદો પહોંચાડે છે.વિવિધ સર્જિકલ વિભાગોની કાર્યક્ષમતા અને ક્ષમતામાં નોંધપાત્ર વધારો પણ કરશે સાથે આરોગ્યસંભાળ માં અમારા દર્દીઓને પૂરી પાડવામાં આવતી સર્જિકલ સંભાળની ગુણવત્તા અને સમય સાથે ઘણો વધારો કરશે.સલામતી, ટેકનોલોજી સાથે એનેસ્થેસિયોલોજી અને પેરીઓપરેટિવ કેર વિભાગે નવા ઓપરેશન થિયેટરને કાર્યરત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.આ કાર્યક્રમમાં એનેસ્થેસિયોલોજી અને પેરીઓપરેટિવ કેર વિભાગનું પ્રતિનિધિત્વ પ્રો.ડો.વિક્રમ વર્ધન, સહાયક પ્રોફેસરો ડો. અભિલાષ ડી. મોટેગરે અને ડો. નિવેદિતા જે. બોદરા અને સિનિયર નર્સિંગ ઓફિસર શ્રીમતી ગીતાએ કર્યું હતું.આ પ્રસંગે મહાનુભાવોમાં ડીન રિસર્ચ પ્રો.ડો.સંજય ગુપ્તા, અને ડેપ્યુટી ડિરેક્ટર એડમિનિસ્ટ્રેશન લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ અને એકાઉન્ટ્સ ઓફિસર શ્રીધર વસાણી હાજર રહ્યા હતા.

**પરિચય**



★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેકશન એક્સપર્ટ.
★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
★ માઈન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર

# અઠવાડિક રાશિ ભવિષ્ય

**૧૯/૦૫/૨૦૨૫થી ૨૫/૦૫/૨૦૨૫**

સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯

ॐ સોમવાર થી રવિવાર ॐ

## મેષ રાશિ (અ, લ, ઈ)

**(અ,લ,ઈ)** મેષ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે. અહીં ભાઈ-ભાંડુથી ઉત્તમ સહકાર પ્રાપ્ત કરી શકો. વ્યવસાયિક તથા ધંધાકીય ક્ષેત્રે ગણતરી પૂર્વકના જોખમ ફળદાયી નિવડે. કુંભ રાશિ પરથી પસાર થનારો ચંદ્ર રાહુ પરથી પસાર થશે. વિદ્યાર્થીઓએ આળસ ત્યાગવી જરૂરી બનશે. મિત્રો સાથેના આર્થિક વ્યવહારો ખૂબ જ સમજપૂર્વક કરવા. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. અહી ચંદ્ર વિષયોગની અસરમાં આવશે. મિલકતને લગતા કાર્યમાં ઉતાવળ કરવી નહીં. મુસાફરી તથા યાત્રામાં અજાણ્યા સ્થળોથી સાવચેતીકેળવવી. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. સ્વભાવ તથા વાણી-વર્તનમાં અંકુશ રાખવો અનિવાર્ય બનશે. શબ્દો તથા વાક્યોનાઅયોગ્યઉપયોગ દ્વારા હિતેચ્છુઓની અવગણના કરીને લાંબા ગાળાનું નુકસાન કરવું નહીં. જીવનસાથી સાથે વિવાદ નિવારવો.કલ્પના શક્તિ વિકસતી લાગે. બુદ્ધિગમ્ય નિર્ણયો લઈ શકો.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર નવમા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે. ધર્મ-કાર્ય તથા બાધા-માનતા પૂરી કરવા માટે અનુકૂળ સમયની પ્રાપ્તિ કરી શકો.ભાગ્યનો સાથ મળતો જણાય. અહીં કુંભ રાશિ પરથી પસાર થનારો ચંદ્ર રાહુસાથે કોમ્બિનેશનમાં આવશે. મિલકત સ્થાન ઉપર અસર કરનારૂ આ ભ્રમણ વતનના તથા મિલકતને લગતા કાર્યો સમજપૂર્વક કરવાનું સૂચવે છે.આળસ ત્યાગવી જરૂરી બનશે.ઈન્સ્યોરન્સ કે અનિવાર્ય એવું સમારકામ તુરંત હાથ ઉપર ધરી શકવાની શક્યતા પણ જણાઈ રહી છે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. મોટાભાઈ-ભાંડુને ઉપયોગી નિવડી શકાય. સપ્તાહના અંત ભાગમાંચંદ્ર બારમા સ્થાન પરથી પસાર થશે. જાતે કરીને વ્યર્થ વિવાદો ઉત્પન્ન કરવાથી દૂર રહેવું. કોઈના પર વધુ પડતો વિશ્વાસ રાખીને કાયદાકીય કાર્યોમાં જામીન-ગેરેન્ટર બનવાથી બચવું.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર આઠમા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે. અહીં વારસા કે આકસ્મિક ફળદાયી ઘટનાઓથી લાભ રહે. વાહન ચલાવવામાં તથા પડવા-વાગવામાં તકેદારી કેળવવી ઇચ્છનીય ગણાય. ગેસ-અગ્નિ, ઈલેક્ટ્રીકને લગતા સાધનો ઓપરેટ કરતા સમયે સાવચેતી રાખવી. નવમા સ્થાનમાં રહેલા રાહુઉપરથી ચંદ્ર પસાર થશે.વધારે પ્રગતિ પામવાની ગણતરીમાં રૂટિન, રેગ્યુલર સલામત પરિસ્થિતિ છોડીને સાહસ કરવાથી દૂર રહેવું. વધારે અગત્યના તથા મોટા નિર્ણયો માટે જન્મનાગ્રહોપરથી યોગ્ય માર્ગદર્શન મેળવીને આગળ વધવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનુંપરિભ્રમણ દશમા સ્થાનપરથી થશે. કર્મક્ષેત્રે પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે. સર્વિસ કરતા જાતકોને ઉપરી અધિકારીઓનો સહકાર પ્રાપ્ત થઈ શકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનુંભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. મિત્રવર્તુળ તથા પરિચિતપર વધારે પડતો વિશ્વાસ રાખીને આંધળુંજોખમ કરવું નહીં.

## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર સાતમા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે.દાંપત્યજીવનમાં ગેરસમજ દૂર થતાં મન આનંદ અનુભવે. ભાગીદારો સાથે નવી યોજનાઓ પર કાર્ય કરી શકાય. જાહેર જીવનમાં બોલવામાં સંયમપૂર્વક વર્તવું.આઠમા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસારથતાં આધ્યાત્મિક બાબતો પ્રત્યે રસ રુચિ કેળવાઈ શકે. મૌન ધારણ કરવા તરફ આકર્ષણ વધે. આકસ્મિક ઘટનાઓથી સાવચેતી જરૂરી બને. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. વિકાસ પ્રગતિ માટે નવીન તક પ્રાપ્ત થાય. પરિચિત વ્યક્તિઓનો સાથ સહકાર પ્રાપ્ત કરી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રદશમા સ્થાન પરથી પસાર થશે. વડીલ વર્ગને પ્રિય બની શકવા માટે જરૂરી એવા કાર્યો કરી શકાય. પરંતુ કર્મક્ષેત્રે વ્યવસાય વિકાસનું નક્કર આયોજન બનાવીને આગળ વધવું ઈચ્છનીય બનશે.વારં વાર આયોજનો કે યોજનાઓ બદલીને કાર્ય કરવાથી દૂર રહેવું.

## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર છઠ્ઠા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે. હરિફાઈ તથા પ્રતિસ્પર્ધામાં મુત્સદીભર્યા નિર્ણય દ્વારા વિજય પ્રાપ્ત કરી શકો. ગુસ્સો કે આક્રોશ કરીને અન્ય લોકો સાથેના સંબંધ બગાડવાથી દૂર રહેવું. મોસાળ પક્ષ સાથેના વ્યવહારોમાં સ્પષ્ટતાપૂર્વક રીતે વર્તવું ઇચ્છનીય ગણાશે. કુંભ રાશિ પરથી પસાર થનારો ચંદ્ર રાહુ સાથે કોમ્બિનેશનમાં આવશે. પ્રિય પાત્ર સાથે સમજ પુર્વક તથા જાગૃતિપૂર્વક વર્તીનેતેમજ ખોટી શંકા તથા મનના પૂર્વગ્રહો દૂર કરીને વ્યવહાર કરવા. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાન પરથી થશે. મળવાપાત્ર અટકેલા લાભ પ્રાપ્ત કરી શકવા માટે અન્ય વ્યક્તિની મદદ પ્રાપ્ત થઈ શકે.. સપ્તાહના અંત ભાગમાં નવમા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. નવા ઓર્ડર પ્રાપ્ત કરવા કે નવા કોન્ટ્રાક્ટ સાઇન કરતી વખતે બધી ટર્મ્સ એન્ડ કન્ડીશન્સ વિગતવાર સમજી જવી.

## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર પાંચમા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે. અહીં લક્ષ્મીયોગની અસર શેરબજાર કે વધારાના સ્ત્રોતદ્વારા નાણાકીય લાભ આપી શકે. સંતાનો સાથે સુમેળની ભાવના રહે. છઠ્ઠા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસાર થતાં સ્વાસ્થ્યમાં સુધારો અનુભવી શકો. મોસાળ પક્ષ દ્વારા સહકાર પ્રાપ્ત થાય. સપ્તાહના મધ્યભાગમાં સાતમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર જાહેર જીવનમાં સાનુકૂળતા અપાવે. દાંપત્ય જીવનમાં હળવાશ અનુભવી શકાય. અહી વિષયોગની અસર નવી ભાગીદારી રચવા અંગે થોડો સમય થોભી જવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં આઠમા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. વિલ વારસાના પ્રશ્નોમાં સમાધાનકારી વલણ અપનાવવું. ડ્રાઇવિંગમાં સતર્કતા કેળવવી. આર્થિક આયોજનો સમજપૂર્વક કરવા. ખાસ કરીને આવક તથા જાવકનું સંતુલન અનિવાર્યપણે જાળવવું.ભોજનમાં વધુ પડતા તીખા, ખાટા, તામસી, મસાલાયુક્ત ખોરાકથી પરેજી રાખવી.

## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દસમા સ્થાનનો સ્વામી ચંદ્ર ચોથા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે.અહીં માનસિક તણાવ દૂર થવાથી મન હળવું બને. વાહન તથા સંપત્તિને લગતા અટકેલાં કાર્યો પૂર્ણ બનાવવા તરફ આગળ વધી શકાય. માતૃપક્ષ સાથેની ગેરસમજ ઉકેલી શકો. પાંચમા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસાર થતાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ પરિશ્રમની આવશ્યકતા જણાયશકે. સંતાનોની પ્રગતિ આડેના અંતરાયો ઓળખીને તેને ઉકેલવાનો પ્રયત્ન સફળ બનાવી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. કોમ્પિટિશન તેમજ હરીફાઈમાં આગળ વધવાનો પ્રયત્ન કરી શકો. સપ્તાહના અંત ભાગમાં સાતમા સ્થાન પરથી પસાર થતોચંદ્ર ભાગીદારો સાથે તકરાર નિવારવાનું સૂચન કરે છે. વ્યવસાય વિકાસ માટે બિનજરૂરી સાહસોથી દૂર રહેવું. વ્યવહારમાં જીવનસાથી સાથે ઉગ્રતા નિવારીને હળવાશ પૂર્ણ રીતે વર્તન કરવાનું સૂચવી શકાય.

## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે.અટકેલાં કે મંજૂર ન થઈ શકે તેમ હોય તેવા લેખિત કરારો - એગ્રીમેન્ટમાં ફેરફાર કરીને આગળ વધી શકાય. પાડોશીઓ સાથે કોઈ મુદ્દાને લઇને વિવાદ હોય તો શાંતિપૂર્વક નિરાકરણ મેળવી શકો. મુસાફરી યાત્રાફળદાયી રહે. ચોથા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસાર થતાં ભવિષ્યની યોજનાઓને લઈને માનસિક તણાવ ઉત્પન્ન થઇ શકે છે. વતનને લગતા પ્રશ્નોની ગૂંચવણ વધુ તીવ્ર બની શકે છે. સપ્તાહના મધ્યભાગમાં પાંચમા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. આકસ્મિક ધનલાભની શક્યતા નકારી શકાતી નથી. પ્રિયપાત્ર સાથે ગેરસમજનિવારીને હળવાશ પૂર્ણ સંબંધો જાળવી રાખવાનો પ્રયાસ સફળ બને. સપ્તાહના અંત ભાગમાં છઠ્ઠા સ્થાન પરથી ચંદ્રપસાર થતા હરીફાઈ-પ્રતિસ્પર્ધામાં વધુ પડતા આત્મવિશ્વાસથી રહેવાથી નુકસાન પહોંચી શકવાની શક્યતા નકારી શકાતી નથી.

## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો સ્વામી ચંદ્રબીજા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે.અહીં આર્થિક આયોજન સફળ બનતું લાગે.ગણતરી બહારનો ધન લાભ થવાની શકયતા નકારી શકતી નથી.વાણીમાં વધુ પડતી ડિપ્લોમસી રાખવાથી સંબંધોમાં અંતરન ઉદભવે તે જોવું. ત્રીજા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસાર થતા બિનજરૂરી સાહસોથી દૂર રહેવાનું સૂચવી શકાય. ટ્રાવેલિંગમાં અન્ય લોકો પર વધુ પડતો ભરોસો રાખીને ચાલવું નહીં. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે.માતરું પક્ષ દ્વારા સહકાર પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. સંતાનોની સમસ્યાને ગંભીરતાપૂર્વક ઉકેલવાનો પ્રયત્ન કરવો. શેરબજાર કે અન્ય કોઈ જોખમ યુક્ત જગ્યાએ નાણાં રોકતા પહેલા નિષ્ણાંતની સલાહ અવશ્ય લેવી. પ્રિય પાત્ર સાથે સંબંધોમાં ઉષ્મા જાળવી રાખવાનો પ્રયત્ન જરૂરી બને.

## મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર આપની રાશિમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે.વ્યવહારમાં નિરાશાનેદૂર કરીને ઉત્સાહ અપનાવી શકો. કોઈ એક વિચાર પ્રત્યે એકાગ્ર બની ધ્યેય પ્રાપ્તિની આશા મજબૂત બનાવી શકો.વ્યક્તિત્વનો વિકાસ કરવાના પ્રયત્નો સફળ નિવડે. બીજા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસાર થતાં અધ્યાત્મિક ભાવનાનો વિકાસ થાય. વકૃત્વ ક્ષમતાના યોગ્ય ઉપયોગ દ્વારા અન્ય લોકો પાસેથી ધાર્યું કાર્ય પૂર્ણ બનાવી શકાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. વ્યવસાય તથા સર્વિસમાં પ્રગતિ માટે મુસાફરી યાત્રા ઉપયોગી નીવડી શકે. નાનાભાઈ ભાંડુંને ઉપયોગી બની શકાય. પાડોશીઓ સાથે થયેલી ગેરસમજ દૂર થતાં તણાવ હળવો બને. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે. વાહનોના રીપેરીંગ તથા મિલકતના સમારકામ અંગે ખર્ચ ઉદભવી શકવાની શક્યતા જણાવી શકાય.

## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામીબારમા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે.વિપરિત રાજયોગ રચતો ચંદ્ર અહી શુભ ફળ આપી શકે. નવા સંપર્કો-ઓળખાણો ઉપયોગી નિવડે.જૂના વિવાદોનો યોગ્ય મધ્યસ્થી દ્વારા ઉકેલ લાવી શકાય.દૈવી આશીર્વાદની અનુભૂતિ થઈ શકે. પ્રથમ સ્થાનમાં રહેલારાહુ પરથી ચંદ્ર પસાર થતા વ્યક્તિત્વનો પ્રભાવ વધતો જણાય.ભાગીદારોમાં પડેલી સમસ્યાને બુદ્ધિગમ્ય ઉકેલ દ્વારા સૂલઝાવવાનો પ્રયત્ન સફળ નિવડતો જણાય. મનોભારમાં વધારો રહી શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. વાસી, ઠંડા, અજાણ્યા ખાદ્ય પદાર્થોથી પરેજી રાખવી અનિવાર્ય બનશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. એગ્રીમેન્ટ કે બોન્ડ દ્વારા નવા કરારો સફળતાનો પાયો રચી શકે. સ્ટેમિના-કાર્યક્ષમતામાં વધારો થતો જણાય.ભવિષ્યના આયોજનો તરફ નજર રાખીને કાર્યરત રહી શકો. કોઈપણ પ્રકારના વિવાદિત કાર્યોથી દૂર રહેવું.

## મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર અગિયારમા સ્થાનમાં મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીને પસાર થઇ રહ્યો છે. મિત્રો સાથે મળીને કોઈ નાણાકીય આયોજન પાર પાડવા વિચારી રહ્યા હોય તો સાનુકૂળતા રહે. વિશ્વાસે કરેલા ઉછીના વ્યવહારો આગળ જતા તકલીફ આપી શકે, એ માટે કોઈ પણ વ્યવહાર કરતી વખતે લેખિત ફોર્માલિટીને જરૂરથી અનુસરવી. બારમા સ્થાનમાં રહેલા રાહુપરથી ચંદ્ર પસાર થતા આધ્યાત્મિક વૃત્તિનો વિકાસ થાય. અન્ય લોકોને ઉપયોગી નિવડી શકાય.આર્થિક ઘસારો સંભવી શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. મન પ્રફુલ્લિત રહે.તણાવ હળવો બનતા માનસિક સ્વાસ્થ્ય માણી શકો. સપ્તાહના અંત ભાગમાં બીજા સ્થાનપરથી ચંદ્ર પસાર થતાં વાણી પર સંયમ રાખવો અનિવાર્ય બને. ભોજનમાં વાંસી તથા બજારુ ખાદ્ય પદાર્થોથી પરેજી રાખવી ઇચ્છનીય ગણાય.મોટી આર્થિક લેવડ-દેવડ માટે થોડો સમય થોભી જવું.

---

### જેતપુરના મોણપરનો વ્યાજખોર દિલીપ ધાંધલ બેફામ બન્યો

# સેનેટરી ઈન્સ્પેક્ટરે ૩૪ હજારના ૫.૩૪ લાખ ચૂકવ્યાં છતાં વધુ ૩ લાખ માંગી ધમકી આપી

**વ્યાજખોરે ચાર ફડાકા ઝીંકી કહેલ કે કોરા બે ચેક લેતો આવ, નહિતર તારા ટાંટીયા ભાંગી નાખી તારી નોકરી ખાઈ જઈશ: જેતપુર ઉદ્યોગનગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો**

રાજકોટ. તા.૧૯

જેતપુરના મોણપરનો વ્યાજખોર દિલીપ ધાંધલ બેફામ બન્યો હોય તેમ સેનેટરી ઈન્સ્પેક્ટરે ૩૪ હજારના ૫.૩૪ લાખ ચૂકવ્યાં, છતાં વધું ૩ લાખ માંગી ચાર ફડાકા ઝીંકી કહેલ કે, કોરા બે ચેક લેતો આવ, નહિતર તારા ટાંટીયા ભાંગી નાંખી તારી નોકરી ખાઈ જઈશ તેવી ધમકી આપી હતી. બનાવ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે જૂનાગઢમાં મધુરમ સોસાયટીમાં રહેતાં રશ્મિનકુમાર અનસુખભાઈ લીંબડીયા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિલીપ બાઘુ ધાંધલ (રહે. મોણપર) નું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આરોગ્ય શાખા તાલુકા હેલ્થ ઓફીસ જેતપુરના ખીરસરાના દેરડી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે મલ્ટી પર્પસ હેલ્થ વર્કર તરીકે છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે. જેમાં દેરડી તથા મોણપર ગામ તેમના કાર્યક્ષેત્રમાં આવે છે. વર્ષ ૨૦૨૪ માં તેમના ભત્રીજા તુષાર લીંબડીયાનું એકસીડન્ટ થયેલ હોય તેના ઓપરેશન માટે પૈસાની જરૂરીયાત પડતા વ્યાજ વટાવનો ધંધો કરતાં દિલીપ ધાધલને ફોન કરી તેઓને રૂ.૨૦ હજારની જરૂર છે તેવી વાત કરતા તે દેરડી હેલ્થ સેન્ટર ખાતે આવેલ અને રૂ.૨૦ હજાર આપી કહેલ કે, અઠવાડીયા બાદ તમારે વીસ હજારના ત્રીસ હજાર આપવા પડશે. જેથી તેઓને પૈસાની જરૂરીયાત હોવાથી આરોપી પાસેથી ખુબ જ ઉંચા વ્યાજે રૂપીયા લીધેલ જેના વ્યાજ સહિત તા.૧૦/૦૭/૨૪ ના રોજ રૂ. ૨૩ હજાર આરોપીને ગુગલ-પેથી પે કરેલ અને બાકીના રૂ.૭ હજાર રોકડા ચુકવેલ હતાં. બાદમાં ફરી પૈસાની જરૂર પડતા તા.૧૩/૦૭/૨૪ ના રૂ.૧૦ હજાર આરોપીએ ઓનલાઇન ટ્રાન્સફર કરેલ તેના વ્યાજ સહીત ૧૫ હજાર ગુગલ-પે મારફત અને ૧૦ હજાર રોકડા ચૂકવેલ હતાં. બાદમાં આરોપીએ રૂ.૨૯ હજાર વ્યાજે આપેલ જેના વ્યાજ સહિત રૂ.૩૦ હજાર ઓનલાઇન ચુકવી આપેલ તેમ છતા ફોન કરી ધાક ધમકી આપેલ કે, હજુ તારે રૂ.૧.૫૦ લાખ વ્યાજના દેવાના બાકી છે. તારે પૈસા આપવા જ પડશે, નહિતર તારુ એડ્રેસ મને આપ, હું તારા ઘરે આવીશ, હું કાંઈ પોલીસથી બીતો નથી. જેથી તેઓને ભય લાગતા રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના લીધેલ અને તે રૂપીયા આરોપીના બેંક એકાઉન્ટમાં જમા કરાવેલ હતાં.

જે બાદ આરોપીએ કહેલ કે, મારે આટલા બધા પૈસા જોતા નથી હું તમને થોડા પાછા મોકલુ છું તેમ કહીને રૂ.૪૫ હજાર ઓનલાઇન પરત આપેલ. બાદ તા.૩૦/૧૧/૨૪ ના આરોપીએ ફોન કરી મારે રૂ.૭૫૦૦ ની જરૂરીયાત છે, ટ્રાન્સફર કરો, તેવુ કહેતા રૂ.૭૫૦૦ ટ્રાન્સફર કરેલ બાદમાં ફરીવાર રૂ.૨૫ હજાર ટ્રાન્સફર કરવાનું કહેતા ઓનલાઈન ટ્રાન્સફર કરેલ હતાં.

બાદમાં ફરિયાદીને ફરીવાર રૂપીયાની જરૂર પડતાં તેઓએ લીધેલ રૂ.૧૫ હજારના રૂ.૨૧ હજાર ચૂકવી દિધેલ હતાં. બાદમાં જાન્યુઆરી મહિનામાં આરોપીએ ફોન કરી વ્યાજના રૂ.૩૦ હજારનીની ઉઘરાણી કરતો હોય જેથી કહેલ કે, હવે મારે તમને કોઇ રૂપીયા આપવાના નથી, હવે તમે મને ફોન કરતા નહિ, તો કહેલ કે, હું તારા દવાખાને આવુ છું તેમ કહેતાં તેઓએ હું મોણપર આવુ છુ, તમે દવાખાને ન આવતા. આરોપી દેરડી-મોણપર રોડ ઉપર ભેગા થઈ ગયેલ ત્યારે કાંઠલો પકડીને તેઓને ચાર ફડાકા મારી દિધેલ અને કહેલ કે, તું તારી સહી વાળા કોરા બે ચેક લેતો આવ, નહિતર હું તારા ટાંટીયા ભાંગી નાખીશ તેમ કહી ગાળો આપેલ હતી. જેથી તેઓએ બીજા દિવસે આરોપીને બે કોરા ચેક સહી વાળા આપેલ હતા. બાદ ધમકી આપેલ કે, હજુ તારે રૂ.૩૦ હજાર મને આપવાના છે ? જો તુ નહિ આપે તો તારા ચેક બાઉન્સ કરાવીશ અને તારી નોકરી હું ખાય જઇશ તેવી ધમકી આપતા તેને રૂ.૩૦ હજાર ચૂકવી દિધેલ હતાં. બાદ આરોપીએ કહેલ કે, હવે તારે મને તને જે રૂપીયા આપેલ છે, તેના બદલે અઠવાડીએ રૂ.૫૦ હજાર આપવા પડશે,જેથી તેને ફરીવાર રૂપીયા ચૂકવ્યાં હતાં. આમ કુલ આરોપીને રૂ.૩૪ હજારના ૫.૩૪ લાખ ચૂકવ્યાં છતાં વધુ ૩ લાખની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી વ્યાજખોરને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

---

### ગોંડલના પૂર્વ ધારાસભ્ય અને તેના પુત્ર તેમજ ભાજપ પ્રમુખ અંગે વિડીયો બનાવી બેફામ વાણીવિલાસ કરનાર

# યુ-ટયુબર બન્ની ગજેરા અને તેના સાગ્રીતની ધરપકડ કરતી ગોંડલ પોલીસ

**બન્નીને નૈનિતાલથી ઉઠાવી લેવાયો : જેતપુર, સુલતાનપુર, ડીસા સહિતના પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા**

(જીતેન્દ્ર આચાર્ય)
ગોંડલ, તા. ૧૯

ગોંડલનાં પુર્વ ધારાસભ્ય તથા તેના પુત્ર ઉપરાંત જીલ્લા ભાજપ પ્રમુખ સહિત ગોંડલનાં ભાજપી આગેવાનો વિષે સોશિયલ મિડિયામાં વિડીયો બનાવી બેફામ વાણીવિલાસ કરનાર ભાવિન ઉર્ફ બન્ની ગજેરા તથા તેની મદદગારી કરનાર ગોંડલનાં પિયુષ રાદડીયાની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જેતપુર તાલુકાનાં મોટા ગુંદાળા રહેતા ભાવિન ઉર્ફ બન્ની ગોરધનભાઈ ગજેરા સામે ગોંડલ તાલુકા પોલીસ ઉપરાંત સુલતાનપુર પોલીસમાં ફરિયાદ થઇ હોય ડીવાયએસપી ઝાલાનાં માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઇ ઓડેદરા તથા તાલુકા પીઆઇ પરમારની ટીમ દ્વારા બન્નીની શોધખોળ હાથ ધરાતા તપાસનાં અંતે ઉત્તરાખંડનાં નૈનીતાલથી ઝડપી લીધો હતો. વધુમાં તેને મદદગારી કરનાર ગોંડલ પિયુષ લાલજીભાઈ રાદડીયાની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી કાર્યવાહી કરી હતી.

છેલ્લા કેટલાક સમયથી બન્ની ગજેરા પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા, તેના પુત્ર ગણેશ ઉપરાંત જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા વિરુધ્ધ બેફામ વાણીવિલાસ કરતા વિડીયો સોશ્યલ મીડીયામાં અવારનવાર મુકી ચર્ચાસ્પદ બન્યો હતો.

દરમિયાન ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અને ઉપપ્રમુખને તેમના જ મિત્રની પત્નિ સાથે અનૈતિક સંબંધ હોવાનો એક વિડીયો વાયરલ કર્યો હતો.બાદમાં આવા વિડીયો નહી બનાવવા સમજાવટ કરવા જતા બન્નીએ રૂા. ૧૧ લાખની માંગણી કર્યા મામલે પોલીસ ફરિયાદ થઇ હતી. જેમાં તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઇ ઠુંમરે સુલતાનપુર, પોલીસ તથા ઉપપ્રમુખ વિશાલભાઈ ખુંટે ગોંડલ તાલુકા પોલીસ ઉપરાંત જેતપુરનાં વેપારી અતુલભાઈ માવાણી એ ઉપરોકત મામલે ખંડણી તથા ધમકી આપવા અંગે જેતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા બન્ની સામે અલગ અલગ ત્રણ ગુન્હાઓ નોંધાયા હતા.

જ્યારે ગોંડલનો પિયુષ રાદડીયા બન્ની ગજેરાને માહીતી પુરી પાડી વિડીયો વાયરલ કરવા મદદરૂપ બનતો હતો.

નાશી છુટેલા બન્ની ગજેરાને બાતમીનાં આધારે નૈનીતાલથી દબોચી લીધો હતો. જ્યારે પિયુષ રાદડીયાને ગોંડલથી ઝડપી લઇ પુછપરછ હાથ ધરી છે.

સોશિયલ મીડીયામાં વિડીયો વાયરલ કરી બેફામ વાણીવિલાસ કરનાર બન્ની ગુન્હાહિત ઇતિહાસ ધરાવે છે. તેની સામે જેતપુર, ઉપલેટા, સુલતાનપુર, બનાસકાંઠા ડીસા સહિત ગુન્હા નોંધાયા છે.જ્યારે પિયુષ રાદડીયા સામે અમદાવાદ બોપલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાઇ ચુક્યો છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સોશ્યલ મીડીયા માં ગોંડલ નાં આગેવાનો અને સમાજ લક્ષી બેફામ વાણીવિલાસ કરનાર ભાવિન ઉર્ફ બન્ની ગજેરા તથા તેના સાગ્રીત પિયુષ રાદડીયા સામે તાલુકા પોલીસમાં ફરિયાદ થયા બાદ પોલીસે બન્નેની ધરપકડ કરી કાર્યવાહી કર્યા બાદ બન્નેનો જામીન પર છુટકારો થતા ગોંડલ એ'ડીવીઝન પોલીસે નોંધાયેલી ફરિયાદના કામે બન્નેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ગોંડલનાં સુખનાથનગરમાં રહેતા નિલેશભાઈ ગોવિંદભાઈ સાવલીયા એ બન્ની ગજેરા સામે સોશ્યલ મીડીયામાં ગોંડલનાં રાજકારણ વિરુધ્ધ અપમાન જનક ટીપ્પણીઓ કરી હોય તથા પાટીદાર તથા ક્ષત્રીય સમાજ વચ્ચે વૈમનસ્ય સર્જાય તેવા વીડીયો વાયરલ કરવા અંગે એ'ડીવીઝન પોલીસમાં ફરિયાદ કરી હોય પીઆઇ. એ.વી.ડામોરે બન્ની તથા પિયુષની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

---

### રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ

# બન્ની ગજેરાને રૂા.૧૦ કરોડની બદનક્ષીની નોટીસ ફટકારી

**એક વર્ષના ગાળા દરમ્યાન જુદી જુદી પોલીસ ફરિયાદો નોંધાયા બાદ બન્ની ગજેરા સામે વધુ એક કાનૂની જંગનો પડકાર**

રાજકોટ, તા.૧૮

મુળ ગોંડલ તાલુકાના લીલાખાના વતની અને હાલ ગોંડલ રહેતા રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અને એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમીટી-ગોંડલના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ બન્ની ગજેરાને રૂા.૧૦ કરોડની બદનક્ષીની નોટિસ ફટકારી છે.

નોટિસમાં આક્ષેપ છે કે, જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામના રહીશ બન્ની ભાવીન ગજેરા સોશીયલ મીડીયા ફેશબુક, ઈન્સટાગ્રામ અને યુટયુબના માધ્યમથી માર્ચ-૨૦૨૫થી અલ્પેશ ઢોલરીયા અને તેના પરિવારની બદનક્ષી થાય તેવા વિડીયો પબ્લીશ કરી આમજનતાને અલ્પેશ વિરૂધ્ધ ભડકાવવાનુ ગેરકાયદેસરનુ કૃત્ય કરે છે. બન્ની ગજેરા ગુનાહીત ઈતીહાસ ધરાવે છે. તેની સામે એટ્રોસીટી એકટ, ખંડણી માંગવાનો, ઠગાઈ આચરવાનો વિગેરે ઘણ બધા ગુનાઓ દાખલ થયેલ છે. બન્નીએ અલ્પેશ સામે ગોંડલ યાર્ડમાંથી કાઈ કામ કર્યા વગર કરોડો લઈ લીધાનો પાયાવિહોણો આક્ષેપ કરેલ છે.



બન્ની ગજેરા સામે કાયદેસરના પગલા ભરવા માટે અલ્પેશભાઈ ઢોલરીયાએ ગોંડલના વકીલ નિરંજય એસ. ભંડેરી મારફત નોટિસ પાઠવી, વળતર પેટે રૂ.૧૦ કરોડ તથા લેખિતમા તથા સોશીયલ મીડીયા સમક્ષ અલ્પેશ ઢોલરીયા તથા તેના પરિવારજનોની માફી માગી લેવા તથા સોશીયલ મીડીયા પ્લેટફોર્મ મારફત અલ્પેશભાઈ ની બદનક્ષી થાય તેવા જેટલા વિડીયો અપલોડ કરેલ હોય તે તાત્કાલીક અસરથી દુર કરાવી નાખવા અને ભવિષ્યમાં આ પ્રકારનુ કોઈ કૃત્ય કરવામા નહી આવે તેવી લેખિતમા બાંહેધરી આપવા તાકીદ કરવામા આવેલ છે. જો ૧૫ દિવસમાં નોટિસનુ પાલન કરવામાં કસુર કરવામા આવશે તો ના-છુટકે અલ્પેશ ઢોલરીયા ન્યાયમંદિરના દ્વારે કાનુની રાહે બન્ની ગજેરા વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરશે. તેમ જણાવવામાં આવેલ છે. આ કેસમાં અલ્પેશ ઢોલરીયા વતી ગોંડલના ધારાશાસ્ત્રી નિરંજય એસ. ભંડેરી, શિવલાલ પી. ભંડેરી, પ્રજ્ઞા એન. ભંડેરી, રવિરાજ પી. ઠકરાર રોકાયેલ છે.

---

### કોટડાસાંગાણીના અરડોઈ ગામે બાંધકામ કોન્ટ્રાકટર

# દંપતી પર છરી-લાકડીથી હિંચકારો હુમલો

**બહેન-દીકરીઓ વિષે ટિપ્પણી કરવાની ના પાડતા રમેશ પરમાર પર પાંચ શખ્સો તૂટી પડ્યા: ઘર પર પથ્થરમારો કર્યો, ગુનો નોંધાયો**

રાજકોટ. તા.૧૯

કોટડાસાંગાણીના અરડોઈ ગામે બાંધકામ કોન્ટ્રાકટર દંપતી પર છરી-લાકડીથી હિંચકારો હુમલો કરી પાંચ શખ્સોએ ઘર પર પથ્થરમારો કર્યો હતો. બનાવ અંગે કોટડાસાંગાણી પોલીસમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે કોટડાસાંગાણીના અરડોઈ ગામે રહેતાં રમેશભાઈ મેઘજીભાઈ પરમાર (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાઘવ પ્રેમજી બગડા, આકાશ મનુ બગડા, મનુ આણંદ બગડા, મેહુલ મનુ બગડા, અર્જુન અમૃત બગડાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ બાંધકામ કોંટ્રાકટર છે. ગઈ તા.૧૭ ના સાંજના સમયે તેઓ ખુશાલ મકવાણા સાથે શાપર સાઇટ ચાલુ હોય જેથી શાપરથી અરડોઇ ગામે કે.જી.એન દુકાન પાસે પહોંચતા રાઘવ બગડા તેના ઘર બહાર હતો, જેથી કહેલ કે, કેમ છો મામા જેથી આ રાઘવએ કહેલ કે, તમારા પરમાર કુટુંબની છોકરી તથા મકવાણા કુટુંબની છોકરી બંને બગડા કુટુંબમાં લગ્ન કરી લીધા તોય તમારાથી કાંઈ ન થયું, જેથી તેને કહેલ કે, તમે આ બધું શું કામ કહો છો જેથી તેને સારું નો લાગતા ઘરની અંદરથી લાકડી લઈ આવેલ અને ઘા ઝીંકી દિધો હતો. જેથી તેઓ નીચે પડી ગયેલ હતાં.

બાદમાં તેઓ ખુશાલ સાથે ચાલીને નીકળવા લાગેલ હતા ત્યાર બાદ આગળ રસ્તામાં આકાશ બગડા ઘસી આવેલ અને પાટુ મારેલ હતું અને ત્યાં અન્ય લોકો આવી જતાં તે પોતાના ઘરે જતાં રહેલ હતાં. બાદમાં રાઘવ, આકાશ તથા મેહુલ આવેલ અને ફરિયાદીના ઘર અંદર પથ્થરના કામ મારવા લાગેલા હતા. જેથી તેઓ પત્ની સાથે ઘરની બહાર આવેલ અને ત્રણેયને પથ્થરનો ઘા ન કરવા સમજાવેલ હતા. થોડીવાર બાદ અન્ય આરોપી પણ ઘસી આવેલ અને દંપતીને કહેતા હતા કે, આજે તો તમને બંન્નેને જોઈ લેવા છે કહીં ગાળો આપી હતી.

દરમિયાન આરોપી મનુએ ફરિયાદીના પત્નીમાં માથાના ભાગે લાકડીનો ઘા ઝીંકી દિધો હતો. તેમજ આકાશના હાથમાં રહેલ છરી વડે ફરિયાદીને છાતીના ભાગે ઘા મારેલ હતો. બાદમાં આરોપી ઢીકા પાટુનો માર મારી નાસી છૂટ્યા હતાં. બાદમાં દંપતીને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ગોંડલ ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે તપાસ હાથ ધરી હતી.

### આકાશ એર ડિફેન્સ સિસ્ટમે શીખોના સર્વોચ્ચ ધર્મસ્થાનની પણ સુરક્ષા નિશ્ચિત કરી હતી

# પાકે સ્વર્ણ મંદિરને પણ ટાર્ગેટ કર્યુ હતું: તમામ હવાઈ હુમલા નિષ્ફળ બનાવાયા

## ભારતીય સૈન્યએ અગાઉથી જ અમૃતસર સ્થિત ભવ્ય મંદિરની સુરક્ષાનો પ્લાન કરી રાખ્યો હતો: આકાશ એર ડિફેન્સ સિસ્ટમએ પાકના મિસાઈલ અને ડ્રોનને અમૃતસરના આકાશમાં પ્રવેશવા જ ન દીધા





નવી દિલ્હી તા.૧૯

ઓપરેશન સિંદુરમાં ભારતે પાકિસ્તાનમાં ત્રાસવાદી મથકોને નિશાન બનાવ્યા બાદ પાકિસ્તાને ભારતમાં કચ્છથી કાશ્મીર સુધી હવાઈ હુમલા કરવા પ્રયત્ન કર્યો હતો પરંતુ તેને તોડી પડાયા હતા. હવે એ ઘટ્ટસ્ફોટ પણ થયો છે કે પાકિસ્તાને અમૃતસરમાં સ્વર્ણમંદિર પર પણ હવાઈ હુમલા કરવા પ્રયત્ન કર્યો હતો અને અનેક ડ્રોન અમૃતસરના આકાશમાં પહોંચે તે પહેલા જ તોડી પાડવામાં આવ્યા હતા. હરમનમંદિર સાહિબ તરીકે ઓળખાતા અને ભારત સહિત દુનિયાભરના શીખો માટે સૌથી મહત્વપૂર્ણ આસ્થાનું સ્થાન સુવર્ણ મંદિરની સુરક્ષા માટે હવાઈદળે અગાઉથી જ આયોજન કરી લીધુ હતુ અને એરડિફેન્સ સીસ્ટમ પણ ગોઠવી હતી.

પાકિસ્તાને તા.૮ના મધરાત્રે સ્વર્ણ મંદિર પર હુમલા માટે અનેક ડ્રોન અને રોકેટ છોડયા હતા. પરંતુ ભારતીય સેનાએ તે પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. આ અંગે માહિતી આપતા જનરલ ઓફીસર કમાન્ડ ઈન ચીફ મેજર જનરલ કાર્તિકના નેતૃત્વની ઈંફેંટ્રીના જણાવ્યા મુજબ ભારતીય સેનાને અગાઉથી જ ખ્યાલ હતો કે પાકિસ્તાન નાગરિક અને ધાર્મિક વિસ્તારોને પણ નિશાન બનાવી શકે છે. ૮ મે ના બપોરે પાકિસ્તાન તરફથી સ્વર્ણમંદિર પર ભારે હુમલાનો પ્રયાસ થયો હતો. પરંતુ તમામ મિસાઈલ-ડ્રોન તથા રોકેટ તોડી પાડવામાં આવ્યા હતા અને મંદિરની આસપાસ એકપણ પાકિસ્તાની હુમલો પહોંચી શકયો ન હતો. મેજર જનરલે કહ્યું કે પાકિસ્તાન દ્વારા થયેલા હુમલાને ખાળવા માટે આકાશ એર ડિફેન્સ સીસ્ટમ એ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સેનાએ આ અંગે પાક હુમલા પરથી એક વિડીયો તૈયાર કર્યો છે અને તેમાં કઈ રીતે પાકિસ્તાનના હુમલાને તોડી પાડવામાં આવ્યો તે દર્શાવાયુ છે.

# ‘ઓપરેશન સિંદુર’નો ટ્રેડમાર્ક મેળવવા અમેરિકા-બ્રિટનમાં અરજી

### મનોરંજન સહિતના ક્ષેત્રમાં કાર્યરતઃ ભારતીયોએ ૧૫ અરજી કરી




નવી દિલ્હી: ભારતના પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરમાં સૈન્યની બહાદુરી તથા સરકારની સફળ ડિપ્લોમસીથી વિશ્વભરમાં આ ઓપરેશન અંગે જબરી પ્રશંસા થઈ રહી છે તે સમયે ભારતમાં ઓપરેશન સિંદુર અંગે ફિલ્મી નામની નોંધણ કરાવાના પ્રયાસો નિષ્ફળ ભારત ઉપરાંત કરાયા બાદ હવે અમેરિકા, બ્રિટન સહિતના દેશોમાં ‘ઓપરેશન સિંદુર’ નામનો ટ્રેડમાર્ક લેવા અરજીઓ થઈ છે. મિડિયા બ્રોડકાસ્ટીંગ ઉપરાંત મનોરંજન સહિતના ક્ષેત્રે ‘ઓપરેશન સિંદુર’ નામનો ટ્રેડમાર્ક લેવા અરજી થઈ શકે છે.

ભારત ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ નામ ખૂબજ જાણીતુ બન્યુ છે. નેટવર્ક સ્થિત એક ભારતીય રોહિત બહારાનીએ તા.૯ મે ના રોજ જ અમેરિકામાં સર્વિસ, માર્ક, ઈન્ટરનેશનલ કોડ ૦૪૧ હેઠળ પોતાના ટ્રેડમાર્કની અરજી કરી છે તે આ નામ હેઠળ કંપની સ્થાપી શકે તેના સ્ટ્રીમીંગ સર્વિસ ચાલુ કરી શકે વિ. વ્યાપારી હિતો દર્શાવાયા છે. બ્રિટનમાં વિકાસ મહાજન નામના વ્યક્તિએ તા.૮ મેના રોજ જ આ અરજી કરી હતી. તેણે બ્રિટનના બૌદ્ધિક સંપદા- અધિકાર હેઠળ આ અરજી કરી છે તે હવે શિક્ષણ વિ. સેવા આપે છે.

# મુંબઈ-ગોવા હાઈવે પર પૂરપાટ જતી કાર નદીમાં ખાબકતા પાંચના મોત

### અકસ્માતમાં ડ્રાઈવર ગંભીર ઘાયલ



મુંબઈ,તા.૧૯

મુંબઈથી ગોવા જતા હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. અહીં પૂરપાટ ગતિએ દોડતી એક કાર જગબુડી નદીમાં ખાબકી ગઈ હતી જેના પગલે કારમાં સવાર પાંચ સભ્યોના કરુણ મોત નીપજ્યાં હતા.

માહિતી અનુસાર ડ્રાઈવરનો જીવ બચી ગયો હતો પરંતુ તેને પણ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. કારમાં સવાર તમામ લોકો મુંબઈથી દેવરુખ જઈ રહ્યા હતા. કાર અકસ્માતના ભયાનક દશ્યો પણ સામે આવ્યા છે. ક્રેઈનની મદદથી કારને નદીમાંથી બહાર કાઢવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તમામ મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

# કાશ્મીરના શોપીયામાંથી બે ત્રાસવાદી મદદગાર ઝડપાયા

### સ્થાનિક મદદનુ નેટવર્ક તોડી પાડવા કાર્યવાહી: શસ્ત્રો-વિસ્ફોટકો મળ્યા



નવી દિલ્હી: ઓપરેશન સિંદુર બાદ કાશ્મીરમાં ત્રાસવાદીઓને મદદગાર સામે શરૂ થયેલી આકરી કાર્યવાહીમાં શોપીયામાંથી આતંકીઓના બે મદદગારની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી ત્રાસવાદી ગતિવિધિના મહત્વના પુરાવા પણ મળ્યા છે. પહેલગામ સહિતના હુમલામાં ત્રાસવાદીઓને લોકલ સપોર્ટ મળી રહ્યો છે તે નિશ્ચિત થયુ છે. તેથી પોલીસે આ નેટવર્ક તોડવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરી છે તથા જયા જયા ત્રાસવાદીઓની મુવમેન્ટ વધુ હોય તે એરીયા ઘરઘર સુધી તલાશી પણ આગળ વધારી છે. પાક કબ્જાના કાશ્મીરમાં હેન્ડલર ત્યાંથી બેઠા બેઠા આતંકી ગતિવિધિને અન્જામ આપે છે. જેમાં સ્લીપર સેલ ઉપરાંત આ પ્રકારના મદદગારો ભૂમિકા પણ મહત્વની છે. ખાસ કરીને સેના-સુરક્ષાદળોની હિલચાલ અને અસુરક્ષિત સહેલાણી મથકો અંગે તેમાં રેકી કરશે તથા શસ્ત્રો વિસ્ફોટકો પહોંચાડે છે. જેઓ શોપીયા, બે મદદગારો પાસેથી બે પિસ્તોલ, ૪૩ કારતૂસ અને અન્ય આ ક્ષેત્રના નકશા વિ. મળી આવ્યા હતા અને તેઓની હવે પહેલગામ હુમલામાં કોઈ ભૂમિકા હતી કે કેમ તે પણ ચકાસાઈ રહ્યું છે.

# દેશભરમાં ગદ્દારો પર ધોંસ: ઉતરપ્રદેશમાં આઈએસઆઈ માટે કામ કરતો સહજાદ ઝડપાયો

## જયોતિએ અન્ય યુ-ટયુબરને પણ જાસૂસી નેટવર્કમાં સામેલ કર્યા હતા: તમામ તપાસના રડાર પર

### યુપી સુધી તપાસ પહોંચી: એક વ્યાપારી સહજાદ પણ પાકિસ્તાની જાસૂસ નિકળ્યો: એટીએસએ દબોચી લીધો



### હરિયાણાની ત્રણ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવતી યુ-ટયુબર ભારતમાં પાક દૂતાવાસના દાનીશ નામના વ્યક્તિ સાથે સંપર્કમાં હતી

નવી દિલ્હી તા.૧૯

ઓપરેશન સિંદુરના પગલે દેશમાંથી પણ પાકિસ્તાન માટે જાસૂસી કરતા યુટયુબર જયોતિ મલ્હોત્રાની ધરપકડ બાદ ઉતરપ્રદેશમાં પણ પાકની જાસૂસી એજન્સી આઈએસઆઈ માટે કાર્ય કરતા રામપુરના સહજાદને ઝડપી લેવામાં આવ્યો છે. તે ભારતીય સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાન પહોંચાડતો હતો અને તેના પર વોચ હતી. હાલમાં જ ઓપરેશન સિંદુર દરમ્યાન તે ફરી એકશનમાં આવ્યો હતો અને સરહદ પારથી પણ તેનો સંપર્ક થયો હતો. ઉતરપ્રદેશ પોલીસના એન્ટી ટેરરીસ્ટ એ બાદમાં રવિવારે તેની ધરપકડ કરી છે. સહજાદ વાહેબ એ યુપીના રામપુર જીલ્લાનો રહેવાસી છે અને તેણે વ્યાપારના નામે અનેક વખત પાકિસ્તાનનો પ્રવાસ કર્યો છે અને તે રીતે તે પાકના જાસૂસી નેટવર્ક સાથે જોડાઈ ગયો હતો અને તેને પાકિસ્તાનમાં જ જાસૂસી અંગે ટ્રેનીંગ આપવામાં આવી હતી તેને ભારતનું સીમકાર્ડ અને લોકલ નેટવર્કનો પણ ટેકો હતો. હવે તેની સઘન પુછપરછ થઈ રહી છે. બીજી તરફ હરિયાણાની યુટયુબર જયોતિ કે જે પાકિસ્તાન માટે જાસૂસી કરવા બદલ હાલ કસ્ટડીમાં છે. તેનું ઉતરપ્રદેશ કનેકશન પણ બહાર આવ્યું છે. વૃંદાવનમાં તે એક વ્યક્તિના સંપર્કમાં હતી તેની કોલ ડિટેઈલના આધારે આ વ્યક્તિને શોધવાની કામગીરી શરુ થઈ છે. જયોતિના મોબાઈલ અને લેપટોપની પણ ફોરેન્સીક તપાસ શરુ થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ સોશ્યલ મીડીયા ઈન્ફલુએન્સરને પાકિસ્તાનની જાસૂસી નેટવર્કમાં સામેલ કરવાની કામગીરી જયોતિને સોંપાઈ હતી અને તેણે કેટલાકનો સંપર્ક પણ કર્યો હતો. અગાઉ તેણે કેટલાક ઈન્ફલુએન્સરને પાકિસ્તાન પણ મોકલ્યા હોવાનો ઘડાકો થયો છે અને પોલીસે હવે તેની તપાસ શરુ કરી હતી.



જયોતિ મલ્હોત્રાની મિત્ર પ્રિયંકા સેનાપતિ ઉપરાંત જયોતિ અને નવાંકુર ધનખડની પાકિસ્તાન તેમજ પાક ડે પાર્ટીની તસ્વીરો વાયરલ થઈ છે.



### હરીયાણાના નૂહમાંથી વધુ એક પાક. એજન્ટ ઝડપાયો

### તારીક સીધો પાક દૂતાવાસના સંપર્કમાં હતા

લખનૌ: ભારતમાં રહીને દેશ સાથે ગદ્દારી કરતા એક બાદ એક પાક એજન્ટો પર શરૂ થયેલી વોચમાં હવે ઉતરપ્રદેશમાંથી શહેજાદ બાદ હરિયાણાના નૂહમાંથી વધુ એક ગદ્દાર ઝડપાયો અને તે પણ નેટવર્કમાં સામેલ હોવાનું ખુલ્યુ છે. તારીખ હનીફ નામના આ વ્યક્તિ ના ઓળખમાંથી પાક સાથેના અને અલગ નેતૃત્વના સંપર્ક મળ્યા છે તે વોટસએપથી ભારતીય સેનાની માહિતીની લેવડદેવડ કરતા હતા અને પાક દૂતાવાસમાં સામેલ આસીફ બ્લોચ અને જાફરના સંપર્કમાં હતા. જો કે આ બન્ને પાક દૂતાવાસના કર્મચારીને અગાઉ જ ભારતમાંથી તગડી મુકાયા છે.

### વધુ યુ-ટયુબર પ્રિયંકા સેનાપતિ તથા નવાંકુર પણ પાકિસ્તાન ગ્યા’ તા

#### હરિયાણાના યુ-ટયુબરમાં અનેકના પાક પ્રવાસ રડારમાં: ડોકટર યાત્રી નામનો નવાંકુર ધનખડ પણ તપાસ હેઠળ



નવી દિલ્હી તા.૧૯

હરિયાણાની જયોતિ મલ્હોત્રાએ ભારતમાં પાકિસ્તાનનું નેટવર્ક વધારવા જે રીતે કામ કર્યુ તેમાં હવે વધુ યુટયુબર મુશ્કેલીમાં મુકાઈ તેવી શકયતા છે. જેમાં હવે પ્રિયંકા સેનાપતિ ઉપરાંત હરિયાણાના નવાંકુર ધનખડનું નામ પણ બહાર આવ્યું છે. ઓડીસામાં રહેત પ્રિયંકા પણ પાકિસ્તાનનો પ્રવાસ કરી આવી છે. ચાર મહિના પહેલા જ તે કરતારપુર ગઈ હતી અને તેની સાથે એક વ્યક્તિ પાકિસ્તાનનો હોવાની આશંકા છે. જો કે પ્રિયંકાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં લખ્યું કે જયોતિ ફકત મારી દોસ્ત છે. હું યુટયુબના માધ્યમથી તેમના સંપર્કમાં આવી છું. પરંતુ જયોતિની અન્ય ગતિવિધિ મુદ્દે મને કાંઈ ખ્યાલ નથી. પ્રિયંકા પણ ટ્રાવેલ વિડીયો બનાવવામાં જાણીતી છે. તે પોતાની યુટયુબ ચેનલ ચલાવે છે જેમાં તે પાકિસ્તાન ગઈ હતી અને તેનો વિડીયો બ્લોગ બનાવ્યો હતો. જેમાં પાકિસ્તાનને ઉડીયા લડકી ટાઈટલ આપ્યુ હતું. જો કે અગાઉ જયોતિ મલ્હોત્રા અને પ્રિયંકા સેનાપતિ બંને વિખ્યાત જગન્નાથ મંદિરમાં સાથે ગયા હતા. તેથી પોલીસે હવે તેની તપાસ શરુ કરી છે. નવાંકુર ધનખડ ડોકટર યાત્રી નામની ચેનલ ચલાવે છે. તે ગત વર્ષે માર્ચમાં પાકિસ્તાન ગયો હતો અને પાક દૂતાવાસની ભારતમાં યોજાયેલી નેશનલ ડે પાર્ટીમાં પણ હાજર હતો. તે અને જયોતિ મલ્હોત્રા સાથે હોવાના પણ સંકેત છે. બંનેની દૂતાવાસમાં ખેંચેલી તસ્વીર પણ બહાર આવી છે.

# શેરબજાર બાઉન્સ બેક થતા LICના રોકાણમાં રૂા.૧૦૮૦ લાખ કરોડ વધ્યા

### બ્લુચીપમાં રોકાણથી ધરખમ ફાયદો: જો કે હજું સપ્ટે. ૨૦૨૩થી માર્કેટ કેપ ઓછી




મુંબઈ: દેશની સરકારી વિમા કંપની ભારતીય જીવન વિમા નિગમ શેરબજારમાં મોટુ રોકાણ ધરાવે છે અને તેથી માર્કેટના ચડાવ-ઉતાર સમયે આ વિમા કંપનીને પણ તેના પોર્ટફોલીયામાં બદલાવ જોવા મળે છે પણ હવે ફરી એક વખત એમઆઈવી પણ અન્ય રોકાણકારની માફક તેનો નફો ગણવા લાગી છે. આ નિગમ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મોટા રોકાણકારોમાં સામેલ છે અને હાલ કંપનીના શેરના ભાવમાં વધારો થતા તેનો રિલાયન્સ પોર્ટફોલિયોમાં વધુ એક ૨૬૫૧૫ કરોડ ઉમેરાયા હતા અને એપ્રિલના લો-બાદ મે માસમાં જે રીતે શેરબજારમાં વધારો થયો તેમાં રીલાયન્સના પોર્ટફોલિયો રૂા.૧.૮ લાખ કરોડ વધી ગયા છે. એલઆઈસીનુ ૨૦૬ સ્ટોકમાં રોકાણ છે.

જે ૭ એપ્રિલ ૨૦૨૫ના રૂા.૧૩.૬૫ લાખ કરોડ હતુ જે હવે વધીને તા.૧૬ મે ૨૦૨૫ના રૂા.૧૫.૪૩ લાખ કરોડ નોંધાયુ છે. જો કે અગાઉ સપ્ટે. ૨૦૨૩ના એલઆઈસીનો કુલ પોર્ટફોલિયો રૂા.૧૬.૬૩ લાખ કરોડ હતો તેનાથી નીચો છે.

રીલાયન્સ ઉપરાંત તેના પોર્ટફોલિયામાં આઈટીસી એ રૂા.૫૭૫૯ કરોડનું રોકાણ છે. મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા, અદાણી મોટર્સ, ટેક મહીન્દ્રા, જીયો ફાયનાન્સીયલ સીસ્ટમ, હિન્દુસ્તાન એરોનેટીકલ, ટાટા મોટર્સ, ભારત ઈલેકટ્રોનીકસમાં પણ તેના રોકાણમાં વધારો થયા છે. ઓપરેશન સિંદુર બાદ ડિફેન્સ સ્ટોકમાં મોટો વધારો જોવા મળ્યો હતો. જેનો ફાયદો એલઆઈસીને થયો જ છે.

# ધિરાણમાં ગેરરીતિ બદલ યુકો બેન્કના પુર્વ ચેરમેનની ધરપકડ

### છતીસગઢની કંપનીને ધિરાણ આપ્યા બાદ જંગી લાંચ- અન્ય લાભો લીધા હતા

મુંબઈ: રાષ્ટ્રીયકૃત યુકો બેન્કના એક ફ્રોડ કેસમાં એન્ફોર્સમેન્ટ વિભાગે બેન્કના પુર્વ ચેરમેન સુબોધ કુમારની ધરપકડ કરી છે. તેઓએ એક કંપની સી.એચ.સી.એલ.ને બેન્કનું ધિરાણ આપવા બદલ મોટી રકમની લાંચ લીધી હતી. તેમને તા.૧૬ના રોજ ઈડીની કોલકતા ઝોન ઓફિસના અધિકારીઓએ ઝડપી લીધા હતા. તેમના પર પ્રિવેન્શન ઓફ મનીલોન્ડ્રીંગ એકટ હેઠળ કાર્યવાહી થઈ રહી છે અને હાલ તા.૨૧ સુધી ઈડીની કસ્ટડીમાં મોકલાયા છે. અગાઉ સીબીઆઈએ પુર્વ ચેરમેન સુબોધ ઘોષ સામે છતીસગઢ સ્થિત કંપનીને ધિરાણમાં ગેરરીતિ તથા ખોટા દસ્તાવેજો મંજુર રાખવા બદલ કેસ કર્યો હતો.

આ કંપનીને અપાયેલ ધિરાણ રૂા.૨૧૦.૭૨ કરોડનું એનપીએ થયુ છે અને ચેરમેન પર તેના હોદાનો દૂરઉપયોગ કરવા બદલ કેસ દાખલ કર્યો હતો અને બદલામાં જંગી રકમ મેળવી હતી. તેઓએ રોકડા ઉપરાંત મિલ્કતો, લકઝરી આઈટમો, હોટેલ બુકીંગ વિ.ના પેમેન્ટ આ કંપની વતી કરતા હતા. તેમના કુટુંબે બોગસ કંપનીઓ ઉભી કરીને આ તમામ લાભો મેળવ્યા હતા.

# કેન્દ્રના કર્મચારીઓ માટે ગુડ ન્યુઝ: સરકાર વેતનમાં સારો એવો વધારો કરી શકે છે

### સરકાર મોંઘવારી ભથ્થા માટે નવી ફોર્મ્યુલા-ફિટમેન્ટ ફેકટરમાં સુધારા કરશે



નવી દિલ્હી તા.૧૯

આઠમાં પગાર પંચની રચનાને લઈને સરકાર ઝડપથી જાહેરાત કરી શકે છે તેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ વખતે મોંઘવારી ભથ્થાને સમાયોજીત કરવા માટે નવી ફોર્મ્યુલા લાગુ થઈ શકે છે. સાથે સાથે ફિટમેઝર ફેકટરમાં પણ સંશોધન કરવામાં આવી શકે છે.

આ સ્થિતિમાં માનવામાં આવી રહ્યું છે કે કર્મચારીઓનાં પગારમાં સારો વધારો જોવા મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારે કમિશનની રચનાનુ એલાન કર્યુ હતું. તેના અધ્યક્ષ અને સભ્યોની નિયુકિતની પ્રક્રિયા ચાલી રહી છે.

પગાર પંચની રચનાને લઈને ભલામણ પત્ર ટુંક સમયમાં ઈસ્યુ થશે. દરમ્યાન ફિટમેન્ટ ફેકટર (વેતનમાન નિર્ધારણનો આધાર) ને લઈને અટકળો લગાવવામાં આવી રહી છે. કેટલાંક કર્મચારી સંગઠન એમ માનીને ચાલી રહ્યા છે કે આ વખતે ફિટમેન્ટ ફેકટર ૨.૮૬ નું હશે. આની પાછળ એવો તર્ક આપવામાં આવે છે કે સરકાર વધતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને ફિટમેન્ટ ફેકટરમાં પણ સંશોધન કરશે.


**આવી રીતે કામ કરે છે ફિટમેન્ટ ફેકટર:**

ખરેખર તો ફિટમેન્ટ ફેકટરનાં આધારે જ મૂળ વેતનમાં વધારો થાય છે.દાખલા તરીકે જો એક કર્મચારીનાં મુળ પગાર (બેઝિક સેલરી) ૨૦ હજાર રૂપિયા છે તો તેના ફીટમેન્ટ ફેકટર ૨.૮૬ થી ગણવામાં આવશે. જેના આધારે મૂળ વેતન વધીને ૫૭,૨૦૦ રૂપિયા થઈ શકે છે પણ સુત્રો બતાવે છે કે ફિટમેન્ટ ફેકટર ૨.૦ થી નીચે જ રહેશે. સરકાર ૧.૯૦ થી માંડીને ૧.૯૫ નું ફિટમેન્ટ લગાવી શકે છે. સુત્રોએ પણ બતાવે છે કે સરકાર આ વખતે ફિટમેન્ટને ઓછુ રાખીને મોંઘવારી હપ્તાને સમાયોજન કરવા માટે અલગથી કોઈ ફોર્મ્યુલા લાવી શકે છે.

### સંસદમાં ઉલ્લેખનીય યોગદાન બદલ...

# સંસદરત્ન પુરસ્કારથી સન્માનિત થશે ૧૭ સાંસદો

#### ભતૃહરિ મહતાબ (ભાજપ), સુપ્રિયા શૂલે (એનસીપી-એસીપી), એન.કે.પ્રેમચંદન (આરએસપી), શ્રીરંગ અપ્પા બારણે (શિવસેના) સહિતના સાંસદો સંસદરત્ન પુરસ્કારથી સન્માનિત થશે



નવી દિલ્હી તા.૧૯

દેશના ૧૭ સાંસદોને સંસદરત્ન પુરસ્કારથી સન્માનીત કરવામાં આવશે. આ પુરસ્કાર સાંસદોના બિનસરકારી વિધેયક લાવવા, સંસદમાં સવાલ પૂછવા, ચર્ચાઓમાં ભાગ લેવા સહિત અન્ય કાર્યોના આધારે નકક કરવામાં આવે છે.

આ પુરસ્કાર પ્રાઈમ ફાઉન્ડેશન તરફથી શરૂ કરવામાં આવ્યા છે. આ વર્ષના વિજેતાઓની પસંદગી જયુર કમીટીએ કરી, જેની અધ્યક્ષતા હંસરાજ અહિર (રાષ્ટ્રીય પછાત વર્ગ પંચના અધ્યક્ષ) એ કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ પુરસ્કાર એ સાંસદોને અપાય છે.

જેમણે લોકશાહીને મજબૂતી આપવાનો ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે.

૧૬મ અને ૧૭મી લોકસભામાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર ચાર સાંસદો- ભતૃહરિ મહતાબ (ભાજપ), સુપ્રિયા શૂલે (એનસીપી-એસપી), એમ.કે.રામચંદ્રન (આરએસપી) અને શ્રીરંગ અપ્પા બારણે (શિવસેના)ને વિશેષ સન્માનથી પુરસ્કૃત કરાશે. સંસદરત્ન પુરસ્કારથી અન્ય સાંસદો- સ્મિતા વાઘ (ભાજપ), નરેશ ગણપતિ મ્હારકે (શિવસેના), મેઘા કુલકર્ણી (ભાજપ), રવિકિશન (ભાજપ), બિદ્યુત બારન મહેતા (ભાજપ), મદન રાઠોડ (ભાજપ), દિલીપ સૌકિઆ (ભાજપ), અરવિંદ સાવંત (શિવસેના- ઉદ્ધવ ઠાકરે જૂથ), વર્ષા ગાયકવાડ (કોંગ્રેસ), પ્રવિણ પટેલ (ભાજપ), નિશિકાંત દુબે (ભાજપ), પી.પી.ચૌધરી (ભાજપ), સી.એન. અન્નાદુરે (ડીએમકે)નો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે સંસદરત્ન પુરસ્કારની શરૂઆત ૨૦૧૦માં થઈ હતી.

# હૈદરાબાદમાં બોમ્બ વિસ્ફોટનુ ષડયંત્ર નિષ્ફળ: બે ઝડપાયા

### ‘ડમી’ વિસ્ફોટ બાદ મોટા હુમલાની તૈયારી હતી: છેક સાઉદી અરેબીયા સાથે કનેકશન

હૈદરાબાદ: દેશમાં ઓપરેશન સિંદુરના વાતાવરણ વચ્ચે હૈદરાબાદમાં પોલીસે એક બોમ્બ વિસ્ફોટની યોજના નિષ્ફળ બનાવી હતી અને ત્રાસવાદી સંગઠન આઈએસઆઈએસ સાથે સંકળાયેલ બે લોકોની ધરપકડ કરી હતી. વિઝાગના સિરાજ અને હૈદરાબાદના સમીરે પહેલા ડમી વિસ્ફોટની યોજના બનાવી હતી. તેના પરથી તેઓ મોટા વિસ્ફોટની તૈયારીમાં હતા. સિરાજે આ માટે વિઝાગથી વિસ્ફોટકો મેળવ્યા હતા. તેઓને સાઉદી અરેબીયા સ્થિત હેન્ડલર તરફથી સૂચનાઓ મળતી હતી અને તેઓ હૈદરાબાદમાં મોટા વિસ્ફોટની યોજનામાં હતા. તેલંગાણા પોલીસને મળેલી બાતમી પરથી આંધ્ર પોલીસ સાથે સંયુક્ત કામગીરીથી આ મોટા ત્રાસવાદી ષડયંત્રને નાકામ બનાવાયુ છે. પહેલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારે તમામ રાજયોને તેમના સંવેદનશીલ ક્ષેત્રોમાં ખાસ નજર રાખવા તાકીદ કરી હતી. ખાસ કરીને નાના-લોન-વુલ્ફ જેમાં ત્રાસવાદી હુમલા કરવાની શકયતા દર્શાવાઈ હતી. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પણ આ અંગે એકશનમાં છે. પંજાબમાં ગત સપ્તાહે ૧૫ સ્થળોએ દરોડા પાડીને ખાલીસ્તાની ત્રાસવાદી નેટવર્ક સાથે સંકળાયેલ અરવિંદર સિંઘ ઉર્ફે રીન્ધાની ધરપકડ થઈ છે અને હજુ વધુની તપાસ ચાલુ છે.

# ઝી સિને એવોર્ડ : રવિનાના ‘ટીપ ટીપ બરસા’ પર દિકરીનો ડાન્સ : અનન્યાએ પિતા ચંકી પાંડે સાથે પરફોર્મ કર્યુ



## કાર્તિક આર્યન બેસ્ટ અભિનેતા–શ્રદ્ધા કપૂરને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ

મુંબઈ,તા.૧૯

મુંબઈમાં ૨૩મો ઝી સિને એવોર્ડ્સ ૨૦૨૫ યોજાયો હતો, જ્યાં તમન્ના ભાટિયા, રાશા થડાની અને અનન્યા પાંડેના પરફોર્મન્સે ફેન્સનું દિલ જીતી લીધું હતું. જેકલીન ફર્નાન્ડીઝ અને રશ્મિકા મંદાના સહિત ઘણા સેલેબ્સના રેડ કાર્પેટ લુક્સ હેડલાઇન્સમાં છે. આ વર્ષે કાર્તિક આર્યનને વ્યૂઅર્સ ચોઇસ એવોર્ડ જીત્યો છે, જે સુનીલ શેટ્ટી અને અનન્યા પાંડે દ્વારા આપવામાં આવ્યો હતો.

**એવોર્ડ્સના પરફોર્મન્સની એક ઝલક -**

‘આઝાદ’ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર રવિના ટંડનની પુત્રી રાશાએ આ વર્ષે ઝી સિને એવોર્ડ્સમાં પોતાના કરિયરનું પહેલું પર્ફોર્મન્સ આપ્યું હતું. તેને યાદગાર બનાવવા માટે, તેણે તેની માતાનું ૩૦ વર્ષ પહેલાંનું આઈકોનિક સોન્ગ ‘‘ટિપ ટિપ બરસા પાની’’ પસંદ કર્યું હતું. રાશાએ તેની માતાની જેમ સ્ટેજ પર પીળા-ગોલ્ડન રંગની સાળી પહેલી હતી. જેને સ્ટેજનું ગ્લેમર વધાર્યું હતું. એટલું જ નહીં, રાશાએ માધુરી દીક્ષિતના ગીત ‘‘એક દો તીન‘‘ પર પણ પર્ફોર્મન્સ આપ્યું હતું. તમન્ના ભાટિયાએ ગયા વર્ષના ચાર્ટબસ્ટર ગીત ’આજ કી રાત’ અને ઐશ્વર્યા રાયના ગીત ’કજરા રે’ પર શાનદાર પરફોર્મન્સ આપ્યું. અનન્યા પાડેએ તેના તમામ ગીતોને બાજુ પર રાખી, તેના પિતા ચંકી પાડેની ફિલ્મ ’પાપ કી દુનિયા’ના ’મેરા દિલ તોતા બન જાયે’ ગીત પર ડાન્સ કર્યો હતો. આ દરમિયાન, તેણે તેના પિતા ચંકી પાડેને સ્ટેજ પર બોલાવ્યા અને બંને સાથેએ સ્ટેપ પરફોર્મ કર્યા હતાં. એવોર્ડ નાઇટમાં કાર્તિક આર્યનએ હાર્નેસમાં ગ્રાન્ડ એન્ટ્રી કરી અને ફેન્સનું દિલ જીતી લીધું હતું.

અભિનેત્રી શ્રદ્ધા કપૂર અને કાર્તિક આર્યનને શ્રેષ્ઠ અભિનયનો એવોર્ડ મળ્યો. લાપતા લેડીઝ, સ્ત્રી ૨, ભૂલ ભુલૈયા ૩ અને અમર સિંહ ચમકીલાએ અનેક એવોર્ડ જીત્યા. અમર કૌશિક દ્વારા દિગ્દર્શિત સ્ત્રી ૨ ને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો.

- શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી – લાપતા લેડીઝ
- શ્રેષ્ઠ VFX – મુંજ્યા
- એક્સપર્ટ કોસ્ચ્યુમ ડિઝાઇન – દર્શન ઝાલાન – લાપતા લેડીઝ
- બેસ્ટ પ્રોડક્શન ડિઝાઇન – અમર સિંહ ચમકીલા
- શ્રેષ્ઠ ગીતકાર – અમર સિંહ ચમકીલાના મૈનુ વિદા કરો માટે ઈર્શાદ કામિલ
- બેસ્ટ એડિટિંગ – અમર સિંહ ચમકીલા માટે આરતી બજાજ
- એક્સપર્ટ બેકગ્રાઉન્ડ સ્કોર – સંદીપ શિરોડકર – ભુલ ભુલૈયા ૩
- એક્સપર્ટ સાઉન્ડ ડિઝાઇન – સ્ત્રી ૨ માટે કિંગશુક મોરન
- શ્રેષ્ઠ સંગીત – સચિન–જીગર – સ્ત્રી ૨ માટે
- શ્રેષ્ઠ ફિલ્મ – સ્ત્રી ૨
- શ્રેષ્ઠ અભિનેત્રી – શ્રદ્ધા કપૂર (સ્ત્રી ૨)
- બેસ્ટ એક્ટર – કાર્તિક આર્યન – ભૂલ ભુલૈયા ૩



# પચ્ચીસ મિનિટ વાળના અંબોડા સાથે લટકાવવાનો રેકોર્ડઃ હવામાં લટકીને જિમ્નેસ્ટિક્સના ખેલ કર્યા

લોકો કેટલીક વાર અજીબો ગરીબ હરકતો કરતા જોવા મળે છે. અને તેના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. ત્યારે એવો જ એક ફોટો વાયરલ થયો છે જેમાં અમેરિકાના રીડવુડ નેશનલ એન્ડ સ્ટેટ પાર્ક્સમાં લૈલા નૂન નામની સર્કસ પર્ફોર્મરે તેના વાળની મજબૂતાઈનો પરચો આપતો અનોખો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. વાળનો અંબોડો બાંધી એને રસ્સીથી બાંધીને એના સહારે લૈલાએ પહેલાં તો હવામાં લટકીને જિમ્નેસ્ટિક્સના ખેલ કર્યા હતા અને પછી ધીમે-ધીમે સ્થિર થઈને પલાંઠી વાળીને ધ્યાન મુદ્રામાં પચીસ મિનિટ ૧૧.૩૦ સેકન્ડ સુધી હવામાં અધ્ધર રહેવાનો સ્ટન્ટ કર્યો હતો. એને સૌથી લાંબો સમય વાળની પોનીના સહારે હવામાં લટકવાનો રેકોર્ડ કહેવાય છે.

૩૮ વર્ષની લૈલા છેલ્લાં બે વર્ષથી આ સ્ટન્ટ માટે તૈયારીઓ કરી રહી હતી. તે સર્કસમાં પણ હેર હેન્ગર સ્ટન્ટ એટલે કે વાળના સહારે હવામાં ઊંચે લટકવાના સ્ટન્ટ કરે છે.

લૈલા નૂને જ્યારે વૃક્ષની ડાળીએ લગાડેલી રસ્સીથી પોતાની પોની બાંધીને આ સ્ટન્ટ કર્યો ત્યારે ગિટારનું હળવું મ્યુઝિક વાગતું હતું. પહેલાં તેણે એ મ્યુઝિકના સહારે બોડી મૂવમેન્ટ્સ કરીને જિમ્નેસ્ટિક્સના હળવા ટ્વિસ્ટ્સ એન્ડ ટર્ન્સ કર્યા હતા અને પછી ધીમે-ધીમે સ્થિર થઈને ધ્યાનમુદ્રામાં સમય વિતાવ્યો હતો.

### જાણીતા મેગેઝિન ફોર્બ્સે ૨૦૨૫ માટે દુનિયાના સૌથી વધુ કમાણી કરનાર ૫૦ ખેલાડીઓની યાદી બહાર પાડી છે.....

# સતત ત્રીજા વર્ષે સૌથી વધુ કમાણી કરતો ખેલાડી બન્યો રોનાલ્ડો !

## ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સતત ત્રીજા વર્ષે સૌથી વધુ કમાણી કરતાં ખેલાડીઓમાં ટોચ પર

ન્યૂયોર્ક ,તા.૧૯

જાણીતા ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ સૌથી વધુ કમાણી કરતા ખેલાડીની યાદીમાં ફરી ટોચનું સ્થાન મેળવી લીધું છે. તે સતત ત્રીજા વર્ષે પ્રથમ સ્થાને રહ્યો છે. તેની કુલ કમાણી આશરે ૨૩૫ કરોડ રૂપિયા (૨૭૫ મિલિયન અમેરિકન ડોલર) હતી.

**ઘણી રમતોના ખેલાડીઓ સામેલ :-**

ફોર્બ્સે વર્ષ ૨૦૨૫ માટે દુનિયાનાં સૌથી વધુ કમાણી કરનારા ૫૦ ખેલાડીની યાદી જાહેર કરી છે. જો કે તેમાં કોઇ ભારતીય જગ્યા બનાવી શક્યો નથી. આ યાદીમાં દુનિયાભરનાં વિવિધ રમતોના ખેલાડીઓને સ્થાન આપવામાં આવ્યું છે. ખેલાડીઓની કુલ કમાણી ઉપરાંત રમતમાં અને રમત ઉપરાંત તેમની કમાણીની પણ જાણકારી આપવામાં આવે છે. રમતમાંથી થતી કમાણીમાં પગાર, ફી, બોનસ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કમાણીમાં જાહેરાત, સોશિયલ મીડિયા વગેરેની કમાણી પણ સામેલ છે.

**અમેરિકાનું વર્ચસ્વ : કોઈ મહિલા નહીં :-**

આ યાદીમાં અમેરિકન ખેલાડીઓનો દબદબો રહ્યો છે. આમાં અમેરિકાનાં કુલ ૨૯ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૫૦ ખેલાડીઓની યાદીમાં કોઈ મહિલા ખેલાડી નથી. આ સિવાય કોઈ ટેનિસ ખેલાડીને આ યાદીમાં સ્થાન મળ્યું નથી. ફૂટબોલ ખેલાડીઓ રમત જગતમાં જંગી કમાણી કરી રહ્યાં છે. રોનાલ્ડો છેલ્લાં સતત ત્રણ વર્ષથી આ યાદીમાં ટોચનું સ્થાન મેળવવા ઉપરાંત છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ પાંચ વખત વિશ્વનો હાઈએસ્ટ પેઈડ સ્પોર્ટસપર્સન બની ગયો છે. આ સમયગાળા દરમિયાન આર્જેન્ટિનાનો લિયોનેલ મેસ્સી પણ બે વાર આ યાદીમાં ટોચ પર રહ્યો હતો પરંતુ આ વખતે તે પાંચમાં ક્રમે છે. બાકીનાં વર્ષોમાં સૌથી વધુ કમાણી કરનારામાં પ્રોફેશનલ બોક્સરોનો સમાવેશ થતો રહ્યો છે.

**મોટાભાગનાં બાસ્કેટબોલના ખેલાડીઓ :-**

છેલ્લાં એક દાયકામાં આ પ્રતિષ્ઠિત મેગેઝિનની સૌથી મહત્વની યાદીમાં ફૂટબોલરો ભલે ટોચ પર રહ્યાં હોય, પણ તાજેતરની યાદીમાં બાસ્કેટબોલના ૧૬ ખેલાડીઓ છે. આ લિસ્ટમાં દુનિયાનાં કોઈ પણ ક્રિકેટરને સ્થાન મળ્યું નથી. ટોચનાં ૧૦ ખેલાડીઓમાં ચાર સ્થાન ફૂટબોલરોએ આંચકી લીધાં છે. અન્ય ખેલાડીઓમાં ફુટબોલ એનએફએલના ૧૩, ફૂટબોલના આઠ, ગોલ્ફના પાંચ, બેઝબોલના ત્રણ અને અન્ય રમતોના પાંચ ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ યાદીમાં સાત વખતના વર્લ્ડ ચેમ્પિયન એવા ગ્રેટ બ્રિટનના એફ૧ ડ્રાઇવર લુઇસ હેમિલ્ટન પણ ૨૨મા સ્થાને છે, જે નેધરલેન્ડના મેક્સ વેસ્ટપેનથી એક સ્થાન પાછળ છે. આ ઉપરાંત અન્ય રમતોના દિગ્ગજો પણ આ યાદીમાં સ્થાન બનાવવામાં સફળ થઈ શક્યાં ન હતાં.

### ટોપ ટેન હાઈએસ્ટ પેઈડ ખેલાડીઓ




### ૪૦ ટકા ડિમેટ ધારકો ૩૦ વર્ષથી ઓછી ઉંમરના !

# આજના યુવાનો નાની ઉંમરે શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડ વગેરેમાં વધુ રોકાણ કરે છે !

## આજની મહિલાઓ પણ શેરબજારમાં રોકાણ, મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકારોમાં ૨૫ ટકા મહિલાઓઃ ૯.૪૪ કરોડ પાનકાર્ડ ૩૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓના !

નવી દિલ્હી ,તા.૧૯

સાયબર સિટી બેંગલુરુમાં અમેરિકા સ્થિત એક કંપનીનો ૨૮ વર્ષીય કર્મચારી સેન્સેક્સમાં થયેલાં વધારાથી ખુશ છે અને તે મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતી પત્ની સાથે આંદામાન જવાની યોજના બનાવી રહ્યો છે. આ ટ્રિપ માટે તે કુલ ૧.૫ લાખ રૂપિયાના ટૂર પેકેજવાળી કંપનીની શોધમાં છે, કારણ કે આ કપલને આ મહિને તેમના રોકાણથી એટલો જ નફો થયો છે. આના જેવાં કરોડો યુવાનો છે, જે નિયમિત આવક સાથે રોકાણ અને નફા દ્વારા જીવનને આનંદમય બનાવી રહ્યાં છે.

નોકરી કરતા યુવાનોની આજની પેઢી, ખાસ કરીને એન્જિનિયર્સ, ડોકટર્સ, વકીલો, મેનેજર્સ અને બિઝનેસમેન, ઝડપી રોકાણ માટે શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડ સહિતના વૈવિધ્યસભર રોકાણોમાં રોકાયેલા છે. દેશમાં લગભગ ૪૦ ટકા ડિમેટ ખાતાધારકો ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે અને કુલ ૧૫ કરોડ સક્રિય રોકાણકારોમાંથી ૬ કરોડથી વધુ હિસ્સો ધરાવે છે. આ ડેટા યુવાનોમાં નવી કમાણીની રાહ બતાવે છે. જે યુવાનોની રુચિને સાબિત કરવા માટે, જેઓ ઝડપથી રોકાણ કરવા માટે પારિવારિક જવાબદારીઓ વિશે ખૂબ ચિંતિત નથી.

**મહિલાઓ પણ સજાગ,**

**કિટ્ટી પાર્ટીમાં બજારની ચર્ચા :-**

માત્ર યુવતીઓમાં જ નહીં પરંતુ ગૃહિણીઓમાં પણ રોકાણની જાગૃતિ અને સક્રિયતા વધી છે. ઘરકામ કરવાની સાથે સાથે મોટી સંખ્યામાં મહિલાઓ સવારથી જ શેરબજાર પર નજર રાખે છે.



**કુલ ૭૮.૪ કરોડ પાનકાર્ડમાંથી ૩૩.૯૭ કરોડ પાનકાર્ડ માત્ર મહિલાઓ પાસે !**

સોના-ચાંદીના ભાવની સાથે મોબાઈલ-ટીવી પર રોકાણની સલાહ, એસઆઈપી રિટર્ન પણ મહિલાઓની કિટી પાર્ટીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. માર્ચ ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવેલાં રસપ્રદ ડેટા અનુસાર ૭૮.૪ કરોડ પાન કાર્ડમાંથી ૩૩.૯૭ કરોડ પાન કાર્ડ મહિલાઓને આપવામાં આવ્યાં હતાં. જેમાંથી ૯.૪૪ કરોડ પાન ૩૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓનાં હતાં. મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોમાં લગભગ ૨૫ ટકા મહિલાઓ છે. સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો અમલ તો દૂરની વાત છે, પરંતુ મ્યુચ્યુઅલ ફંડની કુલ વ્યવસ્થાપિત અસ્કયામતો (એયુએમ)માં તેમનો હિસ્સો ૩૩ ટકાથી વધુ છે.

**જે ને કારણે નાની ઉંમરે રોકાણ :-**

ઘર બાંધવાની ચિંતા ન હોય, પપ્પાનું ઘર છે.

કુટુંબ કે પારિવારિક-સામાજિક જવાબદારી ન હોય

નોકરીની શરૂઆતમાં પાપા કરતા વધારે પેકેજ

આઈટી રોકાણને સરળ બનાવે છે, વધુ જાગૃતિ લાવે છે.

બાળપણ અને કિશોરાવસ્થામાં જોયેલી આર્થિક સમસ્યાએ

ફોમો ફેક્ટર એટલે કે કમાણીના અવસર ચૂકાઈ ન જાય.

**યુવાનોને ધ્યાનમાં રાખવાની બાબતો**

- કમાણી માટે શોર્ટકટ ન અપનાવો.
- બનાવટી અને માન્યતા વગરના રોકાણ માટે સલાહકારોને ટાળો.
- એક જ એસેટમાં બધું રોકાણ ન કરો.
- રિટાયરમેન્ટ અને ઈમરજન્સી ફંડ રાખો.
- રોકાણ વિશે અભ્યાસ કરો અને કાયદાઓનું પાલન કરો.



# ફુર્કા પાસઃ સ્વિટઝર્લેન્ડમાં ઈજનેરી કલાનો ચમત્કાર અને પ્રકૃતિની ભવ્યતાનો સંગમ

સ્વિટઝર્લેન્ડનો ફૂર્કા પાસનો આ ઉંચો પર્વતીય માર્ગ ૨૪૨૯ મીટરની ઉંચાઈ પર આવેલો છે અને અલ્પ્સની ગોદમાં વસેલો એક અદભૂત ચમત્કાર લાગે છે. સાંકડી, ગોળાકાર સડકો પરથી પસાર થઈને આ ઐતિહાસિક માર્ગ પર ચડીએ છીએ તો દરેક વળાંક પર પ્રકૃતિની નવી તસવીર નજરે પડે છે. બરફથી ઢંકાયેલા પહાડો, ઉંચી ખીણો અને દુર દુર સુધી ફેલાયેલા ગ્લેશિયર અહીંની ખાસ જગ્યાઓમાંની એક છે- ‘રોન ગ્લેશિયર’ અને તેની નીચે બનેલો બરફની ગુફાનો માર્ગ જે પર્યટકોને ગુફાના દિલ સુધી લઈ જાય છે. ઉનાળામાં ખુલતો આ માર્ગ માત્ર એક યાત્રા જ નહીં, એક અહેસાસ પણ છે- સ્વિસ એન્જિનિયરીંગના ચમત્કાર અને પ્રકૃતિની ભવ્યતાના સંગમનો.

# ૫૩ દેશોમાં ૩૦ કરોડથી વધુ લોકો ભુખમરાનો સામનો કરે છે



નવી દિલ્હી : વર્ષ ૨૦૨૪માં વિશ્વના ૫૩ દેશોમાં લગભગ ૩૦ કરોડ લોકો ભયંકર ભૂખમરા સામે ઝઝૂમી રહ્યા હતા.

આ સંખ્યા ૨૦૨૩ની તુલનામાં ૧.૩૭ કરોડ વધારે છે અને સતત છઠ્ઠું વર્ષ છે જ્યારે સ્થિતિ વધુ ખરાબ થઈ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા ’ગ્લોબલ ફૂડ ક્રાઇસિસ રિપોર્ટ ૨૦૨૫’માં આ જાણકારી સામે આવી છે. વિશ્લેષણ કરાયેલા દેશોમાં, લગભગ ૨૩% વસ્તીને પૂરતો અને સલામત ખોરાક મળ્યો ન હતો.

## આ કટોકટીનાં મુખ્ય કારણો

**સંઘર્ષ અને હિંસાઃ** ૨૦ દેશોમાં લગભગ ૧૪૦ મિલિયન લોકો આને કારણે ખોરાકની કટોકટીમાં ફસાઈ ગયા છે.

**કુદરતી આપત્તિઓઃ** અલ નીનોએ ૧૮ દેશોમાં દુષ્કાળ અને પૂરનું કારણ બન્યું હતું, જેમાં ૯૬ મિલિયન લોકોને અસર થઈ હતી.

**આર્થિક કટોકટી :** ૧૫ દેશોમાં ૫૯.૪ મિલિયન લોકો મોંઘવારી અને બીજાં કારણોને લીધે ભૂખમરાથી પીડાતા હતા.

**વિસ્થાપન :** લગભગ ૯૫ મિલિયન લોકોને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા હતા, જેમાં શરણાર્થીઓ અને આંતરિક રીતે વિસ્થાપિત લોકોનો સમાવેશ થાય છે.

### પેટ્રોલિયમ પેદાશ અને હિરા કરતાં...

# સ્માર્ટ ફોનની નિકાસમાં ભારત આગળ : સૌથી વધુ નિકાસ અમેરિકામાં !

નવી દિલ્હી :

છેલ્લાં ત્રણ વર્ષમાં અમેરિકાને ભારતની સ્માર્ટફોનની નિકાસમાં પાંચ ગણો વધારો થયો છે. સાથે જ જાપાનમાં નિકાસ ચાર ગણી વધી છે. આ માહિતી સરકારી ડેટા પરથી મેળવવામાં આવી છે. આમ, આજે સ્માર્ટફોનની નિકાસે દેશમાંથી પેટ્રોલિયમ પેદાશો અને હીરાની નિકાસને પાછળ છોડી દીધી છે. વાણિજ્ય મંત્રાલયનાં એક અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘આ તીવ્ર ઉછાળા સાથે, સ્માર્ટફોન ભારતની સૌથી વધુ નિકાસ થતી પ્રોડક્ટ બની ગઈ છે.‘‘ તેણે પેટ્રોલિયમ પેદાશો અને હીરાને પ્રથમ વખત પાછળ છોડી દીધાં છે.



આંકડા અનુસાર સ્માર્ટફોનની નિકાસ ૨૦૨૩-૨૪માં ૧૫.૫૭ અબજ ડોલર અને ૨૦૨૨-૨૩માં ૧૦.૯૬ અબજ ડોલરથી ૨૦૨૪-૨૫માં ૫૫ ટકા વધીને ૨૪.૧૪ અબજ ડોલર થઈ ગઈ છે. અમેરિકા, નેધરલેન્ડ્સ, ઇટાલી, જાપાન અને ચેક રિપબ્લિક એવા ટોચના પાંચ દેશો હતાં જેમણે ૨૦૧૮-૧૯માં સ્માર્ટફોનની નિકાસમાં સૌથી વધુ વૃદ્ધિ નોંધાવી હતી.

એકલા અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસ ૨૦૨૪-૨૫માં ૧૦.૬ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસ ૨૦૨૨-૨૩માં ૨.૧૬ અબજ ડોલર અને ૨૦૨૩-૨૪માં ૫.૫૭ અબજ ડોલર રહી હતી. જાપાનમાં નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જાપાનમાં નિકાસ ૨૦૨૨-૨૩માં ૧૨૦ મિલિયન ડોલરથી વધીને ૨૦૨૪-૨૫માં ૫૨૦ મિલિયન ડોલર થઈ ગઈ છે. અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લાં ત્રણ વર્ષમાં આ ક્ષેત્રમાં ભારે તેજી આવી છે, જેણે દેશને એક મુખ્ય વૈશ્વિક ઉત્પાદન અને ગ્રાહક કેન્દ્રમાં પરિવર્તિત કરી દીધો છે.



### યુધ્ધનો ઉન્માદ કે પાકિસ્તાન સામેનો આક્રોશ એ કોઇ વન-ડે ઇવેન્ટ બની રહેવો જોઇએ નહીં

# આ જુવાળને કાયમી રાષ્ટ્રવાદમાં ફેરવવો જરૂરી

**પહેલગામ હુમલા અને ત્યારબાદની પરિસ્થિતિમાં ભારતે વિશ્વને એકતાનું દર્શન કરાવ્યું અને હજુ આ પ્રક્રિયા ચાલુ જ છે પણ ભુતકાળમાં પણ આવી પરિસ્થિતિમાંથી આપણે પસાર થઇ ગયા છે અને ફરી એક વખત જૈસે થૈની સ્થિતિ સર્જાય છે હવે કદાચ આ અંતિમ મોકો છે દુનિયાના દરેક રાષ્ટ્રો પોતાની ક્ષમતા નિશ્ચિત કરી રહ્યા છે અને ભારતે તો મહાસત્તાઓ સામે ઉભુ રહેવાનું છે તે સમયે હાલનો સર્જાયેલો જુવાળ એક સમયે વિયેટનામે જે રીતે અમેરિકાને ઘુંટણીયે પાડયુ તે સ્થિતિ બનવી જોઇએ**

૨૨ એપ્રિલના પહેલગામ હુમલા બાદની સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે જયારે દેશમાં સૌનો આક્રોશ પાકિસ્તાન સામે હતો અને મોદી સરકારે પણ તેને પારખીને ડિપ્લોમેટીકથી લઇ લશ્કરી મોરચે પાકિસ્તાન માટે કદી ન સર્જાય તેવી જોઇન્ટ સ્ટ્રાઇક કરી તે પછી હવે બંદુકના નાળચા શાંત થઇ ગયા છે અને ડિપ્લોમેટીક મોરચે ધમધમાટ વધી રહ્યો છે તેનો અર્થ એ નથી કે ઓપરેશન સિંદુર પુરૂ થઇ ગયું છે. ખુદ સરકારે ફકત મિલીટ્રી એકશનના વર્તુળમાં જ ઓપરેશન સિંદુર નથી પરંતુ પાકિસ્તાન માટે લાંબા ગાળાની યોજના તૈયાર છે તેવું નિશ્ચિત કરી લીધુ છે અને શાંતિને પણ ન્યુ નોર્મલ એટલે કે અગાઉ પાકિસ્તાન સાથે આ પ્રકારની એક-બે ટકકર બાદ ફરી એક વખત યથાવત થઇ જશે તેવું હવે થશે નહીં તે સરકારે નિશ્ચિત કરી દીધુ છે તે ભૂમિકામાં આગળ વધી રહી છે. આ સમયે ફરી એક વખત આ પ્રકારની રાષ્ટ્રીય ઘડીએ મીડિયાની ભૂમિકા અંગે વ્યાપક ચર્ચા પણ થઇ છે. આપણે પ્રથમ વખત પાકિસ્તાન સામેની આ આક્રમણ અથવા તો કહો કે ડિપ્લોમેટીક મોરચો એ સમયમાં યોજી રહ્યા છે કે જયારે સોશ્યલ મીડિયા સૌથી સક્રિય છે અને તેના પર પણ આ પરિસ્થિતિનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. ચોકકસપણે આ પહેલગામ હુમલા અને ત્યારબાદની સ્થિતિમાં દરેક ભારતીયોએ જે રીતે રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદ બતાવ્યો તે એક નવી ખુવારી દેશને આપી શકે તેમ છે. પણ તેને કેપીટલાઇઝ કરવી એ સૌથી મહત્વનું છે અને તેમાં મીડિયાની ભૂમિકા એ ફરી એક વખત ચર્ચાના દાયરામાં આવી છે. જો તમે વિદેશી ચેનલો જોતા હો તો તમને ખ્યાલ આવશે કે યુધ્ધનું કવરેજ કે યુધ્ધ બાદની સ્થિતિનું આંકલન કઇ રીતે થાય છે. ભારતીય મીડિયાએ તેમાં ઘણુ શીખવાની જરૂર છે. રાષ્ટ્રવાદનો ઓવરડોઝ કરવાથી દેશ મહાન બનશે નહીં પણ તેને કાયમી કેમ બનાવવું તે મહત્વનું છે. આ ઓપરેશન સિંદુર ચાલતુ હતું તે સમયે એક સારી હળવી વાત છતાં મજબુત ટકોર સોશ્યલ મીડિયામાં ફરી રહી હતી કે આજે જે લોકો રાષ્ટ્રવાદ બતાવે છે તેમાંથી ૫૦ ટકા પણ મતદાન કરવા જતા નથી. આમ ફકત પાકિસ્તાન સામેના યુધ્ધ કે તનાવ સમયે જ આપણે તિરંગો લઇને બહાર નીકળી જઇએ અને પછી યથાવત બની જઇએ તે કદાચ ભારતને કદી શ્રેષ્ઠ બનાવી શકે નહીં.

આ સમગ્ર પ્રકરણમાં જોકે ભારત જ નહીં પાકિસ્તાનની મીડિયા પણ તેવું જ પુરવાર થયું છે અથવા તો કહો કે તેણે ભારતને નકલ કરવાની ફરજ પડી છે અનેક મીડિયાએ ઓપરેશન સિંદુરની લશ્કરી કાર્યવાહી સમયે એવી ભૂમિકા ભજવી કે જે કદાચ કોઇ વિચારી પણ ન શકે અનેક ચેનલોએ ભારતીય સેનાને લાહોર પહોંચાડી દીધી હતી અને કલાકો બાદ ઇસ્લામાબાદ કબ્જે થઇ જશે તેવી આગાહી કરી લીધી હતી. પાકિસ્તાન ટીવી ચેનલોના આ જ હાલત હતા પરંતુ આપણે તેની ચિંતા કરવાની જરૂર નથી તેનો જે પ્રોપેગન્ડા છે તેને ભારત સરકાર પહોંચી વળશે અને પહોંચી વળી છે. પણ મહત્વનું એ છે કે આપણે આ સમગ્ર પ્રકરણને એક બોધપાઠ તરીકે એ રીતે લેવાનું છે કે દેશને વાસ્તવિક રાષ્ટ્રવાદ તરીકે વાળવાનો છે ફકત ઝંડા લઇને બહાર નીકળવાથી ફર્ક પડવાનો નથી. ચોકકસપણે તે સિમ્બોલીક બની શકે પણ કાયમ ઝંડા લઇને કાયમ આવી યાત્રા યોજી શકાય નહીં. ડગલે ને પગલે રાષ્ટ્રધ્વજ તમારી સામે જ છે તે રીતે વિચારો તો કદાચ ભવિષ્યમાં પાકિસ્તાન તો શું દુનિયાનું કોઇપણ રાષ્ટ્ર તેને ભારતને પકારી શકે નહીં આ ફકત ભારત માટે જ નહીં દુનિયાના કોઇપણ દેશને લાગુ પડી શકે છે. આ એક સર્વોપરી સિધ્ધાંત છે કે દુનિયા તાકાતને નમન કરે છે અને આપણા સૈન્યના બ્રિફીંગમાં પણ એ શબ્દો કહેવાયો હતો કે 'ભય બિના પ્રિત નાહી'

**ઓપરેશન સિંદુર સમયે મીડિયાની ભૂમિકા પણ ચર્ચામાં છે અનેક મીડિયાએ ભારતીય સેનાને લાહોર સુધી પહોંચાડી અને ઇસ્લામાબાદ કબ્જે કરી લેશે તેવા અહેવાલો જ ચગાવ્યા યુદ્ધનું રીપોર્ટીંગ સ્ટુડીયોમાં બેસીને થયું વિડીયો ફાઇલમાંથી રોકેટો અને મિસાઇલો ઉડયા અને જે અતિશયોકિતભર્યા રીપોર્ટીંગ થયા તે પણ યોગ્ય નથી, મીડિયાની ભૂમિકા લોકોને સાચી માહિતી આપવાની છે, રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબધ્ધતાને પણ અસત્ય કે અતિશયોકિત સાથે જોડી શકાય નહીં**






જોકે સરકારે ખુબ સંયમથી સમગ્ર ઓપરેશનને હેન્ડલ કર્યુ છે તેનો ઇન્કાર થઇ શકે નહીં ખાસ કરીને ઓપરેશન સિંદુરના કલાકોમાં જ સૈન્ય બ્રિફીંગ આવી ગયું અને વિદેશ મંત્રાલય પણ તેમાં જોડાયુ આમ કરીને દેશને ઇન્ફોર્મ રાખવાની જવાબદારી સરકારે બજાવી અને લોકોએ પણ તેમાં દરેક બ્રિફીંગ સમયે માહિતી મેળવી પરંતુ અનેક ઇલેટ્રોનિક ખાસ ઉપરાંત સોશ્યલ મીડિયાએ યુધ્ધનો ઉન્માદ સર્જવામાં મહત્વની ભૂમિકા ભજવી છે તેનો ઇન્કાર થઇ શકે નહીં દેશમાં જે રીતે યુટયુબ કલ્ચર વધી રહ્યું છે તે ક્રિએટીવીટી કે વિચારવાની સ્વતંત્રતાની દ્રષ્ટિએ શ્રેષ્ઠ હોઇ શકે પરંતુ તેમાં વાંચન અને સત્યને સાથે રાખવાની જે માર્ગ ચારવામાં આવ્યો છે તે કદાચ દેશને જ નુકસાન કરશે. આપણે દુર બેઠા બેઠા યુધ્ધનું કવરેજ કરી શકીએ પરંતુ સીમાવર્તી જે લોકો છે જેઓ ખરેખર યુધ્ધને અનુભવી રહ્યા છે તેઓની હાલત શું હશે તે આપણે કલ્પના કરી શકતા નથી અથવા તેની ચિંતા કરતા નથી. તે સમયે મીડિયાએ સાવચેતી રાખવાની એ જરૂર હતી કે યુધ્ધ એ અનિવાર્ય હોય તો પણ પીડાદાયક છે અને તેને પણ માનવીય રીતે લેવાવું જોઇતી હતું.

ઓપરેશન સિંદુર સમયે અને હજુ પણ પોલીટીકસ રમાઇ રહ્યું છે તે પણ એક મુદો છે અને દર વખતની જેમ એક તરફ સમગ્ર ઓપરેશન સિંદુર અને સૈન્યની બહાદુરીનો શ્રેય લેવાની હોડ છે તો બીજી તરફ સરકારને પ્રશ્ન પૂછવાની પણ ઉતાવળ છે ચોકકસપણે આ પ્રકારની સ્થિતિમાં જો પોલીટીકસ હાવી થઇ જાય તો તે રાષ્ટ્ર જે એક થયું છે તેને સૌથી મોટો ફટકો પડશે અને બંને પક્ષોને લાગુ પડે છે એટલે કે સરકાર અને વિપક્ષ બંને માટે આ ઓપરેશન સિંદુર અને ત્યારબાદની સ્થિતિને બોધપાઠ તરીકે ગણાવવું જોઇએ. પાકિસ્તાનના લોકો પ્રત્યે આપણને કદાચ સહાનુભૂતિ હોય તો કદાચ સહાનુભૂતિ હોય તો આ દેશમાંથી જ ત્રાસવાદની નિકાસ થાય છે અને પાકિસ્તાનમાં લોકો તે જુએ છે છતાં પણ તે સ્વીકારે છે અને તેથી જ ભારત માટે પાકિસ્તાનની જનતાનું પણ આ વલણ સ્વીકાર્ય હોવું જોઇએ નહીં. રાજકીય પક્ષોની વાત કરીએ તો સરકારે વિપક્ષોને શકય તેટલા વિશ્વાસમાં લેવાનું કાર્ય કર્યુ છે તેનો ઇન્કાર થઇ શકે નહીં પરંતુ હવે તે પાર્ટી પોલીટીકસ બની ન જોઇએ તે જોવાનું છે. અહીં કોઇ પક્ષનું નામ લખવાનું કમ સે કમ અત્યારે યોગ્ય ગણાય નહીં પણ વિપક્ષે જે રીતે કેટલાક મુદ્દાઓ ઉઠાવ્યા તે પણ પ્રશ્ન સર્જી જાય છે તેનો ડર સમજી શકાય તેમ છે પણ એ પણ ધ્યાન રાખવું જોઇએ તેમનો અવાજનો અર્થ લોકો પણ પારખી શકે છે અને તેથી જ આ ઓપરેશન એ રાષ્ટ્રવાદ માટે એક મોડેલ બની જવું જોઇએ. રાષ્ટ્રવાદનો અર્થ કોઇ સંગઠન કે પક્ષ સાથે જોડાવાનો નથી પણ દેશને સર્વોપરી રાખીને જો આપણે કાર્ય કરીએ તો ભારત શકિતશાળી બનશે તે નિશ્ચિત છે. જેમ કોઇપણ રોકેટને આસમાનમાં જવા ફયુલને જયાં સુધી ઈંગ્નીશ એટલે કે તેને ઉર્જામાં રૂપાંતર ન કરાય તો રોકેટ પણ ઉડી શકે નહીં. ભારતે અત્યારે તેના ફયુલને તાકાતમાં ફેરવવાની જરૂર છે.

**આ ઓપરેશન સમયે પોલીટીકસ પણ રમાઇ રહ્યું છે, કોઇ એક દિવસ ઝંડો લઇને બહાર નીકળો એટલે રાષ્ટ્રવાદ સર્જાઇ જશે તેવું માનવાનું ભુલ ભરેલું છે લોકો સમક્ષ એવું મોડેલ રજુ થવું જોઇએ કે દરેક સમયે તેની આંખ સામે તિરંગો હોય આ ભૂમિકા સરકાર અને વિપક્ષની છે, લોકોમાં રાષ્ટ્રભાવનાની ઉર્જા પડેલી છે પણ આપણી સિસ્ટમ એટલી તકલાદી બની ગઇ છે કે લોકો પછી ધીમે ધીમે દેશને બદલે પોતાનુ વિચારવાનું શરૂ કરી દેશે, રાજકીય પક્ષો પણ ધીમે ધીમે પોલીટીકલ લાઇન લેવા માંડયા છે, જો આજનો સમય મીસ કરશું તો કદાચ ભારતને વૈશ્વિક સત્તા બનાવવામાં આપણે ઘણા મોડા પડી જશુ**



# ટ્રેવિસ હેડ કોરોનાથી સંક્રમિત, લખનૌ સામે નહીં રમે

ન્યુ દિલ્હી,તા.૧૯

સનરાઇઝર્સ હૈદરાબાદના વિસ્ફોટક ઓપનર ટ્રેવિસ હેડ કોરોના વાયરસથી સંક્રમિત થયા છે અને સોમવારે લખનૌ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં રમી શકશે નહીં. સનરાઇઝર્સના મુખ્ય કોચ ડેનિયલ વેટ્ટોરીએ રવિવારે હેડ વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે હેડના ભારત પાછા ફરવામાં વિલંબ થયો છે કારણ કે તે કોરોના સંક્રમિત થયા છે.

સનરાઇઝર્સ કોચે હેડ ક્યારે અને ક્યાં કોરોના વાયરસથી સંક્રમિત થયા તે અંગે કોઈ માહિતી આપી નથી. વેટ્ટોરીએ જણાવ્યું હતું કે હેડ સોમવારે સવારે ભારત પહોંચશે અને ટીમનો મેડિકલ સ્ટાફ તેમનું વધુ મૂલ્યાંકન કરશે. ''હેડ કાલે સવારે આવી રહ્યા છે, તેમને આવવામાં મોડું થયું,'' વેટ્ટોરીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું. ખરેખર તેમને કોવિડ હતો, તેથી તેઓ મુસાફરી કરી શક્યા નહીં, તેથી તેઓ કાલે સવારે આવશે અને ત્યારબાદ અમે તેમની સ્થિતિનું મૂલ્યાંકન કરીશું. હૈદરાબાદની ટીમ પહેલાથી જ પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગઈ છે અને ૨૫ મેના રોજ ગ્રુપ સ્ટેજમાં તેની છેલ્લી મેચ રમશે. આ સિઝનમાં હૈદરાબાદની ત્રણ મેચ બાકી છે. લખનૌ પછી, તેને RCB અને KKR સામે મેચ રમવાની છે.

# ગુજરાતની જીત સાથે RCB અને પંજાબ પણ પ્લેઓફમાં પહોંચ્યા, સુદર્શન-ગિલ વચ્ચે રેકોર્ડ ભાગીદારી

**સાઈ સુદર્શન અને શુભમન ગિલ વચ્ચેની રેકોર્ડ ભાગીદારીના આધારે, ગુજરાત ટાઇટન્સે દિલ્હી કેપિટલ્સને ૧૦ વિકેટથી હરાવીને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું. આ સાથે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પંજાબ કિંગ્સ પણ પ્લેઓફમાં પહોંચી ગયા છે. હવે ચોથા સ્થાન માટે લડાઈ ચાલુ છે.**



### ટી-૨૦ માં સૌથી ઝડપી ૫૦૦૦ રન બનાવનારા બેટ્સમેન (ઈનિંગ દ્વારા)

- ૧૩૨ - ક્રિસ ગેઇલ
- ૧૪૩ - કેએલ રાહુલ
- ૧૪૪ - શોન માર્શ
- ૧૪૪ - ડેવોન કોનવે
- ૧૪૫ - બાબર આઝમ
- ૧૫૪ - શુભમન ગિલ

નવીદિલ્હી,તા.૧૯

સાઈ સુદર્શન અને શુભમન ગિલ વચ્ચેની રેકોર્ડ ભાગીદારીના આધારે, ગુજરાત ટાઇટન્સે દિલ્હી કેપિટલ્સને ૧૦ વિકેટથી હરાવીને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું. આ સાથે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પંજાબ કિંગ્સ પણ પ્લેઓફમાં પહોંચી ગયા છે. હવે ચોથા સ્થાન માટે લડાઈ ચાલુ છે. રવિવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, દિલ્હીએ કેએલ રાહુલની સદીના આધારે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૯૯ રન બનાવ્યા. જવાબમાં, ગુજરાત ટાઇટન્સે નિર્ધારિત ઓવરોમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૨૦૫ રન બનાવ્યા અને મેચ જીતી લીધી. ૨૦૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાતે સારી શરૂઆત કરી હતી, જેમાં સાઈ સુદર્શન અને શુભમન ગિલે અંત સુધી લય જાળવી રાખ્યો હતો. બંને વચ્ચે ૨૦૫ રનની અણનમ ભાગીદારી થઈ. આ કોઈપણ ઓપનિંગ જોડી દ્વારા ત્રીજી સૌથી મોટી ભાગીદારી છે. આ પહેલા ગિલ અને સુદર્શને IPL ૨૦૨૪માં ૨૧૦ રનની ભાગીદારી કરી હતી. લક્ષ્યનો પીછો કરતી વખતે આ ગુજરાતનો બીજો સૌથી મોટો સફળ રન ચેઝ છે.

### શ્રેષ્ઠ ભાગીદારી

| રન. | બેટ્સમેન | ટીમ | વર્ષ |
|---|---|---|---|
| ૨૧૦ | કેએલ રાહુલ અને ક્વિન્ટન ડી કોક | એલએસજી | ૨૦૨૨ |
| ૨૧૦ | શુભમન ગિલ અને સાઈ સુદર્શન | જીટી | ૨૦૨૪ |
| ૨૦૫ | શુભમન ગિલ અને સાઈ સુદર્શન | જીટી | ૨૦૨૫ |
| ૧૮૫ | જોની બેયરસ્ટો અને ડેવિડ વોર્નર | એસઆરએચ | ૨૦૧૯ |

### ગિલે ટી-૨૦માં ૫૦૦૦ રન પૂરા કર્યા

આ મેચમાં સાઈ સુદર્શને ૬૧ બોલમાં ૧૦૮ રનની અણનમ ઈનિંગ રમી હતી જ્યારે શુભમન ગિલ ૯૩ રનની અણનમ ઈનિંગ રમવામાં સફળ રહ્યો હતો. સુદર્શને ૫૬ બોલમાં પોતાના IPL કારકિર્દીની બીજી સદી ફટકારી. તે જ સમયે, ગિલે સિઝનની તેની છઠ્ઠી અડધી સદી ફટકારી. આ મેચમાં ગુજરાતના કેપ્ટને પોતાના શાનદાર પ્રદર્શનથી T20 માં ૫૦૦૦ રન પૂરા કર્યા. તેણે ૧૫૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી

### દિલ્હીનો દાવઃ

દિલ્હીએ ગુજરાત ટાઇટન્સ માટે ૨૦૦ રનનો લક્ષ્યાંક રાખ્યો છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કર્યા બાદ, અક્ષર પટેલની ટીમે કેએલ રાહુલની સદીની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૯૯ રન બનાવ્યા. રાહુલે તેમના માટે સૌથી વધુ ૧૧૨ રનની ઈનિંગ્સ રમી. ગુજરાત તરફથી અરશદ ખાન, પ્રસિદ્ધ કૃષ્ણા અને સાઈ કિશોરે એક-એક વિકેટ લીધી.

# પ્લેઓફની રેસમાં ટકી રહેવા લખનૌએ આજે હૈદરાબાદને હરાવવાનું અનિવાર્ય





લખનઉ: IPL 2025ની ૬૧મી મેચ આજે લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે રમાશે. લખનઉના એકાના સ્ટેડિયમમાં બન્ને ટીમ વચ્ચે ૨૦૨૩માં એક જ મેચ રમાઈ હતી જેમાં હોમ ટીમની જીત થઈ હતી. જ્યારે ઓવરઓલ પાંચ ટક્કરમાંથી હૈદરાબાદ આ ટીમ સામે માત્ર ૨૦૨૪માં એક જીત નોંધાવી શક્યું હતું. વર્તમાન સીઝનની પહેલી ટક્કરમાં લખનઉએ હૈદરાબાદને એના જ હોમ ગ્રાઉન્ડ પર પાંચ વિકેટે હાર આપી હતી.

ગયા વર્ષની રનર-અપ સનરાઈઝર્સ (૭ પોઇન્ટ) પહેલાંથી જ પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે અને ઘરની બહારની બાકીની ત્રણેય મેચમાં પ્રતિષ્ઠા માટે રમશે. લખનઉ સુપર જાયન્ટ્સે (૧૦ પોઇન્ટ) એની બાકીની ત્રણેય મેચ મોટા માર્જિનથી જીતવી પડશે. ૨૭ કરોડ રૂપિયાના સૌથી મોંઘા પ્લેયર રિષભ પંત (૧૧ મેચમાં ૧૨૮ રન) માટે આ સીઝન નિરાશાજનક રહી છે. અહીંથી તે પોતાની અને ટીમની પરિસિ્થતિમાં સુધારો કરવાની અપેક્ષા રાખશે.

# ગુજરાત ટાઈટન્સનો રેકોર્ડઃ વિના વિકેટે ૨૦૦થી વધુ રન ચેઝ કરનારી IPLની પ્રથમ ટીમ



નવી દિલ્હી:

IPL 2025ની ૬૦મી મેચમાં ગુજરાત ટાઇટન્સે ૧૦ વિકેટે દિલ્હી કેપિટલ્સ સામે જીત નોંધાવી હતી. દિલ્હીએ કે. એલ. રાહુલની ૧૧૨ રનની ઈનિંગ્સના આધારે ૩ વિકેટે ૧૯૯ રન કર્યા હતા. ગુજરાતે પોતાનો ઓપનર્સ સાઈ સુદર્શન અને શુભમન ગિલની ઐતિહાસિક પાર્ટનરશિપના આધારે ૧૯ ઓવરમાં ૨૦૦ રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. આ ટુર્નામેન્ટમાં ૨૦૦ કે એથી વધુ રનનો ટાર્ગેટ વિકેટ ગુમાવ્યા વગર ચેઝ કરનાર ગુજરાત પહેલી ટીમ બની છે. ગુજરાત (૧૮ પોઇન્ટ) સાથે ૧૭-૧૭પોઇન્ટ ધરાવતી બેન્ગલોર અને પંજાબની ટીમે પણ પ્લેઓફમાં એન્ટ્રી મારી હતી.

### પોઈન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | નો-રિઝલ્ટ | નેટ રન-રેટ | પોઇન્ટ |
|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૧૨ | ૯ | ૩ | ૦ | +૦.૭૯૫ | ૧૮ |
| બેન્ગલોર | ૧૨ | ૮ | ૩ | ૧ | +૦.૪૮૨ | ૧૭ |
| પંજાબ | ૧૨ | ૮ | ૩ | ૧ | +૦.૩૮૯ | ૧૭ |
| મુંબઈ | ૧૨ | ૭ | ૫ | ૦ | +૧.૧૫૬ | ૧૪ |
| દિલ્હી | ૧૨ | ૬ | ૫ | ૧ | +૦.૨૬૦ | ૧૩ |
| કલકત્તા | ૧૩ | ૫ | ૬ | ૨ | +૦.૧૯૩ | ૧૨ |
| લખનઉ | ૧૧ | ૫ | ૬ | ૦ | -૦.૪૬૯ | ૧૦ |
| હૈદરાબાદ | ૧૧ | ૩ | ૭ | ૧ | -૧.૧૯૨ | ૭ |
| રાજસ્થાન | ૧૩ | ૩ | ૧૦ | ૦ | -૦.૭૦૧ | ૬ |
| ચેન્નઈ | ૧૨ | ૩ | ૯ | ૦ | -૦.૯૯૨ | ૬ |

# રાહુલની એક સેન્ચુરીથી બન્યા મોટા રેકોર્ડ



ગઈ કાલે રાહુલે T20 કરીઅરની સાતમી અને IPLની પાંચમી સેન્ચુરી ફટકારી હતી. તે IPLમાં નોટઆઉટ રહીને હાઈએસ્ટ પાંચ સેન્ચુરી ફટકારવાની સાથે વિકેટકીપર-બેટર તરીકે પણ સૌથી વધુ ત્રણ સેન્ચુરી કરનાર પ્લેયર બન્યો હતો. તે આ ટુર્નામેન્ટમાં પંજાબ કિંગ્સ (બે), લખનઉ સુપર જાયન્ટ્સ (બે) અને દિલ્હી કેપિટલ્સ (એક) એમ ત્રણ ટીમ સામે સેન્ચુરી ફટકારનાર એકમાત્ર બેટર બન્યો છે.

# કિંગ કોહલી માટે ખાસ 'ફેરવેલ ટેસ્ટ' રાખો; 'ભારત રત્ન' પણ મળવો જોઈએ

## સુરેશ રૈનાની માંગઃ અનેક મોટી સિદ્ધિનું સન્માન મળવુ જોઈએ

મુંબઇ:

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ હાલમાં ટેસ્ટ-રિટાયરમેન્ટ લેનાર સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલીને ભારત રત્ન અવોર્ડથી સન્માનિત કરવાની માગણી કરી છે. ૩૮ વર્ષનો સુરેશ રૈના કહે છે, 'મને લાગે છે કે ભારત સરકારે તેને



ભારત રત્ન આપવો જોઈએ, કારણ કે તેણે ભારત માટે ઘણી સિદ્ધિ મેળવી છે. તેને દિલ્હીમાં ફેરવેલ (ટેસ્ટ) મેચ આપવી જોઈએ. તેનો પરિવાર અને કોચ તેને ટેકો આપવા માટે ત્યાં હોત. દેશ માટે આટલું બધું કર્યા પછી તમે તેની સાથે વાતચીત કરો, કારણ કે તે ફેરવેલ મેચને પાત્ર છે.' ૧૯૫૪થી અપાતો ભારતનો સર્વોચ્ચ નાગરિક અવૉર્ડ ભારત રત્ન હમણાં સુધી ૫૩ જણને મળ્યો છે જેમાંથી એક ક્રિકેટર અને સ્પોર્ટ્સ પર્સન તરીકે માત્ર ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેન્ડુલકર (૨૦૧૪)ને આ સન્માન મળ્યું છે.

### કયા કયા પુરસ્કારોથી સન્માનિત થયો કોહલી?

વિરાટ કોહલીને ભારત સરકાર દ્વારા અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યો છે જેમ કે ૨૦૧૩માં અર્જુન અવૉર્ડ, ૨૦૧૭માં પદ્મશ્રી અને ૨૦૧૮માં ભારતના સર્વોચ્ચ રમત સન્માન મેજર ધ્યાનચંદ ખેલ રત્ન અવૉર્ડ

# આધાર-પુરાવા વિના કોઈનું બેન્ક ખાતુ જપ્ત ન કરી શકાય, આ વેપારને ઠપ્પ કરી શકે છેઃ હાઈકોર્ટ

## ખાતા જપ્ત કરનાર ઓથોરીટીને બોમ્બે હાઈકોર્ટે આપી સલાહ

મુંબઈ તા.૧૯

કોઈ આધાર-પુરાવા વિના ઓથોરીટી કોઈનું બેન્ક ખાતુ એટેચ (જપ્ત) ન કરી શકે આ બાબત વેપારને ઠપ્પ કરી શકે છે.આ ટિપ્પણી બોમ્બે હાઈકોર્ટે કરી હતી. કોર્ટે કહ્યુ હતું કે ખાતુ જપ્ત કરવાનો અપાયેલો પાવર કઠોર છે. કારણ કે તે કેટલીક સ્થિતિઓમાં વ્યકિતનાં વ્યવસાયને ઠપ્પ કરી શકે છે. એટલે આ પાવરનો ઉપયોગ કરનાર ઓથોરીટીએ સાવધાનીથી કામ કરવુ જોઈએ.

ઓથોરીટીએ આ પાવરના દુરૂપયોગ બચવુ જોઈએ કોર્ટે મુંબઈની એક પાર્ટનરશીપ ફર્મનું બેન્ક ખાતુ એટેચ




કરવાના આદેશને રદ કરવાનો ફેસલો સંભળાવ્યો છે.

જોઈન્ટ કમિશનર ઓફ સ્ટેટ ટેકસે ૨૭ જાન્યુઆરી ૨૦૦૫ ના પાર્ટનરશીપ ફર્મનું ખાતુ એટેચ કરવાનાં સબંધમાં પ્રોવિઝનલ આદેશ ઈસ્યુ કર્યો હતો. ત્યારબાદ ફર્મને વિલેપાર્લે સ્થિત જાહેર ક્ષેત્રની મોટી બેન્કનાં ખાતાને એટેચ કરી દીધુ હતું. કમિશનરના આ આદેશને ફર્મે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટીસ બી.પી.કુલાવાવાળા અને જસ્ટીસ ફીરદોષ પુનિવાલાની બેન્ચ સામે અરજીની સુનાવણી થઈ હતી. અરજીમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

### હાલ વેકેશનમાં બધી ટ્રેનો ફુલ દોડે છે ત્યારે...

# લાલકુઆ-રાજકોટ એકસપ્રેસ ટ્રેન પહેલા દિવસે ખાલીખમ દોડી, યાત્રીઓ જ ન મળ્યા!

**ટ્રેનનો પુરતો પ્રચાર જ ન કરાયો, માત્ર સોશ્યલ મીડીયા પર આ ટ્રેનની જાણ કરાઈ, જેના કારણે યાત્રીઓનો તૂટો પડયો**

લાલકુઆ તા.૧૯

અગાઉથી કોઈપણ જાહેરાત વિના




અચાનક ટ્રેન ચાલુ કરી દેવાથી શું હાલત થઈ છે તેના અનુભવ લાલપુર-રાજકોટ એકસપ્રેસ ટ્રેનમાં જોવા મળ્યો છે. લાલકુઆ- રાજકોટ એકસપ્રેસ ટ્રેનને પહેલા દિવસે પેસેન્જર્સ જ નહોતા મળ્યા. પુર્વોતર રેલવે તરફથી લાલકુઆથી ગુજરાતના રાજકોટ માટે સ્પેશિયલ ટ્રેનનું સંચાલન શરૂ થયુ છે પણ પહેલા દિવસે છેલ્લી ઘડી સુધી રાજકોટ માટેની તમામ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### સહકારી તથા પક્ષીય રાજકારણમાં વર્ચસ્વ સ્થાપિત કરાવતી નિર્ણાયક સંસ્થા

# જીલ્લા બેંકની ચૂંટણીનાં પડઘમઃરજીસ્ટ્રારને દરખાસ્ત રજુ

રાજકોટ તા.૧૯

રાજકોટનાં સહકારી ક્ષેત્રમાં ફરી સળવળાટ શરૂ થયાના એંધાણ હોય તેમ જીલ્લા સહકારી બેંકની ચૂંટણીનાં પડઘમ વાગવા શરૂ થયા છે. જુલાઈમાં વર્તમાન બોર્ડની મુદત પૂર્ણ થાય છે તે પૂર્વે બેંક દ્વારા નવી ચૂંટણી યોજવાની દરખાસ્ત જીલ્લા રજીસ્ટ્રારને મોકલી દેવામાં આવી છે અને હવે તેના દ્વારા જીલ્લા કલેકટરને દરખાસ્ત થવા સાથે પ્રક્રિયા શરૂ થશે.

રાજકોટની કલેકટર કચેરીનાં સુત્રોએ કહ્યું કે જીલ્લા બેંકની ચૂંટણી કલેકટર હસ્તક હોય છે. જીલ્લા કલેકટર મુખ્ય ચૂંટણી અધિકારી હોય છે જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા



ચૂંટણી યોજવા માટે દરખાસ્ત કરાયા બાદ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. હજુ આ માટે કોઈ દરખાસ્ત આવી નથી.

**સભ્ય સહકારી મંડળીઓનાં ઠરાવોની ચકાસણી બાદ તૂર્તમાં કલેકટરને દરખાસ્ત થશેઃ જુલાઈમાં વર્તમાન ૧૭ સભ્યોના બોર્ડની મુદત પૂર્ણ થાય છેઃ જીલ્લાના રાજકારણમાં ગરમાવો શરૂ થવાના એંધાણ**

પરંતુ બેંક તરફથી જીલ્લા રજીસ્ટ્રાર સમક્ષ દરખાસ્ત કરી દેવાયાનું ધ્યાનમાં છે. હવે રજીસ્ટ્રાર દ્વારા દરખાસ્ત કરાયા બાદ પ્રક્રિયા હાથ પર લેવાશે.

જીલ્લા રજીસ્ટ્રાર કચેરીનાં સુત્રોએ એમ કહ્યું કે જીલ્લા બેંક તરફથી ચૂંટણી યોજવા માટેની વિધીવત દરખાસ્ત પાઠવવામાં આવી હતી. કચેરી દ્વારા બેંકે રજુ કરેલા સભ્ય સહકારી મંડળીઓનાં ઠરાવોની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. એકાદ-બે સપ્તાહમાં તે પૂર્ણ થયા બાદ કલેકટરને દરખાસ્ત કરાશે. ઠરાવોની ચકાસણીમાં લોન ડીફોલ્ટ મંડળીઓ માલુમ પડે તો તેને ગેરલાયક ઠરાવીને નામ મતદાર યાદીમાંથી રદ કરી દેવામાં આવતુ હોય છે. આ લાંબી અને સમય માંગી લેતી પ્રક્રિયા છે.


રાજકોટ જીલ્લા બેંકની ચૂંટણી ૧૭ બેઠકો પર યોજાતી હોય છે. તેમાં ખેડુત વિભાગની ૧૩, શરાફીની બે, ઈતર વિભાગ તથા રૂપાંતર વિભાગની ૧-૧ બેઠકો છે.આ ચૂંટણી તાલુકા-બ્લેક પદ્ધતિથી થતી હોય છે અને કુલ મળીને અંદાજીત સાડા ચારસો મતદારો છે.જોકે આ વખતે કેટલા મતદાર રહે છે તેનુ ચિત્ર છે પછી સ્પષ્ટ થશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

## નવા કાયદા હેઠળ અને સમયસર ચૂંટણી થશે તો અનેક બદલાવ જોવા મળશે

સહકારી ક્ષેત્રના માહિતગાર સુત્રોએ કહ્યું કે જીલ્લા બેંકની ચૂંટણી માટે દરખાસ્ત થઈ છે છતાં તે નવા કાયદા હેઠળ અને સમયસર થાય છે કે કેમ તે જોવાનું રહે છે. સરકાર દ્વારા સહકારી કાયદામાં અનેકવિધ બદલાવ કરવામાં આવ્યા છે.

ડાયરેકટરો માટે પદભાર સંભાળવા સીહતની મર્યાદા નકકી કરવામાં આવી છે નવા કાયદા હેઠળની ચૂંટણી થાય તો વર્તમાન કેટલાંક ડાયરેકટરો ચૂંટણી ન લડી શકે અને તે સંજોગોમાં અનેક મહત્વના બદલાવ જોવા મળી શકે છે. માત્ર રાજકોટ જ નહિં રાજયભરનું સહકારી જગત કે સીનીયર નેતાઓ નવા કાયદાથી પરેશાન છે. ઘણા વખતથી સરકારને આકરી જોગવાઈઓમાં રાહત આપવાની માગ કરવામાં આવી છે. સરકાર કોઈ નિર્ણય કરતી નથી. રાજયની અનેક મહત્વની સહકારી સંસ્થાઓમાં ચૂંટણી પેન્ડીંગ છે અને તે માટે કાનુની કારણો ઉભા થયા છે. ત્યારે રાજકોટ જીલ્લા બેંકે મામલે કેવી સ્થિતિ ઉભી થાય છે તે જોવાનૂં રસપ્રદ બનશે.



### મનરેગા કૌભાંડમાં વહેલી સવારે નાસતા ફરતા મંત્રી પુત્રને ઝડપી લેવાયા

# મંત્રી બચુ ખાબડના બીજા પુત્ર કિરણની પણ ધરપકડ

રાજકોટ: મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી યોજના (મનરેગા) હેઠળ સરકારી કામોના કોન્ટ્રાકટ મેળવી ફરી કાગળ પર જ રોડ, ચેક-ડેમ સહિતના કામો બતાવીને અંદાજે રૂા.૭૧ કરોડના ખોટા બિલોના આધારે પેમેન્ટ મેળવી લેવાના કૌભાંડમાં આખરે પોલીસે રાજયના મંત્રી બચુ ખાબડના બીજા પુત્ર કિરણ ખાબડની પણ ધરપકડ કરી છે. હજુ ગત સપ્તાહ આ પ્રકરણમાં ખાબડના મોટા પુત્ર બળવંતની ધરપકડ કર્યા બાદ કિરણ

**મોટો પુત્ર બળવંત હાલ કસ્ટડીમાં છેઃ તપાસ વધુ વેગવંતી બને તેવા સંકેત**

ખાબડ નાસતો ફરતો હતો પણ પોલીસે આજે સવારે વડોદરા-હાલોલ માર્ગ પરથી તેને ઝડપી લેવાયા છે. હવે તેને અદાલતમાં રજુ કરને રીમાન્ડ પર મેળવાશે. અગાઉ આ ક્ષેત્રના પુર્વ ટીડીઓ સહિત કુલ નવ લોકોની ધરપકડ થઈ છે. ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારી આપવા માટેની મનરેગા યોજનામાં રાજયભરમાં જબરા કૌભાંડ થાય છે. તેની ચર્ચા વચ્ચે દાહોદમાં ચેકડેમ, હેન્ડપમ્પ, માર્ગ વિ. બનાવવાના ટેન્ડર મેળવી બાખડ ફેમીલીએ તેમાં માર્ગો કે ચેકડેમ બનાવ્યા વગર હેન્ડપમ્પ નાખવા પણ ગેરરતિ કરીને ખોટા બિલો મારફત જંગી સરકારી નાણા મેળવી લીધા હતા. તેઓએ તેના પિતા મંત્રી હોવાથી સરકારી અધિકારીઓ પણ શામ દામ દંડ ભેદથી તેના કામોમાં સાથ આપવા ફરજ પાડી



હતી અને પુરુષના અનેક સભ્યોના નામે ખોટી એજન્સીઓ ઉભી કરી હતી જેમાં બોગસ બિલીંગ વિ. પણ બનાવ્યા હતા.

### સુપ્રિમ કોર્ટનાં ફૂટપાથ–સંબંધી આદેશ વચ્ચે ચોંકાવનારો રિપોર્ટ

# પાંચ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં ૧.૫૦ લાખ રાહદારીઓના મોત

## ફૂટપાથ ન હોવાથી અથવા તેના પર દબાણો ખડકાયા હોવાથી રાહદારીઓનો ભોગ લેવાતો હોવાનું તારણ

નવી દિલ્હી તા.૧૯

સડક-માર્ગ પર સૌથી પહેલો અધિકાર રાહદારીઓનો હોય છે.પરંતુ તેઓ જ માર્ગ અકસ્માતોનો સૌથી મોટો શિકાર બનતા હોવાનો ચોંકાવનારો આંકડાકીય રીપોર્ટ જાહેર થયો છે. ૨૦૧૯ થી ૨૦૨૩ નાં ચાર વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૧.૫૦ લાખ રાહદારીઓએ જાન ગુમાવ્યા હતા.

બંધારણની કલમ ૨૧ હેઠળ ફૂટપાથ પર ચાલવાનો રાહદારીઓનો બંધારણીય હકક હોવાનું જણાવીને સર્વોચ્ચ અદાલતે ફૂટપાથ પર થતા દબાણો સામે ચિંતા નારાજગી દર્શાવતો ચુકાદો તાજેતરમાં જ આપ્યો હતો. દેશનાં ૨૪ રાજયો તથા કેન્દ્ર શાસીત પ્રદેશોમાં માત્ર ૧૯ ટકાથી ૭૩ ટકા જ ફૂટપાથો હોવાના રીપોર્ટ બાદ સુપ્રિમ કોર્ટે આ ફટકાર લગાવી હતી.

આઈઆઈટી દિલ્હી તથા ટ્રાન્સપોર્ટ રિચર્સ એજન્સી દ્વારા ફૂટપાથ સંબંધી સર્વે હાથ ધરાયો હતો તે મુજબ કાશ્મીરનાં માર્ગો પર માત્ર ત્રણ ટક ફૂટપાથ હોવાનું ખુલ્યુ હતું. પોંડીચેરીમાં તે પ્રમાણે પાંચ ટકા હતી. બિહારમાં ૧૯ ટકા, હરિયાણામાં ૨૪ ટકા તથા ઝારખંડમાં ૨૦ ટકા હતી એટલુ જ નહિં તેમાં પણ મોટાભાગનાં કિસ્સામાં નિયમ પાલન ન હતું. વાસ્તવમાં ઈન્ડીયન રોડ કોંગ્રેસ દ્વારા ફૂટપાથ બનાવવા માટે માપદંડો નિયત કરાયેલ છે અને તેના આધારે ફૂટપાથ બનાવવાની હોય છે.

સુપ્રિમ કોર્ટે ગત સપ્તાહનાં ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે નાગરીકો માટે યોગ્ય ફૂટપાથ હોવાનું આવશ્યક છે. અને તેમાં દબાણ ચલાવી ન શકાય.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ફૂટપાથ બનાવવા તથા દબાણ ન થવા દઈને યોગ્ય જાળવણી કરવામાં આવે તો પણ ઘણા માર્ગ અકસ્માતો શકાય તેમ છે.તમામ શહેરોમાં ફૂટપાથનાં નિયમોને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વિશ્વ આરોગ્ય સંગઠનના રીપોર્ટ પ્રમાણે વિશ્વ સ્તરે માર્ગ અકસ્માતોમાં ૨૧ ટકા રાહદારીઓ ભોગ બને છે ભારતને લાગેવળગે છે ત્યાં સુધી ૨૦૨૩ માં દર




પાંચમાંથી એક રાહદારી અકસ્માતનો ભોગ બન્યો હતો..

ભારતમાં મહારાષ્ટ્ર દિલ્હી, ઉતરાખંડ, આસામ, હિમાચલ પ્રદેશ, તથા પશ્ચિમ બંગાળમાં રસ્તાઓ પર ફૂટપાથની માત્રા ૪૮ થી ૭૩ ટકા જેટલી છે.

ભારતમાં ૨૦૧૯ માં ૨૫૮૫૮ ૨૦૨૦ માં ૨૩૪૭૭, ૨૦૨૧ માં ૨૯૧૪૪, ૨૦૨૨ માં ૩૨૮૨૮ તથા ૨૦૨૩ માં ૩૫૦૦૦ રાહદારીઓ માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હતા.

# TRP ગેમઝોન અગ્નિકાંડ ફરી ધગધગશે : કાલે કોર્પો.માં ધમાલની વિપક્ષની તૈયારી

રાજકોટ, તા. ૧૯

શહેરના નાના મવા રોડના ટીઆરપી ગેમ ઝોનમાં ગોઝારા અગ્નિકાંડની ઘટનાને તા.૨૫ મે રોજ એક વર્ષ પુરૂ થવાનું છે. આ અગ્નિકાંડ પીડિતોની વાર્ષિક પુણ્યતિથિ નિમિતે પીડિતોને ન્યાય માટે ફરી કોંગ્રેસ મેદાને આવી છે. કાલે મંગળવારે સવારે ૧૦.૩૦ વાગ્યે ત્રિકોણબાગથી કોર્પોરેશન સુધી પદયાત્રા કાઢી, કમિશ્નરને ઘેરાવ અને ધરણાનો કાર્યક્રમ જાહેર કરતા કાલે મનપા કચેરીનો ગેટ પોલીસ છાવણીમાં ફેરવાઇ તેવું લાગી રહ્યું છે.

કાલે કોર્પોરેશનમાં જનરલ બોર્ડ પણ મળવાનું છે. વિપક્ષ દ્વારા આ બોર્ડમાં અગ્નિકાંડનો પડઘો પાડવા તૈયારી થઇ છે. તે સાથે જ આ મુદ્દે પૂરા અઠવાડિયાના કાર્યક્રમો જાહેર કરતા કાલે મનપામાં ઉગ્ર વાતાવરણ સર્જાય તેવી પણ શકયતા છે.

આજે શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાએ જણાવ્યું હતું કે, શહેરમાં કાલાવડ રોડ પરના સયાજી હોટલ પાછળ અગ્નિકાંડની બનેલી ઘટનાને તા.૨૫ મેના એક વર્ષ થશે છતાંન્યાય મળેલ નથી. જે સંદર્ભે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આવતીકાલથી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે.

કાલે મંગળવારે સવારે ૧૦:૩૦ વાગ્યે ત્રિકોણબાગ ભેગા થઈને, કોર્પોરેશન ચાલીને

**એક વર્ષ પુરૂ થતા પૂર્વે ત્રિકોણબાગથી મનપા સુધી પદયાત્રા : બુધવારે પો.કમિશ્નરને રજૂઆત : પીડિતોને ન્યાય માટે સપ્તાહભરનો કાર્યક્રમ જાહેર કરતા પ્રમુખ અતુલ રાજાણી–વિપક્ષી નેતા વશરામ સાગઠીયા**

જઈને ત્યાં ધરણાં અને મ્યુનિસિપલ કમિશ્નરને ઘેરાવ અને બપોર પછી પ્રભારીએ પોતાના વિસ્તારમાં પત્રિકા વિતરણનો કાર્યક્રમ યોજશે. તા. ૨૧ બુધવારે સવારે પોલીસ કમિશ્નરને રજુઆત અને બપોર પછી પ્રભારીઓ ‘ન્યાય સંકલ્પ રથ’ રવાના કરશે.

તા.૨૨ ગુરુવારે સવારે ૧૧ વાગ્યે વોર્ડના પ્રભારીઓએ પોતાના વિસ્તારોમાં રીક્ષાઓમાં સ્ટીકર લગાવવાના અને એ દિવસે સાંજના અખબારો, રથના અને પત્રિકા વિતરણના કાર્યક્રમો યોજાશે. જયારે તા. ૨૩ શુક્રવારે રીક્ષાના સ્ટીકર ના ફોટા-રથના ફોટા અને પત્રિકા વિતરણ સહિતના કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

તા. ૨૪ના શનિવારે કોંગ્રેસની પત્રકાર પરિષદ રાખવામાં આવી છે તો તા.૨૫ના રવિવારે સાંજે દરેક પ્રભારીઓએ નોંધાવેલા સભ્યોની સંખ્યા સાથે સાંજે ૭:૩૦ વાગ્યે જિલ્લા પંચાયત ચોકમાં કેન્ડલ માર્ચમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે તેમ જાહેર કરવામાં આવ્યું છે.

ગત વર્ષે ગેમ ઝોનમાં અગ્નિકાંડ સર્જાયો હતો જેમાં ૨૭ લોકોના જીવતા બળી જવાથી મૃત્યુ નિપજયા હતા. આ ઘટનાના પગલા પૂરા રાજયમાં પડયા હતા અને સ્થાનિક પોલીસથી માંડી સરકારની તપાસ સમિતિએ તપાસ કરી હતી. કોર્પો.ના અડધો ડઝન અધિકારીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ સસ્પેન્ડ થયા હતા. મનપાના ટીપીઓને ત્યાં તો એસીબી અને ઇડીના દરોડા પણ પડી ગયા હતા. હજુ અધિકારીઓ જેલમાંથી બહાર નીકળી શકયા નથી. આ બનાવ બાદ કમિશ્નર સહિતના અધિકારીઓની બદલી કરવામાં આવી હતી.

આ ઘટના બાદ રાજકોટમાં ફાયર સેફટીમાં મોટુ લોલમલોલ ચાલતુ હોવાનું બહાર આવ્યું હતું. સંખ્યાબંધ મિલ્કતો સીલ કરવામાં આવી હતી. કોર્પો.ના હોલ પણ ફાયર સેફટી મુકાયા બાદ ખોલવામાં આવ્યા છે. રહેણાક અને બિનરહેણાક મિલ્કતોને નોટીસો આપી આકરા નિયમોનો અમલ કરાવવામાં આવ્યો હતો. કોર્પો.માં ચીફ ફાયર ઓફિસરની જગ્યા પર કોઇ અધિકારી આવવા માંગતા નથી તે વાત પણ હજુ ચર્ચાસ્પદ છે. આટલુ અધુરૂ હોય તેમ ધુળેટીના દિવસે ૧૫૦ ફુટ રોડના એટલાન્ટિસ બિલ્ડીંગમાં લાગેલી આગે ફરી આ મામલો સળગાવ્યો હતો. કાલે જનરલ બોર્ડમાં પણ ફાયર નિયમો અંગેના સવાલ પૂછવામાં આવ્યા છે. આ સંજોગોમાં કોંગ્રેસે ફરી આ મુદ્દો ઉપાડતા પુરૂ અઠવાડિયુ આ મામલે ગરમાવો રહેશે તેમ સમજવામાં આવે છે.

# હાઈકોર્ટની મંજૂરી બાદ ઝનાના હોસ્પિટલમાં થઈ ટ્રીટમેન્ટ, ૧૩ વર્ષની દુષ્કર્મ પીડિતાએ દીકરીને જન્મ આપ્યો

## ૩૩ સપ્તાહના ગર્ભના અબોર્શનની ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપ્યા બાદ થઈ ડિલિવરી

રાજકોટ, તા.૧૯

હાઇકોર્ટની મંજૂરી બાદ રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ૧૩ વર્ષની દુષ્કર્મ પીડિતાની ડિલિવરી કરાવવમાં આવી હતી. સગીરાને ૩૩ સપ્તાહનો ગર્ભ હતો. તેણીએ દીકરીને જન્મ આપ્યો છે. માતા પુત્રી બંને હાલ ડોકટરેની દેખરેખ હેઠળ છે.

કેસની વિગત મુજબ, ૨૯ એપ્રિલે ૧૩ વર્ષીય સગીરા ગર્ભવતી હોવાનું માલુમ પડેલ. રાજકોટની આ સગીરા ત્યારે મહારાષ્ટ્ર હતી. જેથી મહારાષ્ટ્રમાં ઝીરો નંબરથી એફઆઈઆર નોંધાઈ હતી. રાજકોટના બી ડિવિઝન પોલીસને ટ્રાન્સફર કરવામાં આવેલ. સગીરા મહારાષ્ટ્રમાં પોતાના સંબંધીને ત્યાં ફરવા ગયેલી ત્યારે તેને પેટમાં દુઃખાવો થયો અને હોસ્પિટલ ગયા તો સગીરા ગર્ભવતી હોવાની જાણ થઈ હતી. સગીરાની પૂછપરછમાં ખુલેલ કે, પિતરાઈ ભાઈ અને તેના મિત્ર એમ બે તરૂણે દુષ્કર્મ ગુજાર્યુ હતું. એક આરોપીની ઉંમર ૧૬ વર્ષ જ્યારે બીજાની ઉંમર ૧૩ હતી. પિતરાઈએ ૬થી ૭ વખત દુષ્કર્મ ગુજાર્યુ. તરૂણના મિત્રએ ગત નવરાત્રિ દરમિયાન એક વખત દુષ્કર્મ આચાર્યું હતું. સગીરાના પરિવારે ગર્ભપાતની અરજી કરી હતી. ઝનાના હોસ્પિટલના તજજ્ઞ ડોકટરોએ સગીરાની તપાસ કરી રિપોર્ટ કર્યો હતો. હાઇકોર્ટે ૩૩ વીકના ગર્ભનો ગર્ભપાત કરવા મંજૂરી આપેલી. જેમાં ૧૭ મે એ સગીરાએ દીકરીને જન્મ આપ્યો હતો.

**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

ભણવું તો છે રાજકોટમાં પણ રહેવું કયાં ?
**ઉકેલ છે...**
શ્રી લેઉવા પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ - ધોરાજી સંચાલીત
કાલાવડ રોડ પર પ્રાઈમ લોકેશનમાં આવેલી
**શ્રી લેઉઆ પટેલ ગર્લ્સ હોસ્ટેલ**
રાજકોટ



ધોરણ ૧૧-૧૨ તેમજ કોલેજમાં અભ્યાસ કરતી દિકરીઓ માટે
સલામત, સુવિધાયુકત અને ટ્રસ્ટીની અંગત દેખરેખ નીચે ચાલતી
તદ્દન વ્યાજબી લવાજમ સાથેની હોસ્ટેલ
90996 86728 / 98795 17658

Managed By : M.B. Education & Cheritable Trust
SEN **Sarvodaya College**
(AFFILIATED TO SAURASHTRA UNIVERSITY & AICTE APPROVED)
B/h. P.D.M. College Campus, Gondal Road, Rajkot. Ph. : 0281-2366537 Mo. 9409780700
B.C.A. B.Sc. (IT)
B.Sc. M.Sc. (IT)
પ્રવેશ માટે સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરવો, રજાના દિવસે પણ પ્રવેશ કાર્યવાહિ ચાલુ છે.
**વિશેષતાઓ**
- વિદ્યાર્થીઓના વિકાસ, સર્જન શકિત તેમજ વ્યકિતત્વ વિકાસ પર માર્ગદર્શન.
- અદ્યતન સાયન્સ તથા કોમ્પ્યુટર લેબમાં વિદ્યાર્થી વ્યકિતગત પ્રેક્ટીકલ.
- સમયાંતરે કારકીર્દીલક્ષી સેમીનાર તથા નિષ્ણાંત અધ્યાપકો દ્વારા માર્ગદર્શન.
- ગુજરાતી માધ્યમમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયના ખાસ વર્ગો.
- વિદ્યાર્થીઓ માટે ખાસ જોબ પ્લેસમેન્ટની વ્યવસ્થા.
- વિદ્યાર્થીનું શૈક્ષણિક ઘડતર કરવા અને આત્મવિશ્વાસની કેળવણી કરવા સર્વોદય કોલેજની સંગઠીત અને કાર્યદક્ષ, કાર્યક્ષમ નિષ્ઠાવાન ટીમ આપને વિકાસના શીખર પર પહોંચાડવા હૃદયપૂર્વક આવકારે છે.

# મુંબઈમાં કોરોનાગ્રસ્ત બે દર્દીના મૃત્યુ : દહેશતનો માહોલ

## બંને દર્દી કોરોના પોઝીટીવ હોવા છતાં કેન્સર અને કિડની જેવી અન્ય બિમારીથી મૃત્યુ પામ્યા હોવાનો હોસ્પિટલનો બચાવ : અઠવાડિયાથી કેસમાં વૃદ્ધિ હોવાનો નિર્દેશ

મુંબઇ, તા. ૧૯

દુનિયાના કેટલાક દેશોમાં કોરોનાએ ફરી માથુ ઉંચકયાના રીપોર્ટ વચ્ચે ભારતના આર્થિક પાટનગર મુંબઇની હોસ્પિટલમાં પણ કોરોનાના બે દર્દીઓના મોત નિપજતા દહેશતનો માર્ગ સર્જાયો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા બંને દર્દીઓ કોરોના પોઝીટીવ હોવાની કબુલાત કરવામાં આવી છે પરંતુ તેમના મોત કિડની અને કેન્સર જેવી અન્ય બિમારીને કારણે થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.



મુંબઇની કે.ઇ.એમ. હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા બે દર્દીઓના મૃત્યુ નિપજ્યા હતા. આ બંને દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ હતા. જોકે તેઓ કિડની અને કેન્સર જેવા રોગની સારવાર લઇ રહ્યા હતા. પરેલમાં વસવાટ કરતા ૫૯ વર્ષીય મહિલા કેન્સરથી પીડાતા હતા અને હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. કોરોના રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હતો. તેમનું મૃત્યુ નિપજતા હોસ્પિટલ દ્વારા મૃતદેહ સોંપવામાં આવ્યો ન હતો અને કોવિડ પ્રોટોકોલ મુજબ તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ વખતે પરિવારના માત્ર બે જ સભ્યોને હાજર રહેવાની છુટ આપવામાં આવી હતી. જોકે મહિલાના ડેથ સર્ટીફીકેટમાં મોતનું કારણ કોરોના દર્શાવવામાં આવ્યું નથી. એવો સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે કોરોનાથી મૃત્યુ થયું ન હોય તો કોવિડ પ્રોટોકોલ હેઠળ કેમ અંતિમ સંસ્કાર કરાયા ? આ સિવાય કિડનીની બિમારીની સારવાર લઇ રહેલી ૧૪ વર્ષની બાળકીનું પણ મૃત્યુ નિપજયું હતું તેનો કોરોના રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હતો.

કે.ઇ.એમ. હોસ્પિટલના સુપ્રિ. ડો. મોહન દેસાઇએ એવો બચાવ કર્યો હતો કે મૃત્યુ પામનાર બંને દર્દીના કોરોના રીપોર્ટ પોઝીટીવ હતા છતાં તેઓના મોત અન્ય બિમારીને કારણે નિપજયા હતા. કોરોનાથી ડરવાની કોઇ જરૂર નથી. હવામાનમાં બદલાવને કારણે કદાચ સંક્રમણમાં વધારો હોવાની શંકા છે. છતાં દર્દીઓમાં લક્ષણો એકદમ હળવા જ છે. સામાન્ય રીતે છેલ્લા મહિનાઓમાં દર મહિને સરેરાશ ૮ થી ૯ કેસ નોંધાઇ રહ્યા છે. હવામાનમાં બદલાવને કારણે તેમાં સામાન્ય વૃધ્ધિ થઇ છે. સપ્તાહમાં ત્રણથી ચાર નવા કેસો જોવા મળી રહ્યા છે.

# ભારત કોઈ ધર્મશાળા નથીઃ શરણાર્થી મુદા પર સુપ્રીમની આકરી ટકોર!

## શ્રીલંકન નાગરિકને તાત્કાલિક દેશ છોડવા આદેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શરણાર્થીઓ અંગે મોટી ટિપ્પણી કરી છે. એક કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે ભારત ધર્મશાળા નથી. દુનિયાભરના શરણાર્થીઓને ભારતમાં શા માટે આશ્રય આપવો? અમે ૧૪૦ કરોડ લોકો સંઘર્ષ કરી રહ્યા છીએ. આપણે દરેક જગ્યાએથી આવતા શરણાર્થીઓને આશ્રય આપી શકતા નથી. શ્રીલંકાથી આવેલા તમિલ શરણાર્થીઓની અટકાયતના કેસમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કરતી વખતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દીપાંકર દત્તાએ આ વાત કહી.

**તાત્કાલિક ભારત છોડી દો**

શ્રીલંકાના નાગરિકની અટકાયત સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે અરજીમાં દખલ કરવાનો ઇન્કાર કર્યો હતો. આ બેન્ચ મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી. તેમાં નિર્દેશ આપવામાં આવ્યો હતો કે અરજદારે UAPA કેસમાં લાદવામાં આવેલી ૭ વર્ષની સજા પૂર્ણ થયા પછી તરત જ ભારત છોડી દેવું જોઈએ.

**'તમને અહીં સ્થાયી થવાનો શું અધિકાર છે?'**

શ્રીલંકાના અરજદારના વકીલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે શ્રીલંકન તમિલ છે અને વિઝા પર અહીં આવ્યો હતો. તેમના પોતાના દેશમાં તેમના જીવ જોખમમાં છે. અરજદાર લગભગ ત્રણ વર્ષથી કોઈપણ દેશનિકાલ પ્રક્રિયા વિના અટકાયતમાં છે. જસ્ટિસ દત્તાએ પૂછ્યું, 'તમને અહીં સ્થાયી થવાનો શું અધિકાર છે?' વકીલે પુનરોચ્ચાર કર્યો કે અરજદાર શરણાર્થી છે. જસ્ટિસ દત્તાએ કહ્યું કે કલમ ૧૯ મુજબ, ભારતમાં સ્થાયી થવાનો મૂળભૂત અધિકાર ફક્ત નાગરિકોને જ છે. જ્યારે વકીલે કહ્યું કે અરજદારના પોતાના દેશમાં જ જીવ જોખમમાં છે, ત્યારે જસ્ટિસ દત્તાએ કહ્યું, 'બીજા કોઈ દેશમાં જાઓ.'

વર્ષ ૨૦૧૫ માં, અરજદારને LTTE ના કાર્યકર્તાઓ હોવાની શંકાના આધારે બે અન્ય લોકો સાથે ધરપકડ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮ માં, અરજદારને UAPA ની કલમ ૧૦ હેઠળના ગુના માટે ટ્રાયલ કોર્ટે દોષિત ઠેરવ્યો હતો અને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨ માં, મદ્રાસ હાઈકોર્ટે તેમની સજા ઘટાડીને ૭ વર્ષ કરી. પરંતુ તેમને સજા પછી તરત જ ભારત છોડી દેવા અને ભારત છોડે ત્યાં સુધી શરણાર્થી શિબિરમાં રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો.

# દુષ્કર્મ, એટ્રોસિટીના ગુનામાં આરોપી વિક્રમ સોહલાની ધરપકડ સામે હાઈકોર્ટ દ્વારા સ્ટે

રાજકોટ, તા.૧૯

શહેરમાં રહેતી યુવતીએ કરેલ દુષ્કર્મની ફરીયાદમાં આરોપી વિક્રમ વાલાભાઈ સોહલા (રહે.ગાંધીગ્રામ, શાસ્ત્રીનગર, રાજકોટ)ની ધરપકડ સામે હાઇકોર્ટે મનાઈહુકમ ફરમાવેલ છે.

કેસની હકિકત એવી છે કે, ચુનારાવાડ ચોક ખાતે પેટ્રોલપંપની સામે ટ્રસ્ટના નામે આશરે ૬૦૦ વારનો પ્લોટ છે. જે ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે યુવતી અને તેના માતા છે. પણ જમીન પર કેટલાક લોકોએ છેલ્લા પચાસેક વર્ષથી કબ્જો કરી લીધેલ. જગ્યા ખાલી કરાવવા રૈયા વિસ્તારમાં ઓફિસ ધરાવતા વકીલ મારફત વિક્રમ થયેલ. આરોપીએ યુવતીને પોતાની ધર્મેન્દ્ર રોડ સ્થિત ઓફીસે બોલાવી. બોડી સરસ મેઈન્ટેન રાખેલ છે. તેમ. કહી હાથ પકડી, યુવતીએ ના પાડતા વાળ પકડી જ્ઞાતિ પ્રત્યે શબ્દો બોલી પોતાના અને યુવતીના કપડાં ઉતારી દુષ્કર્મ આચારેલ. જાનથી મારી નાખવા ધમકી આપેલ. આ અંગે એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધતા આરોપીએ હાઈકોર્ટમાં ક્રિમી. પ્રોસીઝર કોડની કલમ - ૪૮૨ હેઠળ કાર્યવાહી કરેલ. દલીલ કરેલ કે, ફરીયાદીએ અગાઉ પણ આ પ્રકારની ફરીયાદ આપેલ છે. અગાઉ પોલીસે રીપોર્ટ કરેલ કે, બ્લેકમેલીંગના ઈરાદાથી ફરિયાદ થઈ છે. હાઇકોર્ટે ફરીયાદ ફાઈલ કરેલ. રાજકોટની સ્પે. અદાલતમાં ફરીયાદ દાખલ કરતા દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપી વિક્રમની ધરપકડ સામે સ્ટે આપ્યો છે. આ કેસમાં અમદાવાદના એડવોકેટ આશીષભાઈ ડગલી, રાજકોટના એડવોકેટ પિયુષ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, તથા આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા, ઋત્વીકભાઈ વઘાસીયા, સંજયભાઈ મેરાણી રોકાયેલા હતા.

# લોખંડના ચીપીયા વડે માથાના ભાગે ઈજા કર્યાના ગુનામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૯

લોખંડના ચીપીયા વડે માથાના ભાગે ઈજા કર્યાના ગુનામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. કેસની વિગત મુજબ, આરોપીઓ (૧) કુલદિપ લક્ષ્મણભાઈ ગઢવી (૨) વિશ્વરાજ ઉર્ફે વિજય રણજીતસિંહ ચૌહાણએ ફરીયાદીને ગળદા પાટુનો માર મારી જેમ ફાવે તેમ ગાળો બોલી આપી, લોખંડના ચીપીયા વડે માથાના ભાગે મારી ઈજા કરી એકબીજાને મદદગારી કરી પોલીસ કમિશ્નરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ. આથી ફરીયાદીએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આઈ.પી.સી. ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટ-૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ કરેલ.

ચાર્જશીટ બાદ આ કેસ કોર્ટમાં ચાલી જતા આરોપીના એડવોકેટ ચંદ્રસિંહ તલાટીયાએ લેખિત તથા મૌખિક રજુઆત કરેલ. સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના જજમેન્ટો રજુ કરેલ. જેને કોર્ટે યોગ્ય ગણી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી અભિમન્યુ લો-ફોર્મના વિધ્વાન વકીલ ચંદ્રસિંહ બી.તલાટીયા (સી.બી), ચંદ્રસિંહ જી.પરમાર(સી.પી), દેવેન્દ્રસિંહ બી.ભટ્ટી, ચિરાગ કે. કુકરેચા, ક્રિષ્ના કે. ચૌહાણ, મહેન્દ્ર એન. ભાલુ, વિશાલ એ. સોલંકી,અર્જુનસિંહ ભટ્ટી, લીગલ કલાર્ક તરીકે દિલીપભાઈ ત્રિવેદી રોકાયેલ હતા.

# આદેશ કોકોનેટ-રસના માલિક અશોકભાઈ સમેચાને ચેક રીટર્ન કેસમાં જેલ સજા ફટકારાઈ

રાજકોટ, તા.૧૯



વિવેક ધનેશા એડવોકેટ

શહેરના રૈયા રોડ, તિરૂપતી નગર ખાતે રહેતા ફરિયાદી ભરતકુમાર મનસુખલાલ બુદ્ધદેવ એસ્ટેટ બ્રોકરનું કામકાજ કરે છે. શહેરના અમીન માર્ગ રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ કોર્નર ઉપર આવેલ પ્રખ્યાત આદેશ કોકોનેટના માલીક આરોપી અશોક રઘુભાઈ સમેચાને ભાડાની દુકાનની જરૂરત પડતાં તેઓએ ફરિયાદીનો સંપર્ક કરેલ. પરિચય થયા પછી આરોપીએ ધંધાના વિકાસ અર્થે ફરિયાદી પાસેથી રૂ.૩.૫૦ લાખ હાથ ઉછીના લીધા હતા.

ફરિયાદી જોગ પ્રોમીસરી નોટ લખી આપેલ. જે બાદ રકમની ચુકવણી પેટે રૂ.૨ લાખ અને રૂ.૧.૫૦ લાખની રકમ ભરેલ બે ચેક ઈશ્યુ કરી આપેલ. આ બંને ચેક રિટર્ન થતા રાજકોટની કોર્ટમાં નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ બે ફરિયાદ દાખલ થઈ હતી. ટ્રાયલ દરમ્યાન આરોપીએ કોર્ટમાં હાજર થઈ ફરિયાદીની તરફેણમાં સમાધાન લખી આપી કોર્ટ રૂબરૂ ફરિયાદીને તેની રકમ કટકે કટકે અને હપ્તામાં ચુકવવા માટે લેખિત બાંહેધરી આપેલ. આરોપી નિયમિત હપ્તાઓ ચુકવતા ન હોય, કોર્ટે સમગ્ર કેસની ટ્રાયલ પુરી કરેલ હતી. જે કેસ ચાલી જતાં બન્ને પક્ષની રજુઆતો બાદ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલ દલીલો તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીને બન્ને કેસમાં એક એક વર્ષની એટલે કે કુલ બે વર્ષની કેદની સજા અને રૂ.૩.૫૦ લાખ ફરિયાદીને ચુકવી આપવા અને ચુકવવામાં નિષ્ફળ નિવડે તો વધુ એક માસની કેદની સજા કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી તરફે રાજકોટના યશસ્વી એસોશીએટસના યુવા ધારાશાસ્ત્રી વિવેક એલ. ધનેશા, કરશન એમ. ભરવાડ, નિકિતા ડી. સોલંકી રોકાયેલ હતા.

# સગીરાના અપહરણ, દુષ્કર્મના ગુનામાં સજાનો હુકમ સસ્પેન્ડ કરી આરોપીને જામીન મુકત કરતી હાઈકોર્ટ

## બનાવ સમયે સગીરાની ઉંમર માત્ર ૧૨ વર્ષની હતી, આરોપીને ૨૦ વર્ષની સજાનો હુકમ થયેલ હતો

રાજકોટ, તા.૧૯



એડવોકેટ રણજીત મકવાણા, જીજ્ઞેશ સભાડ

૧૨ વર્ષની સગીરાનું અપહરણ કરી, તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યાના ગુનામાં ૨૦ વર્ષની સજાનો હુકમ સસ્પેન્ડ કરી આરોપીને જામીન મુકત કરવા ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, વિંછીયાના અજમેર ગામે રહેતા ફરીયાદીએ પોતાની સગીર વયની ૧૨ વર્ષ ૧૦ માસની પુત્રીને લલચાવી ફોસલાવી અવાર-નવાર દુષ્કર્મ ગુજારી, વાલીપણામાથી અપહરણ કર્યાની ફરિયાદ નાનીમોલડી પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે), ૩૭૬ (૨) એન, ૩૭૬ (૩) અને પોકસો એકટની કલમ ૫(એલ) તથા ૬ મુજબ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આરોપી વિજય આઘડભાઈ ધરજીયાની ધરપકડ કરવામાં આવેલ. સુરેન્દ્રનગરની સ્પેશ્યલ પોકસો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજાનો હુકમ કરેલ. જેની સામે આરોપીએ હાઈકોર્ટમાં અપીલ કરતા હાઈકોર્ટે સજાનો હુકમ સસ્પેન્ડ કરી આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, યોગેશ જાદવ તેમજ મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા તેમજ હાઈકોર્ટમાં એમ.એસ પાડલીયા રોકાયેલ હતા.

# યુ-ટયુબર જયોતિ મલ્હોત્રા ઓપરેશન સિંદુર વખતે પણ પાક. અધિકારીના સંપર્કમાં હતી

## રિમાંડમાં થયા ખુલાસાઃ પહેલગામ હુમલા પૂર્વે જ પાકનો 'સ્પોન્સર્ડ' પ્રવાસ કર્યો હતો

હિસાર, તા.૧૯

પંજાબ અને હરિયાણા પોલીસે પાકિસ્તાનને ગુપ્ત માહિતી પૂરી પાડવાના આરોપમાં કેટલાક લોકોની ધરપકડ કરી છે. આમાં પ્રખ્યાત યુટ્યુબર અને ટ્રાવેલ બ્લોગર જ્યોતિ મલ્હોત્રાનું નામ પણ સામેલ છે.



જ્યોતિ હરિયાણાના હિસારની રહેવાસી છે. હાલમાં તે પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર છે. પોલીસ અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે તે પાકિસ્તાની અધિકારીઓના સંપર્કમાં હતી અને ઓપરેશન સિંદૂર અંગે ઘણી માહિતી પણ શેર કરી હતી.

આ અંગે માહિતી આપતાં હિસારના એસપી શશાંક કુમાર સાવને જણાવ્યું હતું કે, આધુનિક યુદ્ધ ફક્ત સરહદ પર જ લડવામાં આવતું નથી. પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ કેટલાક સોશિયલ મીડિયા પ્રભાવકોની ભરતી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તેઓ તેનો ઉપયોગ તેમના કથનને આગળ વધારવા માટે કરે છે.


અમને કેન્દ્રીય એજન્સીઓ તરફથી માહિતી મળી અને અમે જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ કરી. તે ઘણી વખત પાકિસ્તાન અને એક વખત ચીન ગઈ હતી. તે પાકિસ્તાની ગુપ્તચર અધિકારીના સંપર્કમાં હતી. અમે તેને ૫ દિવસના પોલીસ રિમાન્ડ પર લીધી છે. અમે તેની નાણાકીય વિગતોનું વિશ્લેષણ કરી રહ્યા છીએ. સંઘર્ષ (ભારત-પાકિસ્તાન) દરમિયાન પણ તે પાકિસ્તાની ગુપ્તચર અધિકારીના સંપર્કમાં હતી.

તેઓ જ્યોતિ મલ્હોત્રા ને એક સંપત્તિ તરીકે વિકસાવી રહ્યા હતા. તે અન્ય યુટ્યુબ પ્રભાવકો સાથે સંપર્કમાં હતી, અને તેઓ પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ સાથે પણ સંપર્કમાં હતા. તે પ્રાયોજિત યાત્રાઓ પર પાકિસ્તાન જતી હતી. પહેલગામ હુમલા પહેલા તે પાકિસ્તાનમાં હતી અને જો કોઈ જોડાણ હોય તો તે સ્થાપિત કરવા માટે તપાસ ચાલુ છે.



# અભિનેત્રી શિલ્પા શિરોડકર કોરોના પોઝિટિવ

ગઈકાલે ઑસ્ટ્રેલિયા બેટર ટ્રેવિસ હેડ કોરોના સંક્રમિત થયા બાદ આજે અભિનેત્રી શિલ્પા શિરોડકર કોરોના પોઝિટિવ આવ્યાના સમાચાર છે. તેને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકી જણાવ્યું કે ''હું કોરોના પોઝિટિવ થઈ છું, તમામ લોકો સલામત રહેશો અને માસ્ક પહેરશો''



## આજનું ચિંતન

### અનુભવ

- પોતાના દર્દની અનુભૂતિ થાય તે જીવતા હોવાનું પ્રમાણપત્ર છે, બીજાના દર્દની અનુભૂતિ કરવી એ માનવતા હોવાનું પ્રમાણપત્ર છે.
- ધોળા વાળ થાય ત્યારે જો માળા ન કરે તો તેનું કાળજું વધારે કાળુ થાય છે.
- એક જ ભવ, તેમાંય કેટલા બધા અનુભવ !
- અનુભવ માણસને ખોટા નિર્ણયથી બચાવે છે, પરંતુ અનુભવો ખોટા નિર્ણયથી જ આવે છે એ પણ એક વાસ્તવિકતા છે.
- અનુભવ કહે છે કે મૌન જ વધારે સારૂ છે, કેમ કે શબ્દોથી લોકો રીસાઇ જાય છે.
- અનુભવના અભ્યાસ ક્રમ નથી હોતા, એને દુનિયા આજીવન શીખવાડતી રહે છે.
- અનુમાન ખોટુ હોય શકે પણ અનુભવ નહીં, કેમ કે અનુમાન તો મનની કલ્પના છે પણ અનુભવ તો જીવનમાં ખાધેલી ઠોકરથી મળેલી શીખ છે.
- આ દુનિયામાં તારૂ કોઇ નથી એમ ગીતાજીનું કહેવું છે અને તે વાતમાં કાંઈ ખોટુ નથી એવું જિંદગીના અનુભવનું કહેવું છે.
- બદનામ ના કરો, લીમડાને કડવો કહીને, જિંદગીના અનુભવો લીમડાથી પણ કડવા હોય છે.
- મુશ્કેલભર્યો સમય એ અનુભવનો ખજાનો છે અને માણસને પારખવાની અદભુત કળા પ્રાપ્ત થાય છે.
- મુશ્કેલીઓમાં જે અનુભવ ને શીખ મળે છે તે શીખ દુનિયાની કોઇપણ સ્કુલ નથી આપી શકતી.
- સલાહ હંમેશા હારેલ વ્યકિત પાસેથી લેવી અને અનુભવ જીતેલ વ્યકિત પાસેથી લેવો તો કયારેય હારવાનો વારો નહિ આવે.
- કડવા અનુભવોને ભુલવા અઘરા હોય છે પણ જીવનમાં સૌથી વધારે કામ તો કડવા અનુભવો જ આપે છે.

# RSS કાર્યાલય સહિત ત્રણ મોટા હુમલામાં સામેલ 'મોસ્ટ વોન્ટેડ' ત્રાસવાદી પાકમાં ઠાર

## લશ્કર-એ-તોયબાનો કમાન્ડર અબુ સૈફુલ્લાહ નેપાળથી નેટવર્ક સંભાળતો : પાકિસ્તાનમાં પહોંચતાં જ ભેદી હત્યા

નવી દિલ્હી, તા.૧૯

ઓપરેશન સિંદૂરથી સ્તબ્ધ થયેલા પાકિસ્તાની આતંકવાદીઓનો ખાત્મો થઇ જ રહ્યો છે નાગપુરમાં RSS મુખ્યાલય પર ૨૦૦૬માં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ લશ્કર-એ-તૈયબા કમાન્ડર અબુ સૈફુલ્લાહ પાકિસ્તાનમાં માર્યો ગયો છે. લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા અબુ સૈફુલ્લાહની અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. તે લાંબા સમયથી નેપાળથી પોતાની નાપાક પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો હતો. જોકે, હાલમાં તે સિંધ પ્રાંતના મતલી બદીનથી કામ કરી રહ્યો હતો. આ આતંકવાદી ભારતમાં ત્રણ હુમલાના કાવતરામાં સામેલ હતો.



લશ્કરના આ આતંકવાદીનું નામ અબુ સૈફુલ્લાહ ઉર્ફે મોહમ્મદ સલીમ ઉર્ફે રાજુલ્લાહ નિઝામની હતું. તે નેપાળમાં લશ્કર-એ-તૈયબાના સમગ્ર મોડ્યુલને સંભાળતો હતો. તેનું મુખ્ય કાર્ય લશ્કરની આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કેડર અને નાણાકીય મદદ પૂરી પાડવાનું હતું.

આ આતંકવાદી લશ્કરના આતંકવાદીઓને નેપાળ થઈને ભારતમાં પણ મોકલતો હતો. ૨૦૦૬માં નાગપુરમાં આરએસએસના મુખ્યાલય પર થયેલા હુમલામાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, તેણે ૨૦૦૧માં CRPF કેમ્પ રામપુર પરના હુમલામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે ૨૦૦૫માં IISc બેંગ્લોર પરના હુમલાના કાવતરામાં પણ સામેલ હતો.

### કોણ હતો અબુ સૈફુલ્લાહ ?

લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર અબુ સૈફુલ્લાહ ભારતમાં આતંકવાદી હુમલાઓ કરતો હતો. અબુ સૈફુલ્લાહ ઉર્ફે મોહમ્મદ સલીમે નેપાળમાં પોતાનું આતંકવાદી નેટવર્ક ફેલાવ્યું હતું અને ત્યાંથી તે ભારત વિરુદ્ધ આતંકવાદી કાવતરાં ઘડતો હતો.

સૈફુલ્લા ખાલિદ લશ્કર-એ-તૈયબાનો ઓપરેટિવ હતો. લશ્કર-એ-તૈયબાએ ભારતમાં હુમલાની તૈયારી કરવાનું કામ સોંપ્યું હતું. જે પછી, તેણે ઘણા વર્ષો સુધી નેપાળમાં એક ઠેકાણું સ્થાપ્યું અને ત્યાંથી ભારતમાં સતત આતંકવાદી હુમલાઓ કરતો રહ્યો. પરંતુ જ્યારે ભારતીય ગુપ્તચર એજન્સીઓને તેના વિશે માહિતી મળી, ત્યારે તે નેપાળથી ભાગી ગયો અને પાકિસ્તાનમાં છુપાઈ ગયો. તે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હતો. સૈફુલ્લાહ નેપાળથી વિનોદ કુમાર અને બીજા ઘણા નામોથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવતો હતો. પાકિસ્તાનમાં હુમલાખોરોએ તેને ઠાર માર્યો છે. જ્યારે ભારતીય ગુપ્તચર એજન્સીઓને તેના વિશે માહિતી મળી, ત્યારે તે નેપાળથી ભાગી ગયો અને પાકિસ્તાનમાં છુપાઈ ગયો. તે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હતો.

## સુવિચાર

**નિમિત્ત કોણ છે તેનાથી કોઇ ફરક નથી પડતો, નિર્ણય હંમેશા કુદરતનો જ હોય છે. જે આ સ્વીકારી શકે તેને દુનિયાની કોઇ તાકાત દુઃખી ના કરી શકે**

## સત્યતા અને સભ્યતા- પરમાત્મ વાણી-૨

(ક્રમશઃ)

★ આપ ઈશ્વરીય સંતાન છો. તેથી ખુબ ઉચ્ચ, રોયલ છો. આપનો ચહેરો અને ચાલ-ચલન બન્ને સત્યતા અને સભ્યતાનો અનુભવ કરાવે તેવા હોવા જોઈએ. આમેય રોયલ આત્માઓને સભ્યતાના દેવી-દેવતાઓ કહે છે તેમના દરેક કર્મમાં હસવુ, બોલવુ, ચાલવુ, વ્યવહાર માત્રમાં સભ્યતા સ્વતઃ દેખાઈ આવે છે એવુ નહી કે હું સત્યને સિધ્ધ કરૂં છું પરંતુ પોતાનામાં સભ્યતા કાંઈ ન હોય! ના. તે બરાબર નથી.

★ આમેય જોઈએ તો જે નિર્માન હોય, માન-પાનની આશથી મુક્ત હોય તે જ નવ-નિર્માણ કરી શકે છે. કોઈપણ પ્રત્યે શુભ-ભાવના, શુભ-કામનાના બીજ છે સ્વયંનો નીમિત-ભાવ અને નિર્માન-ભાવ. આથી જો ન ઈચ્છવા છતાંયે ક્રોધ આવી જતો હોય કે ચિડચિડાપણું આવી જતુ હોય તો તુરંત સાચા દિલથી ગુણોના સિંધુ પરમાત્મા પિતાને યાદ કરો 'મીઠા બાબા(પિતા). તુરંત તેમની મળેલી મદદ મન-ચિત્તને શાંત કરી દેશે.

★ સત્ય જ્ઞાનની કોઈપણ વાત ઓથોરિટી સાથે, સત્યતા અને સભ્યતાથી બોલવામાં સંકોચ ન આવવો જોઈએ. આમ સ્વયં પહેલા નિર્ભય બનો. જેવી રીતે સાબિત કરવામાં શબ્દો ઓછા અને શક્તિશાળી, સચોટ, મર્મસભર હોવા જોઈએ. જેનાથી આપ ઈશ્વરીય સંતાન છો. તેવું વર્તાવું જોઈએ અને બોલમાં પરમાત્માનો સ્નેહ સમાયેલો હશે તો આત્માઓ એ સ્નેહરૂપી ચુંબકથી પરમાત્માની નજીક પહોચશે.

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

★ ઘણી વખતે આપણે અનુભવીએ છીએ અને બતાવીએ છીએ કે મારાથી અસત્ય(ખોટું) જોવાતુ નથી, ખોટુ સાંભળી શકાતુ નથી. પરિણામે તેવું સાંભળી, જોઈને અંદરમાં વિરોધનો જોશ આવી જાય છે તો તેઓ તો અસત્ય છે જ પરંતુ આપનો જોશ પણ અસત્ય જ છે. આથી અસત્યતાને ખત્મ કરવા સ્વયંમાં સત્યતાની શક્તિ જાગૃત કરો.

★ સત્યતાને સ્વચ્છતા અને નિર્ભયતાના આધારે પ્રત્યક્ષ/પ્રગટ કરો. કારણ કે મુખથી બોલાયેલ સત્યતાના બોલ પરમપિતાની પ્રત્યક્ષતા કરશે. આથી હવે પરમાત્મા બોમ્બ(સત્ય જ્ઞાન) દ્વારા ધરતીનું પરિવર્તન થશે. તે માટે સંકલ્પમાં, મુખ પર નિરંતર ગુંથાયેલી માળાની જેમ નિરંતર પરમાત્માની સ્મૃતિ હોય, અંદર એક જ ધૂન હોય 'મેરા બાબા'. તેવું સંકલ્પ, વાણી અને કર્મમાં હોય તો તેવો અજપાજાપ રહે તો જીવનમાં આવતી એવી વાતો સ્વતઃ ખત્મ થશે.

આમ આ દરેક બાબતોને વારંવાર ચેક કરીને સ્વયં સત્યતાની ઓથોરિટીનો અનુભવ કરીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૮, તા.૨૦/૫/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૬-૦૭, સૂર્યાસ્ત : ૭-૧૯, જૈન નવકારશી : ૬.૫૫
રાશિ : મકર (ખ.જ.), ૭.૩૪થી કુંભ (ગ.શ.સ.ષ)

**ગૌચરના ગ્રહો**


સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મેષ, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની, અટકતા વેગ મળે, શેરસટામાં લાભ, રાજકીય લાભ.
**વૃષભ :** સીઝનલ ધંધામાં લાભ, આવકનું પ્રમાણ વધવાનું, કારણ વગરના વિચારોથી પરેશાની, વિદેશથી લાભ.
**મિથુન :** સંયુકત મિલ્કતના પ્રશ્નોને લઈને ટેન્શન રહેવાનું, ધીરજ રાખવી, નવા રોકાણમાં ઉતાવળ ન કરવી.
**કર્ક :** નોકરીમાં અનુકુળતા રહે, આવકનું પ્રમાણ વધવાનું, વડીલ વર્ગનો સહકાર રહે, શેરસટામાં લાભ રહે.
**સિંહ :** નાણાકીય બાબતોમાં લાભ રહે, સંતાનોની પ્રગતિ થાય, સ્વાસ્થ્યમાં સુધારો રહે, પ્રવાસથી લાભ.
**કન્યા :** કારણ વગર ઉશ્કેરાટ રહે, શેરસટામાં જાળવવું, નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ, કર્જ ન કરવું.
**તુલા :** દિવસ દરમ્યાન કર્મચારી વર્ગનો સહકાર રહેશે, સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા રહે.
**વૃશ્ચિક :** સમાજમાં પ્રતિષ્ઠા વધવાની, સપરિવાર પ્રવાસનું આયોજન થાય, નોકરીમાં અનુકુળતા વધવાની.
**ધન :** ભાઈ-બહેનો સાથે વ્યવસાય બાબત ચર્ચા થાય, મિલ્કતના વેચાણ બાબત ઉતાવળ ન કરવી.
**મકર :** સગાઈ કે લગ્નના કાર્યમાં અનુકુળતા રહેવાની, સંતાનોની પ્રગતિ, ગુસ્સાને કાબુમાં રાખજો.
**કુંભ :** ભાગીદારોને સહકાર દેજો, ખર્ચ ઉપર કાબુ જરૂરી, ભાઈ-બહેનો સાથે મતભેદો ટાળવા.
**મીન :** વિદેશ જવાની તક મળે, નોકરીમાં બદલીના ચાન્સ, શેરસટામાં નિર્ણયો મહત્વના રહે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




### આડી ચાવી

૧. ચાઇના (૨)
૨. જુનાગઢના જાણીતા ચાર રસ્તા (૬)
૬. આપણે મનુષ્ય તો ... જીવ છીએ (૩)
૭. પપ્પાના સાળી (૨)
૮. જીવ લઇ લે તેવો અકસ્માત (૪)
૯. જામનગર જિલ્લાનું એક ગામ (૪)
૧૩. એક પવિત્ર સરોવર (૬)
૧૪. ફાધર, પપ્પા, ડેડી (૨)
૧૫. એક અટક (૨)
૧૬. મોટુ અને બિહામણુ (૪)
૧૭. કલોથ (૩)
૨૦. ખૂની, હત્યારો (૩)
૨૧. વજહ (૩)
૨૨. લાચારી (૪)
૨૪. ચરણ ..., અચ... (૨)
૨૫. તપસ્યા (૨)
૨૬. ઉનાળામાં ... ગરમી હોય (૪)
૨૭. ...હજુરી (૧)

### ઉભી ચાવી

૧. ચિ.નું ફુલફોર્મ (૪)
૨. ભોજન સમારંભ ... વાર (૩)
૩. ગોળનો કાઠિયાવાડી ઉચ્ચાર (૨)
૪. વાસ મારે પણ સ્વાસ્થ્યધર્મ (૩)
૫. દરવાજો (૩)
૬. જેકી શ્રોફની એક ફિલ્મ (૪)
૧૦. એક હોરર-થ્રિલર ગુજરાતી ફિલ્મ (૨)
૧૧. લાખોપતિ પછી ... (૫)
૧૨. લમણું (૩)
૧૩. પપ્પાની સાળાવેલી (૨)
૧૪. પુષ્કળ, અઢળક (૪)
૧૫. ...નારાજી (૨)
૧૭. પતિના અંકલ (૩)
૧૮. નિસ્તેજ (૨)
૧૯. દુઃખાવામાં હવે ... થઇ છે (૩)
૨૧. આંજણ (૩)
૨૩. સુર્યનારાયણની 'ગરમી' (૨)
૨૪. અભિનેતા ... મુરાદ (૧)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | મ | દિ | લ | દે | ચુ | કે | સ | ન | મ | | મ | હા | વી | ર |
| | | વા | | રા | | પ | ન | વે | લ | | | શ | ર | મ |
| ઉ | પ | ર | વા | સ | | ટા | | રૂ | મ | મે | ટ | | પુ | |
| | લ | | ચા | ર | | ઉ | ન | | પ | ર | મે | શ્વ | ર | |
| કા | ળ | ઝા | ળ | | મા | ન | વ | | હી | | ટુ | | | રા |
| | વુ | | | શા | મ | | કા | કા | | સ | | અ | વા | મ |
| સા | | ભા | | | લ | શ્ક | ર | | ઉ | મ | ર | કે | દ | |
| વ | ખ | તો | વ | ખ | ત | | મં | ત્રો | ચ્ચા | ર | | લા | ળ | |
| ર | ડ | | | મ | દા | | ત્ર | | ર | | પા | | | ના |
| ણી | | ચ | ર | ણ | ર | જ | | સ | | મ | નો | કા | મ | ના |
| | શા | લ | | | | મા | ન | હા | ની | | | મ | ન | પા |
| સ | મ | તા | ધા | ન | | વ | | રા | સ | મં | ડ | ળી | | ટે |
| જા | | પુ | લ | | શ | ટ | ર | | | | | | થા | ક |
| વ | | ર્જા | | શા | ક | | | મ | ણી | મં | દિ | ર | | ર |
| ટ | કો | | | | લ | લ | કા | ર | | | લ | જા | ઈ | |